દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 169 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 July 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૧૮ જુલાઈ ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ ૯ ૧૦ ૧૧


## વેસ્ટ ઈન્ડિઝના મહાન ક્રિકેટર સર ગૅરી સોબર્સનું અવસાન



બાર્બેડોઝ: વેસ્ટ ઇન્ડિઝના મહાન ઑલરાઉન્ડર અને ક્રિકેટ જગતના ગ્રેટેસ્ટ ખેલાડીઓમાં ગણાતા સર ગારફીલ્ડ સોબર્સનું તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. તેમણે બાર્બેડોઝમાં તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા એવું તેમના પુત્ર ડેનિયલે જણાવ્યું હતું. સર ગૅરી સોબર્સ તરીકે ઓળખાતા આ દિગ્ગજ ક્રિકેટર ૮૯ વર્ષના હતા. તેઓ ૧૯૫૪થી ૧૯૭૪ દરમ્યાન ૯૩ ટેસ્ટ મૅચ રમ્યા હતા જેમાં તેમણે અણનમ ૩૬૫ રનના હાઇએસ્ટ સ્કોર સહિત કુલ ૨૬ સેન્ચુરીની મદદથી ૫૭.૭૮ની સરેરાશે કુલ ૮,૦૩૨ રન બનાવ્યા હતા. તેઓ ફક્ત એક વન-ડે ૧૯૭૩માં રમ્યા હતા.■

# ગુજરાતમાં બ્લાસ્ટનું કાવતરું: પાંચ આતંકવાદી પકડાયા


the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,023/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## જૈશ-એ-મોહંમદના આ ત્રાસવાદીઓ બૉમ્બધડાકા કરવાનું રિહર્સલ પણ કરી ચૂક્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ)એ પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહંમદના આતંકી મોડ્યુલની તપાસમાં વધુ પાંચ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. અગાઉ ગુજરાત એટીએસ દ્વારા આઠ આતંકવાદીઓની પૂછપરછ બાદ આ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે આ પાંચેય આતંકવાદીઓ સિધ્ધપુર, વડગામ અને ભરૂચમાંથી ઝડપાયાં હતાં. આ તમામ આરોપીઓ અલગ-અલગ મદરેસાઓમાં રહેતા હતા. આ પાંચેય આતંકીઓ પણ પાકિસ્તાનના આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા હતાં. આ સંગઠન દ્વારા મોટા પાયે બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું હતું, પરંતુ તે પહેલા જ એટીએસ દ્વારા તેમને દબોચી લેવામાં આવ્યાં હતાં.

આ પહેલા જે આઠ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી, તેમની પૂછપરછ દરમિયાન

(જુઓ પાનું ૨) ▸▸

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ભારતને લીધે જ મોડો પડયો: જાપાનના ભૂતપૂર્વ પ્રધાન

### માકિહારાના આક્ષેપોથી વિવાદ: ભારતનો સણસણતો વળતો જવાબ

નવી દિલ્હી: ભારતે શુક્રવારે જાપાનના એક ભૂતપૂર્વ મંત્રીના એ નિવેદન પર વળતો પ્રહાર કર્યો હતો જેમાં તેમણે હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વિલંબ માટે ભારતને જવાબદાર ગણાવ્યું હતું. ભારતે તેને એક વ્યક્તિગત અભિપ્રાય ગણાવ્યો જે હકીકતોથી ઘણો દૂર છે. જાપાનના ભૂતપૂર્વ કાયદા પ્રધાન અને શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના સભ્ય હિદેકી માકિહારાએ ઇન્ડો-જાપાની શિન્કાનશેન પ્રોજેક્ટમાં વિલંબ માટે ભારતને દોષિત ઠેરવ્યું હતું.

તેમણે લખ્યું હતું કે, ''ભારતમાં શિન્કાનસેન પ્રોજેક્ટ એક એવી બાબત છે જેમાં હું વ્યક્તિગત

(જુઓ પાનું ૨) ▸▸


ઓફબીટ કાશ્મીર
ગુરેઝ વેલી, એપલ વેલી (નવા સ્થળો)
૭ દિવસ । પ્ર: ૧ ઓક્ટોબર
સ્પિતિ વેલી ૧૧ દિવસ પ્ર: ૨૨ સપ્ટેમ્બર
બેંગકોક પટાયા ૬ દિવસ પ્ર: ૨૨ સપ્ટેમ્બર; ૫, ૧૧ નવેમ્બર
લખનૌ અયોધ્યા વારાણસી ૬ દિવસ પ્ર: દર મહિનાની ૨૭મી તારીખ
લદ્દાખ ૭ દિવસ । પ્ર: દર ગુરુવારે
CHHEDA | KHAR WEST
98695 59938
HAZEL Treks N Tours SINCE 2003


## હાઇડ્રોજન ટ્રેન 'મેક ઇન ઇન્ડિયા'નું સફળ ઉદાહરણ: મોદી

જિંદ (હરિયાણા): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જિંદથી હરિયાણાના સોનીપતને જોડતી ભારતની પ્રથમ હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા બાદ તેને 'મેક ઇન ઇન્ડિયા' ઝુંબેશનું સફળ ઉદાહરણ ગણાવ્યું હતું.

આ સાથે, ભારત એવા દેશોના પસંદગીના જૂથમાં જોડાયું છે જેમની પાસે હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનો કાર્યરત છે અને રેલવે ક્ષેત્રમાં સ્વચ્છ અને ટકાઉ ગતિશીલતા અપનાવવા તરફ આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

જિંદ અને સોનીપત વચ્ચેનું ૮૯

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતીય વિદ્યાર્થીઓને ઝટકો, ટ્રમ્પ સરકારે બદલી નાખ્યા વિઝાના નિયમો

વૉશિંગ્ટન: અમેરિકામાં ડોનલ્ડ ટ્રમ્પની સરકારે વિદેશી વિદ્યાર્થીઓ અને પત્રકારો માટે એક નવો નિયમ જાહેર કર્યો છે. આ હેઠળ ઘણા વિદેશી વિદ્યાર્થીઓ અને એક્સચેન્જ વિઝિટર્સને આપવામાં આવતી જૂની સુવિધા નાબૂદ કરવામાં આવી છે. હવે સ્ટુડન્ટ વિઝા પર આવતા વિદેશી વિદ્યાર્થીઓને વધુમાં વધુ ચાર વર્ષ માટે વિઝા આપવામાં આવશે. અમેરિકાના ગૃહ સુરક્ષા વિભાગે જણાવ્યું હતું કે 'એફ,' 'જે' અને 'આઈ' વિઝા પર લાગુ થતી 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ' સિસ્ટમ નાબૂદ કરવામાં આવી છે. અમેરિકાની સરકારનો દાવો છે કે આ ફેરફારનો હેતુ ઇમિગ્રેશન સિસ્ટમમાં સુધારો, વિઝાનો દુરુપયોગ અટકાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવાનો છે.

અમેરિકાએ ગુરુવારે વિદેશી વિદ્યાર્થીઓ, એક્સચેન્જ વિઝિટર અને પત્રકારો માટે વિઝા નિયમો કડક કર્યા છે. આ સાથે જ જૂની વ્યવસ્થાને સમાપ્ત કરી દીધી છે જે હેઠળ તેઓ સરકારી દેખરેખ વિના દેશમાં અનિશ્ચિત સમય સુધી રહી શકતા હતા. નવા નિયમો, એફ, જે અને આઈ વર્ગીકરણમાં નોન-ઇમિગ્રન્ટ વિઝાધારકો માટે પ્રવેશનો નિશ્ચિત સમયગાળો નક્કી કરે છે.

એફ કેટેગરીના વિઝા

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતની મદદથી ચાલતા ચાબહાર બંદર પર અમેરિકાનો ફરી હુમલો

દુબઈ: અમેરિકાએ શુક્રવારે ભારતની મદદથી સંચાલિત ઓમાનના અખાતમાંના ઇરાનના ચાબહાર બંદર પર ઉગ્ર હુમલો કર્યો હતો અને તેને લીધે ત્યાં એક ટાવર તૂટી ગયો હતો તેમ જ ભારે નુકસાન થયું હતું. ઇરાને જવાબમાં કતાર, કુવૈત, બાહરીન અને અખાતના અન્ય દેશો પર હુમલા કર્યા હતા.

અમેરિકાએ ઇરાન પર વધુ હુમલા કરીને ત્યાંના પુલો અને ટાવરો તોડવાનું શરૂ કર્યું હતું. ચાબહાર બંદર પાડોશી અફઘાનિસ્તાનની સાથે જમીન માર્ગે જોડાયેલું છે.

ઇરાને જણાવ્યું હતું કે ચાબહાર બંદર ખાતેનો જે ટાવર વેપારી જહાજોની અવરજવર પર નજર

(જુઓ પાનું ૨) ▸▸

## ફરજ ન બજાવી હોય તો નામ આગળ ડૉક્ટર ન લગાવો: સુપ્રીમ કોર્ટ

### રેપ-પીડિતા સગીરાની સારવારનો ઈનકાર કરનાર તબીબો પર પસ્તાળ પાડી અદાલતે

નવી દિલ્હી : માર્ચ મહિનામાં ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં બળાત્કાર અને હત્યાનો ભોગ બનેલી ચાર વર્ષની બાળકીને સમયસર તબીબી સંભાળ પૂરી પાડવામાં નિષ્ફળ રહેવા બદલ સુપ્રીમ કોર્ટે શુક્રવારે બે ખાનગી હોસ્પિટલ અને તેના ડોકટરોની ઝાટકણી કાઢી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી મોહન્નાની બેન્ચે હોસ્પિટલોને પરિવારને વાજબી વળતર આપવાની આદેશ આપ્યો હતો.

જો તમે તમારી ફરજ બજાવતા નથી તો 'ડોક્ટર' લખવાનો તમારો

(જુઓ પાનું ૨) ▸▸




DATES 18-19 JULY 2026
WHY FLAMINGO?
Personalised Consulting
Travel Freebeez
Exclusive Presentations
Exclusive Discounts

| Package Name | Rs. Onwards | Duration |
|---|---|---|
| BALI - with Flight | 83,000/- PP | 6 Days |
| THAILAND - with Flight | 84,000/- PP | 7 Days |
| SINGAPORE - with Flight | 1,15,000/- PP | 7 Days |
| VIETNAM - with Flight | 1,30,000/- PP | 8 Days |
| TURKEY - with Flight | 2,00,000/- PP | 9 Days |
| SWITZERLAND - with Flight | 2,95,000/- PP | 10 Days |
| FINLAND - with Flight | 3,50,000/- PP | 9 Days |
| NEWZEALAND - Land Pkg. | 2,85,000/- PP | 10 Days |
| AUSTRALIA - Land Pkg. | 3,38,000/- PP | 12 Days |
| ANDAMANS - Land Pkg. | 42,999/- PP | 7 Days |

KANDIVALI | ANDHERI | GOREGAON | MIRA ROAD | OPERA HOUSE
SION | GHATKOPAR | THANE | MULUND | NAVI MUMBAI
7861882783 • www.flamingotravels.co.in





**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતમાં બધી ટ્રેનો હાઈડ્રોજન પર કેમ ના દોડાવી શકાય?

**વડા** પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દેશની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનને લીલી ઝંડી આપીને રવાના કરી એ સાથે જ ભારત વિશ્વમાં હાઈડ્રોજન ટ્રેન ચલાવતા સીલેક્ટેડ દેશોની યાદીમાં આવી ગયો. હરિયાણાના જીંદથી સોનીપતના રૂટ પર દોડનારી આ ટ્રેનને ૮૯ કિમી.નું અંતર કાપતાં ૨ કલાક લાગશે. ૧૦ કોચવાળી આ ટ્રેન ૧૪ સ્ટેશનો વચ્ચે મહત્તમ ૭૫ કિમી. પ્રતિ કલાકની ઝડપે દોડવાની છે પણ દરેક સ્ટેશને બે-ત્રણ મિનિટ ઊભી રહેશે તેથી બે કલાકમાં પહોંચશે.

મોદીએ હાઈડ્રોજન ટ્રેનની શરૂઆતને ભારતની ઐતિહાસિક સિદ્ધિ ગણાવી છે કેમ કે, ભારત હાઇડ્રોજન ફ્યુઅલથી ચાલતી ટ્રેન શરૂ કરનાર વિશ્વનો પાંચમો દેશ બની ગયો છે. જર્મની, ફ્રાન્સ, સ્વિડન અને ચીનમાં અત્યારે હાઇડ્રોજન ટ્રેનો ચાલી રહી છે એવો દાવો સરકાર દ્વારા કરાયો છે જ્યારે ઈન્ટરનેટ પર સર્ચ મારો તો સાત-આઠ દેશોમાં હાઈડ્રોજન ટ્રેન દોડતી હોવાની માહિતી અપાય છે. આ મુદ્દો મહત્વનો નથી પણ મહત્ત્વની વાત એ છે કે, જે પણ દેશોનાં નામ અપાય છે એ બધા વિકસિત દેશો છે તેથી ભારત પણ વિકસિત દેશોની ક્લબમાં આવી ગયું છે.

ભારત પણ વિકસિત દેશોની હરોળમાં આવી ગયો એવું બતાવવા માટે હાઈડ્રોજન ટ્રેનની સિદ્ધિનાં ગુણગાન ગાવામાં કંઈ ખોટું નથી પણ પ્રેક્ટિકલી હાઈડ્રોજન ટ્રેનનો વિકલ્પ ભારત માટે બહુ ફાયદાકારક નથી. તેનું કારણ ભારતીય રેલવેનો વ્યાપ અને બ્રોડગેજ લાઈનોમાં લગભગ ૧૦૦ ટકા ઈલેક્ટ્રિફિકેશન છે. એક સમયે ભારતમાં ટ્રેનોનાં એન્જિન ડીઝલ પર દોડતાં ને ઈલેક્ટ્રિસિટી પર ચાલતી ટ્રેનો બહુ ઓછી હતી. ઘણે ઠેકાણે તો સ્ટીમ એન્જિન પર ચાલતી ટ્રેન એટલે કે આગગાડી પણ ચાલતી હતી.

ડૉ. મનમોહનસિંહની સરકારના સમયમાં ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવા માટે રેલવેના નેટવર્કનું ઈલેક્ટ્રિફિકેશન કરવાનો નિર્ણય લેવાયો પછી ધીરે ધીરે ડીઝલ એન્જિનોની બાદબાકી થતી ગઈ. અત્યારે પહાડી વિસ્તારોમાં કે પછી બ્રોડગેજ ના હોય એવી લાઈનો સિવાય ભારતમાં બહુ ઓછી રેલવે લાઈન એવી બચી છે કે જેનું ઈલેક્ટ્રિફિકેશન નથી થયું.

ડૉ. મનમોહનસિંહની સરકાર વખતે રેલવેના ઈલેક્ટ્રિફિકેશનનું કામ ધીમી ગતિએ થયું ને નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી તેમાં જબરદસ્ત તેજી આવી એવું સરકારી આંકડા કહે છે. ડૉ. મનમોહનસિંહના શાસન દરમિયાન એટલે કે ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે દરરોજ ૧.૪૨ કિલોમીટર લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન થયેલું. તેની સામે મોદીના શાસનમાં દરરોજ ૧૫ કિલોમીટર લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન થયું છે. તેના કારણે અત્યારે બ્રોડગેજ લાઈનમાંથી ૯૯.૬ ટકા એટલે કે લગભગ ૧૦૦ ટકા નેટવર્કનું ઈલેક્ટ્રિફિકેશન થઈ ગયું છે. મતલબ કે, બ્રોડગેજ લાઈનો પર હવે ડીઝલ એન્જિનો જોડાવવાની જરૂર નથી.

અત્યારે દેશમાં રાજસ્થાન, તમિલનાડુ, કર્ણાટક, આસામ અને ગોવા એ પાંચ રાજ્યોમાં જ કેટલાક સાવ નાના નાના રૂટનું ઈલેક્ટ્રિફિકેશન બાકી છે. એ સિવાય આખા દેશમાં બ્રોડગેજ લાઈનોનું ઈલેક્ટ્રિફિકેશન થઈ ગયું હોવાથી વીજળીથી ચાલતી ટ્રેનો દોડાવી શકાય છે. ભારતમાં કુલ રેલવે માર્ગની લંબાઈ ૧.૩૨ લાખ કિલોમીટર છે ને તેમાંથી લગભગ ૫૦ ટકા એટલે કે ૬૪ હજાર કિલોમીટર રૂટનું ઈલેક્ટ્રિફિકેશન થઈ ગયું છે તેથી બ્રોડગેજ સિવાયના રૂટ પર પણ ડીઝલ એન્જિનથી ચાલતી ટ્રેનો દોડાવવાની જરૂર જ ના પડે એ દિવસો દૂર નથી.

હવે મોદી સરકારે પોતે અબજોનું આંધણ કરીને રેલવેનું રેલવેના ઈલેક્ટ્રિફિકેશનનું કામ કરાવ્યું છે ત્યારે તેને કોરાણે મૂકીને હાઈડ્રોજન પર ચાલતી ટ્રેનો દોડાવવાની મૂર્ખામી ના જ કરે ને ? હાઈડ્રોજન કરતાં ઈલેક્ટ્રિસિટી પર ચાલતી ટ્રેન સસ્તી પડે છે અને વધારે સ્પીડે ભાગે છે એ પણ હાઈડ્રોજન ટ્રેન તરફ નહીં વળવા માટેનું એક કારણ છે. અત્યારે ચાલુ થયેલી હાઈડ્રોજન ટ્રેન મહત્તમ ૭૫ કિલોમીટરની સ્પીડે ભાગે છે જ્યારે ઈલેક્ટ્રિસિટી પર ચાલતી ટ્રેન રમતાં રમતાં કલાકના ૧૨૦ કિલોમીટરની સ્પીડે ભાગે છે.

રેલવે તો વંદે ભારત સહિતની ટ્રેનોને કલાકના ૧૮૦ કિલોમીટરની સ્પીડે ભગાવવા માગે છે જ્યારે હાલની હાઈડ્રોજન ટ્રેનની મહત્તમ સ્પીડ ૧૧૦ કિલોમીટર જ છે. ભારત પાસે હાઈડ્રોજન સારા પ્રમાણમાં છે પણ આખા દેશમાં ટ્રેનો દોડાવી શકાય એટલો હાઈડ્રોજન સતત મળતો રહે કે કેમ તેમાં શંકા છે. હાઈડ્રોજનનું વીજળી જેવું નથી કે સ્વિચ પાડો એટલે વીજળી મળવા માંડે. હાઈડ્રોજનના ટ્રાન્સપોર્ટેશન માટે પણ ખાસ વ્યવસ્થા કરવી પડે ને તેમાં પણ ખર્ચ વધી જાય. આ બધાં કારણોસર હાઈડ્રોજન ટ્રેન શો-પીસ તરીકે બરાબર છે પણ ભારતીય રેલવેમાં છવાઈ જાય એ શક્ય નથી. બહુ બહુ તો નાના નાના રૂટ પર કે હેરિટેજ રૂટ પર હાઈડ્રોજન ટ્રેનો દોડાવી શકાય, બાકી સુપરફાસ્ટ ટ્રેનો હાઈડ્રોજન પર ના દોડી શકે.

મોદી સરકારે રેલવેના ઈલેક્ટ્રિફિકેશનનું કામ સુપર સ્પીડે કરાવીને સારું કામ કર્યું છે એ જોતાં ખરેખર તો નવા રસ્તા અપનાવવાની કે અજમાવવાની પણ જરૂર નથી. જરૂર માત્ર પૂરતા પ્રમાણમાં વીજળી પેદા થયા કરે ને ટ્રેનોને મળતી રહે એવી વ્યવસ્થા કરવાની છે. વીજળી પેદા કરવા માટે કોલસા કે ડીઝલનો ઉપયોગ થાય છે તેના કારણે પ્રદૂષણની સમસ્યાઓ થાય છે એ સાચું પણ મોદી સરકાર પ્રદૂષણ ઘટાડીને વીજળી પેદા કરવાની દિશામાં પણ કામ કરી જ રહી છે. સોલાર એનર્જી, વિન્ડ પાવર વગેરે રિન્યૂએબલ ક્લીન એનર્જીનું પ્રમાણ વધારીને એ જોખમ પણ ઘટાડાઈ રહ્યું છે. હમણાં ઓસ્ટ્રેલિયા સાથે કરેલા કરારના કારણે સતત યુરેનિયમ મળતું રહે તો પરમાણુ ઊર્જા પણ જંગી પ્રમાણમાં પેદા થશે તેથી વીજળીની બહુ સમસ્યા નથી. ભારતમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશનથી માંડીને માલની હેરફેર સહિતનું બધું રેલવે પર નિર્ભર છે એ જોતાં ભારતમાં બીજા અખતરા કરવા જેવા પણ નથી.

દુનિયામાં ઘણા દેશો પાસે હાઈડ્રોજન ટ્રેન છે પણ કોઈ દેશે હાઈડ્રોજનને મુખ્ય ફ્યુઅલ નથી બનાવ્યું. જર્મનીએ ૨૦૧૮માં દુનિયાની પહેલી હાઈડ્રોજન ટ્રેન દોડાવી હતી પણ તેનો ઉપયોગ વધાર્યો નથી. શરૂઆત કરી હતી એ એક જ રૂટ પર હાઈડ્રોજન ટ્રેન દોડાવાય છે. અમેરિકામાં ૨૦૨૫માં હાઈડ્રોજન ટ્રેન શરૂ કરાઈ પણ પ્રદૂષણની સમસ્યા ખરાબ છે એ એક જ રૂટ પર દોડાવાય છે. જાપાને ૨૦૨૨માં હાઈડ્રોજન ટ્રેનનો ટ્રાયલ રન ચલાવ્યો પણ નિયમિત રીતે ઉપયોગ નથી કરાતો. ચીનમાં બે રૂટ પર હાઈડ્રોજન ટ્રેન દોડે છે જ્યારે કેનેડામાં તો માલસામાનની હેરફેર માટે જ હાઈડ્રોજન ટ્રેન વપરાય છે. દક્ષિણ કોરિયાએ પણ હાઈડ્રોજન ટ્રેનના ટ્રાયલ રન કર્યા છે પણ હજુ ચાલુ કરી નથી.

આ બધા દેશો હાઈડ્રોજન ટ્રેન તરફ નથી વળતા તેનું કારણ વધારે ખર્ચ અને ફ્યુઅલની મર્યાદિત ઉપલબ્ધતા જ છે. ભારત પણ આ વાસ્તવિકતાને સ્વીકારીને હાઈડ્રોજન ટ્રેન તરફ બહુ નહીં વળે. શો-પીસ જેવા પાંચ-સાત રૂટ પર ચલાવાશે પણ રેલવેની આખી સિસ્ટમ હાઈડ્રોજન ટ્રેનથી ચાલે એવું કમ સે કમ નજીકના ભવિષ્યમાં તો નહીં જ બને. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૧૮-૭-૨૦૨૬

- ભારતીય દિનાંક ૨૭, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ સુદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૩જો અર્દીબહેશ્ત, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૪થો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સાંજે ક. ૧૭-૫૯ પછી, ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૩-૫૮ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૦ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૪, રાત્રે ક. ૨૧-૨૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ શુક્લ – પંચમી. સ્કંદ પંચમી, દ્વારકાધીશનો પાટોત્સવ (કાંકરોલી), વલ્લભાચાર્ય વૈકુંઠગમન. હેરાપંચમી (ઓરિસ્સા), સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદર કાંડ વાંચન, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, નિત્ય થતાં ઘર-ખેતર જમીન, મકાનના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ આવકારદાયક સ્વભાવ. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન/કર્ક, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# પીએમ, સીએમને હટાવવાનો ખરડો:જેપીસીએ ડ્રાફ્ટ રિપોર્ટ ન સ્વીકાર્યો

## નિર્ણય મોકૂફઃ આ ખરડામાં 30 દિવસ અટકાયત હેઠળ હોય, તો ૩૧મા દિવસે આપમેળે હોદ્દા પરથી દૂર કરવાની જોગવાઈ હશે

નવી દિલ્હીઃ ગંભીર આરોપ હેઠળ વડા પ્રધાન અને મુખ્ય પ્રધાનોની અટક કરાઇ હોય, તો તેઓને હોદ્દા પરથી દૂર કરવા સહિતની વિવિધ જોગવાઇ ધરાવતા સૂચિત ખરડાના મુસદ્દાને ચકાસતી સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)એ તેને સ્વીકારવાનું અચાનક મુલતવી રાખ્યું હતું.

સમિતિએ કરેલી સંબંધિત પાંચ ભલામણ અંગે જેપીસીમાં મતદાન ચાલુ હતું ત્યારે તેને સ્વીકારવાનું અચાનક મોકૂફ રખાયું હતું.

અગાઉ, સંયુક્ત સમિતિએ બંધારણમાંના ૧૩૦મા સુધારા માટે પોતાના ડ્રાફ્ટ રિપોર્ટમાં પાંચ ભલામણ કરી હતી અને તે સમિતિના સભ્યોને મોકલાઇ હતી.

સમિતિ શુક્રવારે દરેક અલગ ભલામણ પર જુદું-જુદું મતદાન કરતી હતી ત્યારે અચાનક નક્કી કરાયું હતું કે આ પ્રકરણમાં સંબંધિત લોકો સાથે વધુ સલાહમસલત કરવાની અને સભ્યોએ તે અંગે વધારે ચર્ચા કરવાની હજી જરૂર છે.

એઆઇએમઆઇએમના અસાદુદ્દીન ઓવૈસી અને એનસીપી (શરદ પવાર)નાં સાંસદ સુપ્રિયા સૂળેએ મતદાનમાં આ મુસદ્દા સાથે અસંમતિ દર્શાવી હતી, પરંતુ સમિતિએ આ ભલામણને સ્વીકારવાનું મોકૂફ રાખતા આ બન્ને નેતાએ છેલ્લી ઘડીએ પોતાનો મત પાછો ખેંચ્યો હતો.

સમિતિનાં વડાં ભાજપનાં અપરાજિતા સારંગીએ જણાવ્યું હતું કે સંયુક્ત સંસદીય સમિતિને આ કિસ્સામાં વધુ સલાહમસલત કરવાની જરૂર લાગે છે અને તેથી તેનું મતદાન મુલતવી રાખવાનું સર્વાનુમતે નક્કી કરાયું હતું.

અહીં રસપ્રદ બાબત એ છે કે શાસક પક્ષના અમુક સભ્યે પણ પ્રથમ બે દરખાસ્તની વિરુદ્ધ મતદાન કર્યું હતું. આમ છતાં, તેને બહુમતથી પસાર કરાઇ હતી.

સમિતિએ ભલામણ કરી હતી કે ગંભીર આરોપ હેઠળ વડા પ્રધાન, મુખ્ય પ્રધાનો અને કેન્દ્રીય પ્રધાનોની સતત ૩૦ દિવસ સુધી અટકાયત કરાય અને તેઓની સામેની કાનૂની કાર્યવાહીનો ચુકાદો બાકી હોય, તો પણ તેઓને સસ્પેન્ડ કરવા જોઇએ.

આમ છતાં, જો આ નેતાઓને આરોપમાંથી નિર્દોષ છોડી મુકાય અથવા ચોક્કસ સમયમાં તેઓ સામે કાયદેસર કાર્યવાહી હાથ ન ધરાય, તો તેઓનું સસ્પેન્શન રદ કરવું.

અપરાજિતા સારંગીએ જણાવ્યું હતું કે આ સૂચિત ખરડાનો હેતુ રાજકારણમાંનો ભ્રષ્ટાચાર અને ગુનાખોરી રોકવાનો છે. આ એક રાષ્ટ્રીય બાબત છે અને તે અંગે સર્વસંમતિ હોવી જરૂરી છે. બધા રાજકીય પક્ષોએ દેશના હિતમાં આવું પગલું લેવા સાથે મળીને કામ કરવું જોઇએ.

સૂચિત ખરડામાં એવી જોગવાઇ છે કે જો વડા પ્રધાન, પ્રધાનો કે મુખ્ય પ્રધાનોને ગંભીર આરોપ હેઠળ સતત ૩૦ દિવસ સુધી અટકાયત હેઠળ રખાયા હોય અને તેઓ હોદ્દો ન છોડે, તો ૩૧મા દિવસે આપમેળે હોદ્દા પરથી દૂર થઇ જાય. (એજન્સી) ■

# બિહારમાં બોરવેલમાં ફસાયેલા ત્રણ વર્ષના બાળકનો બચાવ

ગયા જીઃ બિહારના ગયા જી જિલ્લામાં ત્રણ વર્ષનું એક બાળક રમતી વખતે બોરવેલમાં પડી ગયું હતું. આ બાળકને સાત કલાકના ઑપરેશન બાદ બચાવી લેવામાં આવ્યું છે. આ જાણકારી અધિકારીઓએ શુક્રવારે આપી હતી.

આ ઘટના ગુરુવારે સાંજે રઘુ નગર ગામમાં બની હતી. જ્યાં પીયૂષ કુમાર નામનું બાળક ખેતરમાં રમી રહ્યું હતું અને તેની માતા નજીકમાં અનાજ સાફ કરી રહી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કુમાર પંકજે જણાવ્યું કે સ્થાનિક લોકોએ સાંજે સાત વાગ્યાની આસપાસ પોલીસને આ ઘટનાની જાણ કરી હતી.

તેમણે કહ્યું કે ઘટનાની માહિતી મળતાં જ એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમોને બોલાવવામાં આવી હતી. આ ટીમોએ બાળકને ઝડપથી બચાવી લીધું તેના માટે અમે આભારી છીએ. એનડીઆરએફએ એક પોસ્ટમાં જણાવ્યું કે તબીબી તપાસ પછી બાળકને માતા-પિતાને સોંપવામાં આવ્યું હતું.

વઝીરગંજના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી સુનીલ કુમારે જણાવ્યું કે આ મામલે એફઆઇઆર નોંધવામાં આવશે. કારણ કે પ્રાથમિક રીતે આ સ્થાનિક અધિકારીઓની બેદરકારીનો કેસ માલૂમ પડે છે. આ મામલે યોગ્ય તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવશે. સંબંધિત અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી ઉપરાંત એફઆઇઆર પણ નોંધવામાં આવશે. આ ઘોર બેદરકારી છે જેને ચલાવી લેવામાં આવશે નહીં. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાં બ્લાસ્ટનું

આ પાંચ આતંકવાદીઓ જાણ થતા એટીએસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ આતંકીઓ અગાઉ જેમની ધરપકડ કરવામાં આવી તેમની સાથે મળીને જ કામ કરી રહ્યાં હતા, તેવું જાણવા મળ્યું હતું. પપૂછપરછ દરમિયાન એ પણ જાણવા મળ્યું કે,આમાંથી ત્રણ આતંકવાદીઓએ આઠ જગ્યાએ બ્લાસ્ટનું ટેસ્ટિંગ પણ કરી લીધું હતું.

એટીએસના ડીઆઈજી સુનીલ જોશીએ વિગતે આપતા જણાવ્યું કે, અગાઉ ઝડપાયેલા આતંકીઓએ આ પાંચ આતંકવાદીઓ વિશે ખુલાસો કર્યો હતો. એટીએસ દ્વારા કાર્યવાહી કરતા બિલાલ આબિદ શેરા, મોહમ્મદ ઐયુબ કડીવાલ ઉર્ફે મોહમ્મદ ખાડિયાસન, મોહમ્મદ શફી ખુમી ઉર્ફે શફી ચાપી, મોહમ્મદ હસન કરાડિયા ઉર્ફે હસન હૈદરપુરી અને મોહમ્મદ ઐયુબ સુનાસારા ઉર્ફે મોહમ્મદ ખલી નામના પાંચ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. કાર્યવાહીની વાત કરવામાં આવે તો, પાંચેય આરોપીને કડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જયા કોર્ટે આ પાંચેય આતંકવાદીઓના આઠ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, આમાંથી મોટાભાગના આતંકવાદીઓ મદરેસાના અન્ય તાલીમાર્થીઓને જિહાદમાં જોડાવા માટે દાવત આપતા હતા. આતંકવાદીઓ દ્વારા આવી કુલ ત્રણ દાવત આપવામાં આવી છે. આતંકવાદીઓએ કોઈ મોટા બ્લાસ્ટના કાવતરા માટે ગન પાવડર સહિતના કેટલાક શંકાસ્પદ રસાયણો પણ મંગાવ્યાં હતાં. એટલું જ નહીં પરંતુ નિર્જન વિસ્તારોમાં નાના પાયે વિસ્ફોટો કરી પરીક્ષણ પણ કર્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. તપાસ દરમિયાન એટીએસે આરોપીઓ પાસેથી આઈઈડી બનાવાની સામગ્રી સાથે ૧,૩૦,૦૦૦ રૂપિયાનું ફંડ, જૈશ-એ-મોહંમદનો ઝંડો અને આતંકી મસૂદ અઝહરની 'અકેલા મુજાહિદ જિહાદ કૈસે કરે' જેવા જેહાદી પુસ્તકો સહિતનું સાહિત્ય જપ્ત કર્યું હતું.

ગુજરાત એટીએસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી આઇઇડી બનાવવાની સામગ્રી આવી હતી. ■

### હાઇડ્રોજન ટ્રેન

કિમી.નું અંતર બે કલાકમાં કાપવામાં આવશે, જેમાં ટ્રેન ૧૨ મધ્યવર્તી સ્ટેશનો પર રોકાશે.

ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા પછી, એમણે ૧૪,૭૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા અને શિલાન્યાસ પણ કર્યો હતો. ત્યાર બાદ એક જાહેરસભાને સંબોધતા, મોદીએ હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનને 'મેક ઇન ઇન્ડિયા' ઝુંબેશનું સફળ ઉદાહરણ ગણાવ્યું હતું અને તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આજે, ભારતીય રેલ્વેએ એક મોટું પગલું ભર્યું છે અને જિંદથી સોનીપત સુધીની આ હાઇડ્રોજન ટ્રેન વિશ્વની સૌથી શક્તિશાળી હાઇડ્રોજન ટ્રેન છે.

પશ્ચિમ એશિયાના સંઘર્ષનો ઉલ્લેખ કરતા, મોદીએ કહ્યું કે ભારત હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા મોટા પ્રમાણમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી ગેસ અને ખાતરો મેળવે છે. જોકે, છેલ્લા ત્રણથી ચાર મહિનાથી, આ રસ્તો સતત યુદ્ધનું મેદાન બની ગયો છે. યુદ્ધ અને તેલ સંકટ છતાં, ભારતની રેલવે અને દેશની વિકાસ ગાડી અટકી નથી, એમ તેમણે કહ્યું.

જો આ પરિસ્થિતિ ૨૦૧૪ પહેલા ઉભી થઈ હોત, તો ભારતની રેલવેનું કામ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હોત, એવું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. મોદીએ એમ પણ કહ્યું કે જિંદની તેમની મુલાકાતે જૂની યાદોને તાજી કરી દીધી છે. મને અહીં મળેલો પ્રેમ હું ભૂલી શકતો નથી, એવું તેમણે કહ્યું.

જિંદનું 'ઘી' અને 'ઘેવર' વર્ષોથી બદલાયું નથી પરંતુ તેનો 'તેવર' (વલણ) બદલાયો છે. આજે જિંદ ભાજપના સુશાસનનું એક મોડેલ બની રહ્યું છે, એમ તેમણે કહ્યું,

જ્યારે પણ હાઇડ્રોજન ટ્રેનનો ઉલ્લેખ થશે ત્યારે જિંદ, સોનીપત અને હરિયાણાના નામ આવશે, હું સમગ્ર દેશને અભિનંદન આપું છું, એમ તેમણે ઉમેર્યું હતું.

#### '૨૦૧૪ પહેલા ઈરાન યુદ્ધ થયું હોત તો ટ્રેનો અટકી ગઈ હોત'

જો વર્ષ ૨૦૧૪ પહેલા પશ્ચિમ એશિયામાંના યુદ્ધ સંઘર્ષ જેવી પરિસ્થિતિ ઊભી થઇ હોત તો ભારતીય રેલ્વેનું કામકાજ ઠપ થઇ ગયું હોત, કારણ કે ત્યારે મોટાભાગની ટ્રેનો ડીઝલથી ચાલતી હતી. આ વાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહી હતી. તેમજ તેમની સરકારના ૧૨ વર્ષના કાર્યકાળમાં લગભગ ૯૯ ટકા નેટવર્કનું વીજળીકરણ કરવામાં આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

હરિયાણામાં જિંદથી સોનીપતને જોડતી ભારતની પ્રથમ હાઇડ્રોજન સંચાલિત ટ્રેનને લીલી ઝંડી આપ્યા બાદ કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર પર નિશાન સાધતા વડા પ્રધાને કહ્યું કે તેમની સરકારના સત્તામાં આવ્યા પછી ભારતીય રેલવેમાં થયેલા મોટા ફેરફારને કારણે દેશને વધુ એક લાભ મળ્યો છે. તેમણે કહ્યું કે હાઇડ્રોજન ટ્રેન સાથે દેશે ગ્રીન મોબિલિટીની દિશામાં મોટી છલાંગ લગાવી છે. તેમણે કહ્યું હતું કે તમે જોઇ રહ્યા છો કે છેલ્લા કેટલાક મહિનાઓથી પશ્ચિમ એશિયામાં, હોર્મુઝ ક્ષેત્રમાં ઇરાન અને ખાડીના દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. આ દરિયાઇ માર્ગ વાટે ભારતને મોટા પ્રમાણમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી ગેસ અને ખાતર મળે છે. પરંતુ છેલ્લા ત્રણ-ચાર મહિનાથી આ માર્ગ સતત યુદ્ધનું મેદાન બનેલું છે.

મોદીએ વધુમાં કહ્યું કે જો આવું ૨૦૧૪ પહેલા થયું હોત તો શું થયું હોત. તો ભારતીય રેલવેનું કામકાજ સંપૂર્ણપણે બંધ થઇ ગયું હોત. તે સમયે આપણા દેશનો એક મોટો ભાગ એવો હતો જ્યાં ટ્રેનો માત્ર ડીઝલથી ચાલતી હતી. જો ત્યારે ડીઝલની સપ્લાય બંધ થઇ ગઇ હોત તો ડીઝલથી ચાલતી ટ્રેનો કેવી રીતે દોડી હોત?

#### પાંચથી પચીસ રૂપિયા હશે ભાડું

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારના રોજ હરિયાણાના જિંદ રેલવે સ્ટેશનથી ભારતની પ્રથમ હાઇડ્રોજનથી સંચાલિત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. આ ટ્રેનની ક્લિન એનર્જી ટેકનોલોજી સૌથી મોટી વિશેષતા છે, ત્યારે તેની સસ્તી ટિકિટ કિંમત પણ લોકોનું ધ્યાન ખેંચી રહી છે. ભાડું માત્ર પાંચ રૂપિયાથી શરૂ થાય છે અને પચીસ રૂપિયા સુધી જાય છે. હાઇડ્રોજન ટ્રેન મુસાફરોને ઓછા ખર્ચે મુસાફરીનો વિકલ્પ આપી શકે છે. શરૂઆતનું ભાડું ઘણા રેલવે સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના ચાર્જ કરતા પણ ઓછું છે.

૧૦ કોચવાળી આ ટ્રેન જિંદ અને સોનીપત વચ્ચે દોડશે, જે લગભગ બે કલાકમાં લગભગ ૯૦ કિલોમીટરનું અંતર કાપશે. આ ટ્રેન રૂટ પર ૧૧ સ્ટોપ પર રહેશે અને દરરોજ લગભગ ૨,૬૦૦ મુસાફરોને લઈ જઈ શકશે. તે સ્વદેશી હાઇડ્રોજન ફ્યુઅલ સેલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી છે અને પરંપરાગત ઓવરહેડ ઇલેક્ટ્રિક વાયર વિના ચાલશે. ■

### બુલેટ ટ્રેન

રીતે સામેલ હતો, પરંતુ આંતરરાષ્ટ્રીય બેઠકો અને વાટાઘાટોમાં જે બહાર આવ્યું તે ભારતીય પક્ષની સંપૂર્ણ બેદરકારી હતી, જે વારંવાર કરવામાં આવી હતી. તેઓ વચનો પાળતા નથી પછી ભલે ગમે તે થાય. જો તેઓ વચન આપે તો પણ તેઓ તરત જ તેને પલટી દે છે.'' માકિહારાએ પ્રભારી મંત્રી પર ખૂબ જ ખરાબ હોવાનો પણ આરોપ લગાવ્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ''તેઓ અંત સુધી પોતાના ફાયદા માટે કામ કરતા રહ્યા. ઈન્ચાર્જ મંત્રી તો ખૂબ જ ખરાબ હતા. જો ટોચની વ્યક્તિ આવી હોય તો કોઈ સારો સોદો થઈ શકે નહીં. એ તમામ જાપાની લોકોના સન્માનમાં જેમણે ખૂબ દિલથી કામ કર્યું. મારે એ કહેવું પડશે કે મને ૧૦૦ ટકા લાગે છે કે આનું આગળ ન વધવા પાછળનું કારણ સંપૂર્ણપણે ભારતીય પક્ષ છે.''

વિદેશ મંત્રાલયે શુક્રવારે હિદેકી માકિહારાના દાવાઓને ફગાવી દેતા કહ્યું કે તે તેમનો વ્યક્તિગત અભિપ્રાય છે અને હકીકતોથી તદ્દન અલગ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક પ્રેસ બ્રીફિંગમાં કહ્યું, અમે પોસ્ટ જોઈ છે. આ તેમનો વ્યક્તિગત અભિપ્રાય છે અને હકીકતોથી તદ્દન અલગ છે. મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ ટ્રેન પર ભારત-જાપાન વાટાઘાટો સારી રીતે આગળ વધી રહી છે.''

નોંધનીય છે કે કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે ભારત તેની પ્રથમ બુલેટ ટ્રેન સેવાના પ્રથમ તબક્કાનું સંચાલન ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭થી શરૂ કરશે. વૈષ્ણવે જણાવ્યું હતું કે સ્પીડ રેલ કોરિડોર તબક્કાવાર ખુલશે, જેની શરૂઆત સુરત-બિલીમોરા સેક્શનથી થશે. બાદમાં એક લેખિત નિવેદનમાં વિદેશ મંત્રાલયે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કર્યો હતો. ■

### ભારતીય વિદ્યાર્થીઓને

વિદ્યાર્થીઓ માટે, જે કેટેગરીના વિઝા એક્સચેન્જ વિઝિટર માટે છે અને 'આઈ' કેટેગરીના પત્રકારો માટે છે. અમેરિકાના ગૃહ સુરક્ષા વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે નોન-ઇમિગ્રન્ટ વિદ્યાર્થીઓ (એફ- વીઝા) અને એક્સચેન્જ વિઝિટરને તેમના ચોક્કસ કાર્યક્રમના સમયગાળા માટે એન્ટ્રી આપવામાં આવશે જે વધુમાં વધુ ચાર વર્ષથી વધુ નહીં હોય.

ડીએચએસ સચિવ માર્કવેન મુલિને કહ્યું હતું કે 'દાયકાઓથી વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકામાં અનિશ્ચિત સમય માટે પ્રવેશ આપવામાં આવ્યો છે, જેના કારણે હજારો લોકો અમેરિકા છોડવાથી બચવા માટે સતત કોર્સમાં નોંધણી કરીને અમારી ઇમિગ્રેશન સિસ્ટમનો દુરુપયોગ કર્યો છે. મુલિને જણાવ્યું હતું કે આ વિઝા પર સ્પષ્ટ, મર્યાદિત મર્યાદાઓ લાગુ કરીને અમેરિકા તેની સરહદોની અંદર વ્યક્તિઓની યોગ્ય રીતે તપાસ, ચકાસણી અને દેખરેખ રાખવાની ક્ષમતા ફરીથી મેળવી રહ્યું છે. આ અંતિમ નિયમ ખાતરી કરે છે કે વિદેશી વિદ્યાર્થીઓ તેમના પ્રાથમિક હેતુ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમનો અભ્યાસ પૂર્ણ કરવો અને ઘરે પાછા ફરવું.'

તેમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં ઘણા અન્ય પ્રકારના નોન-ઇમિગ્રન્ટ વિઝા માટે પ્રવેશનો એક નિશ્ચિત સમયગાળો લાગુ છે. ૧૯૭૮થી વિદેશી વિદ્યાર્થીઓને અનિશ્ચિત સમયગાળા માટે અમેરિકામાં પ્રવેશ આપવામાં આવ્યો છે, જેના કારણે હજારો લોકો અમેરિકા ન છોડવું પડે તે માટે અભ્યાસક્રમોમાં કાયમી નોંધણી કરીને 'કાયમ માટેના વિદ્યાર્થીઓ' બની શકે છે. ■

### ભારતની મદદથી

રાખતો હતો, તે અમેરિકાના હુમલામાં તૂટી ગયો હતો. ઇરાને યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરાવતા કતાર અને કુવૈત પર મોટા પાયે હુમલા કર્યા હતા. કુવૈતમાંના વીજમથક અને દરિયાનું પાણી પીવાલાયક બનાવતા પ્લાન્ટને ભારે નુકસાન થયું હતું.

અમેરિકા અને ઇરાન વચ્ચે શુક્રવારે થયેલા સામસામા હુમલામાં પણ ઘણી જાનહાનિ થઇ હતી, પરંતુ તેના આંકડા શુક્રવાર મોડી રાત સુધી નહોતા મળ્યા. અમેરિકાએ દક્ષિણ ઇરાનના હોર્મોઝગાન પ્રાંતમાં હુમલા કરીને ત્યાં અનેક પુલ તોડી નાખ્યા હતા. આ હુમલામાં ઓછામાં ઓછા સાત જણ માર્યા ગયાં હોવાનું કહેવાય છે.

અમેરિકાએ હોર્મુઝ ખાડીના કિનારે આવેલા ઇરાનના શહેર બંદર ખમીર પર પણ હુમલો કર્યો હતો. ઇરાનના મુખ્ય બંદર અબ્બાસના ધોરીમાર્ગ અને રેલવે પુલ તૂટી જતાં ત્યાં જવાનો માર્ગ બંધ થઇ ગયો હતો. અમેરિકાના હુમલામાં ઇરાનના વીજમથકને ભારે નુકસાન થયું હતું.

અમેરિકાએ શુક્રવારે સવારે છ વાગ્યે કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૩૮ જણ માર્યા ગયાં હોવાનું અને ૪૦૦થી વધુ ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ઇરાને શુક્રવારે કતાર પર બે વખત હુમલા કર્યા હતા. આ ઉપરાંત, બાહરીન અને કુવૈતને પણ લક્ષ્ય બનાવાયા હતા. (એજન્સી) ■

### ફરજ ન બજાવી

કોઈ અધિકાર નથી. જો તમારી પાસે સંવેદનશીલતા હોત, જો તમારી પાસે સુવિધા ન હોત તો તમે બાળકી સાથે બીજી હોસ્પિટલમાં ગયા હોત. તમે તેની અવગણના કરી કારણ કે તે ગરીબ હતી? તેને તમારી ફી પરવડી શકે એમ નહોતું ?'' તેવું સીજેઆઈએ ડોક્ટરોને કહ્યું.

આ મામલાની સુનાવણી આવતા અઠવાડિયે ફરી થશે. ૧૬ માર્ચના રોજ, પીડિતાને ચોકલેટ ખરીદવાના બહાને એક પાડોશીએ લલચાવી હતી. જ્યારે બાળકી પાછી ન આવી, ત્યારે તેના પિતાએ શોધખોળ શરૂ કરી અને તે બેભાન અને લોહીથી લથપથ હાલતમાં મળી. પરિવાર તેને બે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો, જ્યાં કથિત રીતે તેને દાખલ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો. ત્યાર પછી તેને ગાઝિયાબાદની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. ■

## કેતન અગરવાલની હત્યા

# હું ઘર માટે પુત્રવધૂ લાવવા નીકળ્યો હતો, પણ પુત્ર ગુમાવી બેઠોઃ પિતાની હૈયાવરાળ

### સિયાનું માગું લાવનારું મિત્તલ કુટુંબ પણ જવાબદારઃ વિશાલ અગરવાલ

પુણેઃ પુણેમાં રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર અને ટ્રેકર કેતન અગરવાલને લોહગડ કિલ્લા પરથી ધકેલીને તેની હત્યા કરવા બદલ ધરપકડ કરાયેલી વાગ્દત્તા સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીને ગુરુવારે વડગાવ માવળ કોર્ટમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર કરાતાં હતાં અને બંનેને ૧૪ દિવસની અદાલતી કસ્ટડી ફટકારાઇ હતી. બાદમાં કેતનના પિતા વિશાલ અગરવાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હું કેતનનાં લગ્ન કરવા અને ઘર માટે પુત્રવધૂ લાવવા માટે નીકળ્યો હતો, પણ મેં મારો પુત્ર ગુમાવી દીધો. આજે મારો દીકરો પણ નથી રહ્યો અને મારા પિતા પણ. દરેક માતા-પિતાનું સપનું હોય છે કે વૃદ્ધાવસ્થામાં તેમને તેમનો પુત્ર સંભાળશે, પણ અમને સંભાળવા માટે કેતન જ રહ્યો નથી, એમ તેમણે કહ્યું હતું.

વિશાલ અગરવાલે વધુમાં જણાવ્યું હતું કે કેતન અને સિયાનાં લગ્ન મારા મામા નરેન્દ્ર જગન્નાથ મિત્તલ અને મામી રેણુ મિત્તલે ગોઠવી આપ્યાં હતાં. તેમણે અમને કહ્યું હતું કે આ સિયાને અમારી જ પુત્રી સમજજો. અમે તેને નાનપણથી ઓળખીએ છીએ અને અમે તેને મોટી કરી છે. તે ખૂબ જ સંસ્કારી અને સારી છોકરી છે. તેમણે આવી ખાતરી આપ્યા બાદ અમે લગ્ન નક્કી કર્યાં હતાં. હવે પરિસ્થિતિ જોતાં તેમને પણ આ અંગે માહિતી હતી કે? એવો પ્રશ્ન કેતનના પિતાએ કર્યો હતો અને મિત્તલ કુટુંબ જવાબદાર હોવાનો આરોપ કર્યો હતો.

કેતન અને સિયા વચ્ચે ઝઘડા થતા હતા? એવો પ્રશ્ન પૂછવામાં આવતાં વિશાલ અગરવાલે કહ્યું હતું કે કેતન કહેતો કે સિયા ક્યારેક નારાજ થઇ જતી. ક્યારેક તેનો સ્વભાવ ચીડિયો થઇ જતો હતો. તેનો મોબાઇલ કાયમ એન્ગેજ રહેતો હતો, એવું કેતને કહેલું, પણ અમે તેને સમજાવતા અને કહેતા કે ધીરે ધીરે બધુ વ્યવસ્થિત થઇ જશે. જો સિયાએ લગ્ન માટે ના પાડી દીધી હોત તો આ ઘટના બની જ ન હોત, એમ તેમણે કહ્યું હતું. ■

## થાણેમાં જર્જરિત બંગલાની સુરક્ષા દીવાલ તૂટી પડી

થાણેઃ થાણે પશ્ચિમમાં એક જૂના અને જર્જરિત બંગલાની શુક્રવારે સવારે સુરક્ષા દીવાલનો અમુક હિસ્સો તૂટી પડ્યો હતો. સદ્નસીબે આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નહોતી.થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણેના નૌપાડામાં રામ મારુતી રોડ પર દીપ્તી સોસાયટી નજીક વૃંદાવન બંગલો આવેલો છે. સવારના લગભગ ૯.૩૦ વાગ્યાની આસપાસ બંગલાની સુરક્ષા ભીંતનો અમુક હિસ્સો તૂટી પડ્યો હતો. ફાયરબ્રિગેડ સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારીઓ તથા સાર્વજનિક બાંધકામ વિભાગના એન્જિનિયર અને અતિક્રમણ વિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને જેસીબી મશીનની મદદથી તૂટી પડેલી દીવાલનો કાટમાળ હટાવ્યો હતો. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ બંગલાની ઈમારત અતિ જોખમી એટલે કે સી-વન શ્રેણીમાં હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. એટલે કે રહેવા માટે અયોગ્ય અને તાત્કાલિક ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું. ■








કલાગુર્જરી સ્થાપક સંસ્થા મુંબઈ

કલાગુર્જરી સ્થાપક સંસ્થા, વિલે પારલે (પશ્ચિમ), મુંબઈ છેલ્લાં 37 વર્ષથી કાર્યરત સાંસ્કૃતિક સંસ્થા છે અને કલાનાં વિવિધ સ્વરૂપો જેવાં કે સાહિત્ય, સંગીત, નાટક, નૃત્ય વગેરેના જાહેર કાર્યક્રમ અને સ્પર્ધાઓનું આયોજન નિયમિત રૂપે કરે છે. **કલા ગુર્જરીના આ સાંસ્કૃતિક યજ્ઞમાં જોડાવા અને નિતનવા કાર્યક્રમોમાં ભાગ લેવા સંસ્થાના આજીવન સભ્ય તરીકે સહભાગી થવા આવાહન કરે છે.**

સભ્યપદની માહિતી માટે કલાગુર્જરી, સંસ્થા કાર્યાલય, દશરથ જોશી પુસ્તકાલય, ડી. જે. રોડ, વિલે પારલે (પશ્ચિમ), મુંબઈ ખાતે અથવા સંસ્થાના મોબાઈલ નંબર **9594261960** અથવા ઈમેલ આઈડી kalagurjaristhaspaksanstha@gmail.com ઉપર સંપર્ક કરવા વિનંતી છે. હાલના આજીવન સભ્યો અને Patron સભ્યોને પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને Email ID સંસ્થાને મોકલી આપવા વિનંતી છે.

કલાગુર્જરી સ્થાપક સંસ્થા, મુંબઈ. તારીખ ૧૮-૭-૨૦૨૬








## બ્રિજની રૅલિંગ તોડી કાર ગોદાવરી નદીમાં પડતાં શિક્ષક અને બે સંતાનનાં મોત

### મોબાઈલના વૉટ્સઍપ સ્ટેટ્સમાં ઉપરીઓના ત્રાસથી જીવન ટૂંકાવવાની વાતનો ઉલ્લેખ

છત્રપતિ સંભાજીનગરઃ નાંદેડ જિલ્લામાં બનેલી આઘાતજનક ઘટનામાં બ્રિજની રૅલિંગ તોડીને કાર ગોદાવરી નદીમાં પડતાં શિક્ષક અને તેનાં બે સંતાનનાં મોત નીપજ્યાં હતાં. કાર શિક્ષક પોતે ચલાવતો હતો અને તેનું વૉટ્સઍપ સ્ટેટસ જોતાં આ આપઘાત હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ સુનીલ મોરે (૪૨) હિમાયતનગરમાં આવેલી પોટા બુદ્રુક જિલ્લા પરિષદ સ્કૂલમાં શિક્ષક હતો. વૉટ્સઍપ સ્ટેટસ પર તેણે સિનિયર્સ દ્વારા હેરાનગતિ કરાતી હોવાની પોસ્ટ મૂકી હતી.

શુક્રવારની સવારે ૮ વાગ્યાની આસપાસ મોરે દીકરી સારા (૧૨) અને દીકરા સુમિત (૮) સાથે પોતાની કારમાં ઘરેથી નીકળ્યો હતો. પોલીસનું માનવું છે કે કાર સુનીલ ચલાવતો હતો અને તેણે ઇરાદાપૂર્વક કાર અમદુરા-પુણેગાંવ રોડ પર ગોદાવરી નદી ઉપરના બ્રિજની રૅલિંગ સાથે અથડાવી હતી.

રૅલિંગ તોડીને કાર નદીના પાણીમાં પડી હતી, જેને કારણે ડૂબી જવાથી મોરે અને તેનાં બન્ને સંતાને જીવ ગુમાવ્યા હતા. ઘટના સમયે પત્ની ઘરમાં હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

રાહદારીઓએ કારને નદીમાં પડતી જોતાં પોલીસ અને નાંદેડના સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સને જાણ કરી હતી.

ત્રણ કલાકની જહેમત પછી પોલીસ અને ડિઝાસ્ટરની ટીમ નદીમાંથી કારને બહાર કાઢવામાં સફળ રહી હતી. કારમાંથી ત્રણેયના મૃતદેહ મળી આવ્યા હતા.

પોલીસને કારમાંથી શિક્ષકનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો, જેમાં વૉટ્સઍપ સ્ટેટસમાં એવું પોસ્ટ કરાયું હતું કે સિનિયર્સ દ્વારા અપાતા ત્રાસથી કંટાળ્યો છું અને સંતાનો સાથે આત્મહત્યા કરવાનો છું. પોલીસ મોરેના આ દાવાની તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## પત્નીની હત્યા કરી પતિનું પોલીસ સમક્ષ આત્મસમર્પણ

થાણેઃ પત્ની વફાદાર ન હોવાની શંકા પરથી પતિએ ગળું દબાવી તેની કથિત હત્યા કરી હોવાની ઘટના થાણેમાં બની હતી. પત્નીને પતાવી નાખ્યા પછી પતિ પોલીસને શરણે ગયો હતો અને ગુનો કબૂલી લીધો હતો.વર્તક નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારની બપોરે સાવરકર નગર વિસ્તારમાં બની હતી. આરોપીની ઓળખ નીતિન તુપે (૩૭) તરીકે થઈ હતી. નીતિન પત્ની પૂજા (૩૦) અને બે સંતાન સાથે રહેતો હતો.પોલીસના જણાવ્યા મુજબ આરોપીને દૃઢ શંકા હતી કે પત્ની તેની સાથે વફાદાર નથી. ચારિત્ર્ય પર શંકાને પગલે તેણે પત્ની સાથે ઝઘડો પણ કર્યો હતો. ગુરુવારે સંતાનો શાળાએ ગયા હતા ત્યારે દંપતી ઘરમાં એકલું હતું.આરોપીએ ઓઢણીની મદદથી ગળું દબાવી પત્નીની હત્યા કરી હતી. પછી આ અંગે તેણે એક પરિચિતને જાણ કરી હતી અને સીધો પોલીસ સ્ટેશને ગયો હતો. આત્મસમર્પણ કરી પોતે આચરેલા ગુનાની કબૂલાત કરી હોવાનું કહેવાય છે.પોલીસે આરોપી નીતિનની ધરપકડ કરી હતી અને તેની વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. દંપતીનાં સંતાનોને દેખભાળ માટે સગાને સોંપાયાં હતાં. (પીટીઆઈ)■


ફળદ્રુપતા અને પ્રજનનક્ષમ આરોગ્ય

## સારા ગુણવત્તાવાળા એમ્બ્રિયો હોવા છતાં IVF નિષ્ફળ જાય છે?

### જવાબ તમારા રોગપ્રતિકારક તંત્રમાં હોઈ શકે છે- જેની ચર્ચા ઘણીવાર થતી નથી જ્યારે બધું બરાબર હોય અને કંઈ પરિણામ ના આવે

તમે IVF કરાવ્યું છે. તમારા ગર્ભનું સારી રીતે ગ્રેડિંગ કરવામાં આવ્યું હતું. તમારા રિપોર્ટમાં કોઈ સ્પષ્ટ અસામાન્યતા દેખાઈ ન હતી. છતાં કોઈ ગર્ભાવસ્થા નહોતી અથવા ગર્ભાવસ્થા ચાલુ રહી ન હતી.

આ પરિસ્થિતિમાં મોટાભાગના યુગલોને બીજી IVF સાયકલ અજમાવવાની સલાહ આપવામાં આવે છે. બહુ ઓછા યુગલોને પ્રોત્સાહિત કરવામાં આવે છે એક અલગ પ્રશ્ન પૂછવા માટેઃ

▶ **શું રોગપ્રતિકારક તંત્રનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે?**



ડૉ. મુગ્ધા રાઉત અને ડૉ. મોહન રાઉત
ક્લિનિકલ રિપ્રોડક્ટિવ ઇમ્યુનોલોજીસ્ટ્સ

▶ **ગર્ભાવસ્થામાં રોગપ્રતિકારક તંત્રની ભૂમિકા શું છે?**

ગર્ભાવસ્થા સફળ થાય તે માટે માતાની રોગપ્રતિકારક તંત્રએ ગર્ભને નકારવાને બદલે રક્ષણાત્મક વસ્તુ તરીકે ઓળખવો જોઈએ.

ગર્ભ બંને માતાપિતા પાસેથી આનુવંશિક સામગ્રી વહન કરે છે, તેથી તે કુદરતી રીતે માતાથી અલગ હોય છે. કેટલીક સ્ત્રીઓમાં રોગપ્રતિકારક તંત્ર આ તફાવતનો પ્રતિભાવ એવી રીતે આપી શકે છે જે પ્રત્યારોપણમાં દખલ કરે છે અથવા ગર્ભાવસ્થાના પ્રારંભિક નુકસાનમાં ફાળો આપે છે. આને એલોઇમ્યુન પ્રજનન સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે.

જોકે રોગપ્રતિકારક પરિબળો વારંવાર ગર્ભપાત, વારંવાર IVF નિષ્ફળતા અને સમજી ના શકાય તેવા વંધ્યત્વમાં ભૂમિકા ભજવી શકે છે, તેમ છતાં પ્રમાણભૂત પ્રજનન તપાસ દરમિયાન તેમનું નિયમિત મૂલ્યાંકન કરવામાં આવતું નથી.

▶ **રોગપ્રતિકારક તંત્રનું મૂલ્યાંકન કોણે ધ્યાનમાં લેવું જોઈએ?**

જો તમારી પાસે નીચે જણાવેલ હોય તો પ્રજનન રોગપ્રતિકારક તંત્રના મૂલ્યાંકનથી તમને ફાયદો થઈ શકે છે.

- ★ સારી ગુણવત્તાવાળા ગર્ભ હોવા છતાં વધુ નિષ્ફળ IVF સાયકલ્સ
- ★ સામાન્ય તપાસ સાથે વારંવાર ગર્ભપાત
- ★ ન સમજાય તેવી વંધ્યત્વ
- ★ પુનરાવર્તિત બાયોકેમિકલ ગર્ભાવસ્થા
- ★ IVF નિષ્ફળતાઓ

જો આ પરિસ્થિતિઓ પરિચિત લાગે તો રોગપ્રતિકારક તંત્ર તમારા પ્રજનન કાર્યનો એક મહત્ત્વપૂર્ણ ભાગ હોઈ શકે છે. જેનો હજુ સુધી અભ્યાસ કરવામાં આવ્યો નથી.

▶ **ImmuLIT® શું છે?**

ImmuLIT® એ પેટન્ટ કરાયેલ, પુરાવા-આધારિત ઇમ્યુનોથેરાપી છે જે ડૉ. મોહન રાઉત અને ડૉ. મુગ્ધા રાઉત દ્વારા ડૉ. રાઉત્સ સેન્ટર ફોર રિપ્રોડક્ટિવ ઇમ્યુનોલોજી (ICPRM) - ભારતના સમર્પિત રિપ્રોડક્ટિવ ઇમ્યુનોલોજી સેન્ટર ખાતે વિકસાવવામાં આવી છે, તેઓને ૩૦ વર્ષથી વધુ ક્લિનિકલ અનુભવ છે.

આ સારવારમાં ખાસ પ્રક્રિયા દ્વારા તૈયાર કરાયેલા લિમ્ફોસાઇટ્સનો ઉપયોગ થાય છે જે સામાન્ય રીતે કાળજીપૂર્વક પસંદ કરાયેલા દાતા-મોટાભાગે પતિ-પાસેથી મેળવવામાં આવે છે. જેથી ગર્ભ પ્રત્યેની અસામાન્ય રોગપ્રતિકારક પ્રતિક્રિયા ઓળખાય ત્યારે માતાની ગર્ભાવસ્થાને સહાય કરવા માટે તાલીમ આપવામાં મદદ મળે.

▶ **ImmuLIT® બીજાથી કઈરીતે અલગ છે?**

- ★ એક જ ૩ કલાકનું સારવાર સત્ર
- ★ રોગપ્રતિકારક તંત્રના મૂલ્યાંકનના આધારે વ્યક્તિગત સારવાર.
- ★ રોગપ્રતિકારક તંત્રને સક્રિય રીતે મોડ્યુલેટ કરીને કાર્ય કરે છે.
- ★ દરેક પરામર્શ, પ્રક્રિયા અને ફોલો-અપ ડૉક્ટર રાઉતના નેતૃત્વમાં થાય છે.
- ★ પેટન્ટ કરાયેલ પ્રોટોકોલ-જેનેરિક LIT સાથે બદલી ન શકાય તેવું.

▶ **શું ImmuLIT® સુરક્ષિત છે?**

ImmuLIT® ને ત્રણ દાયકાથી વધુના ક્લિનિકલ અનુભવ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. આ પ્રક્રિયામાં કૃત્રિમ દવાઓને બદલે લિમ્ફોસાઇટ્સનો ઉપયોગ થાય છે, તેને સામાન્ય એનેસ્થેસિયાની જરૂર નથી પડતી અને હૉસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી પડતી.

સારવારની ભલામણ કરતા પહેલા દરેક દંપતી (પતિ અને પત્ની)નું વ્યાપક મૂલ્યાંકન કરવામાં આવે છે, ખાતરી કરવામાં આવે છે કે ઉપચાર ફક્ત તબીબી રીતે યોગ્ય હોય ત્યારે જ આપવામાં આવે.

▶ **શું તે IVFની સાથે કામ કરી શકે છે?**

હા.

ImmLIT® એ IVF નો વિકલ્પ નથી. જે ભ્રૂણનું ગર્ભાશયમાં સ્થાપન (ઇમ્પ્લાન્ટેશન) થવામાં અથવા ગર્ભ ટકી રહેવામાં અવરોધરૂપ બને તેવા રોગપ્રતિકારક તંત્રને સહાય કરે છે જે ઇમ્પ્લાન્ટેશન અથવા ગર્ભાવસ્થા ટકાવી રાખે એવા રોગપ્રતિકારક (ઈમ્યુન) પરિબળોને લક્ષ્ય બનાવે છે, સારવાર પછી દરદીઓ ગર્ભ ટ્રાન્સફર માટે તેમના પોતાના IVF નિષ્ણાત પાસે પાછા ફરે છે.

કેટલાક દરદીઓએ ImmuLIT® પ્રાપ્ત કર્યા પછી કુદરતી રીતે ગર્ભધારણ પણ કર્યું છે.

▶ **ICPRM પર શું અપેક્ષા રાખવી**

- ✓ વ્યાપક રોગપ્રતિકારક તંત્રનું મૂલ્યાંકન
- ✓ વ્યક્તિગત સારવાર
- ✓ એક જ વખતનું સારવાર સત્ર ImmuLIT® પ્રક્રિયા (જ્યારે સૂચવવામાં આવે ત્યારે)
- ✓ સમગ્ર સંભાળ ડૉક્ટરની આગેવાની હેઠળ
- ✓ તમારા IVF નિષ્ણાત સાથે સંકલન, સહકાર

જ્યારે પણ જરૂરત પડે ત્યારે ગર્ભાવસ્થા દરમિયાન માર્ગદર્શન

**અમારા દરદીઓ શું કહે છે**

- "એક એક્ટોપીક ગર્ભાવસ્થા અને ચાર નિષ્ફળ IVF સાયકલ્સ પછી, ImmuLIT® એ અમોને સૌથી મોટો આનંદ આપ્યો - એક સ્વસ્થ બાળક."
- "દસ નિષ્ફળ IVFના પ્રયાસો પછી, અમે ImmuLIT® અપનાવી. અમારી બીજી જ IVF સાયકલ સફળ રહી તથા આજે અમારી પાસે એક તંદુરસ્ત પુત્રી છે."

Dr.Raut's™ CENTRE FOR REPRODUCTIVE IMMUNOLOGY Turning hope into parenthood

ડૉ. રાઉત'સ સેન્ટર ફોર રિપ્રોડક્ટીવ ઇમ્યુનોલોજી (ICPRM)
સરનામુંઃ કાર્લટન એપાર્ટમેન્ટ, ભોંયતળિયે, વાકોલા વિલેજ રોડ, વાકોલા મસ્જિદની પાછળ, સાન્તાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૫.

સંપર્કઃ +91 9820894047 | +91 9820183757 | mugdha@drraut.com | www.icprm.in


## કલ્યાણના સેક્સ રૅકેટમાં બે કોલકતાથી પકડાયા

થાણેઃ કલ્યાણ રેલવે સ્ટેશન નજીક ચલાવાતા કથિત સેક્સ રૅકેટમાં સંડોવાયેલા બે આરોપીની કોલકતામાં ધરપકડ કરાઈ હતી.

આ કેસમાં પોલીસે અગાઉ સાત આરોપીની ધરપકડ કરી હતી. બાદમાં તેમની સામે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લગાવવામાં આવ્યો હતો.

ઝોન-૩ કલ્યાણના ડેપ્યુટી પોલીસ કમિશનર અતુલ ઝેંડેએ જણાવ્યું હતું કે મહાત્મા ફુલે ચોક પોલીસ સ્ટેશનના અધિકારીઓની એક ટીમે આ રૅકેટનો માસ્ટરમાઈન્ડ કોલકતામાં હોવાનું શોધી કાઢ્યું હતું. કોલકતા પહોંચેલી ટીમે પશ્ચિમ બંગાળથી માસ્ટરમાઈન્ડ સહિત બેને ૧૪ જુલાઈએ પકડી પાડ્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ આ રૅકેટનો માસ્ટરમાઈન્ડ અને મુખ્ય આરોપી તોફિક ઉર્ફે ટોપ્યા હિમાયત સય્યદ છે. તેની સાથે ટોળકીના સક્રિય સભ્ય મિતા નારાયણ બારીકની પણ ધરપકડ કરાઈ હતી. આ મહિનાના પ્રથમ સપ્તાહમાં એમસીઓસીએ લગાવવામાં આવ્યા પછી બન્ને ફરાર થઈ ગયા હતા.

બન્નેને શોધી કાઢવામાં સાઉથ ચોવીસ પરગણાની ડાયમંડ હાર્બર પોલીસે સહાય કરી હતી.

પશ્ચિમ બંગાળની અદાલતમાંથી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી બન્નેને કલ્યાણ લાવવામાં આવ્યા હતા. આ પ્રકરણે ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના મહાત્મા ફુલે ચોક પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ટોળકીએ ૨૦ યુવતીને પોતાની જાળમાં ફસાવી હતી અને દેહવેપાર માટે તેમને મજબૂર કરી હતી, એવું તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ) ■

## કુર્લામાં શીતલ તળાવમાં તરવા ગયેલો યુવક ડૂબી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ ઉપનગરના કુર્લા (પશ્ચિમ)માં આવેલા શીતલ તળાવમાં તરવા ગયેલા ૧૯ વર્ષના યુવકનું ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાની ઘટના શુક્રવારે સવારે બની હતી.કુર્લામાં એલ.બી.એસ. રોડ પર શીતલ તળાવ આવેલું છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ શુક્રવારે સવારના લગભગ ૧૧.૪૯ વાગ્યાની આસપાસ ૧૯ વર્ષનો આદિત્ય દિલીપ તાયડે તરવા માટે તળાવમાં ગયો હતો. તેને તરતા આવડતું ન હોવાને કારણે તે ડૂબવા માંડ્યો હતો. ફાયરબ્રિગેડ અને એનડીઆરએફ ઘટના સ્થળે પહોંચીને તેને બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપેરશન હાથ ધર્યું હતું. ભારે જહેમત બાદ તેને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને તેને નજીક આવેલી પાલિકાની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ફરજ પર હાજર રહેલા ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.





Venues in Mumbai

| | |
|---|---|
| New Marine Lines | Shri Sunderbai Hall, Behind Income Tax Office |
| Dadar West | Scout Banquet Hall, Shivaji Park, Opp. Mayors Bungalow, SVS Road. |
| Borivali (W) | Prabodhankar Thackeray Hall, (Art Gallery), Chamunda Circle, Near Railway Station, Sodawala Lane. |
| Goregaon (W) | Sardar Vallabhbhai Patel Bhavan, S.V. Road, (Jawahar Nagar). |
| Vile Parle (W) | Fabiani Art Gallery, Next to Alfa - 1, Irla, S.V Road. |
| Chembur | Swami Muktanand High School Hall, Subhash Nagar, N. G. Acharya Marg. |
| Sector 9/A Vashi | Navi Mumbai Kannada Sangha, Near Vashi Bus Depot, Behind Jain Temple. |
| Panchpakhadi Thane (W) | Celebrations Hall, Service Road, Near Modi Showroom. |
| Vasai (W) | Shree Swaminarayan Mandir trust, 60 feet Ambadi road, behind IDBI Bank, Near Vasant Karishma. |
| Matunga East | Pioneer Hall, Pioneer High School, Bhaudaji Road, Next to Matunga BMC. (Only this venue today last day). |
| Ghatkopar (w) | Paramkeshav Bagh, Near Munisurvat Derasar, Nauroji Lane (Only this venue today last day). |

Org. by: Surya Agency Pvt. Ltd.


## અર્નાળાના દરિયામાં ડૂબેલા બે સગીરમાંથી એકનો મૃતદેહ મળ્યો

પાલઘરઃ પાલઘર જિલ્લાના વિરારમાં અર્નાળાના દરિયામાં ગુરુવારે બપોરે નાહવા ગયા બાદ ડૂબી ગયેલા બે સગીરમાંથી એકનો મૃતદેહ શુક્રવારે સવારે મળી આવ્યો હતો. બીજો સગીર હજી લાપતા હોઇ તેની શોધ ચલાવવામાં આવી રહી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે ચાર છોકરા ગુરુવારે અર્નાળા બીચ પર આવ્યા હતા અન બાદમાં તેઓ સ્વિમિંગ કરવા માટે પાણીમાં ગયા હતા. જોકે ભરતીને કારણે ઉછળતાં મોજા સાથે તેઓ તણાઇ ગયા હતા.

ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે તેમને ઇમર્જન્સી કૉલ પ્રાપ્ત થયો હતો, જેમાં જાણ કરાઇ હતી કે ચાર છોકરા સ્વિમિંગ કરવા માટે દરિયામાં ગયા હતા, પણ તેમને બહાર આવવામાં મુશ્કેલી પડી રહી છે.

દરમિયાન ફરજ પર હાજર લાઇફ ગાર્ડ દ્વારા બચાવ કામગીરી હાથ ધરાઇ હતી અને બે છોકરાને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે અયાન ઝાકીર હુસેન (૧૭) અને શોએબ (૧૭) તણાઇ જતાં તેમની શોધ ચલાવવામાં આવી હતી. (પીટીઆઇ) ■


ચોપાટી
ન્યુ ટાવર, ૨ BHK.
રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ
૧ રિઝર્વ પાર્કિંગ
જૈન મંદિર પાસે
૬ CR વેચવાનું છે.
8080753577


## ડોમ્બિવલીમાં ચાર જણે ચાકુથી કરેલા હુમલામાં યુવકનું મોત

થાણેઃ ડોમ્બિવલીમાં જૂની અદાવતમાં ચાર જણે ચાકુથી કરેલા હુમલામાં યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેને બચાવવા મધ્યસ્થી કરનારી યુવતી ગંભીર રીતે ઘવાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની રાતે ૧૧.૪૫ વાગ્યાની આસપાસ ડોમ્બિવલીમાં બની હતી. અર્જુન ગજાનન કાલપાંડે (૨૮) તેની ફ્રેન્ડ સ્નેહા પાનીગ્રહી રસ્તાને કિનારે ઊભાં રહીને વાતચીત કરતાં હતાં ત્યારે ચાર આરોપી ત્યાં આવ્યા હતા. આરોપીઓએ ચાકુથી અર્જુન પર હુમલો કર્યો હતો. તેને બચાવવા વચ્ચે પડેલી સ્નેહા પર પણ ચાકુથી ઘા કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■




મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની સોમવારે રાજ્યવ્યાપી ૨૪ કલાકની ઓપીડી હડતાલ

મુંબઈ: ડોંબિવલીના શાસ્ત્રીનગર મ્યુનિસિપલ હોસ્પિટલમાં શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રે દ્વારા ડૉક્ટરો, નર્સો અને આરોગ્ય સંભાળ કર્મચારીઓની કથિત મારપીટની ઘટના પછી ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ના રાજ્ય એકમે ૨૪ કલાકની ઓપીડી સર્વિસની હડતાળનું એલાન કર્યું છે. આ હડતાળ સોમવારે સવારે ૬ વાગ્યાથી શરૂ થશે અને મંગળવારે સવારે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે.

એસોસિએશનએ જણાવ્યું હતું કે તાત્કાલિકસેવાઓ, ઈન્ટેન્સિવ કેર યુનિટો (આઈસીયુ), પ્રસૂતિ સેવાઓ અને જીવનરક્ષક સારવાર ચાલુ રહેશે. એસોસિએશને કોઈપણ રાજકીય હસ્તક્ષેપ અથવા રક્ષણ વિના આરોપી સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

એસોસિએશને મહારાષ્ટ્ર મેડિકેર સર્વિસ પર્સન્સ અને મેડિકેર સર્વિસ ઇન્સ્ટિટ્યુશન્સ (હિંસા નિવારણ અને નુકસાન અથવા મિલકતને નુકસાન) અધિનિયમ, ૨૦૧૦ માં સુધારાની પણ માગ કરી છે, જેથી કાયદા હેઠળના ગુનાઓને ઓળખી શકાય અને બિન-જામીનપાત્ર બનાવી શકાય, ૩૦ થી ૬૦ દિવસમાં તપાસ પૂર્ણ થાય અને આવા કેસોની સુનાવણી માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરી શકાય.

મંગળવારે થાણે કોર્ટે શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેને જામીન આપ્યા હતા. મ્હાત્રેને આ મહિનાની શરૂઆતમાં ડોમ્બિવલીમાં પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં ડૉકટરો, નર્સો અને અન્ય સ્ટાફ સભ્યોની મારપીટ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.

# ડે.મેયરને રાણીબાગમાં બંગલો આપવાની માગણીને મેયરનું સમર્થન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના છેવાડે દહિસરમાં રહેતા ડેપ્યુટી મેયર સંજય ઘાડીની ભાયખલામાં વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન પરિસરમાં એક ખાલી બંગલો ફાળવવાની માગણીને મુંબઈના મેયર સમર્થન આપ્યું છે. શુક્રવારે મેયરે કહ્યું હતું કે તેઓ પાલિકા કમિશનર અશ્વિની ભીડેને ભલામણ કરશે કે પાલિકાના હાઇડ્રોલિક એન્જિનિયર વિભાગના ખાલી પડેલા બંગલોમાંથી એક ડેપ્યુટી મેયરને ફાળવવામાં આવે. પાલિકા પ્રશાસને તેમની વિનંતીનો હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી ત્યારે મેયરે શુક્રવારે તેમની માગણીને વાજબી ગણાવતા કહ્યું હતું કે ડેપ્યુટી મેયરનું કાર્યાલય મેયર જેટલું જ મહત્ત્વપૂર્ણ છે. ડેપ્યુટી મેયર મેયરની ગેરહાજરીમાં ગૃહની અધ્યક્ષતા કરે છે. તેથી તેમને પણ પાલિકા દ્વારા સત્તાવાર નિવાસસ્થાન આપવામાં આવવું જોઈએ. હાઇડ્રોલિક એન્જિનિયર વિભાગના ઘણા બંગલા ખાલી પડ્યા છે.

# પ્રધાન મંડળમાં ફેરફાર થશે, ફડણવીસ કેન્દ્રમાં જશે: સંજય રાઉત

નાગપુર: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે દાવો કર્યો હતો કે જો આગામી મહિનાઓમાં પ્રધાનમંડળમાં ફેરફાર કરવામાં આવે, તો મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કેન્દ્રમાં જઈ શકે છે અને રાજ્યમાં તેમના સ્થાને ભાજપના કોઈ પ્રધાન આવી શકે છે. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી સેના (યુબીટી) દ્વારા અહીં યોજાનારા 'રામ રક્ષા આંદોલન' અગાઉ નાગપુરની મુલાકાત દરમિયાન રાઉત પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. આગામી એક-બે મહિનામાં કેન્દ્ર તેમજ રાજ્યમાં સંભવિત પ્રધાનમંડળમાં ફેરફાર અંગે પૂછવામાં આવતા રાઉતે કહ્યું કે, તે સંજોગોમાં મહારાષ્ટ્ર સરકારમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો જોવા મળી શકે છે. રાઉતે જણાવ્યું હતું કે અયોધ્યાના રામ મંદિરમાં દાનની કથિત ઉચાપત સામે સેના (યુબીટી) એ ૧૮ જુલાઈએ નાગપુરમાં 'રામ રક્ષા' વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સહિત તમામ 'હિંદુત્વવાદી' સંગઠનોને આમંત્રણ આપવામાં આવ્યા છે. રાઉતે જણાવ્યું કે વિદર્ભ ક્ષેત્રના વિવિધ ભાગો જેમાં નાગપુર સહિત ૧૧ જિલ્લાઓનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)

# એકનાથ શિંદેને મળ્યા જયંત પાટીલ

મુંબઈ: સાંગલી જિલ્લાની ઉરૂણ-ઈશ્વરપુર નગરપાલિકાના લોકનિર્વાચિત પ્રમુખ આનંદરાવ મલગુંડે અને તેમના ભાઈ સુનીલ મલગુંડેનું પદ રદ કરવાના નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ પૃષ્ઠભૂમિમાં, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા જયંત પાટીલે ગુરુવારે મલગુંડે બંધુઓ સાથે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની મુંબઈમાં મુલાકાત લીધી હતી.

આ મુલાકાત અંગે જયંત પાટીલે ટ્વિટ કરીને માહિતી આપી હતી કે, ઈશ્વરપુર મતવિસ્તારની ઉરૂણ-ઈશ્વરપુર નગરપરિષદના પ્રમુખ આનંદરાવ મલગુંડે અંદાજે ૭ હજાર ૨૦૦ મતોની સરસાઈથી જનતા દ્વારા સીધા લોકનિર્વાચિત પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. પરંતુ, આનંદરાવ મલગુંડે અને તેમના ભાઈ સુનીલ મલગુંડેનું કોઈ જૂનું દબાણનું પ્રકરણ આગળ ધરીને તેમનું પ્રમુખ અને કાઉન્સિલર પદ રદ કરવામાં આવ્યું છે. આ નિર્ણય લોકભાવનાનું સન્માન કરનારો નથી. તેથી આ અન્યાય સામે ન્યાય માંગવા અને વાસ્તવિક સ્થિતિ સરકાર સમક્ષ રજૂ કરવા માટે અમે એકનાથ શિંદેની તેમના સત્તાવાર નિવાસસ્થાને મુલાકાત લીધી હતી.

## સંસ્થા સમાચાર

### ઘાટકોપરમાં આવતીકાલે બાવીસ વર્ષીય મુમુક્ષુ શ્રી યશ્વીબેન મહેતાનો દીક્ષા આજ્ઞા અર્પણ અવસર

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન ચરણ-શરણમાં દીક્ષા અંગીકાર કરવા જઈ રહેલાં બાવીસ વર્ષીય મુમુક્ષુ શ્રી યશ્વીબેન જલ્પાબેન નિલેશભાઈ મહેતાનો દીક્ષા આજ્ઞા અર્પણ અવસર આવતીકાલે તા. ૧૯ જુલાઈ, રવિવાર, સવારે ૯:૦૦ કલાકે ઘાટકોપર ખાતે યોજાશે. આ પાવન અવસરે પૂજનીય સંત-સતીજીઓ, વિવિધ શ્રીસંઘોના આગેવાનો, શ્રેષ્ઠિવર્યો, મહાનુભાવો તથા ધર્મપ્રેમી ભાવિકોની પાવન ઉપસ્થિતિ રહેશે.

આ પાવન પ્રસંગે પરમ ગુરુદેવના દિવ્ય મંત્રધ્વનિની સાક્ષીએ દીક્ષા આજ્ઞાપત્ર અર્પણની ભાવસભર વિધિ યોજાશે, જેમાં મુમુક્ષુ શ્રી યશ્વીબેનનાં માતા-પિતા પોતાની સહર્ષ સંમતિ વ્યક્ત કરીને દીક્ષા આજ્ઞાપત્ર પર આલેખન કરશે અને તેને પરમ ગુરુદેવના પાવન હસ્તકમળમાં અર્પણ કરશે.

સર્વ ધર્મપ્રેમી ભાવિકોને આ વિરલ અને ભાવવિભોર કરી દેનારા અવસરના સાક્ષી બનવા ભાનુશાલી બેન્કવેટ, તિલક રોડ, ઘાટકોપર (પૂર્વ) ખાતે ઉપસ્થિત રહેવા પારસધામ, ઘાટકોપર તરફથી ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઉદ્ધવને ફક્ત વિરોધ પ્રદર્શન દરમિયાન જ પ્રભુ રામ અને હનુમાનજી યાદ આવે છે: શિરસાટ

છત્રપતિ સંભાજી નગર: મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટે શુક્રવારે શિવસેના (યુબીટી) પર આકરા પ્રહારો કરી દાવો કર્યો હતો કે અયોધ્યા રામ મંદિરમાં કથિત દાનની ઉચાપત અંગેના તેમના આંદોલનથી સાબિત થાય છે કે પક્ષના વડા ઉદ્ધવ ઠાકરેને કેવળ વિરોધ પ્રદર્શન દરમિયાન જ ભગવાન રામ અને હનુમાન યાદ આવે છે.

છત્રપતિ સંભાજી નગરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં શિરસાટે 'રામ રક્ષા' વિરોધની વિડંબના તરફ ધ્યાન દોરતા કહ્યું કે ઠાકરેને આમંત્રણ આપવામાં આવ્યું હોવા છતાં ૨૦૨૪માં અયોધ્યા મંદિરના ભવ્ય પ્રતિષ્ઠા સમારોહમાં સહભાગી નહોતા થયા. તેમના આંદોલનને વધુ મહત્ત્વ આપવાની જરૂર નથી. આના પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ (ઉદ્ધવ) ફક્ત વિરોધ દરમિયાન ભગવાન રામ અને હનુમાનને યાદ કરે છે. હનુમાન ચાલીસા વાંચી તેઓ ધાર્મિક બનવા લાગ્યા છે. શિવસેના પ્રધાને ભાજપના ભૂતપૂર્વ સંસદસભ્ય નવનીત રાણાને યાદ કર્યા હતાં. ૨૦૨૨માં ઠાકરેના નિવાસસ્થાન 'માતોશ્રી' ની બહાર હનુમાન ચાલીસાનો પાઠ કરશે એવી જાહેરાત તેમણે કરી હોવાથી થોડા દિવસ માટે તેમને જેલમાં મોકલવામાં આવ્યાં હતાં. સરકાર નાગપુરમાં ૧૮ જુલાઈએ સેના યુબીટીના વિરોધ પ્રદર્શન પર કોઈ પ્રતિબંધ મૂકશે નહીં. નાગપુરના વિરોધ પ્રદર્શનમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આપવામાં આવેલા આમંત્રણ અંગે પૂછવામાં આવતા, શિરસાટે કહ્યું કે તેઓ કોઈને પણ આંદોલનમાં હાજરી આપવા જબરદસ્તી ન કરી શકે. ઠાકરેએ અયોધ્યા રામમંદિરના અભિષેકમાં હાજરી આપી ન હતી અને આમંત્રણને અવગણ્યું હતું. શિરસાટે એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવાર અને એનડીએ વચ્ચેની વાતચીતનો ઉલ્લેખ કરીને રાજ્યના રાજકારણમાં પરિવર્તનનો સંકેત આપ્યો હતો. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## પ્રાણીબાગમાં

પ્રાણીસંગ્રહાલયમાં તેમનું સંવર્ધન કરી શકાય અને અહીં તેમની વસ્તી વધારવામાં મદદ મળી શકે.

કેપ્યુચિન વાંદરાઓની ખરીદીમાં લગભગ ૭૦-૮૦ લાખ રૂપિયાનો ખર્ચ થવાની ધારણા છે. અધિકારીઓને આશા છે કે વર્ષના અંત સુધીમાં સિંહો આવી શકે છે. ગુજરાત પ્રાણી સંગ્રહાલય બદલામાં પ્રાણીઓની માગ કરી રહ્યું છે, પરંતુ ભૂતકાળમાં ભાયખલા પ્રાણી સંગ્રહાલયના સત્તાવાળાઓએ માગણી કરી હતી કે સિંહોને દાનમાં આપવામાં આવે.

આ પહેલી વખત નથી જ્યારે મુંબઈમાં એશિયાટિક સિંહ લાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હોય. આ અગાઉ જાન્યુઆરી ૨૦૨૫માં પણ ભાયખલા પ્રાણી સંગ્રહાલયે ઔપચારિક રીતે ગુજરાતના મુખ્ય મુખ્ય વન સંરક્ષકને પત્ર લખીને દાન તરીકે એશિયાટિક સિંહોની જોડીની માંગણી કરી હતી. અગાઉના પ્રસ્તાવમાં પણ અડચણો આવી હતી. એક પ્રસંગે સક્કરબાગે સિંહના બદલામાં ઝેબ્રાની માગણી કરી હતી, પરંતુ મુંબઈ પ્રાણીસંગ્રહાલયમાં ઝેબ્રા ન હોવાથી આ પ્રસ્તાવ આગળ વધી શકયો નહોતો.

આ અગાઉ ૨૦૧૯માં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ ગુજરાતના મુખ્ય પ્રધાનના કાર્યાલયને પત્ર લખીને મુંબઈ માટે સિંહોની વિનંતી કરી હતી, પરંતુ તેમાં પણ આગળ કશું થયું નહોતું.

## જયંત પાટીલને

પવાર છેલ્લા ઘણા વર્ષોથી રાજ્ય અને કેન્દ્રના રાજકારણનો મુખ્ય હિસ્સો રહ્યા છે. તેમનો પક્ષ પણ રાષ્ટ્રીય સ્તરનો છે. તેથી પવાર સાહેબના પક્ષને તેમની પોતાની પદ્ધતિથી આગળ વધવાનો અને કોની સાથે જવું તે નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર છે એમ સુનીલ તટકરે કહ્યું હતું.

આ સમયે સુનીલ તટકરેએ નાણા મંત્રાલય પર રાષ્ટ્રવાદી કૉંગ્રેસનો દાવો ફરી એકવાર દોહરાવ્યો હતો. તેમણે કહ્યું કે, નાણા ખાતું રાષ્ટ્રવાદી કૉંગ્રેસને મળવું જોઈએ, એવી અમારી માંગ છે. સુનેત્રા પવારના નેતૃત્વમાં અમે આ સંદર્ભે ટૂંક સમયમાં મુખ્ય પ્રધાનને મળવાના છીએ. પવાર સાહેબના પક્ષના સહયોગીઓ સરકારમાં સામેલ થવાની ચર્ચાઓ પર તેમણે કહ્યું કે, ''તેમના પક્ષને પોતાની પદ્ધતિથી આગળ વધવાનો પૂરો અધિકાર છે. તેમના પક્ષે કોની સાથે જવું, એ તેમનો પ્રશ્ન છે.''

## કેન્દ્રમાં

પક્ષના કેટલાક ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓમાં નારાજગી હોવાની માહિતી પણ સૂત્રોએ આપી હતી. આ ગતિવિધિઓને કારણે પક્ષના નેતૃત્વ પર બિનજરૂરી દબાણ ઊભું થઈ રહ્યું હોવાની લાગણી કેટલાક ધારાસભ્યોએ વ્યક્ત કરી હોવાનું સમજાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષના કેટલાક ધારાસભ્યોએ આ નારાજગી રાષ્ટ્રવાદી કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનેત્રા પવાર સુધી પહોંચાડી છે અને પ્રફુલ પટેલના વલણને કારણે પક્ષ મુશ્કેલીમાં મુકાઈ રહ્યો હોવાની ફરિયાદ કરી હોવાની માહિતી સામે આવી છે.

આ તમામ ગતિવિધિઓ પર પ્રફુલ પટેલ કે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. તેથી સૂત્રો દ્વારા સામે આવેલી આ ચર્ચાઓ અંગે પક્ષનું સત્તાવાર વલણ શું હશે, તેના પર હવે રાજ્યના રાજકીય વર્તુળોની નજર ટકેલી છે.

## ભૂતપૂર્વ વિધાનસભ્ય

હતી, જેમાં તેણે ભૂતપૂર્વ વિધાનસભ્યનું નામ લખ્યું હતું. શેખે શહેરમાં અન્ય વ્યાવસાયિક પ્રોજેક્ટમાં જેમની સાથે કામ કર્યું હતું એવા ઘણા નામોનો તેમાં ઉલ્લેખ હતો.

વીડિયો અને સુસાઇડ નોટમાં શેખે દાવો કર્યો હતો કે વ્યાવસાયિક ભાગીદારો દ્વારા વિશ્વાસઘાતને કારણે તેને આર્થિક નુકસાનનો સામનો કરવો પડી રહ્યો હતો.

શેખે એવો પણ દાવો કર્યો હતો કે તે તકલીફમાં અને તાણ હેઠળ હતો, કારણ કે તેને આમાંના અમુક લોકો પાસેથી ધમકીઓ મળી રહી હતી.

પુણેના સ્વારગેટ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ધાંગેકર સહિત ૧૪ લોકો સામે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## ૨૧૦૦-૧૫૦૦

ફડણવીસજી અને એકનાથ શિંદે સાહેબને સાડી પણ પોસાતી નથી? ચૂંટણી પહેલાં વચનોનો વરસાદ વરસાવ્યા બાદ હવે આર્થિક તંગીનું બહાનું ધરીને એક પછી એક યોજનાઓ બંધ કરવામાં આવી રહી છે.

તેમણે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનની સરખામણી મિલકત હડપવા માટે બહેનને છેતરનારા ભાઈ સાથે કરીને આકરા પ્રહારો કર્યા હતાં.

મહિલાઓનાં નામે રાજકારણ કરીને તેમની જ યોજનાઓમાં કાપ મૂકવો એ એક વિશ્વાસઘાત હોવાનો આરોપ લગાવતાં, સરકારે મહિલાઓને આપેલાં વચનો પૂરાં કરવાં જોઈએ અને યોજનાઓ અંગે પોતાની સ્પષ્ટ ભૂમિકા જાહેર કરવી જોઈએ, તેવી માગ પણ રોહિણી ખડસેએ કરી હતી.

મહારાષ્ટ્રની શિંદે સરકાર દ્વારા જૂન ૨૦૨૩માં શરૂ કરાયેલી 'કેપ્ટિવ માર્કેટ યોજના' અંતર્ગત ગરીબ અંત્યોદય પરિવારોની મહિલાઓને દર વર્ષે દિવાળી પર મફત સાડી અપાતી હતી, જેનાથી પાવરલૂમ ઉદ્યોગને પણ ટેકો મળતો હતો.

પરંતુ, રાજ્યની આર્થિક તંગી અને વધતા નાણાકીય બોજને કારણે સરકારે હવે આ યોજના કાયમ માટે બંધ કરી દીધી છે. વાર્ષિક ૧૦૦ કરોડના બજેટવાળી આ યોજના બંધ થવાથી આ વર્ષે રાજ્યના ૨૫ લાખ ગરીબ પરિવારોની મહિલાઓને દિવાળી પર મફત સાડી મળશે નહીં.

## અસ્વચ્છ

મેયરે જણાવ્યું હતું કે, એફડીએ જે રીતે કાર્યવાહી કરી રહી છે તે પ્રશંસનીય છે. એ મુજબ જ પાલિકાના હેલ્થ ડિપાર્ટમેન્ટના મેડિકલ ઓફિસર દ્વારા રેસ્ટોરાં, હોટલ, ડેરી અને અન્ય ખાણીપીણીની દુકાનો સામે પગલાં લેવા જોઈએ. સમીક્ષા સમીક્ષા બેઠક બાદ ખાદ્ય પદાર્થના સ્ટોલ, હોટલો જેમને અગાઉ નોટિસ આપી છે, તેમની ત્યાં પહેલા ઈન્સ્પેકશન કરવામાં આવશે.

નોંધનીય છે કે મુંબઈમાં ખાણીપીણીનાં ઘરો, રેસ્ટોરન્ટ્સ, દવાની દુકાનો તેમજ દવાઓનું ઉત્પાદન કરતી સંસ્થાઓ, દૂધ અને દૂધની બનાવટોનું ઉત્પાદન કે વેચાણ કરતી ડેરીઓ, મસાલાઓ, બરફના કારખાનાઓ વગેરે માટે પાલિકાના આરોગ્ય ખાતાનું લાઇસન્સ ફરજિયાત છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી સ્વ. દિનેશભાઈ પ્રાણલાલ મહેતા (ઉં. વ. ૭૯) તા. ૧૭/૦૭/૨૦૨૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વર્ગવાસી ધર્માંગ તથા દીપાલીના પિતા. સુરભિબેનના પતિ. અશીતા તથા રોહનના સસરા. આન્યાના દાદા તથા મીરાયનાના નાના. મુકેશભાઈ, ભારતીબેન જીતેન્દ્રભાઈ, જ્યોતિબેન સુધીરભાઈ, ચંદ્રિકાબહેન સ્વ. ભરતભાઈ, સ્વ. મીનાક્ષીબહેન, હીનાબેનના ભાઈ તથા ધીરજલાલભાઈ નાગરદાસના જમાઈ. નોંધ: લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નેસડી નિવાસી હાલ મલાડ સ્વ. રસીકલાલ સાકરલાલ ગોડાના પત્ની વિણાબેન (ઉં. વ. ૮૪) તા. ૧૫-૭-૨૬ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કપૂરબેન સાકરલાલ ગોડાના પુત્રવધૂ. ચેતન અને રીનાબેન રાજુભાઇ કોઠારીના માતુશ્રી. આરતીબેનના સાસુ. સાક્ષી અને ક્રિશાના દાદી. સુલતાનપુર નિવાસી સ્વ. કેશવલાલ શામળજી જસાણીની પુત્રી. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૯-૭-૨૬ના રવિવારે સવારે ૧૦થી ૧૨. ઠે. પારેખ હોલ, જિતેન્દ્ર રોડ, શિવ મંદિરની સામે, મલાડ (ઇસ્ટ).

**સુરત વિશા ઓશવાળ શ્વેતાંબર જ્ઞાતી જૈન**

મંજુલા નેમચંદ ઝવેરી (ઉં. વ. ૯૩) તે સ્વ. નેમચંદ ઝવેરચંદ ઝવેરીના ધર્મપત્ની. સ્વ. વિમળાબેન ઝવેરચંદ ઝવેરીના પુત્રવધૂ. સ્વ. ચંદ્રાવતીબેન મોતીચંદના પુત્રી. પલ્લવી, પરેશ, પાયલના માતા. વિનીતભાઇ, તનુજાબેન, પ્રેમલભાઇના સાસુ. અર્પણ, કોષા, પૂર્વાંગ-અનિશા, માનસી, હિરલ રાજવીના દાદી-નાની. તા. ૧૬-૭-૨૬ના બુધવારના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ધારગણીવાળા હાલ મુલુંડ અમરચંદ કપૂરચંદ વડાલીઆ (ઉં. વ. ૯૫) ગુરુવાર તા. ૧૬-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભાનુબેનન પતિ. પ્રફુલ, હેમંત, દિલીપ, ઉર્મિલા પ્રદીપ વાસા (શિહોરવાળા)ના પિતાશ્રી. સ્વ. મીના, વર્ષા તથા મમતાના સસરા. મગનભાઇ, નાનાલાલભાઇ, કાંતિભાઇ, પ્રભુદાસભાઇ, મનસુખલાલભાઇ તથા હીરાબેન હિંમતલાલ શેઠના ભાઇ. રોનક, હાર્દિક, વિશાલ, વિરલ, મયુર, જય, સાગરના દાદા. સસરા પક્ષે મોટા સુરકાવાળા રતિલાલ વિરચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વેરાવળ વિશા ઓસવાલ જૈન**

કલાવતીબેન હરકિશનદાસ ગોવિંદજી શાહ (ઉં. વ. ૯૫) ૧૬/૦૭/૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે દિનેશ, સ્વ. જીતેન્દ્ર, મીનાક્ષી તથા પરેશના માતુશ્રી. રક્ષા, સુષ્મા, નિશા તથા જશવંતભાઈના સાસુ. મુરીબેન સોમચંદના દીકરી. અર્જુન, જીમી, હાર્દિક, રેશમ, મૌલિકના દાદી, જિગીષના નાની. લૌકિક વ્યહવાર બંધ રાખેલ છે.

**સુરત વીસા ઓસવાલ મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન**

સુરત નિવાસી હાલ મુંબઈ પૂર્ણિમાબેન હેમેન્દ્રભાઈ ઝવેરી (ઉં. વ. ૭૯) ગુરુવાર, તા. ૧૬-૭-૨૬ના અરિહંતશરણ પામ્યાં છે. તે દેવાંગ-કેટી, શીતલ અલ્પેશનાં માતા-સાસુ. સ્વ. પુષ્પાવતી ફકીરચંદ ઝવેરીનાં પુત્રવધૂ. સ્વ. સુલોચના ઝવેરચંદ ઝવેરીનાં પુત્રી. સ્વ. નયનાબેન ચંદ્રકાન્તભાઈ ઝવેરી, સરોજબેન રમેશભાઈ ઝવેરી, નીતાબેન જતીનભાઈ ઝવેરી, સ્વ. કૌશલ્યાબેનનાં ભાભી-દેરાણી. નયનભાઈ, રોહિતભાઈ, મીનાબેન કીર્તિભાઈનાં બેન. પ્રાર્થનાસભા શનિવાર ૧૮-૭-૨૬ના દિને ૪.૩૦થી ૬.૩૦. ઠે. ભારતીય વિદ્યા ભવન ચોપાટી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

નાના સુરકા નિવાસી હાલ મીરા રોડ, સ્વ. હરગોવિંદભાઈ છગનલાલ મહેતાનાં ધર્મપત્ની ગં.સ્વ. લીલાવંતીબેન તા. ૧૫/૦૭/૨૬ને બુધવારના અરિહંતશરણ પામ્યાં છે. તે શરદભાઈ, અશ્વિનભાઈ, દિલીપભાઈ, અરૂણાબેન વિજયકુમાર અદાણી, શારદાબેન અરવિંદકુમાર મીયાણી, પુષ્પાબેન ગુણવંતરાય સંઘરાજકાનાં માતુશ્રી. સુધાબેન, બીનાબેન, શ્રેયાબેનનાં સાસુ. પ્રતિક, આદર્શ, કિન્નરી નયનકુમાર સુરાણા, કૌશલ, શુભમ, જૈનમનાં દાદી. અ.સૌ. વિશાખા, ઊર્મિનાં દાદીસાસુ. મીશા, યુગનાં પરદાદી. તેમની પ્રાર્થનાસભા તા.૧૮/૦૭/૨૬ને શનિવારે સાંજે ૪.૦૦થી ૬.૦૦. સ્થળ : શ્રી વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય, સેક્ટર-૬, શાંતિનગર, ગુરૂદ્વારાની બાજુમાં, મીરા રોડ ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના ચંચળબેન મુરજી છેડા (ઉં. વ. ૯૦) તા. ૧૫-૭-૨૬ ના અવસાન પામેલ છે. જેતબાઇ રણશીના પુત્રવધૂ. મુરજીભાઈના પત્ની. મનોજ, પરેશના માતુશ્રી. દેશલપુર મણીબેન વીરજી ખેરાજના સુપુત્રી. સુરેશ, સાકરબેન, મોંઘીબેન, નિર્મળાબેન, શાંતાબેન, સરલાબેન, સુલોચનાના બેન. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ), સવારે ૧૧ થી ૧૨.૩૦.

બિદડા ચાપાણી ફરીયાનાં મણીલાલ પ્રેમજી ગડા (ઉં. વ. ૭૮) ૧૬-૦૭-૨૬નાં અવસાન પામેલ છે. પાનબાઇ પ્રેમજી વેલજીના સુપુત્ર. વનિતાના પતિ. અજીત, ગંગાબેન, કલ્યાણજીના ભાઇ. તલવાણા તેજબાઇ રામજી દેવશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ફોન રૂબરૂ તુલ્ય. નિ. મણીલાલ ગડા, ૧૦૩-ડી, શ્રી હાઇલેન્ડ પાર્ક, લીંક રોડ, કાંદીવલી (વે.), મું. ૬૭.

ભુજપુર (ભાટીયા શેરી-૨)નાં કૌશીક કરમશી દેઢીઆ (ઉં. વ. ૫૪) તા. ૧૫-૦૭-૨૬નાં અવસાન પામ્યા છે. મણીબેન કરમશીના પુત્ર. મનીષાના પતિ. હર્ષના પપ્પા. મહેશ, પંકજ, લતાના ભાઇ. કલાવતી કાંતીલાલ, ભારતી અરવિંદના જમાઇ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. શ્રા. સંઘ-કરસન લધુ નિસર હોલ, દાદર, મું. ટા. ૨ થી ૩.૩૦.

કપાયાના કેતકી જેઠાલાલ ગોગરી (ઉં.વ.૬૮) ૧૩-૦૭-૨૦૨૬ ના ટુંકી માંદગી થી અવસાન પામેલ છે. રતનબાઈ આશારિયા ભચું ના પુત્રવધુ. જેઠાલાલના પત્ની. નિકીના માતાજી. ટોડાના મણીબાઈ હિરજી નાનજી દેઢિયા ના પુત્રી. શાંતિલાલ, દીનેશ, લતાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ-જેઠાલાલ આશારીયા બી-૫, રૂમ નં-૫, રામદેવ નગર મુંદ્રા કચ્છ-૩૭૦૪૨૧.

**સોરઠ વિસાશ્રીમાળી જૈન**

મોટી પાનેલી નિવાસી, હાલ નાલાસોપારા, સ્વ. કપુરચંદ લક્ષ્મીચંદ ભણસાલીના પુત્રવધૂ. અ.સૌ. શીલા નીતિનભાઈ ભણસાલી (ઉં. વ. ૪૮) તે ગુણીશના માતુશ્રી. સુરેશભાઈ, પ્રમોદભાઈ, જયશ્રીબેન દિપકકુમાર સંઘવીના ભાભી. ભૂમિ, સંભવ, ધાર્મિકના કાકી. પિયર પક્ષે પ્રમિલાબેન બાબુલાલ નાયરના દિકરી તા.૧૦/૦૭/૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે, તેમની પ્રાર્થનાસભા તા. ૧૯/૦૭/૨૦૨૬ રવિવારના સવારના ૯:૩૦થી ૧૧:૩૦ ક. પ્રાર્થનાસભા સ્થળ: શ્રી ક. વિ. ઓ. મિત્ર મંડળ, કરશન લધુ નિસર જૈન સ્થાનક, તુલીન્જ રોડ ચાર રસ્તા, નાલાસોપારા (ઈસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. કુમુદબેન શાંતિલાલ શાહના પુત્ર પ્રશાંત શાંતિલાલ શાહ તે પ્રતિભાના પતિ (ઉં. વ. ૭૦) તે નીરવ અને અંકિતના પિતા. સ્વ. છાયાબેન, સ્વ. પ્રકાશભાઈ, નિશિથભાઈ, મિલનના ભાઈ. સાસરાપક્ષે સ્વ. નગીનદાસ મૂલચંદ લાખાણીના જમાઈ. બોરીવલી ૧૬/૭/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી. સરનામું : ૩૦૧/૩, વીરમગુલ્લા, ૫૧ ટીપીએસ રોડ, બોરીવલી વેસ્ટ.

# પારસી મરણ

ફ્રેની હોશંગ ચીનોઇ તે મરહુમ હોશંગના ધનિયાની. તે મરહુમો ગુલબઇ રુસ્તમજી તારાપોરવાલાના દીકરી. તે પરવીન ને કાલના માતાજી. તે મરઝી ને મારીસાના સાસુજી. તે શેરેઝાદના મમઇજી. તે દારાયસના બપઇજી. (ઉં. વ. ૯૫) રે. ઠે. જાલભાઇ સેથ બિલ્ડિંગ, ૨૭૯ તારદેવ રોડ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૭-૨૬ ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં.૬માં ડુંગરવાડી.

રોશન જહાંગીર કુપર તે મરહુમ જહાંગીરના ધનિયાની. તે મરહુમો શેરબાનું સોરાબજી સ્પેનસરના દીકરી. તે મરહુમો મની ને ધનજીશાના બહેન. તે સામ, રોબીન ને મરહુમ ફરોખના કાકી. તે મરહુમ જહાંગીરના માસી. (ઉં. વ. ૯૬) રે. ઠે. ૧-બી,૧૦૦૨, અમીત નગર, યારી રોડ, વર્સોવા, મુંબઇ-૪૦૦૦૬૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૭-૨૬ના દિને બપોરે ૩.૪૫ વાગે કામા બાગ અગિયારીમાં.

ગેવ અસપી દલાલ તે પરીઝાદના ધની. તે મરહુમો ફ્રેની અસપી દલાલના દીકરા. તે મેહરઝાદના પપ્પા. તે નાઝફરીનના સસરા. તે ફિરોઝના ભાઇ. તે માઝદીયસ ના બપાવા. (ઉં. વ. ૬૪) રે. ઠે. ૧૦-એ, સર આઇસર બિલ્ડિંગ નં.૨, ગીલ્ડર લેન, નવજીવન સોસાયટી સામે, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૭-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાલા અગિયારીમાં.

હુતોકશી કેકી મોબેદજીના તે મરહુમ કેકીના ધનિયાની. તે કમલ તથા તીનાના માતાજી. તે હેરલના સાસુજી. તે હુફરીયા હુશરવ નોએલ મીશાલના મમઇજી. તે મરહુમો બાનુ એરચશાહ ભેસાનીયાના દીકરી. તે મરહુમો ફ્રેની ફીરોઝ મોબેદજીના વહુ. (ઉં. વ. ૮૬) રે. ઠે ૬૮૧-એ, નાજુ વીલા, ત્રીજે માળે, ખરેઘાત રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

વાવ નિવાસી હાલ મુંબઇ અ. સૌ. હંસાબેન કિરીટભાઇ મહેતા (ઉં. વ. ૭૪) ગુરુવાર તા. ૧૬-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે કાંતાબેન વલ્લભદાસ શાહના પુત્રી. સાહીલ અને શાલિનના માતુશ્રી. પૂજા અને શ્વેતાના સાસુ. અવિરાજના દાદી. દિપીકાબેન રોહિતભાઇના દેરાણી. માયાબેન મહેન્દ્રભાઇના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી સોની**

બરવાળા બાવીશી હાલ ઘાટકોપર સ્વ. ધીરજબેન તથા સ્વ. ગુલાબચંદ વી. ઝવેરી રાજપરાના પુત્ર હસમુખભાઇ (ઉં. વ. ૬૯) તા. ૧૫-૭-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. બીપીનભાઇ, વ. સુરેશભાઇ તથા નીતાબેનના ભાઇ. દિપેશ, જીજ્ઞેશ તથા દિપ્તીના પિતા. વૈભવી, યાશિકાના સસરા. પ્રાર્થનાસભા, ઝવેરબેન હોલ, ઘાટકોપર (ઇસ્ટ) તા. ૧૮-૭-૨૬ના સાંજે ૫થી ૭.

**શ્રીમાળી સોની**

બરવાળા બાવીશા હાલ ઘાટકોપર સ્વ. સવિતાબેન અને સ્વ. મગનલાલ ધોળકિયાના પુત્રી હર્ષાબેન તા. ૧૬-૭-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હસમુખભાઇ ગુલાબચંદ રાજપરાના પત્ની. દિપેશ, જીજ્ઞેશ તથા દિપ્તીના માતા. વૈભવી, યાશિકાના સાસુ. તેમની પ્રાર્થનાસભા ઝવેરબેન હોલ, ઘાટકોપર (ઇસ્ટ) તા. ૧૮-૭-૨૬ના સાંજે ૫થી ૭.

**લુહાર સુથાર**

ગામ ઉનાવાળા હાલ થાણા, જ્યોત્સ્નાબેન તથા રમેશભાઈ નાનજીભાઈ પરમારના પુત્ર નરેશભાઈ પરમાર (ઉં. વ. ૪૩) તે સ્વ. કલ્યાણજીભાઈ, મનુભાઈ, રાજુભાઈ, જીતુભાઇના ભત્રીજા. રેખાબેનના પતિ. ધ્રુવિન તથા પાર્થના પિતા. ભુપતભાઇ તથા સ્વ. ચીમનભાઈ મુળજીભાઈ વાઘેલાના ભાણેજ. ગામ વણકબારાવાળા હાલ નાયગાવ સ્વ. નાથાલાલ મોહનલાલ કવાના જમાઈ ૧૫/૭/૨૬ના રામશરણ પામેલ છે. સાદડી ૧૮/૭/૨૬ના રોજ ૫ થી ૭ ક. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**નાઘેર દશા મોઢ માંડલિયા**

રોહિસા નિવાસી હાલ મલાડ, સ્વ. બાબુલાલ માધવજી શાહના પુત્ર શૈલેષભાઇ (ઉં. વ. ૬૩) તે સ્વ. હીરાલાલ ત્રિભુવનદાસના જમાઈ. શિલાબેનના પતિ. જીનેશના પિતા. દ્રષ્ટિના સસરા. મહેન્દ્રભાઈ તથા લતાબેનના ભાઈ. ૧૬/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૮/૭/૨૬ના રોજ ૪ થી ૬ ક. કડિયાવાડી, પહેલે માળે, મામલતદાર વાડી, રોડ નં ૩, મલાડ વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

જેતપુર નિવાસી હાલ રાજકોટ, સ્વ. મોતીલાલ મોહનલાલ પડીયાના ધર્મપત્ની ગં.સ્વ. મંજુલાબેન પડીયા, (ઉં. વ. ૭૭) તે સ્વ. સુપુત્રી ભારતી મોતીલાલ પડીયા, સરોજબેન ભરતકુમાર વાઢેર, મીતાબેન ભાવેશભાઈ મેર, હિમાંશુ મોતીલાલ પડીયા, ઉર્વશીબેન પિયુષકુમાર છાટબારના માતૃશ્રી. તે સ્વ. ગંગારામ ગોપાલજી જોગી જેતપુરના સપુત્રી તથા કીર્તિકુમાર ગંગારામ જોગી તેમજ જસુમતીબેન લલિતકુમાર મણિયારના મોટા બહેન, તા. ૧૫/૦૭/૨૬ ને બુધવારના શ્રીજી ચરણ પામેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જ્ઞાતિ**

ભાવનગર નિવાસી હાલ મુંબઈ, સ્વ. અજયભાઈ ચંદ્રકાંતભાઈ મોદી (ઉં. વ. ૬૭) તે સ્વ. હંસાબેન તથા સ્વ. ચંદ્રકાંતભાઈ મોદીના સુપુત્ર. હેતાબેનના પતિ. રિદ્ધિ અને રિશીના પિતાશ્રી. કરણભાઈ તથા અદિતિબેનના સસરા. મીરા તથા વંશના નાનાજી. સાસરીપક્ષ સ્વ. રસીલાબેન તથા સ્વ. હસમુખરાય મકાતીના જમાઈ તા. ૧૬-૭-૨૬, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૦૭-૨૬ (રવિવાર) સમય ૧૦:૩૦ થી ૧૨:૩૦. સ્થળ: હોલ ઓફ કલ્ચર , ગ્રાઉન્ડ ફ્લોર, નેહરુ સેન્ટર, વરલી, મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાનબાઈ દેરડીવાળા હાલ મુંબઈ, અમિદાસભાઈ (ઉં. વ. ૮૫) તા. ૧૬/૦૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયાબેન મણિલાલ મેહતના પુત્ર. સ્વ. જ્યોતિબેનના પતિ. છાયા, પિયુષ, રુપેશના પિતા. જયેશ, શ્વેતા, જીજ્ઞાના સસરા. મહેક, નમનના દાદા, સ્વ. મથુરાદાસ પારેખના જમાઈ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**સુરતી વિશા લાડ**

સ્વ. ઇલાબેન બાબુભાઈ દલાલ, (ઉં. વ. ૮૨) ગુરુવાર તા. ૧૬.૦૭.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે બાબુભાઈ હીરાલાલ દલાલના પત્ની. સ્વાતિ, મિલિન્દ, કાર્તિકના માતુશ્રી. મેહુલભાઈ શાહ, કિન્નરી અને નિકિતાના સાસુ. હાર્દિ, ઋત્વી અને સૌમ્યના દાદી. સ્વ. શરદ અને સ્વ. નંદકિશોર કનૈયાલાલ મરચંટના બેન. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ભાયંદર, સ્વ.લલ્લુભાઈ મોહનભાઈ મહેતાના સુપુત્ર સુરેશભાઈના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. મનસુખલાલ તુલશીદાસ કાપડીયાના દીકરી તા. ૧૬.૦૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. કૃણાલ, પ્રજેશના માતુશ્રી. અમીતાના સાસુ. સ્વ. ભુપતભાઈના નાનાભાઈના પત્ની. અરૂણભાઈ, હસમુખભાઈ. અશોકભાઈ કિરણબેન રાજેન્દ્રકુમાર સંઘવીના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૯.૦૭.૨૬ના સાંજે ૫ થી ૭. કપોળવાડી ગીતાનગર, ભાયંદર વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ વિસાવદર હાલ કલ્યાણ, સ્વ. લાભુબેન અંદરજીભાઈ મોરજરીયાના સુપુત્ર ભગવાનજીભાઈ (ઉં. વ. ૮૨) તા. ૧૬/૦૭/૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઇન્દિરાબેનના પતિ. પ્રવીણ, દીપક, ધીરીબેન, હંસાબેન, સ્વ. ચંપાબેન, સ્વ. વિજયાબેનના મોટાભાઈ. જતીન, લીના અજય મસરાણી, જીજ્ઞા વિમલ માણેક, ફાલ્ગુની ચેતન તન્ના, બીજલ નિમિષ રાઈઠઠ્ઠા, શીતલ નિખિલ ગેડામના પિતાશ્રી. પ્રીતલના સસરા. સ્વ. દયાબેન ગિરધરલાલ પુજારા વસઈવાળાના જમાઈ. તેમની સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮/૦૭/૨૬ શનિવારના સાંજે ૪.૦૦ થી ૬.૦૦. માતુશ્રી શ્યામભાઈ લોહાણા મહાજન વાડી, સરદાર પટેલ રોડ, કલ્યાણ પશ્ચિમ.

## ક્વૉન્ટમ

છે. AI, સેમિકન્ડક્ટર્સ અને ક્વૉન્ટમ ટેકનોલોજી વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

જેમ ભારત વૈશ્વિક IT પ્રતિભા કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે, તેમ હવે તેની પાસે તેના કુશળ માનવશક્તિ દ્વારા ક્વૉન્ટમ ટેકનોલોજીમાં અગ્રણી બનવાની તક છે, એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું. ફડણવીસે નોંધ્યું કે કેન્દ્રએ રાષ્ટ્રીય ક્વૉન્ટમ મિશન માટે લગભગ ૬,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને કહ્યું કે મહારાષ્ટ્રે પણ તે જ રીતે પોતાનું ક્વૉન્ટમ મિશન શરૂ કર્યું છે.

## ખાલી ગૅસ

ટૅન્કરના ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પોલીસે તેની ઓળખ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. પોસ્ટમોર્ટમ માટે તેના શબને સાયન હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. બ્લાસ્ટને કારણે વેલ્ડર ફૈયાઝ ખાન અને તેનો પુત્ર મોહમ્મદ અકરમ ગંભીર રીતે ઘવાયા હતા.

અકરમ તેના પિતાને કામમાં મદદ કરતો હતો ત્યારે આ ધડાકો થયો હતો. બન્નેને સારવાર માટે નજીકની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. દરમિયાન બનાવની જાણ થતાં આરસીએફ પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગૅરેજ આસપાસનો પરિસર કોર્ડન કરી તપાસ હાથ ધરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ ધડાકાને કારણે આસપાસની ઈમારતની બારીના કાચ તૂટ્યા હતા તો રસ્તા પર નજીકમાં પાર્ક વાહનના કાચ પણ તૂટી ગયા હતા. જિજામાતા નગર અને માયસોર કોલોનીમાં એટલો મોટો અવાજ સંભળાયો હતો કે ડરના માર્યા રહેવાસીઓ ઘરની બહાર દોડી ગયા હતા.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# મોદીના હસ્તે રાજકોટમાં ૨૬.૮૦ કરોડના ખર્ચે નવનિર્મિત સ્ટેશનનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૧૭ જુલાઈ શુક્રવારના રોજ 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ ૨૦ રાજ્યોમાં આવેલા ૭૫ પુનઃ વિકસિત રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જે અન્વયે રાજકોટ શહેરમાં રૂ. ૨૬.૮૦ કરોડના ખર્ચે પુનઃ વિકસિત ભક્તિનગર સ્ટેશન ભક્તિનગર સ્ટેશનનું પંજાબનાં જાલંધર ખાતેથી વર્ચ્યુઅલ લોકાર્પણ કરીને જનતાને સમર્પિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આ તકે રાજ્ય પ્રધાન ત્રિકમ છાંગા સહિત સ્થાનિક ધારાસભ્યો અને મેયર પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ત્રિકમ છાંગાની અધ્યક્ષતામાં ભક્તિનગર સ્ટેશનની તકતીનું અનાવરણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ભક્તિનગર રેલવે સ્ટેશન પરથી દરરોજ ૬,૯૦૦ જેટલા મુસાફરોની અવરજવર થાય છે. મુસાફરોની સતત વધતી સંખ્યા અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રેલવે વિભાગ દ્વારા આ સ્ટેશનના પુનર્વિકાસ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

રૂ. ૨૬.૮૦ કરોડના કુલ બજેટમાંથી ખાસ કરીને સ્ટેશનના મુખ્ય ભવન (બિલ્ડિંગ)ના ભવ્ય વિકાસ અને આર્કિટેક્ચર માટે રૂ. ૧૧.૮૧ કરોડ ખર્ચવામાં આવ્યા છે, જ્યારે મુસાફરોની પ્લેટફોર્મ બદલવાની સુવિધાને આસાન બનાવવા માટે વિશાળ ફૂટ ઓવર બ્રિજના નિર્માણ અર્થે રૂ. ૧૪.૯૯ કરોડની માતબર રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સ્ટેશન પરિસરમાં મુસાફરોની ભીડ નિયંત્રિત કરવા માટે વૈજ્ઞાનિક ઢબે અલગ-અલગ પ્રવેશ દ્વાર (એન્ટ્રી) અને નિકાસ દ્વાર (એક્ઝિટ) વિકસાવવામાં આવ્યા છે.

આશરે ૮,૬૦૦ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં સ્ટેશન ભવનનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે, જ્યારે મુસાફરો આરામથી ઊભા રહી શકે અને માહિતી મેળવી શકે તે માટે ૨,૭૬૦ ચોરસ ફૂટમાં એક ભવ્ય અને મોટો કોનકોર્સ હોલ બનાવવામાં આવ્યો છે. ■

### અમદાવાદ રથયાત્રા ડીલરોને ફળી

# એક જ દિવસમાં ૧૭૭ કરોડની કિંમતના ૯૬૦૦ વાહનનું વેચાણ થયું

અમદાવાદઃ શહેરમાં અષાઢી બીજના પાવન દિવસે નીકળતી ભગવાન જગન્નાથની રથયાત્રા કાર ડિલરોને ફળી છે. શુભ મુહૂર્તમાં ખરીદી કરવાની પરંપરાને અનુસરી અમદાવાદીઓએ એક જ દિવસમાં ૧૭૭ કરોડની કિંમતના ૯૬૦૦ વાહનની ખરીદી કરી હતી. એટલે કે સરેરાશ કલાકે ૧૧૮ કરોડના વાહન વેચાયા હતાં.


પ્રાપ્ત માહિતી અનુસાર, રથયાત્રાના દિવસે ૭૨૦૦ ટૂ-વ્હિલર, ૧૪૫૦ કાર અને ૯૫૦ ઈલેક્ટ્રિક વ્હિકલ(ઈવી)નું વેચાણ થયું હતું. અનુક્રમે વેચાણમાં ૩૧ ટકા ૩૮ ટકા અને ૫૮ ટકાનો જંગી વધારો નોંધાયો છે. આ દિવસે શુભ મુહૂર્તમાં શહેરના ડીલરોએ ૧,૪૫૦ કારની ડિલિવરી કરી હતી. જ્યારે ગયા વર્ષે આ આંકડો ૧,૦૫૦ હતો. એટલે કે કારના વેચાણમાં ૩૮ ટકાનો વધારો નોંધાયો છે. છેલ્લા સતત બે વર્ષના નબળા વેચાણ બાદ છેલ્લા ત્રણ વર્ષમાં આ સૌથી મોટો વધારો છે, જેના કારણે તહેવારોની સિઝનની શરૂઆત ડીલરો માટે ખૂબ જ ઉત્સાહજનક રહી છે.

જ્યારે ટૂ-વ્હિલરના વેચાણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ગયા વર્ષે વેચાયેલાં ૫,૫૦૦ વાહનોની સરખામણીએ આ વર્ષે ૭,૨૦૦ ટૂ-વ્હિલર વેચાયાં, એટલે કે ૩૧ ટકાનો વધારો નોંધાયો છે. ડીલરોના જણાવ્યા અનુસાર તમામ કિંમતના વાહનોમાં સારી માંગ જોવા મળી હતી, જોકે ટકાવારીની દૃષ્ટિએ ફોર-વ્હીલરના વેચાણમાં ટૂ-વ્હિલર કરતાં વધુ વધારો થયો છે.

જોકે ઇલેક્ટ્રિક વાહનોના વેચાણમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ગયા વર્ષે વેચાયેલા અંદાજે ૬૦૦ વાહનોની સરખામણીએ આ વર્ષે અંદાજે ૯૫૦ ઇલેક્ટ્રિક વાહનો વેચાયાં, એટલે કે ૫૮ ટકાનો ઉછાળો નોંધાયો છે.

ફેડરેશન ઓફ ઓટોમોબાઇલ ડીલર્સ એસોસિયેશન, ગુજરાતના ચેરપર્સન પ્રણવ શાહે જણાવ્યું હતું કે જે મોડલની માગ વધુ હતી તેમાં લગભગ કોઈ ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું નહોતું. તેમણે જણાવ્યું કે મોટાભાગના ટૂ-વ્હિલર માટે કોઈ વેઇટિંગ પિરિયડ નહોતો અને તેના પર રૂપિયા ૨,૦૦૦થી રૂપિયા ૫,૦૦૦ સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. જ્યારે કાર પર મોડલ અને ઉપલબ્ધતા પ્રમાણે રૂપિયા ૧૦,૦૦૦થી રૂપિયા ૫૦,૦૦૦ સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. ■

**શ્રી સુરત વિસા ઓસવાલ જૈન શ્વે.મૂ. જ્ઞાતિય**



**શ્રી ચીનુભાઈ પ્રેમચંદ જવેરી**

જન્મ: ૨૫-૬-૧૯૩૯ (ઉં. ૮૭)
અરિહંત શરણ: ૧૭-૭-૨૦૨૬
ગામ: સુરત, હાલ વાલકેશ્વર, મુંબઈ

**અંતિમ યાત્રા: ૧૮-૭-૨૦૨૬ નિવાસસ્થાને થી ચંદનવાડી. સવારે ૯ વાગે (ઈલેક્ટ્રિક)**

ધર્મપત્ની: નિતાબેન ચીનુભાઈ જવેરી
પુત્ર-પુત્રવધુ: પ્રિયેશ-ડિમ્પલ
પુત્રી-જમાઈ: તેજલ સ્મિતેશભાઈ સંઘવી
પૌત્ર-પૌત્રવધુ: વિસ્મય-નિધિ, કેરવ-હેતવી, ભાવિકા-હાર્દિકભાઈ-વિહાન શ્રુતિકા-મીતભાઈ
ભાઈ-બહેન: સ્વ.દિનેશભાઇ, અજીતભાઈ મીનીબેન-આશાબેન-રેખાબેન-ઈલાબેન

**પ્રાર્થના સભા**
**ભારતીય વિદ્યા ભવન, ચોપાટી**
રવિવાર,૧૯-૭-૨૬,સવારે ૧૧.૩૦થી ૧

# ઈકો-સેન્સિટિવ ઝોનમાં પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા ગુજરાત સરકારને હાઈ કોર્ટનો નિર્દેશ

અમદાવાદઃ ગુજરાતના પ્રખ્યાત પ્રકૃતિધામ અને યાયાવર પક્ષીઓના આશ્રયસ્થાન ગણાતા નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય હવે પ્રવાસીઓના પ્લાસ્ટિકના કચરાથી મુક્ત બનશે. હાઇ કોર્ટમાં દાખલ કરાયેલી એક જાહેરહિતની અરજી પર સુનાવણી કરતા અદાલતે સરકારને આ ઈકો સેન્સિટિવ ઝોનમાં પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો કડક આદેશ કર્યો હતો. કોર્ટના આ આદેશ બાદ હવે અહીં આવતા પર્યટકોએ મોજમસ્તીની સાથે પ્રકૃતિ પ્રત્યે જવાબદારી પણ નિભાવવી પડશે.

હાઇ કોર્ટે સુનાવણી દરમિયાન રાજ્ય સરકારને ખૂબ જ મહત્ત્વની ટકોર કરી છે. સામાન્ય રીતે પ્રવાસીઓ પક્ષી અભયારણ્યમાં પિકનિક મનાવવા જાય ત્યારે પોતાની સાથે લાવેલી ખાણીપીણીની વસ્તુઓ પક્ષીઓને ખવડાવતા હોય છે, જે તેમના સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થાય છે. કોર્ટે આ અંગે લાલ આંખ કરતા જણાવ્યું કે, ''લોકોને જમવાની ના નથી, પરંતુ પક્ષીઓને બહારની વસ્તુઓ ખવડાવવાનું તદ્દન બંધ થવું જોઈએ અને ખાવા-પીવાની પ્રવૃત્તિને આ ઈકો સેન્સિટિવ ઝોનથી દૂર રાખવી પડશે.''

આ પર્યાવરણીય સુધારાનો હેતુ પ્રવાસન કે બોટિંગ બંધ કરવાનો નથી, પરંતુ તેને વધુ સુરક્ષિત અને નિયમિત બનાવવાનો છે. આ સરોવરોમાં બોટિંગ કરાવતા નાવિકો માટે લાઇસન્સ ફરજિયાત કરવા અને મુલાકાતીઓએ પોતાની સાથે પ્લાસ્ટિકની બોટલો લાવવાને બદલે ફરજિયાત સ્ટીલની બોટલોનો ઉપયોગ કરે તેવી અપીલ કરવામાં આવી છે.

કોર્ટના કડક વલણ બાદ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને સરકારી તંત્રો સફાળા જાગ્યા અને કોર્ટને ખાતરી આપી કે તેઓ આ અંગે એક વ્યાપક પૉલીસી બનાવી રહ્યા છે. ■

# કચ્છના ક્રીક વિસ્તારમાં પાકિસ્તાની બોટ ઝડપાઈઃ ઘૂસણખોરો ફરાર થતા સરહદ પર હાઈ અલર્ટ

ભુજઃ સરહદી જિલ્લા કચ્છના સમુદ્ર કાંઠેથી અવારનવાર કરોડો રૂપિયાના કેફી પદાર્થો બિનવારસી હાલતમાં મળી આવવાની ઘટનાઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય જળસીમા નજીકથી એક બિનવારસી પાકિસ્તાની બોટ મળી આવી હતી. સરહદી વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવાયું છે અને સંભવિત ઘૂસણખોરોને ઝડપી પાડવા માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ સીમા સુરક્ષા દળની પેટ્રોલિંગ ટીમ ક્રિક વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ પર હતી, ત્યારે તેમને એક શંકાસ્પદ બોટ નજરે પડી હતી. સુરક્ષા જવાનોએ નજીક જઈ તપાસ કરતા આ બોટ પાકિસ્તાની હોવાનું માલૂમ પડ્યું હતું.

પ્રાથમિક તપાસમાં સુરક્ષા જવાનો બોટ સુધી પહોંચે તે પૂર્વે જ તેમાં સવાર પાકિસ્તાની ઘૂસણખોરો ક્રિક વિસ્તારની કાદવ-કીચડવાળી જટિલ ભૌગોલિક પરિસ્થિતિનો લાભ ઉઠાવીને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. જપ્ત કરાયેલી બોટને તાત્કાલિક અસરથી કોટેશ્વર કાંઠે લાવીને તેની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક તલાશી દરમિયાન બોટમાંથી કોઈ વિસ્ફોટક, કેફી પદાર્થ કે અન્ય વાંધાજનક સામગ્રી મળી આવી નથી. તેમ છતાં, રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ સુરક્ષા એજન્સીઓ આ સમગ્ર ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ રહી છે. નાસી છૂટેલા પાકિસ્તાની ઘૂસણખોરો ભારતીય સરહદમાં પ્રવેશીને કચ્છના અવાવરુ, રણ અથવા સંવેદનશીલ વિસ્તારોમાં છુપાયા હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. જેને પગલે સમગ્ર ક્રિક અને સરહદી રણ વિસ્તારમાં સર્ચ ઓપરેશન તેજ કરી દેવાયું છે.

સીમા સુરક્ષા દળ (બીએસએફ) સહિતની અન્ય ગુપ્તચર અને સુરક્ષા એજન્સી દ્વારા દરિયાઈ તેમજ જમીની માર્ગો પર સઘન પેટ્રોલિંગ વધારીને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ■

# નીટ (યુજી) ૨૦૨૬નું પરિણામ જાહેર, ૧૧.૨૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય; ગુજરાતના ૪ વિદ્યાર્થીઓ ટોપ-૧૦૦માં


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ (યુજી) ૨૦૨૬નું પરિણામ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ ગુરુવારે જાહેર કર્યું હતું. આ વર્ષે દેશભરમાં અંદાજે ૨૦ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૧.૨૧ લાખ વિદ્યાર્થીઓ પાસ થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગુજરાતના ૪ વિદ્યાર્થીઓ ટોપ-૧૦૦માં સ્થાન મેળવવામાં સફળ રહ્યા હતા, જેમાં અમદાવાદના ૨ વિદ્યાર્થીઓ ટોપ-૫૦માં આવ્યા હતા. ગુજરાતમાં અમદાવાદ સેન્ટરમાંથી ત્રણ વિદ્યાર્થીએ ટોપ-૩૦માં સ્થાન મેળવ્યું છે. જેમાંથી તહા ભાટિયા નામના વિદ્યાર્થીએ ઈડબલ્યુએસ કેટેગરીમાં દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જાહેર કરાયેલા નીટ (યુજી) ૨૦૨૬નાં પરિણામમાં ગુજરાતના ત્રણ વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કરી ઓલ ઇન્ડિયા રેન્કના ટોપ ૩૦માં સ્થાન મેળવ્યું હતું. અમદાવાદ સેન્ટર પરથી પરીક્ષા આપનાર તહા સેમૂન ભાટિયાએ ઓલ ઈન્ડિયામાં પચીસમો રેન્ક મેળવ્યો છે. જ્યારે સમગ્ર દેશમાં ઈડબલ્યુએસ કેટેગરીમાં ઓલ ઈન્ડિયા પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે શૌર્ય પટેલે ૭૦૦ માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયાનો ૨૬મો રેન્ક મેળવ્યો છે. તો અક્ષિત ગૌરે પણ ૭૦૦ માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયા ૩૦મો રેન્ક મેળવ્યો હતો.

રાષ્ટ્રીય સ્તરે ૭૨૦માંથી ૬૯૦થી વધુ ગુણ મેળવનારા ઉમેદવારોની સંખ્યા ૧૩૮ રહી હતી. તેમાં ૯૩ ટકાથી વધુ ઉમેદવારો પ્રથમ વખત પરીક્ષા આપનારા હતા. કુલ ૧૯ ઉમેદવારોએ ૭૦૦થી વધુ ગુણ મેળવ્યા હતા, જ્યારે ૧,૪૯૨ ઉમેદવારોએ ૬૫૦ કે તેથી વધુ ગુણ મેળવ્યા હતા. આ ઉપરાંત ૧૦,૧૬૦ ઉમેદવારોએ ૬૦૦ કે તેથી વધુ ગુણ મેળવ્યા હતા, જ્યારે ૯૦,૭૮૦ ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦૦ ગુણ મેળવ્યા હતા. ક્વોલિફાય થયેલા ઉમેદવારોમાં વિદ્યાર્થિનીઓ ૫૮ ટકાથી વધુ રહ્યો છે. વિદ્યાર્થિનીઓનો ક્વૉલિફિકેશન દર ૫૬.૮ ટકા નોંધાયો હતો, જ્યારે વિદ્યાર્થીઓમાં આ દર ૫૫.૧ ટકા રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પેપર લીકના કારણે પરીક્ષા રદ્ થઈ હતી હતી, બાદ ૩ મેના રોજ યોજાયેલી નીટ (યુજી) પરીક્ષા રદ કરાઇ હતી. તેના કારણે ૨૧ જૂને દેશમાં ૫૫૧ શહેર અને વિદેશના ૧૪ શહેરમાં આવેલા કુલ ૫,૪૪૦ પરીક્ષા કેન્દ્ર પર લગભગ ૨૦ લાખ ઉમેદવાર માટે પુનઃપરીક્ષા યોજવામાં આવી હતી. એનટીએએ ઉમેદવારોના વ્યક્તિગત સ્કોરકાર્ડ પોતાની સત્તાવાર વેબસાઇટ પર અપલોડ કર્યા હતા. હવે ઉમેદવારો પોતાનું પરિણામ ડાઉનલોડ કરીને કાઉન્સેલિંગ પ્રક્રિયા માટે તૈયારી કરી શકશે. ■



In Loving Memory Of

**NAGINDAS JAYSUKHLAL DOSHI**

14 Jan 1931 - 17 Jul 2026

With heavy hearts, we share the passing of Naginbhai Doshi. A devoted husband, loving father, doting grandfather & great-grandfather, his lifelong selfless service and unwavering dedication to the community leaves a lasting legacy.

**Final Rites**

Saturday, 18 Jul 2026 at 6.00pm
Mandai Crematorium, Service Hall 3.
He will be resting at home from 3.30-4.30pm.
Cortege will leave thereafter from 783 Mountbatten Road, 437781

**Prayer Meet**

Sunday, 19 Jul 2026 from 5.00-6.00pm
Singapore Jain Religious Society
18 Jalan Yasin, Singapore 417991

—

Divyesh Doshi : divyesh@danr.com • +65 9673 7420

# ગુજરાતના ૧૨ જિલ્લામાં સરેરાશથી વધુ વરસાદ, નર્મદા ડેમ ૬૬.૪૬ ટકા ભરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. ઘણા જિલ્લામાં વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં સીઝનનો સરેરાશ ૨૫.૫૨ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૩.૩૨ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૪.૪૨ ટકા, પૂર્વ મધ્યમાં ૧૮.૧૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૨૮.૬૭ ટકા તથા દક્ષિણ ગુજરાતમાં ૩૫.૭૬ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યના ૧૨ જિલ્લામાં સરેરાશથી વધુ વરસાદ વરસ્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર મુજબ અમરેલીમાં ૪૪.૭૮ ટકા, ભાવનગરમાં ૩૪.૪૫ ટકા, બોટાદમાં ૨૬.૨૯ ટકા, ગીર સોમનાથમાં ૪૦.૩ ટકા, જૂનાગઢમાં ૪૩.૫ ટકા, પંચમહાલમાં ૨૯.૨૨ ટકા, ભરૂચમાં ૨૭.૯૫ ટકા, ડાંગમાં ૩૭.૮૨ ટકા, નવસારીમાં ૪૩.૩૮ ટકા, સુરતમાં ૪૫.૬૧ ટકા, તાપીમાં ૩૦.૫૧ ટકા, વલસાડમાં ૩૩.૩૭ ટકા વરસાદ વરસ્યો છે.

જ્યારે કચ્છમાં ૩.૩૨ ટકા, દેવભૂમિ દ્વારકામાં ૧.૦૭ ટકા, જામનગરમાં ૯.૪૯ ટકા, મોરબીમાં ૧૨.૦૯ ટકા, પોરબંદરમાં ૧૧.૫૬ ટકા, રાજકોટમાં ૧૯.૭૮ ટકા, સુરેન્દ્રનગરમાં ૨૨.૫૫ ટકા, અમદાવાદમાં ૧૯.૮૪ ટકા, આણંદમાં ૧૨.૧૧ ટકા, છોટાઉદેપુરમાં ૧૨.૮૨ ટકા, ખેડામાં ૧૬.૪૮ ટકા, મહીસાગરમાં ૨૫.૩૧ ટકા, નર્મદામાં ૧૮.૧૧ ટકા, અરવલ્લીમાં ૧૫.૯૪ ટકા, બનાસકાંઠામાં ૭.૭૭ ટકા, ગાંધીનગરમાં ૧૫.૮૫ ટકા, મહેસાણામાં ૧૯.૧૧ ટકા, પાટણમાં ૧૮.૪૩ ટકા, સાબરકાંઠામાં ૧૨.૫૫ ટકા તથા વાવ-થરાદમાં ૧૧.૮૭ ટકા વરસાદ પડ્યો છે. રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં પડેલા સરેરાશ વરસાદના આંકડા પર નજર કરીએ તો ૨૦૨૩માં ૧૦૮.૧૬ ટકા, ૨૦૨૪માં ૧૪૩.૧૪ ટકા તથા ૨૦૨૫માં ૧૨૮.૫૭ ટકા વરસાદ વરસ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ ૬૬.૪૬ ટકા ભરાયેલો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયો ૪૦.૯૭ ટકા ભરાયેલા છે. ૧૧ ડેમ હાઈ એલર્ટ, ૩ ડેમ એલર્ટ તથા ૧૨ ડેમ વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં ૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૨૧ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૩ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે અને ૧૦૬ ડેમ ૨૫ ટકાથી નીચે ભરાયેલા છે. ■

# કચ્છમાં ભાનાડા એરફોર્સ સ્ટેશનમાં જવાનનો આપઘાત

ભુજઃ કચ્છના અબડાસા તાલુકાના ભાનાડા મિલિટરી એરિયામાં આવેલા વાયુસેના મથક ખાતે ફરજ બજાવતા ૨૭ વર્ષીય એક જવાને પોતાની જ સર્વિસ રાઇફલ વડે ગોળી મારીને આત્મહત્યા કરી લેતાં સંરક્ષણ વર્તુળો સહિત સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. કોઈ અગમ્ય કારણોસર ગાર્ડ ડ્યુટી દરમિયાન જવાને આ અંતિમ પગલું ભરી લેતાં એરફોર્સ સ્ટેશનમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. કોઠારા પોલીસ મથક અને વાયુસેનાના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, મૂળ હરિયાણા રાજ્યના વતની અને હાલ ભાનાડા એરફોર્સ સ્ટેશન ખાતે ફરજ બજાવતા ૨૭ વર્ષીય વાયુસેનાના જવાન ભરતરાજ ભોમપ્રકાશ ભારદ્વાજ ગત બુધવારે સાંજે એરફોર્સ સ્ટેશનના સુરક્ષા વિસ્તારમાં ગાર્ડ તરીકે પોતાની નિયત ફરજ પર તહેનાત હતા.

આ ફરજ દરમિયાન જ કયા સંજોગો અને કારણોસર તેઓ માનસિક તણાવમાં આવ્યા તે હજુ જાણી શકાયું નથી, પરંતુ તેમણે પોતાની પાસે રહેલી સરકારી એ.કે. ૧૦૩ એસોલ્ટ રાઇફલથી પોતાની ગરદન નીચે ગોળી ધરબી દીધી હતી. ગોળી ગરદન ચીરીને માથાના ભાગેથી આરપાર નીકળી ગઈ હતી.

ફાયરિંગના જોરદાર અવાજના પગલે એરફોર્સના અન્ય સુરક્ષા કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળ તરફ દોડી આવ્યા હતા. તપાસ દરમિયાન એરફોર્સ સ્ટેશનના ટેકનિકલ એરિયામાં આવેલા પાર્કિંગ ઝોન પાસે, પોતાની મોટરસાઇકલ નજીક જવાન ભરતરાજ લોહીલુહાણ હાલતમાં પડેલા મળી આવ્યા હતા અને બાજુમાં જ તેમની સર્વિસ રાઇફલ પડી હતી. ■

# સુરતની સુમુલ ડેરીની ચૂંટણીમાં ભાજપનો વિજયઃ ૧૬માંથી ૧૫ બેઠકો જીતી, ધનસુખ પટેલ પ્રમુખ

અમદાવાદઃ સુરત જિલ્લાની સૌથી મોટી સહકારી સુમુલ ડેરીની ચૂંટણીનું સત્તાવાર પરિણામ ૧૭ જુલાઈ શુક્રવારે જાહેર થઈ હતી. આ હાઈપ્રોફાઈલ ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ પ્રેરિત પેનલે એકહથ્થુ શાસન યથાવત્ રાખતા કુલ ૧૬ બેઠકમાંથી ૧૫ બેઠક પર ભવ્ય વિજય મેળવ્યો હતો, જેમાં સાત બેઠક અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ ગઈ હતી. જો કે ઓલપાડ બેઠક પર અપક્ષ ઉમેદવારે ભાજપને મોટો ઝટકો આપ્યો હતો. સવારથી જ ડેરી પર નેતાઓ અને સમર્થકોની ભીડ જોવા મળી હતી.

મળતી વિગત પ્રમાણે, કડક પોલીસ સુરક્ષા વચ્ચે સવારે ૧૧ વાગ્યે મતગણતરી શરૂ થઈ હતી અને માત્ર એક જ કલાકમાં તમામ બેઠકોનું પરિણામ આવી ગયું હતું. ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો વિજય થયો હતો. પરિણામો બાદ પ્રમુખ નક્કી કરવા માટે ડિરેક્ટર્સની મીટિંગ મળી હતી. ભાજપે પ્રમુખપદ માટે ધનસુખ પટેલનું નામ મૂક્યું હતું, જેની સામે અપક્ષ ઉમેદવારે પણ ફોર્મ ભરતા મતદાન કરાવવું પડ્યું હતું. મતદાનના અંતે ભાજપના ધનસુખ પટેલને ૨૭ મત મળ્યા, જ્યારે સામેના અપક્ષ ઉમેદવારને માત્ર ૧૨ મત મળ્યા હતા. આમ, ૧૫ મતની મોટી સરસાઈથી ધનસુખ પટેલ ફરી એકવાર સુમુલ ડેરીના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જીતના સમાચાર મળતા જ સમર્થકોએ ફટાકડા ફોડી અને ગુલાલ ઉડાડીને ખુશી મનાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (સુમુલ ડેરી, સુરત) ના ૭૪મા વાર્ષિક અહેવાલ (વર્ષ ૨૦૨૪-૨૫) મુજબ કુલ રૂ. ૬૨૭૬ કરોડનું રેકોર્ડ ટર્નઓવર નોંધાયું હતું. ■

**શ્રદ્ધાંજલી**



**સ્વ. હસમુખભાઈ ગુલાબચંદ ઝવેરી (રાજપરા)**
૨૫/૦૫/૧૯૫૭-૧૫/૦૭/૨૦૨૬



**સ્વ. હર્ષાબેન હસમુખભાઈ ઝવેરી (રાજપરા)**
૧૪/૦૨/૧૯૫૭-૧૬/૦૭/૨૦૨૬

"પ્રામાણિકતા, દૃઢ નિશ્ચય અને સેવાભાવથી તેમણે જીવન અને વ્યવસાયમાં જે અમી છાપ છોડી છે, તે અમને સદાય પ્રેરણા આપતી રહેશે."

**શોકમય પરિવાર**

માતા-પિતા : સ્વ. ધીરજબેન સ્વ. ગુલાબચંદ વી રાજપરા
પત્ની : હર્ષાબેન
ભાઈ-ભાભી : બિપિનભાઈ-મધુબેન, સ્વ. સુરેશભાઈ-જ્યોત્સનાબેન
બહેન-બનેવી : નિતાબેન-મુકેશકુમાર કોંઢીયા
પુત્ર-પુત્રી : દિપેશ, જીગ્નેશ, દિપ્તી નિરજ પારેખ
પુત્રવધુ : વૈભવી, યાશિકા
પૌત્ર-પૌત્રી : ધ્રુવીલ, નેવાન, નાયરા, રેયાંશ
દોહિત્ર : જશ
સાસુ-સસરા : સવિતાબેન-મગનભાઈ ધોળકીયા
ભત્રિજા-ભત્રિજાવહુ : મેહુલ-નિરાલી, પરાગ-જુલી, ક્રિષ્ના-ટિવશા
ભત્રિજી : ભાવના કેતન માંડલિયા, પ્રીતી આશિષ જોબનપુત્રા, પૂજા રાજીવ મેહતા, ભક્તી હિરેન શાહ

માતા-પિતા : સ્વ. સવિતાબેન- સ્વ. મગનલાલ ધોળકિયા
પતી : હસમુખભાઈ
જેઠ-જેઠાણી : બિપિનભાઈ-મધુબેન,
દેર-દેરાણી : સ્વ. સુરેશભાઈ-જ્યોત્સનાબેન
બહેન-બનેવી : સ્વ. શાંતાબેન-ધિરજલાલ દિનોજા મંજુલાબેન-ગુણવંતરાય જીજુંવાડીયા સરોજબેન ચંદ્રકાંત પારડિયા માલતીબેન-બકુલ દવે
પુત્ર-પુત્રી : દિપેશ, જીગ્નેશ, દિપ્તી નિરજ પારેખ
પુત્રવધુ : વૈભવી, યાશિકા
પૌત્ર-પૌત્રી : ધ્રુવીલ, નેવાન, નાયરા, રેયાંશ
દોહિત્ર : જશ
સાસુ-સસરા : સ્વ.ધીરજબેન-સ્વ.ગુલાબચંદ રાજપરા
ભાઈ-ભાભી : સ્વ. રાજેશભાઈ-ક્રિષ્નાભાભી, જયંતભાઈ-અરૂણા ભાભી, અરૂણભાઈ-પ્રફુલાભાભી

**મેસર્સ ગુલાબચંદ વી ઝવેરી જવેલર્સ, પરિવાર અને સ્ટાફ ના જય શ્રીકૃષ્ણ**

બન્નેની પ્રાર્થના સભાઃ ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઓડિટોરિયમ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ) - તા.૧૮-૦૭-૨૬ ના રોજ, સાંજે ૫.૦૦ થી ૭.૦૦

**ગૅરી ધ ગ્રેટ**

# ક્રિકેટની રમતને સોબર્સે અનેરી ઊંચાઈ અપાવી, જન્મદિનના ૧૦ દિવસ પહેલાં જ વિદાય લીધી

**મહાન કૅરિબિયન બૅટ્સમૅન સર ગૅરી સોબર્સે પેસ અને સ્પિનના જાદુથી ૨૩૫ વિકેટ લીધી હતી: પહેલી જ સેન્ચુરીમાં ૩૬૫ રન બનાવેલા**

બાર્બેડોઝ: ક્રિકેટ જગતના ગ્રેટેસ્ટ ઑલરાઉન્ડર, બૅટિંગ-લેજન્ડ અને વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ કૅપ્ટન સર ગારફીલ્ડ સોબર્સનું ૮૯ વર્ષની વયે નિધન થયું છે. ૨૮મી જુલાઈએ તેમણે જીવનનાં ૯૦ વર્ષ પૂરાં કર્યાં હોત, પણ એના ૧૦ દિવસ પહેલાં તેમણે ફાની દુનિયામાંથી વિદાય લીધી. ૧૯૫૦, ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકા દરમ્યાન તેમના પર્ફોર્મન્સ તથા પ્રભાવથી ક્રિકેટને અનેરી ઊંચાઈ મળી હતી. ક્રિકેટની દુનિયાને મળેલા સૌથી ટૅલન્ટેડ ખેલાડીઓમાં સોબર્સનું નામ અચૂક લેવામાં આવે છે. પાંચ સર્વોત્તમ ક્રિકેટરોમાં ઑસ્ટ્રેલિયાના સર ડોનાલ્ડ બ્રૅડમૅન, સર ગૅરી સોબર્સ, સચિન તેન્ડુલકર, સર વિવિયન રિચર્ડ્સ અને સુનીલ ગાવસકરનો સમાવેશ છે.

સર ગૅરી સોબર્સનું અવસાન થયું હોવાના સમાચારને તેમના પુત્ર ડેનિયલે પુષ્ટિ આપી હતી. ૧૯૩૬ની ૨૮મી જુલાઈએ બાર્બેડોઝ ટાપુમાં તેમનો જન્મ થયો હતો અને એ જ ટાપુમાં નિધન થયું.

### ૨૬ સેન્ચુરી, ૨૩૫ વિકેટ

સોબર્સ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન હતા. તેઓ લેફ્ટ-આર્મ મિડિયમ પેસ બોલર, લેફ્ટ-આર્મ ઑર્થોડૉક્સ તેમ જ લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર હતા. તેઓ માર્ચ ૧૯૫૪થી એપ્રિલ ૧૯૭૪ દરમ્યાન ૯૩ ટેસ્ટ મૅચ રમ્યા હતા જેમાં તેઓ ૨૧ વખત અણનમ રહ્યા હતા. તેમણે અણનમ ૩૬૫ રનના હાઇએસ્ટ સ્કોર સહિત કુલ ૨૬ સેન્ચુરી અને ૩૦ હાફ સેન્ચુરીની મદદથી ૫૭.૭૮ની સરેરાશે કુલ ૮,૦૩૨ રન બનાવ્યા હતા. તેઓ ફક્ત એક વન-ડે ૧૯૭૩માં રમ્યા હતા જેમાં તેમણે એક વિકેટ (ઇંગ્લૅન્ડના ક્રિસ ઑલ્ડ) મેળવી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ ૧૧૦ કૅચ ઝીલ્યા હતા. તેમણે ટેસ્ટ ક્રિકેટમાં કુલ ૨૩૫ વિકેટ લીધી હતી. ૧૯૫૪માં તેમણે પહેલી જ ટેસ્ટમાં (ઇંગ્લૅન્ડ સામે) ચાર વિકેટનો તરખાટ મચાવ્યો હતો. વન-ડેનો પ્રથમ વર્લ્ડ કપ ૧૯૭૫માં રમાયો હતો, પણ એ પહેલાં જ સોબર્સની વન-ડે કરીઅર પર પડદો પડી ચૂક્યો હતો.

### ડોમેસ્ટિક ક્રિકેટમાં ૨૮,૩૧૪ રન

સોબર્સે ટેસ્ટ ક્રિકેટ સહિતની કુલ ૩૮૩ ફર્સ્ટ ક્લાસ મૅચોમાં ૮૬ સેન્ચુરી અને ૧૨૧ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૨૮,૩૧૪ રન બનાવ્યા હતા.

### પાકિસ્તાનની ટીમ કરતાં સોબર્સના રન વધુ

સોબર્સે ૧૯૫૪માં પ્રથમ ટેસ્ટ-ઇનિંગ્સમાં ફક્ત ૧૪ રન બનાવ્યા હતા. જોકે ટેસ્ટમાં તેમણે પહેલી જ સેન્ચુરીમાં અણનમ ૩૬૫ રન બનાવ્યા હતા. તેમણે ત્યારે એ મહાન સિદ્ધિ ૧૯૫૮માં કિંગસ્ટનમાં પાકિસ્તાન સામે મેળવી હતી. પાકિસ્તાનની ટીમ ૩૨૮ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને પછી સોબર્સે વનડાઉનમાં રમીને આખી પાકિસ્તાનની ટીમ કરતાં વધુ રન બનાવ્યા હતા. તેમણે ૬૧૪ બૉલમાં ૩૮ ચોગ્ગાની મદદથી એ અણનમ ૩૬૫ રન કર્યા હતા અને ઓપનર કૉનરાડ હ્યુન્ટ (૨૬૦ રન) સાથે બીજી વિકેટ માટે ૪૪૬ રનની વિક્રમજનક ભાગીદારી કરી હતી. કૅરિબિયન ટીમે એ ટેસ્ટ એક દાવ અને ૧૭૪ રનની મદદથી જીતી હતી. સોબર્સે અણનમ ૩૬૫ રનની ઇનિંગ્સ બાદ પાકિસ્તાન સામેની એ જ સિરીઝની પછીની બે ઇનિંગ્સમાં અનુક્રમે ૧૨૫ રન અને અણનમ ૧૦૯ રન કર્યા હતા.









૨૦૨૩માં વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસ દરમ્યાન વિરાટ કોહલી અને રોહિત શર્મા બાર્બેડોઝમાં સર ગૅરી સોબર્સ અને તેમના પત્નીને મળ્યા હતા.

### છ બૉલમાં છ છગ્ગા ફટકારનાર પ્રથમ

ગૅરી સોબર્સ પ્રથમ કક્ષાની ક્રિકેટમાં ઓવરના તમામ છ બૉલમાં છ સિક્સર ફટકારનાર વિશ્વના પ્રથમ બૅટ્સમૅન હતા. તેમણે એ સિદ્ધિ ૧૯૬૮માં નૉટિંગમશર વતી ગ્લેમોર્ગન સામેની મૅચમાં મેળવી હતી. ■

# રોહિત શર્માના માતા-પિતા લંડન પહોંચ્યા, નિવૃત્તિની સંભાવના મજબૂત બની

લંડન: ભારતનો ભૂતપૂર્વ કૅપ્ટન રોહિત શર્મા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંપૂર્ણપણે નિવૃત્ત થઈ રહ્યો છે એવી અટકળ વચ્ચે તેના મમ્મી-પપ્પા લંડન પહોંચ્યા હોવાથી રિટાયરમેન્ટની સંભાવના વધુ મજબૂત બની છે.

રવિવાર, ૧૯મી જુલાઈએ લંડનના લૉર્ડ્સમાં ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે શ્રેણીની આખરી વન-ડે (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઇવ) રમાશે અને આ મૅચ રોહિતની ઇન્ટરનૅશનલ કરીઅરની આખરી મૅચ હોઈ શકે એવી શક્યતા છે.

કેટલાક અહેવાલોમાં જણાવાયું છે કે હેડ-કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત આગરકરે રોહિત શર્માને સંકેત આપી દીધો છે કે ટીમ મૅનેજમેન્ટ તેને હવે તેનો વિકલ્પ જોઈ રહ્યા છે અને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં તેના સ્થાને કોઈ યુવાન ખેલાડીને મોકો આપવા વિચારે છે.

રોહિત શર્મા કે બીસીસીઆઇ તરફથી આ સંબંધમાં કોઈ સત્તાવાર નિવેદન નથી આવ્યું, પણ રોહિતના પૅરેન્ટ્સ લંડન પહોંચી ગયા હોવાથી રોહિતની નિવૃત્તિની સંભાવના મજબૂત થઈ ગઈ છે. તેનું હાલમાં જે ફૉર્મ છે એ ટીમ મૅનેજમેન્ટ માટે સૌથી મોટી ચિંતા છે.

ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા સાથે પણ આવું બન્યું હતું. ૨૦૨૬ની આઇપીએલ બાદ તેને જણાવી દેવાયું હતું કે ૨૦૨૭ના વર્લ્ડ કપની યોજનામાં તેને સામેલ નથી કરવામાં આવી રહ્યો. ત્યારથી તેને વન-ડે ટીમમાં નથી સમાવવામાં આવ્યો. ■

# કોહલી-ગંભીર વિશેની અટકળો વચ્ચે બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે ખુલાસો કરી દીધો કે...



કાર્ડિફ: ભારતના બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી અને હેડ-કોચ ગૌતમ ગંભીર વચ્ચે મતભેદ હોવાની અટકળને ટીમ ઇન્ડિયાના બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે ખોટી પાડતાં કહ્યું છે કે પ્રૅક્ટિસ સેશનમાં ભલે બન્ને વચ્ચે અંતર જોવા મળતું હોય, પરંતુ તેઓ દિવસમાં ૧૦ વખત એકમેક સાથે વાતચીત કરતા હોય છે.

થોડા સમયથી અટકળ ચાલી રહી છે કે કોહલી અને ગંભીર એકબીજા સાથે નથી બોલતા અને પ્રૅક્ટિસ સેશનમાં કોહલી હેડ-કોચને મળવાનું ટાળતો હોય છે. એવી પણ અટકળ ફેલાઈ છે કે બીસીસીઆઇને કોઈએ વિનંતી કરી છે કે કોઈ મધ્યસ્થીની મદદ લો, કોહલી-ગંભીરને ટેબલ પર સામસામે લાવો અને તેમની વચ્ચેનો ખટરાગ દૂર કરાવો. બર્મિંગમની પ્રથમ વન-ડે અને કાર્ડિફની બીજી વન-ડે પૂર્વે પ્રૅક્ટિસ સત્ર દરમ્યાન કોહલી-ગંભીર વચ્ચે કોઈ વાતચીત નહોતી થઈ અને સેશન બાદ કોહલી બૅટિંગ-કોચ કોટક સાથે ચર્ચા કરી રહેલો જોવા મળ્યો હતો અને ત્યાર બાદ કોટકે ગંભીર સાથે વાતચીત કરી હતી.



### બન્ને વચ્ચે મધ્યસ્થીની જરૂર નથી

શું તમે કોહલી-ગંભીરના મતભેદો દૂર કરવા માટેની કડી બન્યા છો? એવા એક પત્રકારના સવાલના જવાબમાં કોટકે હસતાં કહ્યું, ‘વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર દિવસમાં દસ વખત એકમેક સાથે વાતચીત કરતા હોય છે. મને નથી લાગતું કે તેને (કોહલીને) ગંભીર સુધી પોતાના વિચારો પહોંચાડવા કોઈ મધ્યસ્થીની જરૂર છે. બન્ને જણ એકમેક સાથે નથી બોલતા એ વાત ક્યાંથી આવી એ જ મને નથી સમજાતું. એ માત્ર અફવા છે.’

### કોહલીને કોઈએ વણમાગી સલાહ ન આપવી જોઈએ: કોટક

કોટકની પહેલાં અભિષેક નાયર ટીમ ઇન્ડિયાનો બૅટિંગ-કોચ હતો. નાયરે તાજેતરમાં કહ્યું હતું કે ‘જ્યાં સુધી ખુદ વિરાટ બૅટિંગની બાબતમાં કોઈ પ્રકારની સલાહ ન માગે ત્યાં સુધી તેને કોઈએ સલાહ ન આપવી જોઈએ એવું મારું માનવું છે.’ નાયરની આ વાતના અનુસંધાનમાં કોટકે પણ કહ્યું છે કે ‘વિરાટ જ્યારે બૅટિંગ કરવા જવાનો હોય ત્યારે જ્યાં સુધી તે કોઈ બાબતની સલાહની અપેક્ષા ન રાખે અથવા કોઈ મોટી વાતથી તેને વાકેફ ન કરવાનો હોય ત્યાં સુધી તેને ખલેલ પહોંચાડવાનો કોઈ અર્થ જ નથી. તેને વણમાગી સલાહ આપવાની કોઈ જ જરૂર નથી હોતી.’

કોહલી સાથે બૅટિંગની બાબતમાં તમારી શું ચર્ચા થતી હોય છે? એવું પૂછાતાં કોટકે કહ્યું, ‘અમે ખાસ કરીને તેના ફૂટવર્ક બાબતમાં ચર્ચા કરીએ છીએ. કેટલીક બાબતો પર કાર્ડિફની ગુરુવારની બીજી વન-ડે પૂર્વેના નેટ સેશનમાં અને નેટ-પ્રૅક્ટિસ પછી તેની સાથે મારી ચર્ચા થઈ હતી.’ ■

રવિવારે મધરાત બાદ આર્જેન્ટિના-સ્પેન વચ્ચે નિર્ણાયક જંગ

# જાણો છો, કોણ જીતશે રવિવારની ફિફા વર્લ્ડ કપ ફાઇનલ? સુપર કમ્પ્યુટરે તો નક્કી કરી લીધું છે!

ન્યૂ યૉર્ક: વિક્રમજનક ૪૮ દેશની ટીમના સમાવેશ સાથે ૧૧મી જૂને શરૂ થયેલા ૨૩મા ફિફા વર્લ્ડ કપની કુલ ૧૦૨ મૅચ રમાઈ ગઈ અને હવે ફક્ત બે મૅચ બાકી રહી છે ત્યારે સૌને વિચાર થતો હશે કે રવિવારે (ભારતીય સમય અનુસાર મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યાથી) આર્જેન્ટિના અને સ્પેન વચ્ચેની ફાઇનલ કોણ જીતશે? આર્જેન્ટિનાને બૅક-ટુ-બૅક ટાઇટલ જીતવાની તક છે, જ્યારે સ્પેનને ૨૦૧૦ પછી હવે ૧૬ વર્ષે ફરી વર્લ્ડ ચૅમ્પિયન બનવાનો મોકો છે. કરોડો ફૂટબૉલપ્રેમીઓનો ભલે કંઈ પણ મત હોય, પણ ઑપ્ટા ઍનલિસ્ટના સુપર કમ્પ્યુટરે તો નક્કી કરી લીધું છે કે કોઈ ફાઇનલ જીતી જશે.

આર્જેન્ટિનાની આગેકૂચ આ વખતે કોઈ ન રોકી શક્યું, પણ હવે સ્પેન વિઘ્ન બની શકે, કારણકે વિશ્વમાં આ એક જ દેશ એવો છે જેની ફૂટબૉલ ટીમે વર્લ્ડ કપની એક ટૂર્નામેન્ટમાં સૌથી વધુ છ મૅચમાં હરીફોને એક પણ ગોલ નથી કરવા દીધો. એ જોતાં, આર્જેન્ટિનાને રવિવારે સ્પેન સામેના જંગમાં અન્ય હરીફોની સરખામણીમાં જીતવું વધુ મુશ્કેલ તો લાગશે જ.

સુપર કમ્પ્યુટરની ગણતરી મુજબ ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં સ્પેન ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાને હરાવશે. ટ્રૉફી જીતવા વિશેની ટકાવારીમાં સ્પેનને ૫૬.૦૫ ટકા અને આર્જેન્ટિનાને ૪૩.૯૫ ટકા મળ્યા છે.

સ્પેન જીતશે તો એ એની બીજી વર્લ્ડ કપ ટ્રૉફી કહેવાશે. જો આર્જેન્ટિના જીતશે તો આ ટાઇટલ ડિફેન્ડ કરનાર ત્રીજો દેશ બનશે. ઇટલી ૧૯૩૪માં અને ૧૯૩૮માં ફિફા વર્લ્ડ કપ જીત્યું હતું, જ્યારે બ્રાઝિલ ૧૯૫૮માં અને ૧૯૬૨માં ટાઇટલ જીત્યું હતું. પેલે બ્રાઝિલના ગ્રેટેસ્ટ ફૂટબોલર મનાય છે અને તેમણે ૧૯૫૮ તથા ૧૯૬૨ ઉપરાંત ૧૯૭૦માં પણ બ્રાઝિલને વર્લ્ડ કપ જિતાડ્યો હતો.

# ભારત બીજી વન-ડે હાર્યું, ૯૯ રન પર અટકી ગયેલા જો રૂટે પોતે જ ૨૧મી સેન્ચુરી ટાળી

**ભૂતપૂર્વ કૅપ્ટને કહ્યું, ‘મારા માટે સદી કરતાં ટીમની જીતનું મહત્ત્વ વધુ છે એટલે મેં જ ઍટકિન્સનને વિનિંગ રન બનાવી લેવા કહેલું’**




કાર્ડીફ: અહીં ગુરુવારે રાત્રે સોફિયા ગાર્ડન્સના મેદાન પર ઇંગ્લૅન્ડે ભારત સામે સિરીઝની બીજી વન-ડેમાં ૩૫ બૉલ અને ચાર વિકેટ બાકી રાખીને વિજય મેળવ્યો ત્યાર બાદ મૅન ઑફ ધ મૅચ જો રૂટે (૯૯ અણનમ, ૧૩૩ બૉલ, નવ ચોગ્ગા) એક ચર્ચા બાબતમાં ખુલાસો કર્યો હતો.

ભારતે વિરાટ કોહલીના ૬૫ રન, શ્રેયસ ઐયરના ૬૬ રન, કેપ્ટન શુભમન ગિલના ૩૧ રન અને જસપ્રીત બુમરાહના અણનમ ૨૦ રનની મદદથી ૨૩૩ રન કર્યા ત્યાર બાદ ઇંગ્લૅન્ડે ૪૪.૧ ઓવરમાં છ વિકેટના ભોગે ૨૩૫ રન કરીને વિજય મેળવી લીધો હતો. એ સાથે ત્રણ મૅચની સિરીઝ ૧-૧ની બરાબરીમાં થઈ ગઈ છે.

### જો રૂટે મોકો મળવા છતાં સદી પૂરી ન કરી

ભૂતપૂર્વ કેપ્ટન અને વનડાઉનમાં રમવા આવેલો જો રૂટ ૯૯ રન પર જ અટકી ગયો હતો અને વન-ડેની ૨૧મી સેન્ચુરીથી વંચિત રહ્યો હતો. ભારતને હરાવતાં પહેલાં ઇંગ્લૅન્ડના ૩૫ બૉલ બાકી હતા એટલે જો રૂટ આરામથી સેન્ચુરી પૂરી કરી શક્યો હોત. જોકે તેણે સદી પૂરી કરવાને બદલે ટીમ માટે જરૂરી વિજય રન મેળવી લેવા ઍટકિન્સનને કહ્યું હતું.

### જો રૂટે ઍટકિન્સનને શું કહ્યું હતું?

જો રૂટ ૯૯ રને અને ગસ ઍટકિન્સન ૨૩ રને અણનમ રહ્યો હતો. ૧૯૭મા રને વિલ જૅક્સની છઠ્ઠી વિકેટ પડ્યા બાદ રૂટ અને ઍટકિન્સન વચ્ચે ૩૮ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. ૨૧મી વન-ડે સદી પૂરી કરવા માટે રૂટને એક જ રનની જરૂર હતી છતાં તેણે એ નહોતો બનાવ્યો અને ટીમને વહેલો વિજય અપાવવા સદી જતી કરી હતી એ વિશે મૅચ બાદ પૂછ્વામાં આવતાં તેણે કહ્યું હતું કે ‘ખરું કહું તો હું ક્યારેય અંગત સિદ્ધિ હાંસલ કરવા માટે રમતો જ નથી. હું ટીમને વિજય અપાવવાના એકમાત્ર ઇરાદાથી જ મેદાન પર ઊતરું છું. ટીમને વિજય અપાવવો મારો સૌથી પહેલો અગ્રક્રમ હોય છે. સેન્ચુરી પૂરી જ કરવી એ મારા માટે જરાય મહત્ત્વનું નથી. મેં ઍટકિન્સનને કહી દીધું હતું કે મારી સદી પૂરી કરવા વિશે તું ચિંતા નહીં કરતો. તું તારી રીતે શૉટ ફટકારતો રહેજે અને ટીમને જિતાડવા માટે જરૂરી રન બનાવી લેજે. અમે વર્લ્ડ નંબર-વન ભારતને હરાવ્યું એનો મને વધુ આનંદ છે. ટીમને જિતાડતી વખતે છેક સુધી ક્રીઝમાં રહેવા કરતાં વિશેષ આનંદ બીજો કોઈ નથી.’

### સોશ્યલ મીડિયા પર જો રૂટની પ્રશંસા

જો રૂટે ટીમને જિતાડવા જે નિસ્વાર્થ ભાવ બતાવ્યો એ બદલ સોશ્યલ મીડિયામાં તેની ખૂબ વાહ વાહ થઈ રહી છે.

### હવે છેલ્લી વન-ડે ક્યારે?

ભારત અને ઇંગ્લૅન્ડ સિરીઝમાં ૧-૧ની બરાબરીમાં છે. હવે ત્રીજી અને છેલ્લી વન-ડે રવિવારે (ભારતીય સમય અનુસાર બપોરે ૩.૩૦ વાગ્યાથી) લૉર્ડ્સમાં રમાશે. રોહિત શર્માની એ કદાચ અંતિમ આંતરરાષ્ટ્રીય મૅચ બની રહેશે.

# આર્જેન્ટિનાને વર્લ્ડ કપની બહાર કરવા માગતા હતા ૭૨ લાખ લોકો, પિટિશન પર સહી કરી હતી: જાણો, શું હતું કારણ...

ઍટલાન્ટા: બુધવારે મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યાથી રમાયેલી ફિફા વર્લ્ડ કપની બીજી સેમિ ફાઇનલમાં હૅરી કેનના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડની ટીમ આર્જેન્ટિનાને હરાવીને ટૂર્નામેન્ટની બહાર કરવા માટે પાક્કી તૈયારી કરીને આવી હતી, પણ એ પહેલાં ૭૨ લાખથી વધુ ફૂટબૉલપ્રેમીઓ આર્જેન્ટિના સેમિ ફાઇનલ પહેલાંથી જ વર્લ્ડ કપની બહાર થઈ જાય એવું ઇચ્છતા હતા.

આ વર્લ્ડ કપમાં રેફરીને લગતા જેટલા વિવાદ થયા એટલા અગાઉના બાવીસ વર્લ્ડ કપમાં ભાગ્યે જ થયા હશે. વાત એવી છે કે અસંખ્ય લોકોની એવી દલીલ હતી કે ‘વર્લ્ડ કપનું મુખ્ય આયોજક ફિફા તેમ જ રેફરી આર્જેન્ટિના-તરફી પક્ષપાતી વલણ ધરાવતા જોવા મળ્યા છે. વિજેતા જો નક્કી જ હોય તો શેષ વિશ્વ શું કામ મુકાબલામાં ઊતરે? આર્જેન્ટિનાને વર્લ્ડ કપની બહાર કરો અને બીજી ટીમોને બરાબરીનો મોકો આપો.’

ચીનના એક જાણીતા દૈનિકના અહેવાલ અનુસાર ઑનલાઇન પિટિશન અભિયાનમાં ૭૨ લાખથી વધુ લોકોએ ભાગ લીધો અને આર્જેન્ટિનાને તાબડતોબ વિશ્વ કપની બહાર કરવાની માગણી કરી હતી. તેમણે આ પગલું રેફરીના કથિત પક્ષપાતી નિર્ણયોને લીધે લીધું હતું.

આ ફૂટબૉલ ફૅન્સે આક્ષેપ કર્યો હતો કે રેફરીઓ લિયોનેલ મેસી અને આર્જેન્ટિનાને સાથ દઈ રહ્યા છે. સોશ્યલ મીડિયામાં રેફરીઓના કેટલાક નિર્ણયો સામે સવાલ ઉઠાવવામાં આવ્યા છે. તેમણે આ ઝુંબેશ એક લિન્ક પર શરૂ કરી હતી.

# એમસીએફની કૅરમ ટૂર્નામેન્ટના સિંગલ્સ-ડબલ્સના વિજેતાઓ



મુંબઈ: મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા આયોજિત કૅરમ ટૂર્નામેન્ટમાં પુરુષોના વર્ગમાં સિંગલ્સમાં વેદાંત રાણે વિજેતા અને ભાવેશ બખાઈ બીજા સ્થાને રહ્યા હતા. પુરુષોના ડબલ્સમાં પરાગ નાડકર્ણી અને સ્વપનિલ જોશીની જોડી વિજેતા તેમ જ અમિત કંસોદરીયા અને ભાવેશ બખાઈની જોડી બીજા નંબરે રહી હતી. વેટર્ન્સ સિંગલમાં ઉદયકુમાર નાઈક વિજેતા અને રવીન્દ્ર ભયાડે બીજા સ્થાને રહ્યા હતા. વેટર્ન્સ ડબલ્સમાં તરુણ શાહ અને પદ્માકર સિધાયેની જોડી વિજેતા અને વિજયકુમાર મિસ્ત્રી તેમ જ અનંત શિર્કેની જોડી બીજી આવી હતી. પુરુષોના સિંગલ્સમાં ૬૭, વેટર્ન્સ સિંગલ્સમાં ૩૧, પુરુષોના ડબલ્સમાં ૬૦ અને વેટર્ન્સ ડબલ્સમાં ૩૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ■

# મોરિશ્યસ આઇસીસીનું ૧૧૧મું મેમ્બર-રાષ્ટ્ર, વેસ્ટ ઇન્ડિઝના બોર્ડને અધધધ...૧૨૩ કરોડ રૂપિયાની લોન

કૅનેડા ઠેકાણે આવી રહ્યું છે ત્યાં હવે ફ્રાન્સને આઇસીસીએ મોકલી નોટિસ!

એડિનબર્ગ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ અહીં વીકએન્ડમાં આયોજિત વાર્ષિક પરિષદમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લીધા જેમાંનો એક નિર્ણય એ હતો કે મોરિશ્યસને આઇસીસીનું ૧૧૧મું મેમ્બર-રાષ્ટ્ર બનાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે મોરિશ્યસની વર્તમાન ટીમમાં વિનેશભાઈ પટેલ નામના ગુજરાતી ખેલાડી સહિત ભારતીય મૂળના કુલ ચાર ખેલાડી છે.

જય શાહના અધ્યક્ષસ્થાન હેઠળની આઇસીસીએ આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહેલા વેસ્ટ ઇન્ડિઝના ક્રિકેટ બોર્ડને પોતાના ટાપુઓમાં ક્રિકેટના વિકાસ સંબંધમાં ૧.૨૮ કરોડ ડૉલર (અંદાજે ૧૨૩ કરોડ રૂપિયા)ની લોન મંજૂર કરી છે.

કૅનેડાના ક્રિકેટ બોર્ડે આઇસીસીની મેમ્બરશિપને લગતા કેટલાક નિયમોનો ભંગ કર્યો એ બદલ એ બોર્ડને જૂનમાં સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. આઇસીસીએ એ સસ્પેન્શન જાળવી રાખ્યું છે, પણ આઇસીસીએ પોતાની અમુક જરૂરિયાતો પૂરી કરવામાં આવે તો બોર્ડની કેટલીક શરતો મંજૂર કરવાની તૈયારી બતાવી છે. શ્રીલંકન બોર્ડને પણ આઇસીસીએ વહેલાસર ચૂંટણી રાખવાની સૂચના આપી છે.

ફ્રાન્સના ક્રિકેટ બોર્ડે આઇસીસીની મેમ્બરશિપને લગતા કેટલાક માપદંડનો ભંગ કર્યો હોવાથી આઇસીસીએ (નવી કોઈ પણ છૂટછાટ જાહેર કરવાનું ટાળીને) આ દેશના ક્રિકેટ બોર્ડને નોટિસ પિરિયડ પર રાખ્યું છે.

## વૉશિંગ્ટન સુંદરને ઈજા, રવિવારે નહીં રમે

ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની પ્રથમ વન-ડેમાં અક્ષર પટેલ સાથેની જોડીમાં ભારતને શાનદાર વિજય અપાવનાર ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને પગમાં ઈજા થઈ છે જેને કારણે તે રવિવારની નિર્ણાયક મૅચમાં નહીં રમે. તેના સ્થાને કુલદીપ યાદવને રમાડવામાં આવશે એવી સંભાવના છે. ■

# AN EVENING OF HONOURS AND RECOGNITION AT THE BRIGHT REAL ESTATE, RE-DEVELOPMENT & SRA ICONS

The BRIGHT SIGNATURE EVENT SERIES AWARDS 2026 concluded with an extraordinary evening celebrating excellence across diverse industries. The prestigious event brought together distinguished leaders, innovators, entrepreneurs, and achievers under one roof to honor outstanding contributions, inspire future success, and recognize those who have set new benchmarks in their respective fields.






(From-Left) **Mr. Mukesh Sharma, Mr. Rajeeb Dash, Mr. Manan Shah, Ms. Nikita Rawal, Dr. Yogesh Lakhani, Ar. Vivek Bhole, Mr. Harrish Kumar Jain and Mr. Pinakin Shah,** Lighting a ceremonial lamp

**Dr. Yogesh Lakhani** and **Mr. Mukesh Sharma** Hand's over the Token of Appreciation to Mr. Varun Dhawan (Actor)

**Dr. Yogesh Lakhani** Hand's over the Token of Appreciation to Mr. Shekhar Suman (Actor)

Special Panel Discussion in Bright Real Estate Redevelopment & SRA Conclave - Awards 2026 (From Left) - **Mr. Rajeeb Dash, Ar. Vivek Bhole, Mr. Harrish Kumar Jain, Mr. Manan Shah,** Moderator - CA. Manthan Mehta

**Mr. Madhu Bathija** from Paradise Group being Felicitated for the Iconic Developer of the Decades

**Mr. Rajendra Rajan & Ms.Neela** from Transindia Group being Felicitated for the Iconic Project of the Year-Transindia Meridian by TransIndia Group

**Mr. Ramesh Jain** from Samarpan Homes & Developers being Felicitated for the Visionary Leader in Redevelopment

**Dr. Niranjan Hiranandani** from Hiranandani Group Felicitated for the Legend of Indian Real Estate



**Mr. Amit Rajgor** from VM Constructions being Felicitated for the Iconic Developer-Navi Mumbai & Iconic Reconstruction Project, Mohan Samah - Nerul, Navi Mumbai

**Mr. Manan Shah** from MICL Group being Felicitated for the Bright Realty Personality of The Year

**Mr. Varun Khushalani and Mr. Monty Khushalani** from Adityaraj Group being Felicitated for the Landmark Redevelopment Project of The Year, Adityaraj VIVA - Sion

**Ms. Aishwarya Gawankar** from Kaustubh Group being Felicitated for the Women Leader in Redevelopment

**Mr. Nimit Mehta** from JVM Spaces being Felicitated for the Iconic Residential Redevelopment Project, Shanay Vista-Ghatkopar

**Mr. Pankaj Shah** from S. P. Infra Consultants Pvt Ltd. being Felicitated for Visionary Thought Leader in Redevelopment & SRA

**Mr. Rajeeb Dash** from Adani Realty being Felicitated for the Real Estate Growth Strategist of the Year

**Ms. Tanya Goel** from Rudra Builders being Felicitated for the Women Leader in Real Estate

**Mr. Pratik Parab** on Behalf of **Mr. Ibaad Memon** from BC Corp being Felicitated for the Iconic Luxury Residential Redevelopment Project, Avita - Bandra East



**Mr. Aarsh Batavia & Mr. Bhavya Batavia** from Labharti Realities being Felicitated for the Iconic Residential Redevelopment Project - Labh Sapphire

**Mr. Pujan Dedhia & Mr. Raj Mavani** from Rajshree Builders being Felicitated for the Iconic Redevelopment Commercial Project, Rajshree Fortuna

**Mr. Sahil Mehta** from Vardhaman Group - Sahil Mehta Venture Felicitated for the Iconic Builder in Redevelopment-Central Mumbai

**Mr. Anand Giri** from Yashika Prime Infrastructure being Felicitated for the Best Construction Company

**Mr. Ramesh Jain & Mr. Ankit Jain** from Samarpan Homes & Developers being Felicitated for the Landmark Redevelopment Project of the year - Utopia

**Mr. Harrish Kumar Jain** from H Rishabraj Felicitated for the Iconic Developer In Redevelopment

**Mr. Rohan Dubey** from I-Stay Housing Felicitated for the Customer's Choice Of The Year

**Mr. Laxman Yadav** from Shivraj Group being Felicitated for the Emerging Leader in Real Estate

**Mr. Kaustubh Gawankar** from Kaustubh Group being Felicitated for Fastest Redevelopment Completion Award for the Project-Kaustubh Vistaris, Kaustubh Vanrai, Kaustubh Primrose



**Mr. Nikhil Thakkar** from Nishcon Realty being Felicitated for the Excellence in Redevelopment & SRA

**Mr. Monty Khushalani** and **Mr. Varun Khushalani** from Adityaraj Group being Felicitated for the Iconic Residential Redevelopment Project, Adityaraj Supreme - Chembur

**Mr. Rudra Barot** from Rudra Builders being Felicitated for the Rising Star in Real Estate

**Mr. Varun Sanghavi** on Behalf of **Mr. Mehul Sanghavi** from Shrreeji Sharan Group of Companies being Felicitated for the Lifetime Achievement Award in SRA

**Mr. Pinakin Shah** from Mahaveer Construction being Felicitated for the Iconic SRA Developer

**Ar. Vivek Bhole** from Vivek Bhole Architects Pvt Ltd. being Felicitated for the Architect Of The Year-Redevelopment

**Mr. Mangesh Kandalgaonkar** from Purvankara being Felicitated for the Iconic Luxury Redevelopment Project of The Year - Purva Estrella

**Ms. Tina Shah** from KN Design Studio being Felicitated for the Iconic Young Architect

**Ms. Kanchan Thakur** from Cockpit Marketing Experience being Felicitated for the Iconic Marketing Solution Provider



**Mr. Gaurav Jain** from Jain Shri Groups being Felicitated for the Iconic Luxury Villa-Green City Goa - by Jain Shri Group - North of Goa

**Mr. Vardhman Singhvi** from Nirvaana Construction Co. being Felicitated for the Emerging Developer

**Ms. Nikita Rawal** from S Series & Nikita Rawal Production being Felicitated for Title Sponsor

**Mr. Dhruv Saini** from KT Life being Felicitated for the In Partnership Sponsor

**Mr. Sachin Gaur & Mr. Sunil HR** from Surya Roshni Limited being Felicitated for the Indias Trusted Infrastructure & Electrical Solution Company

**Mr. Utkarsh Shah & Mr. Jinang Vora** from 1FC being Felicitated for the Powered By Sponsor

**Mr. Rakesh Bansal** from Ambition Group being Felicitated for the Iconic Developer - Delhi & Patna

**Mr. Manoj Adlakha** from Redberyl being Felicitated for the Luxury lifestyle partner

**Mr. Aditya Mehta & Mr. Yusuf Faras** from Arham Money Felicitated for the Wealth Partner

# AN EVENING OF HONOURS AND RECOGNITION AT THE BRIGHT BUSINESS ICONS



**Mr. Sangeet Hemant Kumar** from SHK Global Ventures Felicitated for the Enterpreneur of the Year

**Ms. Xariya S. Kshatriya** from Xariya Felicitated for the Bright Wellness Enterpreneur for the year & Style Icon

**Ms. Priti Singh & Mr. Elijah Noroha** from Arham Money Felicitated for the Fastest Growing Fintech Loan Aggregator

**Mr. Pratish Ambedkar** from iLeaf Banquets Felicitated for the Excellence in Banquets & Event Hospitality

**Mr. Salim Patel** from Energyia Fitness Felicitated for the Most Trusted Fitness Brand

**Ms. Anupama Prakash and Ms. Neha Wasnik** from Bloomistrys Felicitated for the New Venture in Decor

**Mr. Hiten Mehta** from Bhavsar & Mehta & Co. Felicitated for the Iconic Law Firm of India

**Mr. Sunil Gaur** from Surya Roshni Limited Felicitated for the Consumer Electrical Brand of The Year

**Mr. Mehul Ratanghayra** from Shreedestinations Travel Pvt Ltd. Felicitated for the Iconic Tours & Travel Company



**Ms. Neela** from Transindia Media & Enetrtainment Pvt Ltd. Felicitated for the Iconic Business Women

**Mrs. Saee Pratish Ambedkar and Ms.Priyal Ladkat** from The Basileio Felicitated for the Iconic Luxury Dining Destination

**Mr. Kadam MB Shahh** from Moksha Group Felicitated for the Retail & Distribution Leader Of The Year and NU Feliciated for Most Promising Premium Consumer Brand

**Mr. Krishna Aneja** from Seora Saloon Felicitated for Iconic Saloon for the Hair & Skin

**Mr. Mehul Haria** from Haria Food Products - Since 1984 Felicitated for the Iconic Industrialist

**Mr. Vinod Shah** from Jinal Studio Felicitated for the Iconic Photographer of The Year

**Mr. Pravin Sitaram Pardesi** from Pravin Chinese Restaurant Felicitated for the Iconic Chinese Restaurant-Thane City

**Ms. Bhumi Shah** from Bhumis Devine Touch & Logical Solution Felicitated for the Iconic Vastu Consultant

**Mr. Amod Bramhe** from Anytime Barter Ventures Felicitated for the Iconic Solution Provider



**Mr. Dipesh Gindra** from Cloud 9 Felicitated for the Excellence In Packaged Drinking Water

**Mr. Nitin Maru** from Tripund by Nitin & Nihal Felicitated for the Excellence In Mens Ethenic Wear

**Mr. Sachin Gaur & Ms. Sanchita Sarkar** from Surya Roshni Limited Felicitated for the Professional Lighting Solutions Company of The Year

**Ms. Prachi Thakkar** from Reveal Fitness Felicitated for the Best Premium Gym

On Behalf of **Mr. Vinit Gala, Ms. Dipali Vartak & Ms. Disha Shah** from Arinco Solutions Pvt Ltd. Felicitated for the Iconic Home Improvement

**Ms. Shreya Shah** from Shreni Shares Ltd. Felicitated for the Iconic Share & Stock Broker

**Mr. Ankul Tripathi** Felicitated for the Young Entrepreneur and Social Worker

**Ms. Anjali Chandan Jha** from AAA Publicity Pvt Ltd. Felicitated for the Outdoor Media Excellence Award

**Dr. Ajit Ravi** from Prgasus Global Pvt Ltd. Felicitated for the Most Admired Business Group



**Mr. Manoj Mishra** from Surya Roshani Limited Felicitated for the Indias Trusted Infrastructure & Electrical Solutions Company

On Behalf of **Mr. Udayann Shah, Ms. P. Shilpaa Dhaar** from Millar House Felicitated for the Iconic Restaurant and pub

**Mr. Vishal Sharma & Mr. Milind Kadam** from Nexus Entertainment Felicitated for the Emerging Event Company

**Mr. Bhavesh Sanghvi** from Bhavesh Sanghvi Jewels Felicitated for the Iconic Jeweller

**Ms. Rupali Sapkall** Felicitated for the Iconic Corporate Emcee - 2026

**Ms. Sanam Pathan** Felicitated for the Iconic Designer Clothing Brand - Sanam's

**Ms. Rasha Kirmani** Felicitated for the Startup Sucess Award

**Mr. Gaurav Jain** from Lamppost Boutique Hotel (A Unit Of Jain Shri Groups) Felicitated for the Iconic Boutique Hotel

**Mr. Sandeep B Sonawane** from Hotel Sai Sangam - Shirdi Felicitated for the Iconic Hotel



**Mr. Paresh Shah** from Shree Ganesh Emporium Felicitated for the Iconic Home Kitchen Ware Store

**Mr. P S Jayachandra Raju** from Sri Bhoosiri Hospitality Pvt Ltd. Felicitated for the Excellence in Hospitality

**Mr. Manish Agarwal** from Neem Holidays Felicitated for the Iconic Family Package Travel Company

**Ms. Aastha** from Aastha Foundation Felicitated for the Iconic NGO for Kids


On Bahalf of **Mr. Dhruv Saini, Ms. Charu Sharma** from KT Life Felicitated for the Iconic Personal Care Brand of the Year

**Mr. Bhavik Sakaria** from Elizza Diamonds & Mountings India Felicitated for the Jewellery Icon Award

**Mr. Manoj Adlakha** from Redberyl Felicitated for the Luxury Lifestyle Partner

**Adv. Sujit Chaudhary & Adv. Namrata Sharma** from SN Law Partners Felicitated for the Most Promising Legal Firm

**Mr. Sohail Merchant** from Zell Education Felicitated for the Best Finance Training Institute of the year




**એ સરળ સ્ત્રીને એ વિચાર પણ નહોતો આવ્યો કે તેના ખોળામાં રમતી બાળકી મોટી થઈ પોતાના બાપ વિશે પૂછશે ત્યારે પોતે શો જવાબ આપશે...**

મારી કિસ્મત તો જુઓ કે હું એક જગ્યાએ જન્મી, બીજી જગ્યાએ આંખો ખોલી અને ક્યાંક ત્રીજી જ જગ્યાએ મોટી થઈ. નો ડાઉટ કે આજે મારી ઓળખ અને સ્ટેટ્સ છે તે બિલકુલ મારા પપ્પાના થકી છે. જો પપ્પા મક્કમ ન રહ્યા હોત, તો હું ક્યાં હોત તે વિચારે ધ્રુજી જાઉં છું. અમે કોટાથી જયપુર આવી ગયા. જયપુરમાં અમને કોઈ ઓળખતું નહોતું.

‘એક મિનીટ. તમારા મમ્મીનાં દેખીતાં લગ્ન તો થયા નહોતા. તો કોઈએ મમ્મીની પ્રેગ્નન્સી બાબતે કોઈ સવાલ નહોતો કર્યો?’

‘સનત મારો જન્મ અને તેની સાથે જોડાયેલી ઘટનાઓ વિચિત્ર છે. વાસ્તવમાં મારા નાનાને કોઈ પરિવાર જ નથી. મારા નાનાની મા એમને આંગળિયાત લાવી હતી. એમની મા સાથે લગ્ન કરનાર પુરુષે પછી મારા નાનાને કાઢી મૂક્યો હતો. મારા નાના રખડી રવડીને મોટા થયા. એ બિકાનેર બાજુના છે. મારી નાની પુસ્કરની છે. એક મેળામાં બંનેની આંખો મળી અને નાના નાનીને ભગાવી ગયા હતા. એટલે નાનીને પણ કોઈ પરિવાર નથી. સમજાય છે કે આ બધું કેમ થયું? નહીંતર કંઈ એમ કોઈ છોકરી નવ મહીના ખુલ્લી ફરી શકે?’

‘તમે છેલ્લે ક્યારે તમારા નાના નાનીને મળ્યા છો?’

‘ઘણાં વર્ષ થયાં. જોકે કોઈને ખબર નથી કે હું એમને મળી છું. હવે અમારી વચ્ચે કોઈ કોન્ટેકટ પણ નથી. વળી મારા બેય મામા પરણી ગયાં છે, એમને ત્યાં છોકરા છે. હવે સંબંધ રાખવો એમના માટે મુશ્કેલી પેદા કરે તેમ છે. મારા પપ્પા અમને મુંબઈ લઈ આવ્યાં પછી એ પરિવાર સાથે લગભગ નાતો રહ્યો જ નથી એમ કહીએ તો ચાલે. જોકે મારા પપ્પાએ નાના નાનીને તે વખતે જ કહી દીધુ હતું, હું ગંગાને મુંબઈ લઈ જાઉં છું, પણ તમે કદી મુંબઈ આવતાં નહીં. મારી મમ્મી સારું થઈને નાના નાનીએ એ શરત સ્વીકારી લીધી હતી. મમ્મીએ પણ મુંબઈ આવ્યા પછી કદી મારા પપ્પાને કહ્યું નહોતું કે તેને માવતરે જવું છે. એ જુદી માટીની સ્ત્રી હતી. રાજસ્થાન જેવા ભાવુક પ્રદેશની, ઓછું ભણેલી સ્ત્રી જ્યારે કોઈ મોટા ઘરની વહુ બનીને આવે ત્યારે બે સ્થિતિ થાય. કાંતો એ છકી જાય અથવા મુંઝાઈ મરે. મારી મમ્મી છકી જાય તેવી નહોતી. એ માલેતુજાર ઘરની એટીકેટ અને વ્યવસ્થાઓમાં મૂંઝાતી. ત્યાં પપ્પા સિવાય એને પડખે કોઈ જ નહોતું.’

‘તમે કેવી રીતે મુંબઈ પહોંચ્યાં?’

‘આજે મારા પપ્પા અને મમ્મીની સ્ટોરી વિશે વિચારું છું તો મને બેય તરફ માન જાગે છે. મારા પપ્પા પૈસાદાર હતા તેમ છતાં તેમણે મારી માને છોડી નહોતી દીધી અને મારી માએ કદી કોઈ જીદ્દ કરી નહોતી.’

‘પેલી ટેલીફોનવાળી ઘટના પછી તમારા દાદાએ તમારા પપ્પાને કંઈ પુછ્યું નહોતું?’

‘દાદા એલર્ટ થઈ ગયા હતા. એમણે તો મારા નાનાને જેટલા રૂપિયા જોઈતા હોય તેટલા આપી લપમાંથી જાન છોડાવી લેવાનું કહી દીધેલું. મે તમને કહ્યું ને કે સામાન્ય રીતે ઝવેરીઓના ઘરમાં ન હોય તેવી કેટલીક બાબતો મારા ઘરમાં હતી. તમને નવાઈ લાગશે. રાતે દાદા અને મારા પપ્પા બેય ડ્રીન્ક સાથે લેતા. બે પેગ પેટમાં જાય એટલે મારા પપ્પાની જીભ છુટી જતી. એ મારી અને મારી મમ્મીની લવારીએ ચડી જતા. પણ દાદા પાકા ખેલાડી હતા. એમને બીક હતી કે મારી મમ્મી ગમે ત્યારે મને લઈને મુંબઈ આવી જશે. મારા પપ્પાને મારી મમ્મીનું ખેંચાણ એવું ને એવું જ હતું. એ ખેંચાણ જ એમને રાજસ્થાન લઈ આવતું. એટલે એકવાર મારા દાદા અને પપ્પા બેય સામસામે આવી ગયેલા. પપ્પાને દલીલો કરવી, ઝગડવું ગમે નહીં. એમણે કંટાળીને કહી દીધું, હું ગંગાને નહી મૂકું. તમને ન ગમતું હોય તો હું કાયમ માટે રાજસ્થાન ચાલ્યો જાઉં. દાદા જમાનાના ખાધેલ હતા. તેમણે પપ્પાને ગંભીરતાથી કહ્યું કે, તારે ત્યાં જે કરવું હોય તે કરજે, પણ એ વાતની અહીં કોઈને ખબર ન પડવી જોઈએ. અને એ છોકરી તારી છે એવું કહેવાની એ લોકોની હિમત ન થવી જોઈએ.’

‘તમારા દાદાને કદી તમારું મોં જોવાની ઈચ્છા નહોતી થઈ?’

‘લે કેવી વાત કરો છો? એ તો એમ જ સમજતા હતા કે મારા પપ્પા એક નંબરના મૂર્ખ છે. એમને એ વાતની બીક હતી કે ક્યાંક મમ્મી કોર્ટમા દાવો ન કરે કે હું મોહનલાલની પત્ની છું. એક યોગાનુયોગ હતો કે મારા જન્મ પછી પપ્પાને ધંધામાં મોટી સફળતાઓ મળવા લાગી. એમણે એમ જ માની લીધું કે આ બધું મારા આવવાને કારણે થયું છે. સનત હું અમુક અંશે નાસ્તિક છું. તેમ છતાં ભાગ્યમાં માનુ છું. આ બધા ભાગ્યના ખેલ છે. એવું નહોત તો હું મુંબઈ કદી પહોંચત નહીં અને તમે આજે મને મળ્યા ન હોત. નશીબ એક પછી એક પાસાં નાખતું જતું હતું. મારી મમ્મીએ મન મનાવી લીધું હતું કે તેણે બસ આમ જ જિંદગી કાઢવાની છે. એ સરળ સ્ત્રીને એ વિચાર પણ નહોતો આવ્યો કે તેના ખોળામાં રમતી બાળકી મોટી થઈ પોતાના બાપ વિશે પૂછશે ત્યારે પોતે શો જવાબ આપશે. મારી માને આવા વિચાર શા માટે નહોતા આવ્યા તે હવે સમજાય છે.’

‘પણ સોનલ કોઈ સ્ત્રી આટલી હદે ભોળી કે સરળ હોઈ શકે?’

‘હું એટલે તો મારા પપ્પાને માફ કરી દેવા તૈયાર છું. મારા પપ્પાએ મારી માના ખાતામાં તેમણે તે સમયે ખાસ્સી કહી શકાય એવી રકમ નાખી દીધેલી. એટલું જ નહીં મમ્મી અને મારા માટે એકદમ ઉંચી બ્રાંડના કપડાં અને ચીજ વસ્તુઓ આવતી. જે પુરુષ આટલું કરતો હોય તે વિશે સ્ત્રીને નબળો વિચાર ન આવે. વળી મારી માએ પોતાની કિસ્મતને સ્વીકારી લીધી હતી. તેમ છતાં બાકાયદા એમના ઘરમાં પત્ની બનીને રહેવાનું લખાયું હતું. કુદરતે એકાએક બાજીને પલટાવી. મારા કમલામાંનું મૃત્યુ થયું.’

‘કોઈ એક્સીડેન્ટ કે બીજું કંઈ?’

‘આમ જોઈએ તો એક એક્સીડેન્ટ હતો. કમલામા શ્રીનાથજીના પરમ ભક્ત હતા. શ્રીનાથજીને તેઓ હાજરા હજુર સમજતા. ઘરમાં શ્રીનાથજીનું એક અલગ મંદિર બનાવડાવેલું, જે આજે પણ છે. કમલામા માત્ર આસ્થાળુ નહોતા. એમની આસ્થા અંધશ્રદ્ધાની હદે હતી. એમને ભગવાન જાત જાતના આદેશો કરતા અને એ પ્રમાણે ઘરમાં પૂજાઓ થતી. મારા પપ્પા રંગીન તબિયતના માણસ. એમને કમલામાની આ ભક્તિ તરફ છૂપો અણગમો હતો. કદાચ એટલે જ લગ્ન પછી મનોમન એ કમલામાથી દૂર થઈ ગયા હતા. એક દિવસ વહેલી સવારે કમલામાએ ઘરમાં બધાને જગાડ્યા. એમણે કહ્યું, શ્રી નાથજી રાતે કહી ગયા છે કે જલ્દી નાથદ્વારા પહોંચો. તમે બધા તૈયાર થઈ જાવ. આપણે નીકળવું પડશે. મારા પપ્પાએ જ નહીં, દાદાએ પણ અચાનક જવાની બાબતે નારાજી દર્શાવી. કમલામાએ સંભળાવી દીધું, ભગવાનનો હૂકમ છે. જો તમારે ન માનવો હોય તો ભોગવજો. તમે નહીં ચાલો તો હું ડ્રાઈવરને લઈને નીકળી જઈશ. દાદાને કમલામાંની જીદ્દની ખબર હતી. તેમણે મારા પપ્પાને સમજાવી લીધા.’

‘એક મિનિટ આખી કથામાં તમારા દાદીની વાત જ ન આવી.’

‘એ હોય તો આવે ને? મારા ઘરમાં સ્ત્રીઓ અધવચ્ચે જ ઉકલી ગઈ છે. મારા દાદી પણ ઝાઝું જીવ્યા નહોતા. જાણે મારા પપ્પાના લગ્ન જોવા જીવ્યા હોય તેમ પપ્પાના લગ્નના બાર મહીના પછી એ મરી ગયા હતા. જોકે એમને આર્થરાઈટ્સનો પ્રોબ્લેમ હતો.’

‘તમારા દાદાએ ખાસ્સા વર્ષો પત્ની વગર એકલા કાઢ્યા એમ જ ને?’

‘હા, પત્ની વગર કાઢ્યા પણ એકલા નહીં. એટલું ખરું કે એમણે પપ્પા જેવી ભૂલો કરી નહોતી. દાદીને યુવાનીથી જ આર્થરાઈટસના કારણે સાંધાઓની પીડા રહેતી. એથી દાદાએ એક જ સંતાનથી સંતોષ માન્યો હતો. કંઈક મારી દાદીએ પણ પોતાના પતિની જરૂરતો સમજી આંખ આડા કાન કર્યા. જોકે અમુક સ્ત્રીઓ સમજદાર હોય છે. કોઈ કારણસર કમલામાની પ્રભુભક્તિ દાદાને ગમતી પણ ખરી. એ જુલાઈ મહિનો હતો. વરસાદી વાતાવરણ જામ્યું હતું. મારા પપ્પાની જરાય ઈચ્છા નહોતી, પણ દાદાને કારણે તે નાથદ્વારા જવા તૈયાર થયા. તેમણે વિમાનમાં અમદાવાદ જઈ ત્યાંથી કારમાં જવાની વાત મૂકી. કમલામાએ એ વાતનો પણ વિરોધ કર્યો. તેમણે મુંબઈથી બાય કાર જવાનો જ આગ્રહ રાખ્યો. એ વખતે ઘરમાં નવી કાર આવી હતી. કમલામાંએ કારને પણ શ્રીનાથજીના દર્શન કરવાવા માગતા હતા. કિસ્મત અહીંથી જ પોતાનો તખ્તો તૈયાર કરતી હતી.

લગભગ સાતેક વાગે કાર મુંબઈથી રવાના થઈ. કમલામાએ પ્રણ લીધું હતું કે તે નાથદ્વારા પહોંચી દર્શન કર્યા પછી જ ખાશે પીશે. એ લોકો સવારે નીકળ્યા ત્યારે કોઈને અંદાજ નહોતો કે આગળ મુસીબતો રાહ જોઈ રહી છે. કમલામાની ગણતરી એવી હતી કે બીજા દિવસે તે નાથદ્વારા પહોંચી જશે. સુરત છોડ્યા પછી વરસાદ શરૂ થઈ ગયો. ભરૂચ પહોંચ્યા ત્યારે માઠા સમાચાર મળ્યા કે નર્મદા નદીમાં પૂર આવ્યું છે અને સરદાર બ્રીજ અને ગોલ્ડન બ્રીજ બેય બંધ કરી દેવામાં આવ્યા છે. મુંઝાયેલા પપ્પાએ રાજપીપળા થઈને જવાનું વિચાર્યું. પણ થોડા કિલોમીટર ચાલ્યા પછી મારા પપ્પાએ માથું કૂટી લીધું. એ જંગલ વિસ્તાર હતો અને ભયંકર ટ્રાફીક જામ થઈ ગયો હતો. બેય તરફ વાહનોની કતાર લાગી ગઈ હતી. એ લોકોએ ખાવાનું કંઈ લીધું નહોતું. સાથે બે નાના છોકરા હતા. એમણે પણ ભૂખ વેઠી, કંઈ થાય તેમ નહોતું. દાદા અને પપ્પા કમલામા સામે સખત નારાજ થયા. સાંજ ઢળવાની સાથે કમલામાને તાવ ચડ્યો. આગલી સાંજ પછી પેટમાં પાણીનું ટીપુંય નાખ્યું નહોતુ. ગાડીઓ થોડું ચાલીને અટકી જતી હતી. થાકેલા છોકરા સૂઈ ગયા હતા. બીજા દિવસે આઠેક વાગે અમદાવાદ આવ્યું. દાદાએ કમલામાને ઉપવાસ છોડી દેવા સમજાવ્યું પણ તે ન માન્યા. સામાન્ય રીતે બાય કાર મુંબઈથી લગભગ ચોવીસ કલાકમાં નાથદ્વારા પહોંચી જવાય. તેના બદલે ચાલીસ કલાક જેટલો સમય લાગ્યો. બીજી રાતે દસેક વાગે તેઓ નાથદ્વારા પહોંચ્યા. કમલામાંની તબિયત બગડતી જોઈ મારા દાદાએ તેમને દવા લેવા જવાનું કહ્યું તો કમલામાએ વિરોધ કર્યો. એમણે પ્રણ લીધું હતું કે તે શ્રીનાથજીના દર્શન કર્યા વગર પેટમાં કઈ નહીં મૂકે. જો દવાખાને જાય તો દવા ખાવી પડે અથવા ઈંજેક્શન લેવું પડે. દાદા અને પપ્પાએ ખૂબ સમજાવ્યા પણ તેમણે રીતસર જીદ કરી કે હું મરી ભલે જાઉં પણ દવા નહીં ખાઉં. કમલામાં આખી રાત તાવમાં તરફડતા રહ્યા. વહેલી સવારે પાછા નાહ્યા અને મંગળા આરતીના દર્શન કરવા ભીડમાં ઊભા રહ્યા. મારા પપ્પાને એટલી ખીજ ચડી હતી કે તે દર્શન કરવા જ ન ગયા.

દર્શન કર્યા પછી કમલામાએ પ્રસાદ લઈ ઉપવાસ તો છોડ્યો. પણ તેમને ફરી તાવ ચડ્યો. થોડો દિવસ ચડ્યા પછી દવાની વ્યવસ્થા થઈ. એમની સ્થિતિમાં સુધારો પણ થયો. લગભગ બપોરે એમણે ફરી એકવાર દર્શન કર્યા અને એ લોકો મુંબઈ પાછા જવા રવાના થયા. કમલામાને ખરેખર ભગવાન બોલાવતા હશે. જેમ જેમ દિવસ ઢળતો હતો તેમ કમલામાનું શરીર બગડતુ જતું હતું. ચિંતામાં પડેલા દાદા અને પપ્પાએ વચ્ચે આવતા શહેરની કોઈ હોસ્પિટલમાં એડમિટ થઈ જવાની વાત કરી પણ કમલામાની એક જ રટણ હતી. મને એકવાર મુંબઈ પહોંચાડો. હું ત્યાં જઈને દવા લઈશ. કમલામા બહુ જિદ્દી હતા. દાદા અને પપ્પા એમને સમજાવી ન શક્યા. બહાર ઝીણો ઝીણો વરસાદ પડતો હતો. કમલામા લવારીએ ચડી જતા હતા અને આખરે દોડતી કારના બંધ કાચમાંથી કમલામાના પ્રાણ ઉડી ગયાં.’

સોનલ ચુપ થઈ ગઈ. એની આંખો પલકારા મારતી હતી. ઓરડાની હવા ભારઝલ્લી થઈ ગઈ.

(ક્રમશઃ)■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પેઢું | પ્રપંચ |
| પેણી | ઉત્પન્ન |
| પેરવી | તવી |
| પેંતરો | અવાળું |
| પેદાશ | ગોઠવણ |

## જાણવા જેવું

લાલ, પીળો અને વાદળી એ ત્રણ મૂળ રંગો છે. બાકીના બીજા બધા એકબીજાની મેળવણીથી થાય છે. જેમકે, ગળીમાંથી નીલ રંગ નીકળે છે, કસૂંબીમાંથી લાલ રંગ નીકળે છે અને માટીમાંથી ગેરૂ જેવો ભગવો રંગ નીકળે છે. જે પદાર્થો ઉપર પડનાર બધો પ્રકાશ પરાવર્તન પામે છે તે સફેદ દેખાય છે અને જે પદાર્થ ઉપર પડનારો બધો પ્રકાશ શોષાઇ જાય છે તે કાળા હોય છે અથવા કાળા દેખાય છે.

## ગુજરાત મોરી મોરી રે

પ્રવીણ સોલંકી લિખિત અને કાંતિ મડિયા દિગ્દર્શિત રંગભૂમિના અવિસ્મરણીય નાટક ‘બાણશૈયા’માં મુખ્ય ભૂમિકા કોણે ભજવી હતી?

અ) શરદ સ્માર્ત
બ) અરવિંદ જોશી
ક) દીપક ઘીવાલા
ડ) ઉપેન્દ્ર ત્રિવેદી

## નોંધી રાખો

જીવનમાં ખૂબ સફળતા મળે ત્યારે ધ્યાન રાખજો કે ઘણા બધા ગુણો હોવા છતાં, માત્ર એક જ અવગુણ બધું નષ્ટ કરી શકે છે !

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | ૫ | ૬ | |
| ૭ | | ■ | | ■ | ૮ | | | | ■ |
| | ■ | ૯ | | ૧૦ | ■ | | ■ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ■ | ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | ■ | |
| ■ | ૧૮ | ૧૯ | | ■ | | ■ | ૨૦ | ૨૧ | |
| ૨૨ | | | ■ | ૨૩ | ■ | ૨૪ | | | ■ |
| | ■ | | ■ | ૨૫ | ૨૬ | ■ | ■ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ■ | ૩૧ | ■ | ૩૨ | ૩૩ | | ■ | |
| ■ | ૩૪ | ૩૫ | | | ■ | | ■ | ૩૬ | |
| ૩૭ | | | | ■ | ■ | ૩૮ | | | |

### આડી ચાવી

૧. સફળતા, કૃતાર્થતા (૪)
૪. શરમ, નીચાજોણું (૪)
૭. કામદેવની પત્ની (૨)
૮. નિયંત્રણ, નિગ્રહ (૪)
૯. ઈર્ષા, અદેખાઈ (૩)
૧૧. પોતાનું (૨)
૧૩. પાણી જવાનો રસ્તો (૨)
૧૫. કીર્તિ, પ્રસિદ્ધિ (૨)
૧૮. --- કરવું=સોંપવું (૩)
૨૦. એક ધાતુ (૩)
૨૨. સંગેમરમર (૩)
૨૪. એકલું (૩)
૨૫. પવન (૨)
૨૭. કીર્તિ (૨)
૨૯. શંકા, વહેમ (૨)
૩૨. પગથિયું (૩)
૩૪. --- કરવી=તોડ કાઢવો, પતાવવું (૪)
૩૬. માછલી (૨)
૩૭. લગ્નપત્રિકા (૪)
૩૮. --- થવું=સ્થિર થવું, ચંચળતા ત્યજી દેવી (૪)

### ઊભી ચાવી

૧. પ્રપંચી, લુચ્ચાઈનાં કામ કરનાર (૪)
૨. તિથિ (૨)
૩. બિહામણું, ચીતરી ચડે એવું (૩)
૪. જમીનની અંદર કરેલ ઘર કે રસ્તો (૩)
૫. રહેવાનું સ્થાન કે ઠેકાણું (૨)
૬. સ્વચ્છંદી, તરંગી (૩)
૧૦. રાખ, ભસ્મ (૨)
૧૨. કાળજું (લીવર) (૩)
૧૪. ભૂલ, ચૂક (૩)
૧૬. હિંદુ મહિનાનો દિવસ, મિતિ (૨)
૧૭. સગું, પોતાનું માણસ (૩)
૧૯. ખુશ, રાજી (૩)
૨૧. મદદ (૩)
૨૨. ગુસ્સો, જુસ્સો, ક્રોધ (૩)
૨૩. કાયા, શરીર (૨)
૨૬. વસવાસ (૨)
૨૮. ઝાકળ (૪)
૩૦. --- આપવો=દોષ બદલ ધમકાવવું, કે વઢવું (૩)
૩૧. ગાય (૩)
૩૩. પીછેહઠ (૩)
૩૫. પિતા (૨)
૩૬. --- ઝાડનાં મૂળ ન ખવાય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ૨ લ | ખ | ૩ મ | ■ | ૪ સ | ક | ૫ લ | ■ | ૬ હ |
| ૭ સ્ત | બ્ધ | ■ | ૮ ન | શ્વ | ર | ■ | ૯ પા | દ | રી |
| ■ | પ્ર | ■ | સા | ■ | સં | ■ | ટ | ■ | ફ |
| ૧૦ વૃ | તિ | કા | ■ | ૧૧ વિ | દે | શ | ■ | ■ | ■ |
| ૧૨ ધ | [illegible] | ■ | ■ | ■ | શો | ■ | ૧૩ વ | ૧૪ સ | ૧૫ તિ |
| ૧૬ ભ | ત | કું | ■ | ૧૭ દુ | ■ | ■ | ■ | ૧૮ ર | તિ |
| ■ | ■ | ■ | ૧૯ મા | નિ | તી | ■ | ૨૦ મુ | મુ | ક્ષા |
| ૨૧ કં | ■ | ૨૨ ત | ન | યા | ■ | ૨૩ પા | ■ | ખ | ■ |
| ૨૪ ચ | પ | લા | ■ | ૨૫ દા | ખ | લ | ■ | ૨૬ ત્યા | ૨૭ ગ |
| ન | ■ | ૨૮ ક | ચે | રી | ■ | ૨૯ ન | ફ | ર | ત |

## ઓળખાણ પડી?

તાજેતરની ભારતીય ટીમ વિરુદ્ધની ટી - ૨૦ સિરીઝમાં ધૂઆંધાર બેટિંગ કરનારા ઈંગ્લેન્ડના કેપ્ટનની ઓળખાણ પડી?



અ) વિલ જેક્સ બ) સેમ કરન
ક) જોસ બટલર ડ) હેરી બ્રુક

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | | | ૬ | |
| ૭ | ૨ | | | | | | ૧ | ૯ |
| ૬ | | ૯ | | | | ૫ | | ૭ |
| ૫ | ૭ | ૬ | ૨ | | ૯ | ૪ | ૩ | ૮ |
| | | | | | | | | |
| ૧ | ૮ | ૪ | ૬ | | ૭ | ૨ | ૯ | ૫ |
| ૨ | | ૮ | | | | ૭ | | ૩ |
| ૪ | ૬ | | | | | | ૮ | ૧ |
| | ૯ | | | | | | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૮ | ૬ | ૪ | ૭ | ૯ | ૨ |
| ૪ | ૨ | ૯ | ૧ | ૫ | ૭ | ૮ | ૩ | ૬ |
| ૬ | ૭ | ૮ | ૨ | ૯ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૧ | ૪ | ૬ | ૩ | ૭ | ૮ | ૯ | ૨ | ૫ |
| ૯ | ૮ | ૫ | ૪ | ૨ | ૬ | ૩ | ૧ | ૭ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૧ | ૯ | ૬ | ૪ | ૮ |
| ૫ | ૯ | ૭ | ૬ | ૪ | ૧ | ૨ | ૮ | ૩ |
| ૨ | ૬ | ૩ | ૯ | ૮ | ૫ | ૧ | ૭ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પૃચ્છા | સવાલ |
| પૃષ્ઠ | પાનું |
| પેચ | આંટો |
| પેટે | માટે |
| પેઠે | માફક |

ગુજરાત મોરી મોરી રેઃ
શર્મન જોશી

ઓળખાણ પડી?
પ્રિન્સ યાદવ

માઈન્ડ ગેમ :
૭૧

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
આર્કિમિડીઝ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અણુ પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેક્ટ્રોનનો બનેલો હોય છે. ન્યુટ્રોનનું સંશોધન કરનારા નોબેલ પ્રાઈઝ વિજેતા વૈજ્ઞાનિકનું નામ જણાવો.

અ) આઈન્સ્ટાઈન બ) ચેડવિક ક) ન્યુટન ડ) એડિસન

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૬, ૩૭, ૫૦, ૬૫, ૮૨ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૮૨ પછી કઈ સંખ્યા આવે?

અ) ૯૧ બ) ૯૫ ક) ૧૦૧ ડ) ૧૦૭

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ધીરેન ઉદેશી (૬) ભરત કજરિયા (૭) નૂતન વિપીન શાહ (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મીનળ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) હર્ષા મહેતા (૧૩) નિખિલ બંગાળી (૧૪) લજિતા ખોના (૧૫) અમીશી બંગાળી (૧૬) મૂળરાજ કપૂર (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેશ સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) પ્રવીણ વોરા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) અરવિંદ કામદાર (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) કમલ માતલિયા (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) હિનાબેન દલાલ (૩૬) ઈનાક્ષીબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) તાહેર ઔંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) પુષ્પા પટેલ (૪૫) મહેશ દોશી (૪૬) પ્રતિભા પમાણી (૪૭) ભામિની સંપટ (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૯) હિંમત ખોલીયા

મુંબઈ સમાચાર
વીકએન્ડ

# ફિફા વર્લ્ડ કપમાં દિગ્ગજો દમદાર, પણ બોલબાલા તો અન્ડરડૉગ્સની જ છે...

**સ્પોર્ટ્સમૅન**

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## આર્જેન્ટિના, સ્પેન, ફ્રાન્સ અને ઈંગ્લૅન્ડ છવાઈ ગયાં, પણ કેપ વર્ડે, ક્યૂરસૉ અને કૉન્ગો જેવી ટચૂકડી ટીમોએ પણ પોતાની તાકાત બતાવી



કેપ વર્ડેના ખેલાડી સિડની લૉપેઝ કૅબ્રલે આર્જેન્ટિનાના સુપરસ્ટાર મેસીને જોરદાર લડત આપી હતી.

૧૯૩૦માં ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા) દ્વારા આયોજિત સૌપ્રથમ વર્લ્ડ કપમાં વિશ્વના માત્ર ત્રણ ખંડની માત્ર ૧૩ દેશની ટીમે ભાગ લીધો હતો, જ્યારે ૨૦૨૬ના વિશ્વ કપમાં છ ખંડના સૌથી વધુ ૪૮ દેશની ટીમોએ ભાગ લીધો અને એના પરથી જ પુરવાર થાય છે કે આ વખતની ટૂર્નામેન્ટ સૌથી વધુ મનોરંજક અને રોમાંચક બની. આ એવો ફિફા વર્લ્ડ કપ છે જેમાં ઘણા નવા સિતારા ઊભર્યા, અનેક અનુભવી ખેલાડીઓના અગાઉ કરતાં સારા પર્ફોર્મન્સ જોવા મળ્યા, ખેલાડીઓની નવી તરકીબો જોવા મળી તેમ જ નૉકઆઉટ રાઉન્ડની મૅચો વધુ નાટ્યાત્મક બની. આશા રાખીએ, રવિવારે, ૧૯મી જુલાઈએ (ભારતીય સમય અનુસાર મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યે) આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે રમાનારી ફાઇનલ કરોડો ફૂટબૉલપ્રેમીઓને વધુ રોમાંચ અને મનોરંજન પૂરા પાડશે.

દાયકાઓથી વર્લ્ડ કપમાં બ્રાઝિલ, આર્જેન્ટિના, જર્મની, ઇટલી અને ફ્રાન્સનું પ્રભુત્વ રહ્યું હતું, પરંતુ ૨૦૨૬ની ટૂર્નામેન્ટમાં બીજા ઘણા દેશો (ખાસ કરીને કેપ વર્ડે, ક્યૂરસો, કૉન્ગો જેવા નાના દેશો)ની ટીમ છવાઈ ગઈ. વધુ નવાઈની વાત એ છે કે દોઢ લાખની વસતીવાળા ક્યૂરસૉ અને પાંચ લાખની વસતીવાળા કેપ વર્ડે (કાબૉ વર્ડે)એ મોટા રાષ્ટ્રોની ટીમને થોડી મુસીબતમાં મૂકી દીધી હતી.



જર્મની સામે લિવાનો કૉમેનેન્સિયાએ ક્યૂરસૉની ટીમને વર્લ્ડ કપના ડેબ્યૂમાં પહેલો ગોલ અપાવ્યો હતો.

કેપ વર્ડેએ તો કમાલ જ કરી નાખી. ૨૦૧૦નું વર્લ્ડ ચૅમ્પિયન સ્પેન જે રવિવારની આર્જેન્ટિના સામેની ફાઇનલમાં પહોંચી ગયું છે એની સામેની પહેલી લીગ મૅચ કેપ વર્ડેએ ૦-૦થી ડ્રૉ કરાવી હતી અને પછી ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઉરુગ્વેને ૨-૨ની ડ્રૉ માટે મજબૂર કરીને એને ટૂર્નામેન્ટની બહાર કરાવી દીધું હતું. સ્પેન જેવી દિગ્ગજ ટીમ જે વર્તમાન યુરો ચૅમ્પિયન છે એની સામેની મૅચ ડ્રૉ કરાવીને વર્લ્ડ કપમાં પોતાના ડેબ્યૂમાં પહેલી જ મૅચમાં (૦-૦ની ડ્રૉ બદલ) પ્રથમ પૉઇન્ટ મેળવવો એ પણ બહુ મોટી સિદ્ધિ કહેવાય.

આ વખતના વર્લ્ડ કપમાં અન્ડરડૉગ કેપ વર્ડેની જેટલી પ્રશંસા થઈ છે, એટલી કદાચ બીજી કોઈ નાની ટીમની નથી થઈ. લીગ રાઉન્ડમાં સઉદી અરેબિયાએ પણ કેપ વર્ડે સાથેની ૦-૦ની ડ્રૉને કારણે નુકસાન ભોગવવું પડ્યું હતું. વૉઝિન્યાના શ્રેષ્ઠ ગોલકીપિંગને લીધે પહેલા જ વર્લ્ડ કપમાં સફળતાની સીડી ચડનાર નિર્ભય ખેલાડીઓવાળી કેપ વર્ડેની ટીમે નૉકઆઉટમાં આર્જેન્ટિનાને આસાનીથી નહોતું જીતવા દીધું. આર્જેન્ટિના જેવી સર્વોત્તમ ટીમ સામે બબ્બે ગોલ કરવા એ બહુ મોટી વાત કહેવાય અને કેપ વર્ડેના સ્ટ્રાઇકર્સે એ કરી દેખાડ્યું હતું. તેઓ દિગ્ગજ ટીમ સામે રમવાના માનસિક દબાણમાં આવવાને બદલે ટેક્નિક અને લય સાથે નીડર થઈને રમ્યા હતા. એ તો ઠીક, પણ લિયોનેલ મેસીના ગોલપોસ્ટ પરના બે ટાર્ગેટ-શૉટને સફળતાથી રોકવા એ પણ ગજબની સફળતા કહેવાય અને કેપ વર્ડેના ગોલકીપર વૉઝિન્યાએ એ કરી બતાવ્યું હતું. બીજી તરફ, કેપ વર્ડેના સ્ટ્રાઇકર્સે વારંવાર આર્જેન્ટિનાની ડિફેન્સ તોડી હતી. ત્રીજી જુલાઈની માયામી ખાતેની એ નૉકઆઉટ મૅચમાં જો ૧૧૧મી મિનિટમાં કેપ વર્ડેના એડિલ્સન બોર્જિસથી જો સેલ્ફ ગોલ ન થયો હોત તો મુખ્ય મૅચ કદાચ ૨-૨ની બરાબરીમાં રહી હોત અને પાંચ-પાંચ કિકવાળા પેનલ્ટી શૂટઆઉટમાં કેપ વર્ડે કદાચ જીતી જતાં આર્જેન્ટિના ત્યારે જ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું હોત.

કેપ વર્ડેની ટીમે સાબિત કર્યું ક` આફ્રિકાના દેશો ફૂટબૉલ જગતને માત્ર શૂરવીરો જ નથી આપતા, તેમની પાસે નવી-નવી તરકીબો પણ હોય છે જે તેમને ઈશ્વર તરફથી બક્ષિસમાં મળી છે. કેપ વર્ડેએ ત્રીજી જુલાઈએ આર્જેન્ટિના સામેના ૨-૩ના પરાજયને પગલે ટૂર્નામેન્ટમાંથી માનભેર વિદાય લીધી હતી. તેમણે જ તો આ વખતના વર્લ્ડ કપને જીવંત બનાવી રાખવામાં મોટું યોગદાન આપ્યું હતું. કેપ વર્ડેએ વર્લ્ડ કપની ચાર મૅચ રમીને (મન હોય તો માળવે જવાય) એવી પ્રેરણા બીજા ઘણા નાના દેશોને આપી છે.

ક્યૂરસૉ નામના નાનકડા ટાપુની ટીમ પણ પહેલી જ વખત ફિફા વર્લ્ડ કપમાં રમી અને એણે ભલે કેપ વર્ડે જેવી કમાલ ન બતાવી, પણ કરોડો સૉકરપ્રેમીઓના દિલ તો જીતી જ લીધા હતા. નેધરલૅન્ડ્સનું વર્ચસ્વ ધરાવતા આ દેશના મોટા ભાગના ખેલાડીઓએ નેધરલૅન્ડ્સમાં તાલીમ મેળવી છે એટલે વર્લ્ડ કપમાં તેમની તરકીબોમાં તેમ જ બૉલ પાસ કરવામાં ડચનો ટચ જોવા મળ્યો હતો. તેમણે પણ ફૂટબૉલ વિશ્વને બતાવી આપ્યું કે કૅરિબિયન ફૂટબૉલ માત્ર જમૈકા કે ટ્રિનિદાદ પૂરતું સીમિત નથી. જર્મની જેવી માતબર ટીમ સામે એક ગોલ કરવો બહુ મોટી વાત કહેવાય અને ક્યૂરસૉએ એ કામ ૧૪મી જૂને ફિલાડેલ્ફિયાની મૅચમાં કરી દેખાડ્યું હતું.

ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ કૉન્ગો (ડીઆરસી)ના ખેલાડીઓમાં આફ્રિકાની ઍથ્લેટિક નિપુણતા અને યુરોપિયન તરકીબો જોવા મળતાં સૉકરપ્રેમીઓને મજા પડી ગઈ હતી. જાણી લો, કૉન્ગોએ કેવી કમાલ કરી હતીઃ (૧) ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના પોર્ટુગલ સામે કૉન્ગોએ એક ગોલ કરીને મૅચ ૧-૧થી ડ્રૉ કરાવી હતી. (૨) કોલમ્બિયાને લડત આપીને માત્ર ૦-૧ના માર્જિનથી પરાજય જોયો હતો. (૩) ઉઝબેકિસ્તાનને ૩-૧થી હરાવીને ટૂર્નામેન્ટની બહાર કરાવી દીધું હતું. પોતાના ગ્રૂપની ત્રીજા નંબરની ટીમ તરીકે નૉકઆઉટમાં પહોંચનાર કૉન્ગોએ એમાં ઇંગ્લૅન્ડને પણ લડત આપી હતી અને એક ગોલ કર્યા બાદ ૧-૨થી હાર સ્વીકારી હતી. ઉલ્લેખનીય છે કે કૉન્ગોના કરન્ટથી બચેલું ઇંગ્લૅન્ડ સેમિ ફાઇનલમાં આર્જેન્ટિના સામે હાર્યું હતું.

સેનેગલે બેલ્જિયમને જે લડત આપી એના પરથી પુરવાર થયું કે આફ્રિકાની સૌથી મજબૂત ટીમોમાં એની ગણના અચૂક થાય છે. યુરોપની મજબૂત ટીમ બેલ્જિયમ સામે ૨-૩થી હારતાં પહેલાં સેનેગલના ખેલાડીઓએ ભરપૂર આત્મવિશ્વાસ સાથે એને લડત આપી હતી. ■

### ૨૩મા વર્લ્ડ કપનું ફૂટબૉલ જગતમાં કેવું મહત્ત્વ રહ્યું?

૧ પહેલી વખત ફિફા વર્લ્ડ કપમાં ૪૮ દેશની ટીમો રમી. શરૂઆતમાં તો આ નિર્ણયની ટીકા થતી હતી, પણ હવે તો સંભળાય છે કે ૨૦૩૦ના વિશ્વ કપમાં ૬૪ દેશની ટીમને આમંત્રિત કરવાની ફિફાની યોજના છે.

૨ નાના દેશોને (અન્ડરડૉગ્સને) ફૂટબૉલના વિશાળ ફલક પર બહુમૂલ્ય અનુભવ મળ્યો.

૩ ફૂટબૉલની રમતની નિપુણતાનો વ્યાપ વધી ગયો છે.

૪ યુરોપિયન લીગ ટૂર્નામેન્ટોની ક્લબોમાં વર્લ્ડ કપના નાના દેશોના સ્ટાર ખેલાડીઓની ડિમાન્ડ વધી ગઈ છે.

૫ સ્પેનની ટીમે આ વખતની ટૂર્નામેન્ટની સાત મૅચમાં હરીફોને ફક્ત એક ગોલ કરવા દીધો. બેલ્જિયમ સામે ક્વૉર્ટર ફાઇનલમાં સ્પેન ૨-૧થી જીત્યું હતું. એ સિવાય બાકીની તમામ છ મૅચમાં સ્પેન સામે કોઈ પણ હરીફ ટીમ એક ગોલ પણ નહોતી કરી શકી જે વિશ્વવિક્રમ છે.

૬ લિયોનેલ મેસીના નેતૃત્વમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાએ અનુભવ અને જીતવાની જ માનસિકતા સાથે ૨૦૨૨ના વર્લ્ડ કપ કરતાં વધુ સારો પર્ફોર્મન્સ બતાવ્યો.

૭ કીલિયાન ઍમ્બપ્પેના સુકાનમાં ફ્રાન્સ આખી ટૂર્નામેન્ટમાં ખૂબ જ સારું રમ્યું, પણ સ્પેન સામેની સેમિ ફાઇનલમાં એનો પર્ફોર્મન્સ ચમકદમક વિનાનો હતો.

૮ બ્રાઝિલના નેમારને ઈજા નડી, પણ અર્લિંગ હાલૅન્ડ ખરા સમયે (ઇંગ્લૅન્ડ સામેની ક્વૉર્ટર ફાઇનલમાં) સારું ન રમ્યો એટલે નોર્વેએ વહેલી એક્ઝિટ જોવી પડી.

૯ ટૂંકમાં, ૨૦૨૨નો વર્લ્ડ કપ લિયોનેલ મેસીનો હતો તો ૨૦૨૬નો વિશ્વ કપ ખુદ ફૂટબૉલની રમતને જ સમર્પિત છે એમ કહી શકાય, કારણકે એમાં લોકોને રેફરીઓના વિવાદાસ્પદ નિર્ણયો તેમ જ ખેલાડીઓની મારધાડ વચ્ચે ઘણું નવું અને અનોખું પણ જોવા મળ્યું.

૧૦ સ્પેનના લેમિન યમાલ, બ્રાઝિલના વિનિસિયન જુનિયર અને ઇંગ્લૅન્ડના જ્યૂડ બેલિંગમે નક્કી કરી આપ્યું કે તેમના જેવા ખેલાડીઓ જ ફૂટબૉલના ભાવિ સિતારાઓ છે.

---

# ટ્રોલસ્ટિગન - નોર્વેના ટ્રોલ ઓબ્સેશનની મજા...

**અરાઉન્ડ ધ વર્લ્ડ**

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com










આજકાલ 'ટ્રોલ' શબ્દ કાને પડતાં જ ઇન્ટરનેટ પર સોશિયલ મીડિયાના ટ્રોલ જ મગજમાં આવે, અને ટ્રોલિંગ જાણે કોઈને ચીઢવવા અને બૂલિંગ માટે એક અલગ શબ્દ બની ગયો છે. બાકી ફેન્ટસીની દુનિયામાં તો ટ્રોલ મોટાભાગે બુદ્ધિ વગરના, મહાકાય અને ગંદાગોબરા જીવ તરીકે વર્ણવવામાં આવતાં. 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'થી માંડીને 'હેરી પોટર', દરેક ફેન્ટસી સીરીઝનાં પણ પોતાનાં અલગ ટ્રોલ્સ અને તેની આગવી લોકવાયકાઓ હોય છે. બસ સ્કેન્ડિનેવિયાનું ટ્રોલ પ્રત્યે અલગ જ બંધાણ છે. આ ટ્રોલનાં બીજાં ફીચર્સ ભલે ગમે તેવાં હોય, તે પહાડોમાં ગુફાઓમાં રહે અને તેમનો દેખાવ, ખાસ કરીને નાક વિચિત્ર હોય, એટલું તો આખી દુનિયામાં કોમન છે. આપણી દંતકથાઓમાં પણ ભૂત-પિશાચની કોઈ વેરાઇટીમાં આ ટ્રોલ ફિટ જરૂર બેસતાં હશે. ખાસ એટલે પણ કે ભાગ્યે જ એવો કોઈ દંતકથાનો રેફરન્સ હોય છે જેનું કોઈ ભારતીય પેરેલલ ન હોય. આપણી પાસે આખી દુનિયાની વાર્તાઓને સમાવી લે તો પણ વધી પડે એવો લોકવાયકાઓ અને દંતકથાઓનો ખજાનો છે. એવામાં નોર્વેનું ટ્રોલ ઓબ્સેશન અમને એક તરફ બાલિશ લાગતું હતું અને બીજી તરફ ક્યુટ.

આલેસુન્ડ પાસે રહીને અમારે હજી ટ્રોન્ડહાઇમ જતાં પહેલાં આ ટ્રોલનો રસ્તો, ટ્રોલસ્ટિગન સર કરવાનો હતો. તેને પગે ચાલીને છેક ઉપર સુધી જવા માટેની તો હવે કોઈને કેપેસિટી બચી ન હતી, પણ તેનો અર્થ એ પણ નહીં કે અમે મજેદાર વ્યુવાળું લોકેશન મિસ કરી દઈએ. નોર્વેનાં ટ્રોલ પણ અમને યાદ રહી જવાં જોઈએ. અહીં પ્રમાણમાં સ્થાનિક જમવાનું અને કુદરત વચ્ચે રિલેક્સ થવાનું મળી રહ્યું હતું. રેન્ટલ કાર અને દરેક સ્ટોપનાં એરબીએન્ડબી મજેદાર હતાં. રસ્તામાં ભાગ્યે જ ટ્રાફિક મળતો, અને જ્યાં જુઓ ત્યાં બસ કુદરત પોતાના રંગો બદલ્યા કરતી. એમાં ટ્રોલની કાલ્પનિક વાર્તાઓ જ કલ્ચરને જરા રસપ્રદ અને ડ્રામેટિક બનાવતી હશે એ સ્વાભાવિક લાગ્યું. બાકી અહીંનાં લોકોની જિંદગીમાં કોઈ કોનલિક્ટ જ નથી. અહીંનું પોલિટિક્સ પણ મોડરેટ પડ્યું આવે છે, વસતી માપની છે, પેટ્રોલનો રૂપિયો ઇન્વેસ્ટ થયેલો છે, ન નોકરીની કમી છે, ન ખાસ સોશિયલ તકલીફો, એવામાં નોર્વે મજા કરવા માટે કલ્પનાના ઘોડા દોડાવવા માંડે તે સમજી શકાતું હતું. કુદરત પણ સાવ બોરિંગ ન થઈ જવી જોઈએ.

અમે ટ્રોલસ્ટિગનની ટેકરી તરફનો રસ્તો લીધો. હવે રોડ સાઇડ પર આવતાં યોર્ડની ન કોઈને નવાઈ લાગતી હતી, ન કોઈ તેની નોંધ લેતું. ગાઇરેન્ગર યોર્ડને અંદર અને બહારથી સરખોથી માણ્યા પછી અમે જાણે હવે યોર્ડના ચાર્મથી પ્રૂફ થઈ ગયાં હોઈએ એવું લાગતું હતું. જોકે એવું હજી ટ્રોલ વિષે કહી શકાય તેમ ન હતું, અને આ ટ્રોલસ્ટિગન તરફ જવામાં તો વચ્ચે આવતાં રેસ્ટ એરિયાનાં ડેકોરેશન પણ ટ્રોલનાં સ્ટેચ્યુથી ભરેલાં હતાં. ક્યાંક ટ્રોલ બાઇક પર નીકળેલાં, ક્યાંક હાઇક પર. કોઈ ટ્રોલ પોતાનાં બેબી ટ્રોલને સાઇકલ શીખવતું હતું, તો કોઈ ટ્રોલ કોફી પીવા બેસેલું. વાઇકિંગ કોશ્ચુમથી માંડીને વોરિયર અને મોડર્ન પ્રોફેશન, ટ્રોલનાં સ્ટેચ્યુએ કોઈ સ્ટાઇલ છોડી ન હતી. એવામાં અમને ખરો ટ્રોલ રસ્તામાં દેખાઈ જાય તો પણ અમે તેને ગંભીરતાથી લઈને તેનાથી ડરવાને બદલે તેનો ફોટો પાડીને તેની મજાક ઉડાવતાં આગળ ચાલી ગયાં હોત. કોને ખબર, કદાચ અમે એવું કર્યું પણ હોઈ શકે અને ખબર જ ન પડી હોય.

પહેલાં નોર્વેજિયનોના માથે ટ્રોલ સવાર થયાં, પછી તેમણે આવા વિસ્તારોમાં એવી રીતે પ્રતીકાત્મક ટ્રોલ ફેલાવી દીધાં છે કે હવે દુનિયાભરનાં મુલાકાતીઓ પણ અહીંથી સુવિનિયરમાં સાથે ટ્રોલનાં મેગ્નેટ્સ, પોસ્ટકાર્ડ, સ્ટેચ્યુ અને યાદો લઈને જ જાય. અમે પણ ટ્રોલ પાસે બેસીને નાસ્તો કર્યો, અને આગળ રસ્તા પર પહાડોની હારમાળા કઈ રીતે એક ટ્રોલનું મોઢું બનાવતી હતી તેની ચર્ચા ચાલુ થઈ. ગાડી સરળતાથી ટ્રોલસ્ટિગન તરફ સરકી રહી હતી. એમાં વેસ્ટમાં ટેકરીઓ એવી રીતે ગોઠવાયેલી હતી કે એક મોટી ટેકરી કોઈનું નાક, એક ટેકરીમાં કપાળ, બે ટેકરીઓમાં હોઠ દેખાઈ રહ્યાં હતાં. વળી બધાંને આ ચિત્ર અલગ અલગ સ્તરે દેખાઈ રહ્યું હતું. અંતે તો તમારે જે જોવું હોય એ જ દેખાતું હોય છે એ અમારા અલગ અલગ પરસ્પેકટિવમાં સાબિત થઈ રહ્યું હતું.

જોતજોતામાં ટ્રોલસ્ટિગન આવી ગયું. અમે તે વાંકાચૂંકા રસ્તાની ઘણી તસવીરો જોઈ હતી. અમને ખબર હતી કે ઉપરના પેનોરમા પ્લેટફોર્મ સુધી કાર લઈને જ જવાનું હતું. ત્યાંથી આ ટ્રોલસ્ટિગન એટલે કે ટ્રોલનો રસ્તો દેખાવાનો હતો. પણ અમને એ ખબર ન હતી કે આ અશક્ય લાગતા વળાંકોવાળો રસ્તો જ બધી કાર, ટૂરિસ્ટ બસ અને કારવેન્સને ઉપર લઈ જતો હતો. કાર ચઢવા તો લાગી, પણ પાછાં આવવાનું પણ ઘણું સ્ટ્રેસફૂલ બની રહેવાનું હતું. ઢાળ અને વળાંકો ચઢવામાં ધીમેથી જવાતું હતું, પણ એ જ રસ્તો ઊતરવામાં ગબડતાં ગબડતાં આવવાનું હતું. અમે બધાં ઘણા મુશ્કેલ રસ્તાઓ પર કાર ચલાવવાનાં અનુભવી હતાં, પણ આ એવો રસ્તો હતો જ્યાં દિવસમાં જો એક બસ ટર્ન લેવામાં ફસાઈ જાય તો આખો રસ્તો બંધ કરી દેવાતો હતો. અહીં અવારનવાર અકસ્માતો પણ થતા રહેતા.

ઇન ફેક્ટ અમે એ રીતે પ્લાન નહોતું કરેલું પણ અમે જે દિવસે ત્યાં પહોંચ્યાં ત્યારે આ દુર્લભ રસ્તો બે મહિના પછી ફરી મુલાકાતીઓ માટે ખૂલ્યો હતો. ત્યાં પેનોરમા પ્લેટફોર્મ પાસે એક લોકલ ન્યુઝ ચેનલ લોકોના ઇન્ટરવ્યુ લેવા ઊભી હતી. અને બરાબર એક અઠવાડિયા પછી ત્યાં એક બસ ફસાઇ જતાં ફરી તે રસ્તો એક મહિના માટે બંધ થઈ ગયેલો. એ રસ્તો અમારા માટે ખૂલી તો ગયો હતો, પણ તે મોટાભાગે ત્યાંનાં મુલાકાતીઓની ટ્રોલિંગ કરતો હોય એવું જ લાગ્યું.

ઉપર પહોંચ્યાં પછી જાણે દુનિયા બદલાઈ ગઈ હતી. ત્યાં સુધીનો રસ્તો ત્યાંથી દેખાતા વ્યુને બરાબર જસ્ટિફાય કરતો હતો. રસ્તો અને મંઝિલ બંને યાદગાર હોય તો પછી થોડું ટ્રોલિંગ તો ચાલે. ■

એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# કીર્તિ તોરણ-ઝણઝણિયો કૂવો ને લટેરી વાવ

## વડનગરનાં કલાત્મક સ્થળો સૌંદર્યનો આનંદ આપી જ્ઞાનમાં વૃદ્ધિ કરનારા પણ છે

મહેસાણા જિલ્લાની વડનગર સહિત અન્ય સ્થળોની મુલાકાત દરમિયાન એક વાત ઊડીને આંખે વળગી કે ધર્મસ્થાનકોમાં માનવ મહેરામણ ઉમટે છે એ સામે કલાત્મક સ્થાનકોમાં નગણ્ય હાજરી જોવા મળે છે. ટૂરિઝમનો એકંદર વિકાસ થયો એની બદલે રિલિજિયસ ટૂરિઝમ વિકસ્યું એમ કહેવું વધુ યોગ્ય કહેવાય. વડનગરના મુકામ દરમિયાન મંદિર - દેરાસરમાં સહેલાણીઓની જે સંખ્યામાં આવનજાવન જોઈ એની સરખામણીએ કલાત્મક સ્થળો પર એકદમ પાતળી હાજરી જોવા મળી. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા - ભક્તિ હોય એ આવકાર્ય છે, પણ ઈષ્ટદેવની આરાધના સાથે માનવ સમાજની પેદાશ ગણાતી સંસ્કૃતિ સાથે સમન્વય રહે એ પણ જરૂરી છે. ધર્મ આધ્યાત્મિક જીવનના વિકાસમાં તો કલા માનવજીવનના સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ચીનના વિદ્વાન અને પ્રવાસી હ્યુ - એન - સંગના વર્ણન અનુસાર આનંદપુર (વડનગર જૂનું નામ)માં બૌદ્ધ તેમ જ વૈદિક સંપ્રદાયનું પ્રાધાન્ય હતું. અહીં કલ્પસૂત્રની વાચના થયો હોવાનો ઉલ્લેખ પણ છે. આમ આ નગરમાં બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન વિદ્વત્તાનો ત્રિવેણી સંગમ થયો હતો. આ જ નગરમાં નાની મોટી મસ્જિદો પણ છે. ટૂંકમાં આ નગર સર્વધર્મ સમભાવનું પ્રતીક છે. વડનગરની નોંધપાત્ર બાબતમાં કલાક્ષેત્રોનો પણ સમાવેશ છે એ હરખ થાય એવી વાત છે.

### કીર્તિ તોરણ



કીર્તિ તોરણઃ સોલંકી શાસકની શૌર્યગાથાનું કલાત્મક પ્રતીક

દેલવાડા, રાણકપુર અને બીજા દેરાસરની મુલાકાત લઈએ ત્યારે એના બાંધકામની કલાત્મકતાથી મુગ્ધ થઈ જવાય. જોકે, આ ધર્મસ્થાનકો સિવાય પણ કેટલાંક સ્થળ છે જે કલાકારીગીરીના ઉત્તમ નમૂનામાં સ્થાન ધરાવે છે. વડનગરસ્થિત કીર્તિ તોરણ આ પંક્તિમાં બિરાજે છે. બૌદ્ધસ્તૂપો હોય ત્યાં તોરણ કલાત્મક પ્રવેશદ્વાર તરીકે જોવા મળે છે. હિન્દુ સ્થાપત્યમાં પ્રવેશદ્વાર ઉપરાંત વિજયના સંભારણા તરીકે પણ તોરણ બનાવતા હતા. વડનગરના આ તોરણને શૌર્ય તોરણ પણ કહેવામા આવે છે. આશરે ૪૦ ફૂટ ઊંચાઈનો કીર્તિસ્તંભ રાતા અને પીળા પથ્થરમાંથી બનાવેલો છે. તેમાં સુંદર કલાકારીગરી અને ઝીણવટપૂર્વકનું કોતરણી કામ જોવા મળે છે. થાંભલાઓ પર સુંદર કોતરણી છે. સ્તંભની કુંભીમાં ગજરાજ હાથીઓની હાર કોતરેલી છે. વાનરોને વિવિધ મુદ્રામાં ચીતર્યા છે અને સૌથી મોખરે બ્રહ્માને તેમના વાહન હંસ સહિત કોતર્યા છે. ગુજરાતની શિલ્પકલા પ્રાચીન કીર્તિસ્તંભો ઉપરથી જાણી શકાય છે. લગભગ ૧૩ મીટરની ઊંચાઈ ધરાવતું કીર્તિતોરણ અનેરી ભાત પાડે છે. અદ્ભુત શિલ્પ સ્થાપત્યની દુનિયામાં કોઈપણ જાતના ટેકા વિના કે રક્ષણ સિવાય સૈકાઓ વીતી ગયા છતાં અડીખમ ઊભેલા સોલંકીયુગનાં તોરણો વિશ્વવિખ્યાત બની ગયાં છે. બોર્ડ પર અંગ્રેજીમાં આપવામાં આવેલી માહિતી અનુસાર આ કીર્તિસ્તંભ વિજયી કમાન કે વિજયી તોરણો છે જે સોલંકી શાસકોએ સ્થાપિત કર્યા હતા. છેલ્લી કેટલીક સદીઓ દરમિયાન વડનગર પર થયેલી ચડાઈ - આક્રમણમાં આ વિજયી તોરણો ચમત્કારિક રીતે હેમખેમ રહી શક્યાં છે.

### વિસામો વૃદ્ધાશ્રમ



વડા પ્રધાનના પિતાશ્રીની સ્મૃતિમાં વડનગરસ્થિત 'વિસામો વૃદ્ધાશ્રમ'

વૃદ્ધાશ્રમ આજના સામાજિક જીવનની વાસ્તવિક કરુણતા છે. ત્રસ્ત અને તરછોડાયેલા જ વડીલો વૃદ્ધાશ્રમમાં હોય છે એવું નથી. સ્વેચ્છાએ આવનારા સુધ્ધાં છે, પણ એમની ટકાવારી ઘણી ઓછી છે, નજીવી કહી શકાય. મહેસાણા જિલ્લામાં ઘણા વૃદ્ધાશ્રમ છે. વડનગર મહેસાણા જિલ્લામાં છે અને અહીં નિરાધાર, એકલવાયા વડીલોને આશરો આપતી સંસ્થાઓમાં એક છે શ્રી સર્વોદય સેવા ટ્રસ્ટ સંચાલિત 'વિસામો વૃદ્ધાશ્રમ', જે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૧ના વસંત પંચમીના દિવસથી શ્રી દામોદરદાસ મૂલચંદદાસ મોદી સેવાશ્રમના નવા નામથી ઓળખાય છે. દામોદરદાસ મૂલચંદદાસ મોદી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પિતાશ્રીનું નામ છે અને આ સેવાશ્રમનું સંચાલન સોમાભાઈ દામોદરદાસ મોદી (નરેન્દ્ર મોદીના મોટા ભાઈ) પરિવાર કરે છે એવો ઉલ્લેખ પિતાશ્રીની પ્રતિમા નીચે કરવામાં આવ્યો છે. અમે મુલાકાત લીધી ત્યારે સત્તાવાર રીતે વાતચીત કરી શકનારી વ્યક્તિ હાજર ન હોવાથી વધુ જાણકારી મળી નહીં. રિક્ષાચાલકે આપેલી માહિતી અનુસાર આ સેવાશ્રમ સંચાલન અને સેવા માટે ખ્યાતિ ધરાવે છે.

### લટેરી વાવ



લટેરી વાવઃ ગુજરાતનો સમૃદ્ધ જળસંરક્ષણ વારસો

અંગ્રેજીમાં 'સ્ટેપવેલ' અને આપણી ભાષામાં વાવ એટલે પગથિયાવાળો પાણીનો કૂવો. ભૂગર્ભ જળ સુધી પહોંચવા અને પાણી સંગ્રહવા માટે આ વાવ બનાવવામાં આવતી. ગુજરાતમાં અડાલજની વાવ, રાણી કી વાવ (પાટણ) અને દાદા હરિની વાવ (અમદાવાદ) વિશ્વપ્રસિદ્ધ સ્થાપત્યો છે. વડનગરની લટેરી વાવ એ ઐતિહાસિક અને પ્રાચીન સ્થાપત્યનો એક નાનો પણ અદ્ભુત નમૂનો છે. જળસંરક્ષણ વારસાનું પ્રતીક એવી આ વિવિધ વાવ માત્ર પાણીના સંગ્રહ માટે જ નહીં, પરંતુ પ્રાચીન કાળમાં સભાખંડો અને આરામગૃહ તરીકે પણ ઉપયોગમાં લેવાતી હતી એવો ઉલ્લેખ છે. લટેરી નામ પાછળની વાયકા એક સ્થાનિકે જણાવી. જૂના જમાનામાં આ વાવની આસપાસ લીમડા અને વડનાં ઘટાદાર વૃક્ષો હોવાથી લોકો અહીં આરામ કરવા લટાર મારવા આવતા અને એટલે વાવનું નામ લટેરી પડી ગયું.

### ઝણઝણિયો કૂવો




ઝણઝણિયો કૂવોઃ પાણીના ધ્વનિને કારણે નામકરણ

આજે અનેક સગવડ - સુવિધા વચ્ચે રહેતા અનેક લોકો માટે કૂવો એટલે જમીનમાંથી પાણી કાઢવા માટે ખોદેલો ખાડો એવી વ્યાખ્યા પૂરતો સીમિત રહી ગયો છે. મુંબઈના ઈતિહાસમાં રુચિ ધરાવતા લોકો ચર્ચગેટના ક્રોસ મેદાન નજીક આવેલા ભીખા બહેરામના કૂવાથી પરિચિત હશે. આપણી સંસ્કૃતિમાં પાણીની પરબ, જળાશય, કુંડ કે કૂવા બંધાવવા પુણ્યનું કાર્ય કહેવાયું છે. વિક્રમ સંવતના ચોથા સૈકાથી કૂવાઓ ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતા હોવાની નોંધ છે. કૂવો નામ પડતા જૂનાગઢનો નવઘણ કૂવો કે મહેમદાવાદનો ભમ્મરિયો કૂવો યાદ આવી જાય. વડનગરનો ઝણઝણિયો કૂવો પણ ખાસ્સો જાણીતો છે અને એની એક કુદરતી અજાયબીને કારણે સંશોધકો અને સ્થપતિઓને એની મુલાકાત લેવાનું આકર્ષણ રહે છે. કૂવાના પરિસરમાં પ્રવેશતા પહેલા એક બોર્ડ દેખાય છે જેમાં ઝણઝણિયા કૂવાની જાણકારી વિશ્વની આઠમી અજાયબી તરીકે આપી છે. પીળી રેતીના પથ્થરમાંથી બનેલો ૩.૩ મીટર (અંદાજે ૧૧ ફૂટ) વ્યાસ ધરાવતો કૂવો ઈજનેરી કૌશલ્યની ઘટના છે. તેના અદ્રશ્ય ભૂગર્ભ ઝરણામાંથી સતત મધુર ધ્વનિ સંભળાય છે. એ અવાજ ઝણઝણ પ્રકારે સંભળાતો હોવાથી એનું નામ ઝણઝણ કૂવો -ઝણઝણિયો કૂવો પડી ગયું. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# કાંઈ ન કરવું હોય તો સ્ટાર્ટઅપ કરવું...




આજકાલ માર્કેટમાં એક નવો વાયરસ આવ્યો છે, જેનું નામ છે 'સ્ટાર્ટ-અપ'. જે જુઓ તે સવારના પોહરમાં ચા પીતા પીતા કરોડોના આઈડિયા હવામાં ઉડાડતો હોય છે. નોકરીમાં બોસનો એકાદો લવિંગિયો ફટાકડો ફૂટે એટલે તરત જ એમ થાય કે 'બસ હવે બહુ થયું, આપણે પોતાનો જ ધંધો કરવો છે!' પણ ભાઈ, ધંધો કરવો અને નવો બિઝનેસ શરૂ કરવાની મગજમારીમાં પડવું એ સિંહના પાંજરામાં સેલ્ફી લેવા જેવું અઘરૂ કામ છે.

હા, એ ખરું કે ગુજરાતીના લોહીમાં જ વ્યાપાર છે એ વાત સાચી, પણ જ્યારે નવો અતરંગી ધંધો શરૂ કરવાનો વિચાર આવે ત્યારે મગજના વાયર શોર્ટ થઈ જાય છે.

મારા એક પરમ મિત્ર ચુનીલાલને વિચાર આવ્યો કે આપણે કંઈક હટકે કરવું છે. કમ્પ્યુટર અને આઈટીના જમાનામાં એણે એવો અતરંગી આઈડિયા શોધ્યો કે સાંભળીને જ ચક્કર આવી જાય. એણે વિચાર્યું કે 'ઓનલાઈન લીંબું-મરચાં લટકાવવાની સર્વિસ' શરૂ કરીએ! જે લોકો મોંઘી ગાડીઓ ખરીદે છે કે નવી દુકાન ખોલે છે, એમને રીમાઇન્ડર જશે અને એપ દ્વારા ઓટોમેટીક લીંબું-મરચાં ડિલિવર થઈ જશે. એનું નામ રાખ્યુંઃ 'ઈ-ટોટકા પ્રાઈવેટ લિમિટેડ'.

ફંડા એવો કે ટેકનોલોજી ગમે તેટલી આગળ વધે, અંધશ્રદ્ધા અને નજર લાગવાનો ડર ક્યારેય ઓછો થવાનો નથી!

મુશ્કેલીઓનો મહાસાગર અને સરકારી કાગળિયામાં ગૂંચવાવું ફરજિયાત છે.

ધંધો શરૂ કરવાનો પહેલો નિયમ એ છે કે તમારી પાસે આઈડિયા કરતાં વધારે 'ધીરજ' હોવી જોઈએ. ચુનીલાલ જ્યારે આ બિઝનેસનું રજીસ્ટ્રેશન કરાવવા ગયા ત્યારે સરકારી ઓફિસના ક્લાર્કે ચશ્માં નીચે ઉતારીને એની સામે જોયું. ક્લાર્ક કહે, 'ભાઈ, આમાં જીએસટી કેટલા ટકા લાગે? આ લીંબું કૃષિ પેદાશમાં આવે અને મરચાં મસાલામાં આવે, પણ બેઉ ભેગા થઈને દોરો પરોવાય એટલે આ હેન્ડીક્રાફ્ટ (હસ્તકલા) થઈ જાય!'

લો બોલો, ધંધો શરૂ થતા પહેલા જ કાયદાકીય ગૂંચવાડો એવો થયો કે ચુનીલાલને એમ થયું કે આના કરતાં લીંબું- શરબતની રેકડી કરી હોત તો સારું થાત.

બીજી મોટી મુશ્કેલી એ છે 'ફંડિંગ' એટલે કે પૈસા લાવવા ક્યાંથી? રોકાણકારો (ઇન્વેસ્ટર્સ) પાસે જાવ એટલે એવા એવા સવાલો પૂછે કે તમને તમારા પોતાના નામ પર શંકા થવા લાગે. 'તમારો બર્ન રેટ શું છે? આગામી પાંચ વર્ષનો પ્રોજેક્શન ગ્રોથ કેટલો?' ચુનીલાલ કહે, 'સાહેબ, બર્ન રેટનું તો ખબર નથી પણ જો આ ધંધો ન ચાલ્યો તો પપ્પા મને ઘરની બહાર કાઢીને સળગાવી દેશે એટલું નક્કી છે!' રોકાણકારો તો ઠીક, બેંકવાળા લોન આપવા માટે જે ડોક્યુમેન્ટ્સ માંગે છે, તે જોઈને એમ થાય કે આના કરતાં સલમાન ખાનના લગ્ન કરાવવા સહેલા છે. એમને તો તમારા દાદાના જમાનાનું લાઈટ બિલ અને સાત પેઢીના કુંડળી-આધારકાર્ડ પણ જોઈતા હોય છે.

'નોકરીમાં માત્ર એક જ બોસ હોય છે, પણ બિઝનેસમાં તમારી દુકાને આવતો દરેક ગ્રાહક પોતાને તમારો બોસ સમજે છે!'

માર્કેટિંગના લોચા અને અતરંગી ફંડા લોહી પી જાય.

આજકાલ જ્યાં સુધી તમે સોશ્યલ મીડિયા પર નાચગાન ન કરો ત્યાં સુધી તમારી પ્રોડક્ટ વેચાતી નથી. ચુનીલાલે ઇન્સ્ટાગ્રામ પર રીલ્સ બનાવવાનું શરૂ કર્યું. એક રીલમાં એ લીંબું-મરચાં પકડીને બોલિવૂડના ગીત પર ડાન્સ કરતો હતો. પરિણામ એ આવ્યું કે લોકોએ લીંબું ખરીદવાને બદલે એને મેન્ટલ હોસ્પિટલના એડ્રેસ કમેન્ટમાં મોકલવાનું શરૂ કરી દીધું. અતરંગી ધંધાનો આ જ પ્રોબ્લેમ છે, કાં તો તમે રાતોરાત સ્ટાર બની જાવ અથવા રાતોરાત સોસાયટીના વોચમેન પણ તમારી સામે જોઈને હસવા લાગે.

એક નવો ફંડો આવ્યો કે બિઝનેસમાં 'યુનિક સેલિંગ પ્રપોઝિશન' (USP) હોવું જોઈએ. એટલે ચુનીલાલે નવો નુસખો કાઢ્યોઃ 'અમાસની રાત્રે મંત્રેલા સ્પેશિયલ પ્રીમિયમ લીંબું-મરચાં !' આ સાંભળીને સોસાયટીના કૂતરાઓ પણ એની ઓફિસની બહાર આવીને ભસવા લાગ્યા.

ધંધો વધારવા માટે એણે કસ્ટમર કેર પણ શરૂ કર્યું. એક દિવસ એક ગ્રાહકનો ફોન આવ્યો, 'ભાઈ, તમારા લીંબું-મરચાં લટકાવ્યા પછી પણ મારી પત્ની મારી સાથે ઝઘડો કરે છે, તમારી પ્રોડક્ટ નકામી છે!' હવે આનો શું જવાબ આપવો? ચુનીલાલે શાંતિથી કહ્યું,

'સર, આ નજર ઉતારવા માટે છે, નસીબ કે નજર બદલવા માટે નથી. પત્નીના ઝઘડા સામે તો બ્રહ્માંડનું કોઈ લીંબું કામ ન આવે!'

બીજું કે જો તમારે નવો બિઝનેસ શરૂ કરવો હોય અને આ મગજમારીમાંથી બચવું હોય તો મારી પાસે કેટલાક જોરદાર ફન્ની સોલ્યુશન્સ છે.

પહેલું સોલ્યુશનઃ ધંધાનું નામ એવું અઘરું રાખો કે અડધા લોકોને બોલતા જ ન આવડે. નામ સાંભળીને જ લોકો ઇમ્પ્રેસ થઈ જવા જોઈએ. જેમ કે, 'ગ્લોબલ હાઇડ્રોજન બેવરેજીસ' (સાદી ભાષામાં સોડાની દુકાન!).

બીજું સોલ્યુશનઃ ઓફિસમાં બે-ચાર ચાર્ટ્સ અને ગ્રાફ લટકાવી દો, જેમાં લીટીઓ ઉપર જતી હોય. ભલે એ ગ્રાફ તમારા વજનનો હોય, પણ આવનારને એમ લાગવું જોઈએ કે કંપની પ્રગતિ કરી રહી છે.

ત્રીજું અને સૌથી બેસ્ટ સોલ્યુશનઃ જ્યારે ગ્રાહક ઉધાર માગે ત્યારે બોર્ડ મારી દેવાનું કે 'આજે રોકડા, કાલે ઉધાર' અને જો કોઈ વધારે જીદ કરે તો એને કહેવાનું કે 'અમારી કંપની પૉલિસી મુજબ ઉધાર લેનાર વ્યક્તિએ જામીન તરીકે પોતાની સાસુને ઓફિસમાં મૂકી જવી પડશે.' આ ઉપાય પછી ગ્રાહક ક્યારેય ઉધાર નહીં માંગે અને વ્યાજ સહિત રોકડા ચૂકવી જશે એની ગેરંટી!

અંતે તો એટલું જ કહેવાનું કે નવો બિઝનેસ શરૂ કરવો એ એક રોલરકોસ્ટર રાઇડ જેવું છે. શરૂઆતમાં પેટમાં ફાળ પડે, અધવચ્ચે ચીસો નીકળી જાય, પણ જો એકવાર ગાડી પાટા પર ચડી ગઈ તો પછી પવનની લહેરની જેમ જલસો પડી જાય... ■

**વિચારવાયુ**

*સ્ટાર્ટઅપ જો સરખું સ્ટાર્ટ ન થાય તો ડાઉન પણ જાય. ટૂંકમાં કહું તો લગ્ન જેવું.*


ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# ગર્લ્સ ટુ બાય

## ગરીબી-લાલચ ને મહત્ત્વાકાંક્ષાના આ છે બધા ખેલ



**બેરોજગારી** અને ગુનાહિત પ્રવૃત્તિઓને એકબીજા સાથે સાંકળીને જોવામાં આવે છે. જ્યાં બેરોજગારી વધુ હોય ત્યાં આજીવિકા માટે વલખાં મારતા યુવાનો ગુનાખોરી તરફ ધકેલાય અને પછી એ વિષચક્ર સતત ચાલતું રહીને આખા સમાજને ભરડો લે. જોકે અતિ પ્રચલિત એવી આ માન્યતા આપણે ધારીએ છીએ એટલી હદે સાચી નથી. આર્થિક સમૃદ્ધિ આવ્યા પછી પણ માણસની ગુનાહિત માનસિકતા અને બીજાનું શોષણ કરવાની પરપીડનવૃત્તિ ઘટતી નથી. બલકે ક્યારેક તો આવી પ્રવૃત્તિઓ આર્થિક સમૃદ્ધિ વધતા ચરમસીમાએ પહોંચી હોય એવા દાખલા ઠેર ઠેર જોવા મળશે.

કહે છે કે વેશ્યાવૃત્તિ એ દુનિયાનો સૌથી જૂનો વ્યવસાય છે. તમે ગમે તે કરો, પણ માનવનું અસ્તિત્વ છે ત્યાં સુધી પૃથ્વીના પટ પરથી વેશ્યાવૃત્તિ નાબૂદ થવી દુષ્કર છે. વેશ્યાવૃત્તિને રિફાઈન્ડ કરવા છતાં અત્યંત ક્રૂર સ્વરૂપ એટલે ગ્લેમરના અંચળા હેઠળ થતી આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરી. ગરીબ મહિલાઓ અને બાળકો જબરદસ્તી વેશ્યાવૃત્તિમાં ધકેલાય એ સમજી શકાય. જ્યારે ભૂખે ન મરતી હોય એવી મિડલ ક્લાસ (અને ક્યારેક તો શ્રીમંત સુધ્ધાં) માનુનીઓ તો ગ્લેમરની ચમકદમકના ચક્કરમાં આ ક્ષેત્રેમાં પ્રવેશી જાય છે. પોલેન્ડ અને મિડલ-ઈસ્ટ દેશો વચ્ચેનું કથિત કનેક્શન આનું મોટું ઉદાહરણ છે.

એક સમયે મધ્ય-પૂર્વના શ્રીમંત આરબ દેશોની સેક્સ માર્કેટમાં આફ્રિકા અને બીજા ગરીબ એશિયન દેશોમાંથી આવતી યુવતીઓનું પ્રમાણ વધુ હતું. ગોરી ચામડીને નામે રશિયા-યુક્રેનની મહિલાઓ દેખાતી. આ પરિસ્થિતિ વિશે કોઈને ઝાઝી નવાઈ પણ નહોતી, પણ હવે એ વાત જગજાહેર થઇ રહી છે કે મિડલ-ઈસ્ટના શ્રીમંત આરબોને પૂર્વીય યુરોપના સુખી-સમૃદ્ધ ગણાતા દેશોમાંથી પણ આવી જોઈતી 'સેવા' પ્રાપ્ત થાય છે. ૨૦૨૧ પછી આ મામલે પોલેન્ડનું નામ વારંવાર લેવાતું રહે છે.

થોડા સમય પહેલા એપ્સ્ટીન ફાઈલ્સ મામલે આખી દુનિયા ઉપર-નીચે થઇ ગઈ. આવું જ એક સ્કેન્ડલ દુબઈને નામે ય ચડ્યું છે, જેના વિષે ખાસ ચર્ચા નથી થઇ. પણ ૨૦૨૧માં આવેલી એક પૉલિશ ફિલ્મ આ જ સ્કેન્ડલ પર આધારિત હોવાની વાત ઊડી. ફિલ્મનું અંગ્રેજી નામ છે 'ગર્લ્સ ટુ બાય'. નામ પરથી જ ખ્યાલ આવશે કે ફિલ્મમાં એવી છોકરીઓની વાત હતી જેમને ખરીદી શકાય! ફિલ્મ કંઈ ખાસ સામાજિક ઉદ્દેશ સાથે બનાવવામાં નહોતી આવી, બલકે એક મનોરંજક મસાલા ફિલ્મ જેવી જ એ ફિલ્મ છે. પણ એમાં પોલેન્ડની ગ્લેમર ઇન્ડસ્ટ્રીમાં ચાલતો સેક્સ ટ્રેડ બરાબર હાઈલાઈટ થઇ ગયો.

પોલેન્ડ આજે યુરોપની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક ગણાય છે. અહીં બેરોજગારીનો દર લગભગ ૩% આસપાસ છે, જે યુરોપમાં સૌથી નીચા દરો પૈકીનો એક છે. ૨૦૨૬માં પોલેન્ડનો GDP વૃદ્ધિ દર આશરે ૩.૫% રહેવાનો અંદાજ છે, જે ઘણા યુરોપિયન દેશોની સરખામણીએ સારો છે. આ વૃદ્ધિમાં ઘરેલુ વપરાશ અને યુરોપિયન યુનિયન (EU) દ્વારા મળતા રોકાણોનો મોટો ફાળો છે. ટૂંકમાં પોલેન્ડ એક એવો દેશ છે જ્યાં ગરીબીને કારણે પ્રજાએ લોહીના વેપારમાં ધકેલાવું પડે એવી સ્થિતિ બિલકુલ નથી.

આવા માહોલ વચ્ચે હવે વાત કરીએ પોલેન્ડની ગ્લેમર ઇન્ડસ્ટ્રીની. ગ્લેમર ઇન્ડસ્ટ્રી એટલે ફિલ્મો, ટીવી શોઝ, મોડેલિંગ વગેરેની ચમકદમકવાળી દુનિયા. બોલિવૂડથી માંડીને હોલિવૂડ સુધી આ ઇન્ડસ્ટ્રી ન કરવાં જેવાં કામ માટે કુખ્યાત છે. આ ઇન્ડસ્ટ્રી સાથે પ્રોપોગેન્ડાથી માંડીને હવાલા કૌભાંડ કે જાસૂસી સહિતની કથાઓ-સત્યઘટનાઓ જોડાયેલી છે અને પૉલિશ ગ્લેમર ઇન્ડસ્ટ્રી પણ એમાંથી બાકાત નથી.

એપ્સ્ટીન ફાઈલ્સ વખતે ય પોલેન્ડ સંબંધિત કેટલીક માહિતી, સંપર્કો અને સંભવિત લીડ્સ મળી હતી. તેના આધારે પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે તપાસ માટે વિશેષ ટીમ બનાવી. પોલેન્ડના પ્રોસિક્યુટરોએ ૨૦૦૯થી ૨૦૧૯ દરમિયાન પોલેન્ડના નાગરિકોને ખોટા રોજગારના બહાને વિદેશ લઈ જઈને જાતીય શોષણ કરાતું હોવાની શંકાના આધારે સત્તાવાર તપાસ શરૂ કરી છે. આ તપાસ હજુ ચાલુ છે. મૉડેલિંગ અથવા ટેલેન્ટ રિક્રૂટમેન્ટના નામે પોલેન્ડમાંથી યુવતીઓની ભરતી કરીને એપસ્ટીનના નેટવર્ક સુધી પહોંચાડવામાં આવતી હતી કે નહીં, એ અંગે પણ તપાસ ચાલુ છે. એમાં હજુ સુધી અંતિમ નિષ્કર્ષ આવ્યો નથી.

હવે એ જાણો કઈ રીતે સર્જાય છે આ આખો ઘટનાક્રમ?

આ વિશે તપાસ સમિતિઓ ખાસ કશું ઉકાળી શકતી નથી, એનો અનુભવ બધાને છે જ. પણ સરકારે આવું કશુંક કરવું પડે એ જ દર્શાવે છે કે બધું સમુંસૂતરું નથી. મૉડેલિંગ કે ફિલ્મ સહિતના ગ્લેમર્સ ફિલ્ડમાં નસીબ અજમાવવા માટે હજારો છોકરીઓ તૈયાર હોવાની. અમુક વચેટિયાઓ જેમાં ઘણી મૉડેલિંગ કંપનીઝ પણ સામેલ છે સુંદર છોકરીઓ પાસે પોર્ટફોલિયો મગાવે છે. એની આર્થિક સ્થિતિ કેવી છે અને ગ્લેમર ઇન્ડસ્ટ્રીમાં છવાઈ જવા માટે એ કઈ હદે જઈ શકે છે, એ તમામ વાતનો તાગ કાઢી લેવાય છે અને પછી કોઈક મોટી ઇવેન્ટ અથવા કોઈક મૉડેલિંગ એસાઈન્મેન્ટના ભાગ તરીકે આવી છોકરીઓને મિડલ-ઇસ્ટના કોઈ દેશમાં મોકલવામાં આવે છે. ત્યાંની ચમકદમક અને નાણાંની રેલમછેલથી આકર્ષાઈને કેટલીક કન્યાઓ સ્વેચ્છાએ તૈયાર થઇ જાય તો કેટલીક કન્યાઓ સાથે વળી પાસપોર્ટ ખોવાઈ જવાથી માંડીને સામાન ચોરાઈ જવા સુધીની 'ચોક્કસ ઘટનાઓ' બને. અંતે યુવતીએ કાયદાના ડરે કે અજાણ્યા મુલકમાંથી બહાર નીકળવા માટે થઈને ય ઘણા કોમ્પ્રોમાઈઝ કરવાનો વારો આવે.

ખેર, એપ્સ્ટીન ફાઈલ્સના ઘટનાક્રમથી માંડીને ગર્લ્સ ટુ બાય જેવી ફિલ્મો સાબિત કરે છે કે સ્ત્રીઓને નર્કમાં ધકેલવાના અનેક રસ્તા છે. અને દર વખતે ગરીબી જ જવાબદાર નથી હોતી. મહત્ત્વાકાંક્ષા અને લાલચ પણ જવાબદાર હોય છે. ■

# દયા ડાકણને ખાય
# ઉદારવાદી યુરોપિયનોને કનડતા જિહાદી

**જર્મની, બ્રિટન, ફ્રાન્સ, યુરોપમાં દયા ખાઈને જેમને શરણ આપેલું એ મુસ્લિમો દ્વારા અપરાધ વધી રહ્યા છે. બ્રિટનમાં 'ગ્રૂમિંગ ગેંગ' પર આવેલા દળદાર અહેવાલથી માત્ર બ્રિટન જ નહીં, સમગ્ર વિશ્વ ચોંકી ઊઠ્યું છે.**

સિક્કાની ત્રીજી બાજુ
જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com





થોડા સમય પહેલાં જર્મનીના સ્ટડ શહેરમાં માતા અને બાળકો માટેના એક કલ્યાણ કેન્દ્રમાં થયેલા ગોળીબારમાં છ સમાજસેવકનાં મૃત્યુ થયાં અને અનેક લોકો ઘાયલ થયા. જર્મન અધિકારીઓ મુજબ, શૂટર મૂળ તુર્કીનો છે. યુરોપમાં સામાન્યતઃ આવી વ્યક્તિની ઓળખ (પંથીય) છતી નથી કરાતી, પરંતુ સોશ્યલ મીડિયા પર દાવો છે કે ગોળીબાર કરનાર મુસ્લિમ છે. જર્મનીના મીડિયા મુજબ, અપરાધી 'મીરી કલેન' નામના સંગઠન સાથે જોડાયેલો હતો. આ સંગઠન લેબેનીઝ, સીરિયાઈ અને તુર્કી મૂળના લોકોની એક મોટી સિન્ડિકેટ છે. આ સંગઠનનું નામ જર્મનીમાં સંગઠિત અપરાધ સાથે જોડાયેલું છે.

જર્મનીમાં મુસ્લિમ કટ્ટરપંથીઓ દ્વારા અપરાધો વધી રહ્યા છે, પરંતુ ક્યાંક તેને 'શરણાર્થીઓ દ્વારા અપરાધ'માં ખતવી દેવાય છે તો ક્યાંક તેને 'સંગઠિત ગેંગ દ્વારા અપરાધ'માં. સાચી વાત ક્યાંય બહાર નથી આવતી કે તુર્કી, સીરિયા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન ઇત્યાદિ દેશોમાંથી જેમના પર દયા ખાઈને શરણ આપવામાં આવ્યું તેવા મુસ્લિમો જ હવે 'કાંડુ આપો તો હાથ પકડશું' જેવો ખેલ કરી રહ્યા છે.

હમણાં ૨૮ જૂન ૨૦૨૬ના એક અહેવાલ પ્રમાણે, જર્મનીના નૂનબર્ગમાં મહિલાઓ, છોકરીઓનું યૌન શોષણ કરવા અને તેમને ડ્રગ્સના ધંધામાં ફસાવવાના આરોપસર બે પાકિસ્તાની નાગરિકો ઉપરાંત ચાર સીરિયાઈની જર્મન પોલીસે ધરપકડ કરી છે. આ આરોપીઓ નૂનબર્ગ રેલવે મથક આસપાસના વિસ્તારમાં છોકરીઓ અને મહિલાઓનો વિશ્વાસ જીતતા હતા. પછી તેમને ડ્રગ્સની લત લગાડી તેમનું યૌન શોષણ કરતા હતા અને તેમને ફસાવી ડ્રગ્સના ધંધામાં લગાડતા હતા.

આ તરફ, બ્રિટનમાં વર્ષોથી ચાલતી આવતી 'ગ્રૂમિંગ ગેંગ'ની સમસ્યા પર એક દળદાર રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ૨૧૯ પાનાંના આ રિપોર્ટને 'રેપ ગેંગ ઇન્ક્વાયરી રિપોર્ટ' નામ અપાયું છે. આ રિપોર્ટ વાંચતા કમકમાટી છૂટે તેવું છે. રિપોર્ટમાં કહેવાયું છે કે દાયકાઓથી દેશનાં અલગ-અલગ શહેરોમાં સંગઠિત ગેંગ દુર્બળ અને અલ્પવયસ્ક છોકરીઓને નિશાન બનાવતી રહી છે. આ ગેંગમાં ૮૭ ટકા મુસ્લિમો છે. તેમનો શિકાર મોટા ભાગે શ્વેત બ્રિટિશ છોકરીઓ હતી. આ કોઈ છૂટોછવાયો અપરાધ નથી, આ સમગ્ર દેશમાં ફેલાયેલું એક સંગઠિત નેટવર્ક છે જે વર્ષોથી ચાલ્યું આવે છે.

'ગ્રૂમિંગ'નો અર્થ થાય છે તૈયાર કરવું. બ્રિટનના રિપોર્ટમાં આ જિહાદીઓની મોડસ ઑપરેન્ડી (અપરાધ કરવાની રીત) પર પ્રકાશ પડાયો છે. તે પણ ભારતમાં થતી લવ જિહાદ જેવો જ છે. પહેલાં છોકરી સાથે મિત્રતા કરવી, પછી પ્રેમમાં ફસાવવી, પછી ભેટ-સોગાદો આપવી, પછી સિગરેટ અને નશાની કુટેવ પાડવી. રિપોર્ટમાં કહેવાયું છે કે ૧૧થી ૧૩ વર્ષની છોકરીઓને શાળાની બહારથી, દેખભાળ ગૃહો અને રસ્તા પરથી ટૅક્સીમાં લઈ જવાતી હતી. પછી તેમને ઘર, ફ્લૅટ, હોટલ અને રેસ્ટોરન્ટમાં લઈ જવાતી હતી. એક વાર ફસાય પછી અનેક

પુરુષો વારંવાર તેના પર બળાત્કાર કરતા હતા. તેમનો વીડિયો બનાવવામાં આવતો, તેમને બ્લૅમેઇલ કરવામાં આવતી અને તેમને સતત ભયમાં રાખવામાં આવતી. તેમને મુસ્લિમ બનવા વિવશ કરાતી. એટલું જ નહીં, પીડિતાઓને અલગ-અલગ શહેરમાં લઈ જઈ વેચી નાખવામાં આવતી!

આ રિપોર્ટમાં સૌથી ચોંકાવનારી બાબત પીડિતાઓની સંખ્યાની છે. ઓછામાં ઓછી ૨.૫ લાખ શ્વેત છોકરીઓ આ પ્રકારના અપરાધોનો શિકાર થઈ છે. માત્ર બળાત્કાર, ડ્રગ્સ પૂરતા જ આ અપરાધો સંકળાયેલા નહોતા. તેમાં માનવ ચોરી, યાતના, ગર્ભાવસ્થા, બળજબરીથી ગર્ભપાત, બળજબરીથી મુસ્લિમ બનાવવા અને આજીવન માનસિક આઘાત લાગે તે બધાનો તેમાં સમાવેશ થતો.

પોલીસ, સામાજિક સેવાઓ, શાળા, હૉસ્પિટલ અને સ્થાનિક પ્રશાસનને અનેક વાર ચેતવણીના સંકેત મળ્યા હતા. અનેક કિસ્સામાં તો બાળકીઓ પર થયેલા અત્યાચારના પુરાવા પણ હતા, તોય કાર્યવાહી ન થઈ! આવા અપરાધીઓને બચાવવા રાજકીય પક્ષો આગળ આવી જતા હોય છે. બ્રિટનના લેફ્ટ-લિબરલ પક્ષ-લેબર પાર્ટીનાં મુસ્લિમ સાંસદ આયેશા હઝારિકાએ 'ટાઇમ્સ રેડિયો' પર બચાવ કરતાં કહ્યું કે 'કેટલાક અપરાધીઓના કારણે પૂરા સમુદાયને બદનામ કરવા માગે છે... આવા અપરાધ અટકાવવામાં પોલીસ અને સામાજિક સેવાઓની ભારે નિષ્ફળતા નીવડી છે.


ફ્રાન્સમાં પરિસ્થિતિ જુદી છે. ત્યાં ફૂટબૉલની મૅચમાં હાર થાય તો શરણાર્થીઓ ભારે તોડફોટ કરી હિંસા કરે છે. જીત થાય તો પણ આવી હિંસા કરે છે ! ગઈ ૩૦ મે ૨૦૨૬એ પૅરિસમાં યુઇએફએ લીગમાં પૅરિસ સેઇન્ટ જર્મેઇન (પીએસજી)નો આર્સેનલ પર વિજય થયો તે પછી જે હુલ્લડો થયાં તેમાં ૨૦૦ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા. આ હુલ્લડો ૭૫ શહેરોમાં ફેલાયાં. ૧૫ નગરોમાં લૂંટફાટ થઈ. સેંકડો કારોને આગમાં ભસ્મીભૂત કરી દેવામાં આવી. દુકાનોમાં તોડફોડ કરવામાં આવી. આ હુલ્લડો માટે ૯૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી. જો આ લોકોનું વિશ્લેષણ કરવામાં આવે તો તે આફ્રિકી મૂળના ફ્રેન્ચ લોકો છે. તેમણે ફ્રાન્સની ઉદાર સંસ્કૃતિને અપનાવી જ નથી. ૨૦૧૯માં આવી જ હિંસા થઈ હતી તે વખતે એવું કારણ અપાયું કે પીએસજી ટીમની હાર થઈ તેથી આ હિંસા થઈ, પરંતુ ૨૦૨૬માં તો પીએસજી જીતી. તોય હિંસા!

જ્યાં સુધી બધા દેશ મત બેંકનું રાજકારણ છોડી આવા ત્રાસવાદીઓને નાથવા એકમત નહીં થાય ત્યાં સુધી આ બધું ચાલતું રહેવાનું અવિરત... ■

# કંચનજંગા એપાર્ટમેન્ટ - મુંબઇ

સ્થાપત્યનું વાઈ-ફાઈ
હેમંત વાળા
feedback@bombaysamachar.com





**સ્વતંત્ર** ભારતમાં બનેલાં બધાં જ એપાર્ટમેન્ટ ચીલાચાલુ તથા બોરિંગ કહી શકાય તેવા જણાતા હોય છે. આ બધામાં એક એપાર્ટમેન્ટે આગવી તથા અનોખી ઓળખ ઊભી કરી છે અને તે છે સ્થપતિ ચાર્લ્સ કોરિયા દ્વારા ડિઝાઇન કરાયેલ મુંબઈનું કંચનજંગા એપાર્ટમેન્ટ. આ સ્થપતિને વર્ષ ૧૯૭૨માં પદ્મશ્રી અને ૨૦૦૬માં પદ્મવિભૂષણથી સન્માનિત કરાયેલાં. શહેરી જરૂરિયાત મુજબ આદર્શ એપાર્ટમેન્ટ કેવાં હોવાં જોઈએ, તેનાં જવાબ સ્વરૂપે વિશ્વભરમાં જે પ્રયોગો થયા છે તેમાં ત્રણ પ્રયોગો ખાસ ચર્ચામાં રહ્યા છે. પ્રથમ, મોન્ટ્રિયલનું સ્થપતિ મોસે સાફદીનું 'હેબિટાટ ૬૭', બીજું બારસીલોનાનું સ્થપતિ લી કાર્બુઝિએરનું 'યુનાઇટેડ ધ હેબીટાટ' અને ત્રીજું મુંબઈનું આ કંચનજંગા. પ્રથમ રચનામાં ઘનાકાર ચોસલાઓને એકબીજા પર ગોઠવીને નિયમબદ્ધ ઢગલાં જેવી રચના તૈયાર કરાઈ છે.

બીજા પ્રયોગમાં એક વિશાળ જમીનથી એક માળ જેટલું ઊંચકાયેલું ચોસલું ઊભું કરી તેમાં દ્વિસ્તરીય પણ અતિ સાંકડા કહી શકાય તેવાં આવાસ ગોઠવાયાં છે. કંચનજંગામાં જાણે સ્વતંત્ર બંગલાઓને એકબીજા પર ગોઠવીને રચના કરાઇ છે. ત્રણેયનું પોતાનું મહત્વ છે પરંતુ કંચનજંગામાં આવાસ-રચના સાથે જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન વધુ સંન્નિષ્ઠાથી થયો હોય તેમ જણાય છે.

કંચનજંગા મુંબઈના પેડર રોડ પર આવેલું સ્થાપત્યની દૃષ્ટિએ એક પ્રતિષ્ઠિત અને ભારતનાં આધુનિક સ્થાપત્યમાં સીમાચિન્હ ગણાતું રેસિડેન્શિયલ બિલ્ડિંગ - બહુમાળી આવાસ-સંકુલ છે. તેનું બાંધકામ વર્ષ ૧૯૭૦માં શરૂ થયું હતું પરંતુ જે તે તકનીકી તેમ જ કાયદાકીય કારણોસર તે વર્ષો બાદ પૂર્ણ થયું. આ એક લાંબો સમયગાળો કહેવાય, જેમાં મકાનની કિંમત પણ વધે અને ખરીદનારની ધીરજ પણ ખૂટી જાય, પરંતુ અંતે જે પરિણામ પ્રાપ્ત થયું તેમાં પૈસો ગૌણ બની રહ્યો અને ખરીદનાર ગૌરવવંતા માલિક બન્યાં. આ એક ૨૧ X ૨૧ ચોરસ મીટર તળ-ક્ષેત્ર વાળી કોન્ક્રીટની ૨૮ માળ ધરાવતી આશરે ૮૪ મીટરની ઊંચાઈની માળખાકીય રચના છે જેમાં ત્રણ થી છ બેડરૂમના માત્ર ૩૨ રહેણાકીય એપાર્ટમેન્ટ્સ ગોઠવાયાં છે.

જ્યાં યોગ્ય માત્રામાં ગોપનીયતા જળવાઈ રહે તેવી દરેક એપાર્ટમેન્ટને મળતી કુદરતી હવા-ઉજાસથી સંપન્ન વિસ્તૃત અને જીવનશૈલીમાં અતિ ઉપયોગી બની રહે તેવી ક્યાંક છ મીટર કરતાં પણ વધુ ઊંચાઈવાળી અને ક્યારેક એક દિશા તરફી તો ક્યારેક બે દિશા તરફી બાલ્કની તથા સંભવિત ટેરેસ ગાર્ડન, આ બાલ્કની સાથે સંકળાયેલા આવાસના અગત્યનાં કૌટુંબિક સ્થાનો, ઊભા-છેદ પર 'ઇન્ટરલોકિંગ' - પરસ્પરમાં ગોઠવાયેલાં એપાર્ટમેન્ટ્સ, આ પ્રકારની ગોઠવણને કારણે એપાર્ટમેન્ટના બાહ્ય-દેખાવમાં સ્થાપિત થતી રસપ્રદ વિવિધતા, સ્થાનિક આબોહવા તેમજ આજુબાજુ મળી રહેતાં દૃશ્ય-સૌંદર્યને અપાયેલો ન્યાય, દરેક એપાર્ટમેન્ટમાં પ્રાપ્ત થતી બંગલા જેવી અનુભૂતિ સાથે દરેકને મળતી મળતી આગવી ઓળખ, આવાસના સ્તરમાં - ફ્લોર લેવલમાં બદલાવ થકી ઊભું કરાયેલું અર્થપૂર્ણ સ્થાન-વિભાજન અને તેનાથી ઉદ્ભવતી રસપ્રદ નાટકીયતા, આવાસનાં દરેક સ્થાનને મળેલું યોગ્ય મહત્ત્વ, એપાર્ટમેન્ટમાં સામાન્ય રીતે અનુભવાતાં બંધિયારપણાંનો સદંતર અભાવ અને આ બધામાં સર્જનાત્મકતા, સંવેદનશીલતા તેમ જ યથાર્થતાને મળતું મહત્ત્વ - આ રચનાની આ કેટલીક વિશેષતાઓ છે. અહીં બહારનાં દેખાવ માટે પણ ખાસ વિશેષ પ્રકારનું સંવેદનશીલ વિગતિકરણ કરાયું છે.

એક ઊભા ઘનાકારમાંથી બાલ્કનીઓ કોરી કાઢીને તેને વાઇબ્રન્ટ રંગોથી ઓપ આપવાનો પ્રયત્ન થયો છે, જે સાદગી સાથે દૃશ્ય અનુભૂતિમાં સમૃદ્ધિ લાવે છે. અહીં એક પણ દિશા કે એક પણ બાબત જાણે ધ્યાન અપાયાં વગરની નથી રહી. એમ કહી શકાય કે અહીં કશું જ બિનજરૂરી નથી, ક્યાંય આડંબર કે ભપકો નથી, ઘોંઘાટ કે બિનજરૂરી વિસ્મય નથી. જે છે તે સ્પષ્ટ છે, સરળ છે, સાદગીપૂર્ણ છે, મૂળભૂત છે અને વિનમ્ર છે.

એપાર્ટમેન્ટની રચનામાં આજનાં સમયનો સ્થપતિ તો વેચવા લાયક વધુ બાંધકામ કેવી રીતે મળે તેની ગણતરી જ કરતો હોય છે. આ માટે તેને માત્ર બાહ્ય દેખાવમાં સ્ટાઈલ ઊભી કરવાની આવશ્યકતા જણાય તો તે પણ સ્વીકાર્ય બની રહે છે. એમ કહી શકાય કે કંચનજંગા એક એવી રચના છે જ્યાં ધંધાકીય બાબતો ઉપર સ્થાપત્યની ગુણવત્તાએ વિજય મેળવ્યો છે, પરંતુ આ વિજયનું પુનરાવર્તન જોવાં નથી મળતું. આમ પણ સાંપ્રત સમયે આવાસની ગુણવત્તાને બદલે જ્યાં આવાસના કદને વધુ મહત્વ અપાતું હોય ત્યાં સ્વાભાવિક રીતે આ પ્રકારની રચના ન તો સમાજને ન તો ડેવલોપરને માન્ય હોય.


ભાગદોડવાળી મુંબઈની જિંદગીમાં આરામ સંતોષ શાંતિ તેમ જ ગૌરવની અનુભૂતિ કરાવી શકીએ તેવી આ રચના છે. સ્થાનિક આબોહવા પ્રત્યે યોગ્ય પ્રતિભાવ, મુંબઈ જેવાં મેટ્રોપોલિટન મહાનગરની જીવનશૈલીના પ્રશ્નો પ્રત્યે દર્શાવાયેલી સંવેદનશીલતા, એપાર્ટમેન્ટ હોવાં છતાં વ્યક્તિગત આવાસ જેવી થતી પ્રતીતિ, સ્થાપિત સગવડતાજનક મર્યાદાઓને તોડવાનો હિંમતભેર પ્રયાસ તથા જથ્થાબંધ આવાસનાં સ્થાને આ ગુણવત્તા ભરેલાં આવાસ માટે પ્રસ્તુત કરાયેલી દલીલ - આ રચનાની આ કેટલીક મહત્ત્વની બાબત છે. આ એક સ્થાપત્ય-રચના માત્ર નથી, તે સ્થાપત્યના ક્ષેત્રનું એક સર્જનાત્મક ઉકેલ-લક્ષી વિધાન છે. એક મજાની વાત એ છે કે અતિ ધનિક કુટુંબોનું આ આવાસ-સંકુલ હોવાં છતાં તેમાં અદભુત નમ્રતા છે.

સ્થાપત્યની દૃષ્ટિએ આ એક ઉત્કૃષ્ટ રચના હોવા છતાં તેને મોડલ ગણીને અન્ય આવાસ સંકુલની રચના થઈ નથી. એ વાત આ રચનાની નિષ્ફળતા ગણાય. શક્ય છે કે તેની રચનામાં વ્યાપારી ધોરણે જરૂરી ગણાતી એફએસઆઇની ગણતરી ઇચ્છિત નફો દર્શાવતી ન હોય. આ પ્રકારની રચનાની લાગત કિંમત પણ સરેરાશ કરતાં ઘણી વધુ રહેવાની. આ પ્રકારની રચનાનું ભારવાહક માળખું સાથે તેમજ તેમાં પરોવાયેલી સંરચનાની વ્યવસ્થા પણ જટિલ બની રહે. બહુમાળી મકાન માટે ખૂબ અગત્યની ગણાતી અગ્નિશામક વ્યવસ્થા જેવી મૂળભૂત બાબત પણ અહીં સરળતાથી ગોઠવી નથી શકાતી. આમ કેટલાક વ્યાપારી તેમ જ તક્નીકી કારણોસર વિશ્વમાં બીજું કંચનજંગા નથી બન્યું. ■

# આધુનિક યુગમાં માટીકલા
## પરંપરાથી ટૅક્નોલૉજી સુધીનો અદ્ભુત પ્રવાસ

તસવીરની આરપાર
ભાટી એન.
feedback@bombaysamachar.com





**આર્ટિફિશિયલ** ઇન્ટેલિજન્સ (AI), ઓટોમેશન અને ડિજિટલ ટેક્નોલોજીના આ યુગમાં જીવનની ગતિ સતત વધી રહી છે. આજે કોમ્પ્યુટર પણ ઘણી વખત જૂનું લાગે છે અને ૨૪ કલાક મોબાઇલ હાથમાં હોવા છતાં સમય ઓછો પડે છે. આવા આધુનિક સમયમાં પણ હજારો વર્ષ જૂની માટીકલા માત્ર જીવંત જ નથી, પરંતુ નવી ટેક્નોલોજી સાથે વધુ સમૃદ્ધ બની છે.

એક સમય હતો જ્યારે કુંભાર (પ્રજાપતિ) સમાજના કારીગરો હાથથી ચાકડા પર ગોળા, તાવડી, પાટીયું, કુચડી, ઘડા અને દીવા બનાવતા હતા. લાકડાં અને છાણાની ભઠ્ઠીમાં વાસણો પકવાતા હોવાથી ધુમાડો પણ ઘણો થતો. આજે એ જ કલા આધુનિક મશીનો, મોલ્ડ અને ગેસ ભઠ્ઠીઓ સાથે નવી ઊંચાઈએ પહોંચી છે.

ભારતીય સંસ્કૃતિમાં માટીકલાનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. સિંધુ-સરસ્વતી સંસ્કૃતિના હડપ્પા અને મોહેંજો-દડોમાંથી મળેલાં માટીનાં વાસણો, રમકડાં અને મૂર્તિઓ સાબિત કરે છે કે આપણા પૂર્વજો માટીકલામાં ખૂબ જ નિપૂણ હતા. ગુજરાત સહિત સમગ્ર ભારતમાં કુંભાર (પ્રજાપતિ) સમાજે આ પરંપરાને પેઢી દર પેઢી જાળવી રાખી છે. એક સમયે ઘરના દરેક કામ માટે માટીનાં વાસણો અનિવાર્ય હતા. માટીના ઘડા પાણી ઠંડું રાખતા, માટીની તાવડીમાં બનતી રોટલીનો સ્વાદ અલગ જ ગણાતો અને દીવડા દરેક તહેવારની શોભા વધારતા.

માટી ઉદ્યોગ સાથે સંકળાયેલા મનસુખભાઈ પ્રજાપતિ જણાવે છે કે આજે માટીકલામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. હવે હાથના ચાકડા ઉપરાંત મોલ્ડ અને પ્રેસ મશીન દ્વારા ખૂબ જ ઓછા સમયમાં મોટી સંખ્યામાં વાસણો તૈયાર થાય છે.

આધુનિક ગેસથી ચાલતી ભઠ્ઠીઓમાં વાસણો પકવાતા હોવાથી ઉત્પાદન પણ વધી ગયું છે અને ધુમાડા જેવી પ્રદૂષણની સમસ્યા પણ લગભગ નથી. આજની માટીકલા માત્ર પરંપરાગત વાસણો સુધી સીમિત રહી નથી; માટીનું ફ્રિજ, વોટર ફિલ્ટર, નોન-સ્ટિક તવી, બોટલ, બાઉલ, થાળી, વાટકી, પ્યાલા, ડેકોરેટિવ ટાઇલ્સ, ગાર્ડન પોટ્સ અને અનેક ઉપયોગી તેમ જ કલાત્મક ઉત્પાદનો આજે વિશ્વભરમાં લોકપ્રિય બની રહ્યા છે.

આધુનિક યુગમાં પરંપરા અને ટેક્નોલોજીનું સુંદર સંયોજન જ માટીકલાની સાચી ઓળખ બની રહ્યું છે. પર્યાવરણ પ્રત્યે વધતી જાગૃતિ વચ્ચે લોકો ફરીથી કુદરતી અને આરોગ્યપ્રદ જીવનશૈલી તરફ વળી રહ્યા છે.

માટીનાં વાસણો સ્વાસ્થ્ય, પર્યાવરણ અને ભારતીય સંસ્કૃતિ ત્રણેયનું સંરક્ષણ કરે છે. એટલા માટે કહી શકાય કે AI અને આધુનિક ટેક્નોલોજીના યુગમાં પણ માટીકલાની મહેક ક્યારેય ઓછી થવાની નથી. સમય સાથે બદલાતી આ કલા આજે માત્ર રોજગારનું સાધન નથી, પરંતુ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને આત્મનિર્ભરતાનું જીવંત પ્રતીક બની રહી છે. ■



## ૯. લગ્ન સંબંધી

**''બ્રાહ્મણ યુવક...''**
૧૯૯૧, સુખી - નાનું કુટુંબ - વિશાળ ફ્લેટ, (થેલેસેમીયા - ઈન્ટરમીડીયાનો રોગ) ગ્રેજ્યુએટનેઃ કન્યા જોઈએ. - 9969023062. (દહેજ નહીં). (બી-૧૭૭૯૭)

■ મુંબઈનાં/ અમેરીકાનાં/ કેનેડાનાં/ લંડનનાં/ દુબઈનાં બાયોડેટાઓ રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૭૧)

**50 સુધીની વયની**
**સ્માર્ટ પર્સનાલીટી ધરાવતી નિઃસંતાન મહિલા અંધેરી (વેસ્ટના) સાધન સંપન્ન સફળ પ્રોફેશનલ વ્યવસાયિક ડિવોર્સી માટે જોઈએ છે. સંપર્ક - 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૮૫૮)**

**43 વર્ષીય**
**વેલ એજ્યુકેટેડ દેખાવડી મહિલા માટે સાઉથ / સેન્ટ્રલ મુંબઈ સ્થિત વ્યવસાયિક જીવનસાથી જોઈએ છે. સંપર્ક - 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૮૫૭)**

**39 સુધીની ઉંમરની**
**સુશિક્ષિત સંસ્કારી નમણી મહિલા જુહુના વેલસેટલ્ડ વૈષ્ણવ વ્યવસાયિક માટે જોઈએ છે. 9967894750. (દહેજ નહીં). (૧૨૩૨-એ)**

■ Vikroli Godrej Platinumનાં બિઝમેશમેન યુવક 1986 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૭૭)

■ કાંદિવલી Mild Leg Issue કન્યા 1999 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૭૮)

■ કેનેડાથી મુંબઈ આવેલા PR યુવક 1996 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૭૯)

**''ભાટીયા યુવક...''**
1982, સુખી-નાનું કુટુંબ - ફ્લેટ, એજ્યુકેટેડ - દેખાવડા - સારી આવક - 9819557417. (દહેજ નહીં). (બી-૧૭૮૯૧)

■ પાર્લામાં 1985, ફિઝિયોથેરાપી 5'6'' બ્યુટીફૂલ એક્ટિવને ક્વોલિફાઈડ યુવક. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ અંધેરીમાં 1983, LLB દેખાવડી એક્ટિવને વૈષ્ણવ વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ જુહુ 1986, CA ફેમેલી બિઝનેસ સ્વામિનારાયણને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ CA, 1987, 5'5'', ઈન્ટેલીજન્ટ બ્રાહ્મણને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ ગીરગાંવ CA, LLB, 1984 બ્યુટીફૂલ ડાયવોર્સીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ દાદર 1995, 5', MBA FINANCE એક્ટિવને ક્વોલિફાઈડ વૈષ્ણવ યુવક 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ લોઅર પરેલ BE, MBA, 1984, વૈષ્ણવને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ જુહુસ્કીમ 1987, આર્કિટેક હેન્ડસમ જૈન ડાયવોર્સીને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ સાયન 1992, MS સર્જન ઈન્ટેલીજન્ટ દેખાવડીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

■ કેમ્સકોર્નર 1985, MCOM બ્યુટીફૂલ એક્ટિવને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૪૨-ઈ)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (1198-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૭૮૧૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચીરાગ**
ચારધામ સપ્ટેમ્બર થી નવેમ્બર, ગંગાસાગર જગન્નાથપુરી જતીપુરા ગોકુલ શ્રીનાથજી - 7303560200. (૧૧૯૫-એ)

■ Private Car Tours Kerala Karnataka, Singapore Vietnam Thailand Cruise Lonavala, Igatpuri, Silvassa, Karjat રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Oneway All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. Arrham Holiday 9769977466 / 9892534488. (બી-૧૭૮૭૪)

**નિઃશુલ્ક મહાબળેશ્વર**
નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના માટે દરરોજ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૪૨૧)

શ્રીજી કૃપા સ્પીતિ વેલી નારકંડા-સાંગલા-કલ્પા ચિત્કુલ-નાકો-તાબો-કાઝા-ચંદ્રતાલ 9N/10D 16 SEPT
તિરુપતિ-કાંચીપુરમ-ત્રિચી-કન્યાકુમારી-વર્કલા કુર્ગ-મૈસુર-ઊટી-કોડાઈ-રામેશ્વર-મદુરાઈ AUG-FEB
શ્રીલંકા ભૂટાન નેપાળ રામાયણ સર્કિટ પારો-પુનાખા પોખરા-મુક્તિનાથ
લખનૌ-નૈમિષારણ્ય-અયોધ્યા-છપૈયા પ્રયાગ-ચિત્રકૂટ-કાશી D:7/9 6 SEPT-MARCH
અમરકંટક દ્વારકા સ્ટેચ્યુ ઓફ પંચમઢી-કાન્હા સોમનાથ યુનિટી-પોઇચા
3/4*HOTEL,VEG/JAIN FOOD,AC VEHICLE
Since 1987 પાયોનીયર અને ફાઉન્ડર ઓફ તન્વી ટુર્સ એન્ડ હોલીડેઝ 9867313091 9930213091
(બી-૧૭૮૯૦)

**શ્રીગણેશ યાત્રા**
કાશી વિશ્વનાથ. અયોધ્યા. પ્રયાગ. નેપાળ કાટમાંડુ પશુપતિનાથ પોખરા. પોતાનું રસોડું. ડિલક્સ હોટલ, ગ્રુપ બુકિંગ આવકાર્ય દિવસ ૧૩. ઉપડશે ૨૬ સપ્ટેમ્બર. ૯૮૨૦૧૬૪૦૦૭ / ૯૮૯૨૨૬૮૬૬૭. (૧૨૪૦-એ)

**તુષાર નેગાંધી**
ગંગાસાગર જગન્નાથપુરી ચંપારેન, નેપાલ પુમડીકોટ મુક્તિનાથ, દક્ષિણ ભારત + કેરલા. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૨૪૪-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**APMC, VASHI requires**
**Salesmen cum Accountant**
For Trading & Accounts. Fluency in English & Knowledge of Accounts must
Age - 20 years to 35 years
Salary - upto Rs.75000/-
: call Deep :
8879691300
OR Mail resume to
sales@shubhmlshah.com
(1237-A)

**સેલ્સમેન મિત્રો તથા હેલ્પરભાઈઓ**
તુરંત જોઈએ છે ક્રોકરી, થર્મોવેર, હોમ એપ્લાયન્સીસ, સ્ટે. સ્ટીલ, યુટેન્સીલ્સ હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર, બેડ એન્ડ બાથ તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનનાં મહેનતી, ઈમાનદાર ઉં. વ. ૧૮ થી ૪૫ સુધીના અનુભવી/બિનઅનુભવી સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ ત્રણેય શો રૂમ માટે સેલ્સમેન મિત્રો તથા હેલ્પર ભાઈઓ તુરંત જોઈએ છે. બે શીફ્ટમાં ફક્ત આઠ કલાકની ડ્યુટી. ફ્રેશ (બિનઅનુભવી)ને એક સારા વાતાવરણમાં ટ્રેનિંગ આપવામાં આવશે. કોઈ જ્ઞાતિબાધ નથી. તે ઉપરાંત માર્કેટિંગ (કોર્પોરેટ ગીફ્ટ) માટે મુંબઈ તથા બહારગામ (ઓલ ઓવર ઈન્ડિયા) ફરી શકે તેવા અંગ્રેજી, હિંદી, ગુજરાતી તથા મરાઠી ભાષા જાણનાર ઈમાનદાર, મહેનતી નવ યુવાન મિત્રો તુરંત જોઈએ છે. સારો પગાર + પી.એફ. તથા સારી ફેસિલીટી. આગળ વધવાની એક સારી તક. તમારા સર્કલમાં અન્યોને પણ આ જાહેરાત વિશે જણાવશો. ઈન્ટરવ્યુનો સમય ૧ થી ૫. બાયોડેટા તથા ફોટોગ્રાફ સાથે રૂબરૂ સંપર્ક કરો. આ પૃથ્વી પર દરેક જીવમાત્રે શુભ, મંગલ, કલ્યાણ થાય તેવી શુભકામના. મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કંપાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું-૫૪. અરવિંદ હરીયા - 9967024390, સુમીત ગાલા - 7506752375. (એસડીબી-૩૪૧૫)

**FIRST TIME IN INDIA**
**સુવાવડ પછીની સંભાળ માટેની વિશેષ કિટ**
પ્રસુતિ પછીના પ્રથમ ૪૦ દિવસ માટે
DADI'S SECRET
ESSENCE OF PLANTS
By Neeta Dalal



કિટમાં સમાવિષ્ટ છેઃ
રાબ પ્રીમિક્સ
મુખવાસ
હળદર પ્રીમિક્સ પાવડર
સુવા અને ગોળના લાડુ
વાવડિંગ અને વકુંભા
શતાવરી ટેબ્લેટ્સ
દશમૂલ કાઢા ટેબ્લેટ્સ
ખમણેલું સૂંઠ કોપરું
Contact : 8879874457
www.dadisecret.com
dadi_secret Dadi Secret
(બી-૧૭૭૩૬)

## ૧૪. નોકરી ખાલી છે

**તક**
નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ/ ફુલટાઈમ કામ તાલીમ ઉપલબ્ધ. ઓફિસ સપોર્ટ મળશે. કોઈ રોકાણ નહીં. 9320132162/ 9920062154. (૧૨૪૦-એફ)

**Kumar Shah & Co.**
Chartered Accountants
**WE ARE HIRING!**
**EXPERIENCED CA**
JOIN OUR PROFESSIONAL TEAM AND GROW WITH US
Male / Female Candidates
Monthly Salary: ₹1 Lakh Onwards



Knowledge of IT compliances including Tax Audit | Knowledge of GST compliances | Visiting Department for IT & GST matters | Work from Office
Location: Mulund West | Email ID: kumarshah14@gmail.com | Mobile No. 9920090267
Be a Part of a Team That Values Integrity, Expertise & Excellence.
APPLY NOW!
(1248-A)

**''યુવતી જોઈએ...''**
કાંદિવલીમાંઃ સવારે ૧૦થી ૨માંઃ કોમ્પ્યુટરનાં જાણકાર આવકાર્ય... (પગાર - ૪૦૦૦/-) 9819314587. (બી-૧૭૮૯૨)

**પ્યુન**
**ફોર્ટ વિસ્તારમાં એક રેપ્યુટેડ બિલ્ડરની ઓફિસમાં જરૂરત છે. સંપર્ક ૮૮૨૮૮૬૯૯૯૮. (બી-૧૭૮૪૩)**

**અહિંસાધામની ઓફિસ (બોરીવલી/દાદરમાં)**
**સંસ્થાની દાનપેટીઓ મુંબઈના વિવિધ એરિયાઓમાં રાખવા અને તેમાંથી આવેલ દાનનું કલેક્શન કરવા તેમજ નવી દાનપેટીઓ રાખવા માટે 25થી 45 વર્ષની વયમર્યાદાવાળા હોશિયાર, બોલકા અને મહેનતુ માણસો જોઈએ છે. Biodata Whatsapp 9726485555, 9726795555. (૧૨૪૧-સી)**

## ૧૫. નોકરી જોઈએ છે

**નિવૃત્ત વ્યક્તિ**
ઉંમર 69 વર્ષ, બી. કોમ., સારી તબીયત, અંગ્રેજી, હિન્દી, મરાઠી, ગુજરાતીનું સારું જ્ઞાન, પાલઘર / કર્જતની આસપાસ પાર્ટ - ટાઈમ નોકરીની જરૂર છે. સંપર્કઃ 9821482585. (એસડીબી-૩૩૭૯)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુસ્કીમમાં/ પાર્લામાં/ અંધેરીમાં**
લીવલાઈસન્સ/ વેચાતામાં 1 થી 4 બેડરૂમના ફ્લેટો/ ઓફિસો/ દુકાનો/ લેવા-આપવા. રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૪૦૭)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**''પૃથ્વીનો છેડો ઘર'', સુધા પાર્ક- ૨ બેડરૂમ, હોલ, કિચન, 850' યુઝેબલ - 3.06 Cr, ભાનુશાલી લેન, 2 બેડરૂમ, હોલ, કિચન-950' યુઝેબલ, 2.91 Cr/ MICL-3.5 બેડરૂમ, હોલ, કિચન, 1330' કારપેટ, 3.99 Cr/ ગારોડિયા નગર, ૧ બેડરૂમ, હોલ, કિચન- 570' કારપેટ, 1.45 Cr, રીડેવ્લોપમેન્ટની વાત ચાલુ છે. HomeAlone Property - જુગ્નું શાહ - 9833352224. (૧૨૦૨-એ)**

**MULUND WEST**
**Yogi Hills, Hill View**
**Furnished 3 BHK, 1000 sq. ft., 3rd Floor, 7 Storey Building, 1 Car Parking, For Sale Rs. 2.50 cr. negotiable. Only Serious buyers**
**Call: 9819993091 / 9921028593**
(1238-A)

**ઘાટકોપર (ઈસ્ટ) ભાડેથી**
**પ્રાઈમ લોકેશન, ૧ બેડરૂમ, હોલ, કિચન- 400' કારપેટ, 35K / ૨ બેડરૂમ, હોલ, કિચન-620' કારપેટ, 45K / 3 બેડરૂમ, હોલ, કિચન- 800' કારપેટ, 75K / 3 બેડરૂમ, હોલ, કિચન- 1100' યુઝેબલ- 1.15 Lac / 3.5 બેડરૂમ, હોલ, કિચન- 1330' કારપેટ, 1.30 Lac. HomeAlone Property - રૂપેશ જોરે - 7021933404. (૧૨૦૨-સી)**

**લોનાવાલા-ખંડાલા**
૨ થી ૯ બેડરૂમના બંગલો વેંચાણથી તથા અન્ય બંગલાઓ લેવા-વેંચાણમાં શ્રીજી - 9545741755. (બી-૧૭૭૮૪)

**બાંદ્રા / ખાર / શાંતાક્રુઝ**
૩/૪ બેડરૂમના એપાર્ટમેન્ટ લકઝુરીયસ પ્રોજેક્ટમાં, ગ્રીનરીવ્યુ, ઓ.સી. સાથે ફોનઃ- ''બીગ ડીલ રિયાલિટી'' 'પ્રેમ બત્રા' ૯૮૨૦૦૬૫૭૫૭ / 'બીપીન' ૯૮૨૦૦૪૭૭૭૩. (બી-૧૭૭૭૭)

**કાંદિવલી (વેસ્ટ)**
મથુરાદાસ રોડ - 2 બેડરૂમ - 584' કાર્પેટ - કાર પાર્કિંગ, એમેનીટીઝ, રિસેલ ફ્લેટ (1.75 Cr, All Inclusive). પઝેશનઃ- 2 મહિનામાં. સંપર્કઃ- Karan - 7738660560. (૧૧૯૫-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટ) વેચાણથી**
ઈર્લા રોડ તેમજ KLS હોસ્પિટલ પાસે 3-બેડરૂમ- 890' અને 2- બેડરૂમ- 730' નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન. ''નવકાર એસ્ટેટ'' - 9819117722. (જેપી/૪૫૬૯-એ)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**
નાગરદાસ રોડ, 2 બેડરૂમ- 700' ફર્નિસ્ડ, પાર્કિંગ, 10 વર્ષ, OC. ''નવકાર એસ્ટેટ''- 8356990950. (જેપી/ ૪૫૬૯-બી)

**લોનાવાલા**
૫ બેડરૂમ ફુલ્લી ફર્નીશડ બંગલો વીથ સ્વીમિંગપુલ ડેલીબેઝ પર આપવાનો છે. અરૂણભાઈ - 9545741755. (બી-૧૭૭૮૨)

**ચોપાટી, બાબુલનાથ**
**3, 4 બેડ ભાડેથી 3/5 વર્ષ માટે ગુજરાતી પરિવાર માટે તુરંત સોદો. ''નિમેષ સોની''- 9619927603. (૧૨૧૯-સી)**

**Invester - Flat for Sale in GHATKOPAR EAST (Send Offer within 1 Month)**
**PANTNAGAR** 2 BHK (720') - 1.89 Cr.
**60 FEET ROAD** 3 BHK (1000') - 3.96 Cr.
**TILAK ROAD** 4 BHK (1850') - 5.94 Cr.
All are Min. Reserved Price
**Owner : 9821025218**
(1230-A)

**Kandivali West**
મથુરાદાસ રોડ પાસે ફ્લેટો ભાડે/ લેવા/ વેચવા- 9867932447. (બી-૧૭૮૫૪)

**દાદર (વેસ્ટ)**
૩ બેડરૂમનો ફ્લેટ ૧૩૧૫' કારપેટ, પોલીસ સ્ટેશન પાસે, હાયર ફ્લોર, ૩ પાર્કિંગ, જીમ, બેન્કવેટ હોલ, વોકિંગ ટ્રેક, કિંમત ૬.૨૫ કરોડ. સંપર્કઃ- ''મીતી'' 8928904238. (બી-૧૭૮૩૨)

**હિરા પન્ના**
હાજીઅલી, 3 BHK સી/ સીટી વ્યુ, ભાડે આપવાનો છે, 'અમર રૂપાણી' 9820372950/ 'રીતેષ' 96197 75855. (બી-૧૭૮૬૩)

**બોરીવલી (વેસ્ટ)**
**લીવ લાયસન્સથી - એલ. ટી. રોડ, 2 બેડરૂમ નવું બિલ્ડિંગ (56,000/- ભાડું,/ 2,00,000/-) આશર એસ્ટેટ 9820010600. (૧૨૩૬-એ)**

**દાદર**
કાલાચોકી 1.5 બેડ 480 (1.75), 50 દાદર પોર્ટુગીઝ ચર્ચ 3 બેડ 1650' (7.50), 3 બેડ 1050' (5.50), 3 બેડ 850' (4), 800' (3.75) 2.5 બેડ 700' (2.75), 2 બેડ 750' (2.50), 2 બેડ 525' (3), 2 બેડ 435' (168) 1 બેડ 450 (2.30), 1 બેડ 600' (2.60) 550' (2.50) 1 બેડ જોડી 820 (4) સીંગલ 410 (1.90) દાદર વેસ્ટ રીડેવલોમેન્ટ 1 બેડ 450' પછી 2 બેડ 600' રેન્ટ (70) રેડી પઝેશન (2.40) દાદર ઈસ્ટ 2 બેડ 800' (3) લીવ લાયસન્સ 1/2/3/4 બેડ 4000' (11 લાખ) 5 બેડ 6500' (8.5) લાખ ફરનીશ લેવા-વેચવા જય જિનેન્દ્ર- લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૭૮૬૨)

■ વિરારમાં 1 બેડ - 4000000/-, 2 બે - 6000000/-. તેજસ એસોસિએટસ - 8806349777. (બી-૧૭૮૭૩)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લા (વેસ્ટ)**
વેચાણથી 3 બેડરૂમ, બજાજ રોડ, કાર પાર્કિંગ સાથે, 1120' કાર્પેટ નવું બિલ્ડિંગ, 9મા માળે, વાસ્તુ પ્રમાણે, ઈસ્ટ વેસ્ટ ઓપન. સંપર્કઃ 9324512690/ 9821165431. (બી-૧૭૮૬૭)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**અંધેરી (વેસ્ટ)**
3 BHK ગ્રીન કોર્ટ (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK ભાડેથી (1.80 અને 2.25 લાખ), 1 RK પાર્લા (વેસ્ટ) (1.20 કરોડ), તથા લલ્લુભાઈ પાર્ક, ઇર્લા, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોશી'' 9322236433 - 9821069632. (૧૨૨૦-એ)

**ખાર/શાંતાક્રુઝ**
**૩ બેડરૂમ ૧૧૫૦', ૪ બેડરૂમ ૧૫૨૫'/ ૧૮૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦' તદ્દન નવા બિલ્ડિંગમાં, પોશ લોકેશન, ઓ. સી. સાથે તુરંત વેચવાના. ફોનઃ- 9867153377. (બી-૧૭૮૩૩)**

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
**NEELSIDHI BRINDAVAN VALLABH BAUG LANE GHATKOPAR EAST 400077**
**3 BHK**
**₹ 3.51 CR* ONWARDS**
*T&C Apply
READY POSSESSION
OC RECEIVED
9833469305
(B-17855)

**ચોપાટી, બાબુલનાથ**
**4 બેડ ખરીદવા માટે બજેટ - 30થી 40 કરોડ સીવ્યુ + પાર્કિંગ મસ્ટ. ''નિમેષ સોની'' - 9619927603. (૧૨૧૯-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશનથી 2 મિનિટ, નવા બિલ્ડિંગમાં, 1 બેડરૂમ 440' કાર્પેટ કાર પાર્કિંગ, 1.30 કરોડ 2 બેડરૂમ 655' કારપેટ, કાર પાર્કિંગ 2 કરોડ નીગોસિબલ પોઝેશન ત્રણ મહિનામાં સંપર્ક બાબાભાઈ / નેહલ - 9324610207. (જેપી/૪૫૬૮-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
ઘણા વિકલ્પો ઉપલબ્ધ વેચાણથી 1 RK, 1 BHK, 2 BHK, 3 BHK - રેડી અને અંડર કન્સ્ટ્રક્શનમાં ''નવકાર રિયલ એસ્ટેટ'' : 9082631731. (જેપી/૪૫૬૯-સી)

**માટુંગા સાયન વડાલા**
જૂના લીફ્ટ વગરના મકાન ત્રીજે માળે ફ્લેટ વેચવા મને સંપર્ક વિનોદ 9892980593. (બી-૧૭૮૭૬)

**ઘાટકોપર (ઈ) વન ગાર્ડન એવેન્યૂ (રાજેશ)**
◆ ગ્રાઉંડ + ૩ પોડિયમ + ૧૬ રેસિડેન્શિયલ ફ્લોર
◆ પ્લોટ ફેસિંગ ૧-એકર ઓપન ગાર્ડન સ્પેસ
◆ ૩, ૪, ૫ BHK પ્રીમિયમ અપાર્ટમેંટ્સ
◆ દરેક ફ્લેટ ૩-સાઇડ ઓપન
◆ વાહન માટે ટુ-વે રેમ્પ
◆ એક્સક્લુસિવ લેન્ડસ્કેપ્ડ એમેનિટી પોડિયમ
◆ વોકિંગ અને જોગિંગ ટ્રેક
◆ ફિટનેસ સેંટર અને સોસાયટી ઓફિસ
◆ ૧૦' ફ્લોર ટુ ફ્લોર હાઇટ
◆ દરેક લિવિંગ રૂમમાં બાલ્કની
◆ ૧૦૦% સરફેસ કાર પાર્કિંગ
◆ ૩ હાઇ-સ્પીડ મોડર્ન લિફ્ટ
◆ ડેડીકેટેડ યોગા અને મેડીટેશન ઝોન
◆ સ્વિમિંગ પૂલ
◆ બાળકો માટે પ્લે એરિયા
◆ સીનિયર સિટિઝન કોર્નર
2/3 BHK : 775 | 1077 | 1186 4/5 BHK : 1556 | 1584 | 2274
સાઇટ: ગાર્ડન એવેન્યૂ લેન, ઓફ ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ)
DNK : 98212 38408 / 98198 48956
MahaRERA Registration No.: PR1180002600907 | Website: https://maharera.maharashtra.gov.in/
(કેપી-૨૫૩૯-એ)

**પરેલ**
સિંગાપોર જેવું વાતાવરણ બે બેડરૂમ ૧૦૦૦ કાર્પેટ લિફ્ટ પાર્કિંગ બગીચા ચાર કરોડ નવા મકાન વિનોદ 9892980593. (બી-૧૭૮૭૫)

**ખેતવાડી**
મેઈન રોડ, દેરાસર પાસે ટાવરમાં ૨ બેડરૂમ ૮૫૦' કાર્પેટ + પાર્કિંગ, લીવલાયસન્સ/ ઓનરશીપથી. 9820034317. (બી-૧૭૮૯૪)

■ બોરીવલી (વેસ્ટ). 2 બેડરૂમ, Erica- દેવીદાસ, 1.75 CR. 9820644939, 9167332595. (એસડીબી-૩૪૨૫)

MahaRERA Reg. No. PR1181012502198 maharera.mahaonline.gov.in
PARIKH GROUP
Where Life's **FINEST MOMENTS BEGIN**
**PRESTIGE RESIDENCY**
ORLEM, MALAD WEST
1 BHK 75 LACS* ONWARDS
9+ STOREY RESIDENTIAL TOWER
10+ AMENITIES



+91 90824 24918
D'MONTE LANE, ORLEM, MALAD WEST
PREMIUM LOCATION | QUALITY CONSTRUCTION | TRUSTED DEVELOPER
(B-17821)

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ વેસ્ટ**
તૈયાર કબજો, ઓસી અપ્લાઈડ, સ્ટેશન નજીક, જૈન દેરાસરની સામે, તમામ આધુનિક સુવિધાઓ. (1 Bed 1.20 Crore, 2 Bed 1.70 Crore પેકેજ) 9821291100 / 7506953114. (બી-૧૭૮૮૪)

**વિલેપારલે (વેસ્ટ)**
3 બેડરૂમ/1215 કાર્પેટ/ ફુલ્લી ફર્નિશ્ડ 2 કાર પાર્કિંગની સુવિધા સાથે વેચવાનો છે. એજન્ટઃ 8850666935 (એસડીબી-૩૪૨૨)

**FOR IMMEDIATE SALE**
**RUNWAL NIRWANA, PAREL 3 BHK, 1078 sq. ft., 2 CAR PARKS, GAS PIPE CONNECTION, 4.60 CR.**
**CONTACT NO. 09819882289**
(356)

**જુહુ**
ભાડેથી 3 બેડરૂમ (1250/1100 કાર્પેટ) ફુલ્લી ફર્નિશ્ડ અને 3 બેડરૂમ (1257/ 1458 કાર્પેટ) ફ્લેટ વેચવાનો છે. એજન્ટઃ 8850666935. (એસડીબી-૩૪૨૩)

**તારદેવ**
ત્રણ બેડરૂમ (૧૧૦૦ કાર્પેટ) (ફુલ્લી ફર્નીશ્ડ) (પાર્કીંગ) ૬૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૪૨૦)

**વિલેપાર્લે વેસ્ટ**
સારી લોકાલિટી અને લોકેશન ઉપર- ૨ બેડરૂમ ૨.૮૫ કરોડ, ૩ બેડરૂમ ૪.૫૮ કરોડ. નામદેવ 9322671121. (એસડીબી-૩૪૨૭)

**લીવલાયસન્સ/ વેચાણથી નાનાચોક/ તારદેવ**
**ભાટીયા હૉસ્પિટલ પાસે, ૪ બેડરૂમના ફ્લેટ, નવા બિલ્ડિંગમાં, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ, બે પાર્કિંગ, રેડી પજેશન, કોન્ટેક્ટ 'ભરતભાઈ' 9322246950. (બી-૧૭૮૮૭)**

**ધીરુભાઈ ગ્રૂપ ઑફ રીયાલીટી**
**૩ બેડરૂમ ભાડેથી ફર્નિશ્ડ લલ્લુભાઈ પાર્ક, ૧ બેડરૂમ ભાડેથી જુહુલેન, ૩ બેડરૂમ વેચાણથી પારલા વેસ્ટ સ્ટેશન. 9819907437, 9867101337. (બી-૧૭૮૮૮)**

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ 428' કાર્પેટ નવા ટાવરમાં પટેલનગરની બાજુમાં M.G. રોડ 1.18 CR માં પાર્કિંગ સાથે ફીટ આઉટ જુલાઈમાં મળશે. અને 1 બેડરૂમ 85 લાખ, નવા એમીનીટીઝવાળા ટાવરમાં દહાનુકરવાડી મેટ્રો સ્ટેશન પાસે મળશે. સંજીવ 9821925693. (બી-૧૭૮૮૯)

**ગોરેગાંવ (વેસ્ટ)**
3 બેડરૂમ 900' કાર્પેટ, શ્રીનગરમાં - વેલમેન્ટેન ફ્લેટ, રેપ્યુટેડ સોસાયટી, રેલવે સ્ટેશન મેટ્રો મંદિર દેરાસર સ્કૂલ કોલેજ નજીકમાં 9821134901 - 9833984901. (જેપી-૪૫૭૦-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
**1 BHK Converted શાંતિકુંજ બીજે માળે, એમ જી રોડ ડોમિનોઝ પીઝા સામે, 4-5 મહિના માટે ભાડે આપવાની છે (દલાલ માફ). પ્રકાશ મહેતા 9653424638. (૧૨૪૫-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**નવો ફુલ્લી ફર્નિશ્ડ 2 બેડરૂમ, હાયર ફ્લોર, સતરા પાર્ક પાસે, (ગુજરાતી, મારવાડી, જૈન લોકાલીટીમાં) (પાર્કિંગ સાથે - 2.75 Cr) 7666644727. (૧૨૪૩-ડી)**

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ. સંપર્ક - 9930333456 (P51800055546). (૧૨૪૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**હમણા નહીં તો ક્યારે નહીં, MICL પ્રોજેક્ટ, 2 બેડરૂમ, હોલ કિચન, 800' કારપેટ, 2.11 Cr, 1 પાર્કિંગ ઓપન વ્યુ, બધી એમેનીટીઝ સાથે. HOME ALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૧૨૪૯-એ)**

■ બોઈસર (વેસ્ટ), 1 બેડરૂમ- 19,00,000, દુકાનો- 9,00,000. 9167332595. (એસડીબી-૩૪૨૬)

## ૧૭. જગ્યા આપવી છે

**''મુલુંડ વેસ્ટ''**
**''શ્રી વિમલ એસ્ટેટ'' - દેવીદયાળ રોડ - ગાર્ડન નજીક, નવી બિલ્ડિંગમાં - 2.5 BHK ફ્લેટ ઉપલબ્ધ. સંપર્કઃ 8104009694, 9819864456. (૧૨૫૧-એ)**

**ઘાટકોપર પૂર્વ પશ્ચિમ**
**૧/૨/૩ બેડરૂમ હોલ કિચન. ખરીદો / વેચો / Rent Kotharibhai 9920298333. (એસડીબી-૩૪૨૮)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
**સન્યાસ આશ્રમ પાસે 2 બેડરૂમનો ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો. ફક્ત Vegetarian Family. (Working Bachelor, College Student Allowed) AG Properties 982041 3886. (૧૨૪૧-એફ)**

**HEAVY DEPOSIT**
**નાલાસોપારા (ઈસ્ટ) તુલિંજ રોડ, રાધેક્રિષ્ના હોટલની સામે, 2 બેડરૂમ (લિફ્ટ નથી). 12,000/- ભાડેથી અથવા 9 લાખ હેવી ડિપોઝિટથી આપવાનો. (ઓનર) 7666644727. (૧૨૪૨-એચ)**

**મલાડ (વેસ્ટ)**
**માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૪૩૧)**

**TRUMP TOWER**
Marqees. Lodha Park. Corporate Direct Client Req Outright @ Market Rate Duplex or Jodi Flat. Broker Excuse. 9821036552 / 9920655056. (1231-C)

**DAHISAR (WEST)** READY TO MOVE
**YASHWANT HEIGHTS**
Full C C Recived
Scheme:80:20
OPP STATION & TICKET WINDOW
1 BHK 1.08* cr+
2 BHK 1.25* cr+
3 BHK 1.91* cr+
Maha Rera No. P51800010825
The project is financed by SWAMIH Investment Fund 1



*Terms & Conditions Apply
Project by: M. P. Global Height Pvt. Ltd.
9930573939/9930669211/9152138831
(B-17798)

**READY POSSESSION DIRECT Owner Sale - Avant Heritage III, JVLR - 2 BHK, 517 Sq. Ft. RERA Carpet with Balcony and 1 Car Parking. Connectivity to WEH, JVLR, Metro and Mumbai Airport. Price 1.70 Cr + Transfer Charges. Genuine Buyers Only. Contact: +91 98690 67584. (B-17842)**

**BANDRA / KHAR / SANTACRUZ**
3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-17847)

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**ANDHERI WEST**
Urgently Sale 3 BHK Ready New Bldg Near Jain Temple - 2.90 Cr. all in. 9869070123 / 9167723483. (1233-A)

**SANTACRUZ (WEST)**
3 BHK on Rent, Carpet 1050 + Pocket Terrace + Fully Furnished + 2 Parking, Near Poddar School, Rent 2 Lakh, Deposit 4 Months. Ready Possession Contact - Satyawan 9820186496. (B-17869)

**VILEPARLE (W)**
Bajaj Road Sale - One BHK, 425 Useable sqft, Higher Floor. Shreeji Estates - Pappubhai - 9820093240. (B-17886)

**ESTATE AGENT**
For Buy / Sale / Rent Office / Factory / Residence / Plot at Marine Lines & Andheri. Agent: 9820352353 / 9768838112. (1241-B)

## ૧૮. જગ્યા જોઈએ છે

**REDEVELOPMENT ગયેલા**
**બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૨૪૨-એફ)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૪૧૧)

(જુઓ પાનું ૧૪) ▶▶

# સમગ્ર મહારાષ્ટ્રમાં એફડીએની ઝુંબેશઃ ૨૭ સંસ્થાઓને નોટિસ

મુંબઈઃ ૧૪ અને ૧૫મી જુલાઈએ ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા એક વિશેષ રાજ્યવ્યાપી નિરીક્ષણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ઝુંબેશ દરમિયાન એફડીએ દ્વારા મહારાષ્ટ્રભરમાં ડેરી એકમો, ખાદ્ય ઉત્પાદકો, રેસ્ટોરાં અને વિક્રેતાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. 'આ ઝુંબેશમાં ૨ હજાર ૩૧૭ લિટર દૂધ, ભેંસ માટે બનાવાયેલ ૩૦ લિટર રિફાઇન્ડ તેલ અને ૪૫.૭૮ લાખ રૂપિયાની કિંમતના ૬ હજાર ૮૪૯.૨૫ કિલો ડેરી ઉત્પાદનો જપ્ત કરવામાં આવ્યા હતા. એજન્સીએ ૧.૩૬ કરોડ રૂપિયાના પ્રતિબંધિત ખાદ્ય ઉત્પાદનો અને ૫૩.૯૦ લાખ રૂપિયાની અન્ય ખાદ્ય વસ્તુઓ પણ જપ્ત કરી હતી. રાજ્યમાં ૫૭ હોટેલ, રેસ્ટોરાં અને ખાણીપીણીની દુકાનોનું નિરીક્ષણ કર્યા પછી ૨૭ સંસ્થાઓને સુધારણા નોટિસ જારી કરવામાં આવી હતી' એવી સ્પષ્ટતા નિવેદનમાં કરવામાં આવી છે.

એફડીએ દ્વારા અકોલામાં પ્રતિબંધિત ખાદ્ય ઉત્પાદનોનું ઉત્પાદન કરતા એક યુનિટ પર પણ દરોડા પાડી લગભગ ૧.૨૩ કરોડ રૂપિયાનો સ્ટોક જપ્ત કર્યો હતો. મુંબઈ, જળગાંવ અને અન્ય જિલ્લાઓમાં પ્રતિબંધિત ગુટખા અને પાન મસાલા વેચતા વિક્રેતાઓ સામે કેસ નોંધ્યા હતા. ગોરેગાંવમાં અધિકારીઓએ ૫૫૮ લિટર દૂધ ધરાવતા ૮૨૨ દૂધના શંકાસ્પદ પાઉચ જપ્ત કર્યા હતા. એફડીએ અધિકારીઓએ ૩૯ હજાર ૫૯૩ રૂપિયાની કિંમતની સામગ્રીનો નાશ કર્યો હતો.

નિવેદનમાં ઉમેરવામાં આવ્યું હતું કે ગોવંડીમાં ૧.૦૭ લાખ રૂપિયાથી વધુ કિંમતના ૧ હજાર ૬૮૩ લિટર છૂટક પાશ્ચરાઇઝ્ડ ભેંસના દૂધનો નાશ કરવામાં આવ્યો હતો. લેબલિંગ ધોરણોનું ઉલ્લંઘન કરીને સંગ્રહિત અને વેચવામાં આવતું હોવાની જાણ ઈન્સ્પેક્ટરોને થતા આ પગલું ભરવામાં આવ્યું હતું. મુલુંડમાં એક ફૂડ એસ્ટાબ્લિશમેન્ટમાંથી લેબલિંગ ઉલ્લંઘન અને ચીઝ એનાલોગના શંકાસ્પદ ઉપયોગના આરોપસર ચીઝ બ્લેન્ડ અને મોઝેરેલા ચીઝ સહિત ૬૧.૨૫ કિલો ડેરી ઉત્પાદનો પણ જપ્ત કર્યા. તેની બજાર કિંમત રૂ. ૧૯ હજાર ૭૫૯ છે. ■



મુંબઈના દાદર શિવાજી પાર્ક વિસ્તારમાં શુક્રવારે જગન્નાથ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો. (અમય ખરાડે)

# યુરી ફેડકિવ મુંબઈના યુએસ કોન્સલ જનરલ

મુંબઈઃ અનુભવી રાજદ્વારી યુરી આર. ફેડકિવે મુંબઈમાં નવા યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) કોન્સ્યુલ જનરલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. અગાઉ પાકિસ્તાન અને ચીનમાં સેવા આપી ચૂકેલા ફેડકિવે ૭ જુલાઈએ કાર્યભાર સંભાળ્યો હતો.

એક નિવેદન અનુસાર, મુંબઈમાં નિયુક્તિ પહેલાં ફેડકિવે બર્ન (સ્વિટ્ઝર્લેન્ડ) ખાતે રાજકીય-આર્થિક બાબતોના કાઉન્સેલર તરીકે તેમજ સ્વિસ કન્ફેડરેશન અને લિક્ટેનસ્ટાઇનના રિયાસત સાથેના સંબંધો સંભાળતા લાંબા ગાળાના કાર્યકારી ડેપ્યુટી ચીફ ઓફ મિશન તરીકે સેવાઓ આપી હતી.

ફેડકિવની અગાઉની રાજદ્વારી નિયુક્તિઓમાં યુક્રેન, પોલેન્ડ, ઇરાક, સ્લોવેનિયા અને જાપાનસ્થિત યુએસ દૂતાવાસોનો સમાવેશ થાય છે, જ્યાં તેમણે રાજકીય, આર્થિક, વ્યાપારી, રાજકીય-લશ્કરી, સહાય, કાયદાના અમલીકરણ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતા મુદ્દાઓ પર કામ કર્યું હતું. ૨૦૨૧માં, ફેડકિવે કતારમાં 'અફઘાનિસ્તાન અફેર્સ યુનિટ'ની સ્થાપના કરવામાં મદદ કરી હતી, જ્યાં તેમણે માનવાધિકાર, માનવીય મુદ્દાઓ અને સુરક્ષાની પ્રાથમિકતાઓ અંગે તાલિબાન સાથે વાતચીત કરી હતી. નિવેદન અનુસાર, તેમણે પાકિસ્તાનના લાહોરમાં કોન્સલ જનરલ, જાપાનના ફુકુઓકામાં પ્રિન્સિપાલ ઓફિસર અને ચીનના ચેંગદુમાં કોન્સલ તરીકે પણ સેવાઓ આપી છે. ■

# પથ્થરથી માથું છૂંદી બાળકીની હત્યા બદલ ખેતમજૂરની ધરપકડઃ દુષ્કર્મની આશંકા

વર્ધાઃ વર્ધા જિલ્લામાં ૧૨ વર્ષની બાળકીની ઘરમાં પથ્થરથી માથું છૂંદી હત્યા કરવામાં આવતાં પોલીસે પાસેના ખેતરમાં કામ કરનારા મજૂરની ધરપકડ કરી હતી. હત્યા પહેલાં બાળકી સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની શંકા પોલીસે સેવી હતી.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (એસપી) સૌરવ કુમાર અગરવાલે જણાવ્યું હતું કે બાળકીનો મૃતદેહ બુધવારની સાંજે તેના ઘરમાંથી મળી આવ્યો હતો. પથ્થરથી માથું છૂંદીને તેની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે સવાંગી પોલીસે ગુનો નોંધ્યો હતો.

પ્રાથમિક તપાસ બાદ હત્યામાં કથિત રીતે સંડોવાયેલા ૩૦ વર્ષના ખેતમજૂરની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી બાળકીના પરિવારથી પરિચિત હતો. બાળકીના ઘર નજીકના ખેતરમાં જ તે કામ કરતો હતો. એસપીએ જણાવ્યું હતું કે હત્યા પહેલાં બાળકી પર જાતીય હુમલો કરાયો હતો કે કેમ તે અંગે તબીબી અભિપ્રાય લેવામાં આવશે. (પીટીઆઈ)■

# બેસ્ટના ૧૦૦ વર્ષ પૂરા થતા કર્મચારીઓના પગારમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાની બીજી લાઈફલાઈન ગણાતી બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની સેવાના બેસ્ટ બસ સેવાના ૧૦૦ વર્ષ પૂરા થવા પર બેસ્ટ ઉપક્રમ દ્વારા બસના ભાડામાં હળવો ઘટાડો કરવાની જાહેરાત સાથે જ બેસ્ટના કાફલામાં મિની બસનો ઉમેરો કરવાની સાથે જ તેણે પોતાના કર્મચારીના પગાર વધારો કરવાની જાહેરાત કરી છે.

બેસ્ટ બસ સેવા ૧૦૦ વર્ષના ઐતિહાસિક સીમાચિહ્ન પર પહોંચી છે. આ પ્રસંગે, પાલિકાની બેસ્ટ સમિતિના અધ્યક્ષા તૃષ્ણા વિશ્વાસરાવે શુક્રવારે મહત્ત્વની જાહેરાત કરી હતી. બેસ્ટ બસ સેવાએ ૧૫ જુલાઈના રોજ એક સદી પૂર્ણ કરી હતી. ઘોડાગાડીથી લઈને ટ્રામ અને પછી બેસ્ટ બસો સુધી મુંબઈની જાહેર પરિવહન યાત્રા રહી છે.

બેસ્ટની પહેલી બસ અફઘાન ચર્ચથી ક્રોફર્ડ માર્કેટ રૂટ પર દોડી હતી. મુંબઈમાં વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને હવે મિની બસોનો ઉપયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે. આ યોજના લાગુ કરવામાં આવશે જેથી મુસાફરો સાંકડા રસ્તાઓ પર પણ સરળતાથી સેવા મેળવી શકે. આ ઉપરાંત બંધ કરાયેલા જૂના બસ રૂટ ફરીથી શરૂ કરવાની યોજના છે. તેમ જ મુસાફરો માટે ટિકિટના ભાવ પરવડી શકે તેવા રાખવાની પણ યોજના છે.

બેસ્ટ ઉપક્રમની સેવાના શતાબ્દી નિમિત્તે કર્મચારીઓને મોટી રાહત આપતા નિર્ણયો પણ જાહેર કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેના નિર્દેશ મુજબ બેસ્ટના પોતાના બસ કર્મચારીઓના પગારમાં ૩,૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવશે, જ્યારે કૉન્ટ્રાક્ટ (વેટ-લીઝ) બસ કર્મચારીઓના પગારમાં ૨,૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવશે.

આ ઉપરાંત નિવૃત્ત કર્મચારીઓની પેન્ડિંગ ગ્રેચ્યુઇટી માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મંજૂર કરાયેલા ૧,૦૦૦ કરોડ રૂપિયામાંથી બેસ્ટને ૫૦૦ કરોડ રૂપિયા મળ્યા છે, ત્યારે આ ભંડોળમાંથી ગ્રેચ્યુઇટીનું વિતરણ શરૂ થઈ ગયું છે. બાકીના કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ માટે બાકીના ૫૦૦ કરોડ રૂપિયા પણ ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે એવું બેસ્ટ સમિતિના અધ્યક્ષા તૃષ્ણા વિશ્વાસરાવે જણાવ્યું હતું. ■

# મહારાષ્ટ્ર મત્સ્ય ઉદ્યોગ યોજનાને અસરકારક બનાવવા પ્રધાનનો આગ્રહ

મુંબઈઃ મહારાષ્ટ્ર મત્સ્ય ઉદ્યોગ પ્રધાન નિતેશ રાણેએ શુક્રવારે તેમના વિભાગના અધિકારીઓને 'મુખ્યમંત્રી મત્સ્ય સંપદા યોજના'ના અસરકારક અમલીકરણ માટે એક યોજના તૈયાર કરવા અને યોજનાનો વ્યાપ સુધારવાનો નિર્દેશ આપ્યો હતો. મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવેલી 'મુખ્યમંત્રી મત્સ્ય સંપદા યોજના' ૨૦૨૫માં રજૂ કરવામાં આવી હતી. મુંબઈમાં રાજ્ય સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા રાણેએ જણાવ્યું હતું કે આ યોજનાને માછીમાર સમુદાય તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને વ્યવસ્થિત અમલીકરણ દ્વારા તેની પહોંચ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

પ્રધાને પ્રાદેશિક ડેપ્યુટી કમિશનરો અને મત્સ્ય વિભાગના સહાયક કમિશનરોને વિવિધ સરકારી યોજનાઓ વિશે જાગૃતિ લાવવા અને લાભાર્થીઓની સંખ્યા વધારવામાં મદદ કરવા માટે તાલુકા સ્તરે દર અઠવાડિયે ખાસ શિબિરોનું આયોજન કરવા સૂચના આપી. સિવાય અધિકારીઓને યોજનાના વ્યાપમાં સુધારો કરવા માટે પ્રગતિનું નિરીક્ષણ કરવા અને કાર્ય યોજનાઓ તૈયાર કરવા માટે નિયમિત વિભાગીય સમીક્ષા બેઠકો યોજવા પણ જણાવી અધિકારીઓને મુંબઈ વિભાગમાં વસઈ અને નાગપુર વિભાગમાં ગઢચિરોલી ખાતે તાલીમ કેન્દ્રોની સ્થાપના ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ) ■

# વિદેશમાં નોકરીને બહાને ૧૩૦થી વધુ લોકો સાથે ૫૨.૬૮ લાખની ઠગાઈઃ આઠ વિરુદ્ધ ગુનો

થાણેઃ વિદેશમાં નોકરી અપાવવાને બહાને ૧૩૦થી વધુ લોકો સાથે ૫૨.૬૮ લાખ રૂપિયાની ઠગાઇ અચરવા બદલ થાણે જિલ્લાની રિક્રૂટમેન્ટ એજન્સી સાથે સંકળાયેલા આઠ જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર જાન્યુઆરીથી મે, ૨૦૨૬ દરમિયાન છેતરપિંડી આચરવામાં આવી હતી. આરોપીઓ કલ્યાણ સ્થિત 'અલ-લિમરા ઇન્ટરનેશન' નામની એજન્સી હેઠળ કામ કરતા હતા.

મુંબઈના રહેવાસીએ કલ્યાણના મહાત્મા ફૂલે ચોક પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે એજન્સીએ વિદેશમાં ઊંચા પગારે નોકરી અપાવવાનું આશ્વાસન આપ્યું હતું અને નોકરીવાંચ્છુઓ પાસેથી રૂપિયા તથા તેમના પાસપોર્ટ લીધા હતા. જોકે તેમને નોકરી અપાવવામાં એજન્સી નિષ્ફળ ગઇ હતી.

છેતરાયેલા ૧૩૦થી વધુ લોકોમાંથી કેટલાકે પોતાના પાસપોર્ટ તથા રૂપિયા ગુમાવ્યા હતા. તેઓ પોતાની અરજી અંગે પૂછપરછ કરવા માટે ગયા ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે એજન્સીએ તેની કામગીરી અચાનક બંધ કરી દીધી છે.

પોલીસ ઇન્સ્પેક્ટર વિનોદ પાટીલે જણાવ્યું હતું કે અત્યાર સુધી ૫૨.૬૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

આ પ્રકરણે આઠ જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે અને આ કેસની તપાસ ચાલી રહી છે. (પીટીઆઇ) ■

# હિંગોલીમાં યુવકની હત્યાઃ શિવસેનાના નગરસેવક સહિત ૧૬ સામે ગુનો

હિંગોલીઃ હિંગોલી જિલ્લામાં જૂની અદાવતને લઇ ગોળી મારીને યુવકની હત્યા કરવામાં આવ્યા બાદ પોલીસે શિવસેનાના નગરસેવક સહિત ૧૬ સામે ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર હિંગોલી જિલ્લાના કલમનુરી ટાઉનમાં બુધવારે રાતના આ ઘટના બની હતી. મૃતકની ઓળખ લુકમાન સિદ્દીકી (૩૮) તરીકે થઇ હતી.

પોલીસે જણાવ્યું હતું કે જૂની અદાવતને લઇ શિવસેનાના નગરસેવક કિશોર ભાલેરાવ સહિત અન્ય લોકો સાથે લુકમાનનો ઝઘડો થયો હતો, જેમાં લુકમાન પર ગોળીબાર કરવામાં આવતાં તે ઘાયલ થયો હતો અને બાદમાં મૃત્યુ પામ્યો હતો.

આ ઘટના બાદ નગરસેવરક ભાલેરાવ તથા અન્ય પંદર લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેમની શોધ ચલાવવામાં આવી રહી છે.

દરમિયાન કૉંગ્રેસનાં સાંસદ વર્ષા ગાયકવાડે આ ઘટનાને લઇ રાજ્ય સરકારની ટીકા કરી હતી અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

ગાયકવાડે એક્સ પર પોસ્ટ કરી હતી કે 'મહારાષ્ટ્રમાં કાયદાનું શાસન ખતમ થઇ ગયું છે. સત્તાના જોરે ગુંડાઓને શાહી આશ્રય મળ્યો છે. ગુંડાઓ સત્તામાં બેઠેલા લોકોની છાયામાં નિર્ભય છે, જ્યારે સામાન્ય નાગરિકો ભયભીત થઇ ગયા છે.' (પીટીઆઇ) ■

## દેશ વિદેશ

# કૅનેડા વસાહતીઓના માતા-પિતા, દાદા-દાદીઓને પીઆર નહીં મળે

ટોરન્ટોઃ અમેરિકન સરકાર વિદેશી નાગરિકો માટે નિરંતર કડક નિયમો બનાવી રહ્યું છે ત્યારે હવે પડોશી દેશ કૅનેડા પણ વધુ આક્રમક નિયમો બનાવી રહ્યું છે. કૅનેડામાં રહેતા અભ્યાસ કરતા કે નોકરી કરતા ભારતીયો માટે કૅનેડા સરકારે એક આંચકો આપતો નિર્ણય કર્યો છે. જેની અમલવારી આ વર્ષે જ થવાની છે. કૅનેડામાં બીજા દેશમાંથી આવીને રહેતા નાગરિકોના વાલીઓ માટે ફેમિલી સ્પોન્સરશિપ પર કૅનેડા સરકારે મોટો ફટકો માર્યો છે. સરાકરે પેરેન્ટ્સ એન્ડ ગ્રાન્ડ પેરેન્ટ્સ પ્રોગ્રામમાં જે અરજી માટેની પ્રક્રિયા હતી એમાં બ્રેક મારી દીધી છે. એટલે કે, કૅનેડામાં રહેતા અન્ય દેશના નાગરિકો પોતાના વાલીઓને કૅનેડા બોલાવવા માટે સરકારને કોઈ પ્રકારની અરજી નહીં કરી શકે. માતા-પિતા, દાદા-દાદીને કૅનેડા બોલાવી પીઆર અપાવી દેવાની યોજના બનાવી રહેલા લોકોએ હવે સરકારના આગામી નિર્ણયની રાહ જોવી પડશે. કૅનેડાની સરકારે ઈમિગ્રેશનને લગતા કેટલાક નિયમ અંગે મોટો નિર્ણય લીધો છે. ઇમિગ્રેશનના નિયમમાં ફેરફાર કર્યો છે. પેરેન્ટ્સ એન્ડ ગ્રાન્ડ પેરેન્ટ્સ પ્રોગ્રામ અંતર્ગત આપવી પડતી અરજીને હાલમાં બંધ કરી દીધી છે. ઇમિગ્રેશન વિભાગે કહ્યું હતું કે, આગામી આદેશ ન થાય ત્યાં સુધી ઇન્ટરેસ્ટ ટુ સ્પોન્સર્સ ફોર્મનો જ સ્વીકાર કરવામાં આવશે. નવી અરજીઓ માટે કોઈ ચાન્સ હાલમાં નથી. નવી અરજી કરનારા કોઈ પ્રકારે પોતાના વાલીના પીઆર માટે અરજી કરી શકશે નહીં. આ નિર્ણયથી કૅનેડામાં રહેતા હજારો પરિવારને કૅનેડા સરકારના આ નિર્ણયથી મોટો ફટકો લાગ્યો છે. હવે તેઓ પોતાના વાલી કે દાદા-દાદીને કેનેડામાં બોલાવીને ક્ષ્છ માટે અરજી કરી શકશે નહીં.

# અમરનાથ યાત્રા ૨૦૨૬ઃ શું આ વખતે નવો વિક્રમ સર્જાશે?

**સુરેશ એસ.ડુગ્ગર**

જમ્મુઃ આતંકવાદી હુમલાની આશંકા, મોસમના પડકાર અને કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શરૂ થયેલી અમરનાથ યાત્રા ૨૦૨૬ એક નવો વિક્રમ સર્જવાની દિશામાં આગળ વધી રહી છે. યાત્રા શરૂ થવાના પંદર દિવસની અંદર શ્રદ્ધાળુની સંખ્યા ચાર લાખથી વધારે થઈ ગઈ છે. હજી શ્રદ્ધાળુનો પ્રવાહ ચાલુ જ છે. આ વર્ષે બાબા બર્ફાનીના દર્શન કરવાની સંખ્યા છેલ્લા બે દશકોમાં સૌથી ઝડપથી આ આંકડાને આંબી ગઈ છે. જો આ રફતાર બની રહી તો યાત્રા પતવા સુધીમાં શ્રદ્ધાળુની સંખ્યા ૨૦૨૨માં બનેલી ૬.૩૫ લાખ કુલ ભાવિકોના વિક્રમને તોડી નાખશે.

આ વર્ષે યાત્રા ત્રણ જુલાઈએ શરૂ થઈ હતી અને તે ૨૮ ઓગસ્ટ સુધી ચાલશે. યાત્રાની મુદત અપેક્ષા કરતાં લાંબી હોવાથી દેશમાં રજિસ્ટ્રેશન કરાવનારની સંખ્યા ઘણી વધારે છે. પ્રશાસનને નિર્ધારિત તારીખ કરતાં પહેલાં ત્યાં પહોંચનારા શ્રદ્ધાળુને કાબૂમાં રાખવામાં ખાસ્સો પરિશ્રમ કરવો પડે છે. પ્રશાસન વારંવાર અપીલ કરે છે કે શ્રદ્ધાળુ પોતાની નક્કી કરેલી તારીખે જ દર્શન કરવા આવે. આનું કારણ એ છે કે સર્વોચ્ચ અદાલતે દૈનિક સંખ્યા સીમિત કરેલી છે. નિષ્ણાતોનું માનવું હતું કે પહલગામ આતંકવાદી હુમલા બાદ યાત્રા પર એની માઠી અસર પડશે. પરંતુ શ્રદ્ધાળુનો ઉત્સાહ વધતો જાય છે.

# આસારામની વચગાળાની જામીન અરજી

## અમે કોઈ અનિચ્છનીય બનાવ નથી ઈચ્છતાઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે બની બેઠેલા ધર્મગુરુ આસારામની જામીન અરજીના સંબંધમાં શુક્રવારે રાજસ્થાન સરકારને આસારામની તબિયત અંગે યોગ્ય સૂચના મેળવવાનો આદેશ આપતા જણાવ્યું હતું કે અમે કોઇ અનિચ્છનીય બનાવ નથી ઇચ્છતા.

અગાઉ, રાજસ્થાન વડી અદાલતે ૨૦૧૩માં કિશોરી પર બળાત્કારના કેસમાં ૨૭ મેએ આસારામને દોષી ઠેરવીને જનમટીપ ફરમાવી હતી.

આસારામે નાદુરસ્ત તબિયતનું કારણ આપીને વચગાળાના જામીન માગતી અરજી સર્વોચ્ચ અદાલતમાં કરી હતી.

ન્યાયાધીશ એમ. એમ. સુરેશ અને ન્યાયાધીશ પી. બી. વારલેની બૅન્ચ આસારામની અરજીની સુનાવણી કરી રહી છે.

રાજસ્થાન સરકાર વતી સર્વોચ્ચ અદાલતમાં કેસ લડી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બૅન્ચને જણાવ્યું હતું કે 'એઇમ્સ'એ આસારામની જીવનશૈલીમાં થોડા ફેરફારની જરૂર હોવાનું સૂચન કર્યું હતું.

બૅન્ચે જણાવ્યું હતું કે અમે નથી ઇચ્છતા કે અમારા પર કે તમારા પર દોષનો ટોપલો ઢોળાય. તેથી આસારામની તબિયત અંગે યોગ્ય સૂચના મેળવજો. મહેતાએ જણાવ્યું હતું કે રાજસ્થાન સરકાર ૨૦ જુલાઇએ સોગંદનામું નોંધાવશે. આસારામને પેટની તકલીફ હોવાથી થોડો રક્તસ્ત્રાવ થયો હતો. આ સમસ્યા કામચલાઉ છે અને આસારામ તેની દવા લે છે.

તેમણે જણાવ્યું હતું કે આસારામ ત્રણ મહિના પહેલાં અયોધ્યા અને કાશી વિશ્વનાથ ગયા હતા અને બધે ચાલ્યા પણ હતા.

બૅન્ચે આ કેસની વધુ સુનાવણી ૨૧ જુલાઇએ રાખી હતી. (એજન્સી)

# ચીનમાં ચોંગકિંગ શહેરમાં ભેખડો ધસતા અનેક ફસાયા

બેઇજિંગઃ દક્ષિણ-પશ્ચિમ ચીનના ચોંગકિંગ શહેરમાં શુક્રવારના રોજ ભૂસ્ખલન થતાં રહેણાંક ઇમારતો દટાઇ હતી. જેના લીધે ૧૧૦૦થી વધુ રહેવાસીઓને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. તેમજ ઘણા લોકો કાટમાળમાં ફસાયા હતા. આ માહિતી મીડિયા અહેવાલોમાં સામે આવી છે.

મીડિયા અહેવાલો અનુસાર કાટમાળમાંથી ઓછામાં ઓછા ૧૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. તેમજ શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. ચોંગકિંગના પેંગશુઈ કાઉન્ટીમાં સવારે ૯-૦૮ વાગ્યે ભૂસ્ખલન થયું હતું. જેમાં ભારે માત્રામાં ખડકો અને માટી ઢોળાવ પરથી નીચે ધસી પડ્યા હતા. જેમાં ૧૦થી વધુ રહેણાંક ઇમારતો દટાઇ ગઇ હતી.

અહેવાલો મુજબ અસ્થિર જમીન અને ફરી ભૂસ્ખલન થવાના સતત ભયના લીધે બચાવ કામગીરીમાં અવરોધો ઊભા થઇ રહ્યા છે. ભારે વરસાદને કારણે વુજિયાંગ નદીના એક ભાગ પાસે આ ભૂસ્ખલન થયું હતું. આ નદી કાર્સ્ટ પર્વતોની વચ્ચે થઇને વહે છે. આ પર્વતો પર નાનાં નગરો અને ખેતરો આવેલાં છે.

અધિકારીઓએ જણાવ્યું કે તેમણે ચોંગકિંગમાં ૮૦૦૦થી વધુ આપત્તિ-રાહત સામગ્રી મોકલી છે. જેમાં તંબુ, ફોલ્ડિંગ બેડ અને પરિવારો માટે ઇમરજન્સી કીટનો સમાવેશ થાય છે.

# બંગાળમાં 'સર' દરમ્યાન છેકાયલાં નામોનો ડૅટાઃ ચૂંટણી પંચ પાસે જવાબ માગ્યો સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં સ્પેશ્યલ મતદારયાદીની સઘન સમીક્ષા સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાંથી નામો દૂર કરવા અંગે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ અને સરકાર પાસેથી જવાબ માગ્યા છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે ચૂંટણી પંચ, પશ્ચિમ બંગાળ સરકાર અને રાજ્ય ચૂંટણી પેનલ પાસેથી એક પીઆઈએલ પર જવાબ માંગ્યો છે. આ પીઆઈએલમાં એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન હટાવવામાં આવેલા મતદારો દ્વારા દાખલ કરાયેલા દાવાઓ અને વાંધાઓના વિધાનસભા મતવિસ્તાર મુજબના ડેટા જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી.મોહન્નાની બનેલી બેન્ચ પશ્ચિમ બંગાળ પ્રદેશ કોંગ્રેસ સમિતિની એસઆઈઆર સમિતિના અધ્યક્ષ પ્રસેનજીત બોઝ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.

વકીલ નેહા રાઠી દ્વારા દાખલ કરાયેલી અરજીમાં પશ્ચિમ બંગાળ સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા સંબંધિત વિધાનસભા મતવિસ્તાર મુજબના ડેટાની માગ કરવામાં આવી હતી. જેમાં દાખલ કરાયેલા ફોર્મ ૬ અને ૭ સંખ્યા (દાખલ, સ્વીકારાયેલા અને અસ્વીકાર કરાયેલા) તેમજ અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ પેન્ડિંગ અને અપીલના નિકાલ અંગેની વિગતોનો સમાવેશ થાય છે. બોસ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે જણાવ્યું હતું કે હટાવવામાં આવેલા મતદારોના દાવાઓ અને વાંધાઓનો સામનો કરવા માટે રચાયેલા ૧૮ ટ્રિબ્યુનલ જે રીતે કાર્ય કરી રહ્યા છે તે વ્યવહારિક સ્તરે વિસંગતતાઓ અને વિલંબનું કારણ બની રહ્યા છે. તેમણે કહ્યું કે નામ કાઢી નાખવાને કારણે વ્યક્તિઓ રાજ્યમાં જાહેર વિતરણ અને અન્નપૂર્ણા યોજનાઓ જેવા કલ્યાણકારી પગલાંથી વંચિત રહે છે અને તેમના જાતિ પ્રમાણપત્રો પણ નકારવામાં આવી રહ્યા છે.બેન્ચે બિહાર એસઆઈઆર કેસમાં આપેલા ચુકાદાનો ઉલેખ કર્યો અને કહ્યું, ચૂંટણી પંચની એ જવાબદારી છે કે જ્યારે કોઈ ટ્રિબ્યુનલ કહે કે કોઈ વ્યક્તિ એસઆઈઆર યાદીમાં ન હોઈ શકે ત્યારે ચૂંટણી પંચ નાગરિકતા નક્કી કરવા મામલે કોઈ બંધારણીય સત્તા નથી. કાયદામાં કોઈ મૂંઝવણ નથી.

# બંગાળમાં ક્રોસિંગ પર ટ્રેન કાર સાથે અથડાઇઃ બે વિદ્યાર્થીઓ સહિત પાંચનાં મોત

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં શુક્રવારે એક ખુલ્લા લેવલ ક્રોસિંગ પર ટ્રેને એક કારને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બે વિદ્યાર્થીઓ સહિત પાંચ લોકોનાં મોત નીપજ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ મામલે ગેટમેનની ધરપકડ કરવામાં આવી છે. તેમજ ફરજમાં બેદરકારી બદલ રેલવેના એક પર્મનન્ટ વે ઇન્સપેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ દુર્ઘટના બાદ ગોવિંદપુરમાં અકસ્માત સ્થળે રોષે ભરાયેલા ગ્રામજનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

અધિકારીએ પત્રકારોને જણાવ્યું કે આ અકસ્માતમાં કુલ પાંચ લોકો મૃત્યુ પામ્યા છે. આ દુર્ભાગ્યપૂર્ણ અને હૃદયદ્રાવક ઘટના છે. ગેટમેનની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે આ અકસ્માત સવારે લગભગ સાત વાગ્યે પૂર્વીય રેલવેના હાવડા ડિવિઝનના અઝીમગંજ-કટવા સેક્શનમાં કર્ણ સુબાર્ણા રેલવે સ્ટેશન નજીક થયો હતો.

# એન્ડી બર્નહૅમ યુકેના નવા લેબર પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા, પીએમ તરીકે નિયુક્ત

લંડનઃ એન્ડી બર્નહૅમને શુક્રવારે યુકેની શાસક લેબર પાર્ટીના નવા ચૂંટાયેલા નેતા તરીકે પુષ્ટિ આપવામાં આવી હતી, અને આગામી અઠવાડિયે ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે વડા પ્રધાન તરીકે ચાર્જ સંભાળવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉત્તર ઇંગ્લેન્ડના મેકરફિલ્ડના ૫૬ વર્ષીય સંસદ સભ્ય, એક દાયકામાં બ્રિટનના સાતમા વડા પ્રધાન બનવાના માર્ગ પર છે, તેમણે સ્વીકાર્યું હતું કે જુલાઈ ૨૦૨૪માં છેલ્લી સામાન્ય ચૂંટણીમાં વચન આપેલ પરિવર્તન લાવવા માટે લેબર પાર્ટી માટે આ છેલ્લી તક છે.

બર્નહૅમે પાર્ટીના નેતા તરીકેના તેમના પ્રથમ ભાષણમાં કહ્યું કે ''અમે લોકોને આશા પાછી આપવા જઈ રહ્યા છીએ.''

''હું કીર સ્ટાર્મર દ્વારા મૂકવામાં આવેલા પાયા પર નિર્માણ કરવા માટે નેતૃત્વ કરવા તૈયાર છું,'' તેમણે કહ્યું, વિદાય લેતા નેતાનો દેશની સેવા માટે આભાર માન્યો હતો.

સ્ટાર્મરે ગયા મહિને રાજીનામું આપવાની જાહેરાત કરી ત્યારથી નેતૃત્વની રેસમાં એકમાત્ર ઉમેદવાર બર્નહૅમે લંડનમાં વેસ્ટમિન્સ્ટર ખાતે ઓછા ઝેરી રાજકીય વાતાવરણ અને કેન્દ્રીય સત્તાથી દૂર વધુ દૂર બ્રિટનને નવા માર્ગ પર સેટ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

''હું આ મહાન દેશના દરેક ક્ષેત્ર અને રાષ્ટ્ર માટે નેતા બનીશ, અને આ પાર્ટી અમારી પ્રાથમિકતાઓમાં અને અમે જે નિર્ણયો લઈએ છીએ તેમાં લેબર પાર્ટીનો સાથ આપશે,'' એવું તેમણે કહ્યું હતું.

# ‘થ્રી ઈડિયટ્સ’ના ફુનસુખ વાંગડુને સોનમ વાંગચૂક સાથે કોઈ સંબંધ નથી કે પછી આમિર ખાન ખોટું બોલ્યો?

નવી દિલ્હીઃ લંડન ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન આમિર ખાને કહ્યું હતું કે તેમની ફિલ્મ ‘થ્રી ઇડિયટ્સ’નું પાત્ર ફુનસુખ વાંગડુ સોનમ વાંગચૂક પર આધારિત નહોતું. આમ કહીને તેણે મોટો રાજકીય વિવાદ સર્જ્યો છે.

આમિર ખાને સ્પષ્ટ કર્યું હતું કે જ્યારે તેમણે ૨૦૦૯માં આ ફિલ્મ બનાવી ત્યારે તેઓ સોનમ વાંગચૂક વિશે જાણતા નહોતા. જોકે, તેમણે એમ પણ ઉમેર્યું હતું કે સોનમ વાંગચૂક જે સારું કામ કરી રહ્યા છે તેના માટે તેમને હંમેશા સન્માન છે અને તેઓ ઈચ્છે છે કે વાંગચુક તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે.

વાંગચૂક તેઓ નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિઓને લઈને ભૂખહડતાળ પર છે.

આ નિવેદન બાદ કોંગ્રેસ, આરજેડી અને આમ આદમી પાર્ટીના નેતાઓએ આમિર ખાનની આકરી ટીકા કરી છે. મનોજ ઝા, હુસૈન દલવાઇ અને સંજય સિંહ જેવા નેતાઓએ અભિનેતા પર સત્તાધારી પક્ષના ડરથી સાચું બોલવાની હિંમત ન હોવાનો આરોપ લગાવ્યો છે. સોશ્યલ મીડિયા પર પણ લોકોના મિશ્ર પ્રતિભાવો જોવા મળ્યા છે. ઘણા લોકોએ આમિર ખાનને કાયર ગણાવ્યા છે, જ્યારે કેટલાક લોકોએ તેમનો બચાવ કરતા કહ્યું છે કે આ કોઈ તથ્ય નથી કે તે પાત્ર વાંગચૂક પર જ આધારિત હતું. આ જૂથના લોકોએ રાજકુમાર હિરાનીનો એક જૂનો વીડિયો પણ ટાંક્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે રણછોડદાસનું પાત્ર પુણેની એપટીઆઇઆઇના એક વિદ્યાર્થીથી પ્રેરિત હતું. બીજી તરફ, સોનમ વાંગચૂકના ૨૦૧૮ના એક વીડિયોનો પણ ઉલ્લેખ થઈ રહ્યો છે, જેમાં તેમણે આમિર ખાન સાથે ૨૦૦૮માં થયેલી મુલાકાત વિશે વાત કરી હતી. આમ, આ વિવાદ હવે એક ચર્ચાનો વિષય બન્યો છે.■

# ચંદા-ચોરી માટે માફી માગવા રામમંદિરમાં શુદ્ધિકરણની વિધિ શરૂ

અયોધ્યા (ઉત્તર પ્રદેશ) : અયોધ્યા માટે વિધિઓ એ નવી વાત નથી, પરંતુ આ વખતે ચંદા-ચોરીની અનોખી બાબત માટે શુદ્ધિકરણ અને સર્વશક્તિમાન રામ ભગવાનની માફી માટે ૧૦ દિવસની વિધિ હાથ ધરવામાં આવી છે. શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવ ગિરિના ભેજાની આ ઊપજ છે. આ શુદ્ધિકરણ વિધિ બુધવારે શરૂ થઈ હતી. આમાં વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રનું રટણ અયોધ્યાની ગુરુકળો દ્વારા થશે. વિષ્ણુસહસ્ત્રનામમાં ભગવાન વિષ્ણુના ૧૦૦૦ વિવિધ નામનું રટણ થાય છે. હિન્દુઓ માને છે કે આનાથી સકારાત્મક ઊર્જા, સમૃદ્ધિ અને સદ્નસીબ આવે છે.

ગોવિંદ દેવ ગિરિએ કહ્યું હતું કે શ્રી રામજન્મભૂમિ મંદિર સંકુલમાં ચડાવાની ચોરીને પગલે ટ્રસ્ટે મંદિર અને તેના પરિસરમાં દસ દિવસની શુદ્ધિકરણ અને પ્રાયશ્ચિતની વિધિ શરૂ કરી છે. વિવિધ ગુરકૂળો મંદિરની પવિત્રતા અને ગરીમા સ્થાપવામાં મદદ કરી રહ્યા છે.

ગિરિએ કહ્યું હતું કે અમારો પ્રયાસ વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રના ઓછામાં ઓછા ૨૫૧ વાર રટણનો છે.

ટ્રસ્ટના સભ્ય દિનેન્દ્ર દાસે કહ્યું હતું કે રામ લલાની જગ્યાએ થયેલા અપવિત્ર કૃત્યને સુધારવા વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રનું રટણ હાથ ધરાયું છે. દાસે વધુમાં જણાવ્યું હતું કે વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્રના રટણ સાથે વાલ્મીકિ રામાયણનું પઠન પણ થઈ રહ્યું છે.

(એજન્સી)■

### ‘સિટ’ અહેવાલ સોમવારે આપશે

લખનઊઃ સર્વોચ્ચ અદાલતના આદેશને માન આપીને સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (ખાસ તપાસ ટુકડી, ‘સિટ’) તેનો વચગાળાનો અહેવાલ સુપ્રીમ કોર્ટને સોમવારે સુપરત કરશે. સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે સિટ ચંદામાં નાણાકીય ગેરરીતિની તપાસ માટે વધુ સમય માગશે. સુપ્રીમ કોર્ટે રીટ અરજીઓ સાંભળતા સિટને તેનો તપાસની હાલની સ્થિતિનો અહેવાલ સુપરત કરવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી)

# ટ્રમ્પે ખાસ સંબોધનમાં અમેરિકાની ચૂંટણી વિશે શંકા વ્યક્ત કરી

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેમના મુખ્ય સમયના સંબોધનમાં અમેરિકાની ચૂંટણીની કાયદેસરતા અને ૨૦૨૦ની પોતાની હાર અંગે શંકા ઊભી કરી હતી તેમણે નવેમ્બરમાં વચગાળાની ચૂંટણી પહેલાં મતાધિકારર પર વધુ અંકુશો મૂકવાનો અને એમાં સુધારા લાવવાની વાત કરી હતી. ટ્રમ્પે છ વર્ષ પહેલાં પણ આ જ જૂનું ગાણુ ગાયું હતું.

ટ્રમ્પે ૨૦૨૦ની હાર સ્વીકારી નહોતી અને ચૂંટણીમાં ગેરરીતિની થીયરી વહેતી મૂકી. આને લીધે અમેરિકાની રાજધાનીમાં અને ટ્રમ્પની પહેલી મુદતના છેલ્લા દિવસોમાં છ જાન્યુઆરી, ૨૦૨૧એ ટ્રમ્પના ટેકેદારોએ હિંસક હુમલા કર્યા હતા. આ અમેરિકાના ઈતિહાસનું સૌથી કાળું પ્રકરણ છે.

ફરી સત્તા પર આવી ગયા બાદ ટ્રમ્પે આ વિષય ફરી ઉઠાવ્યો છે. બીજી બાજુ અમેરિકાના મતદાતા ગુજરાન ચલાવવા માટેનો જરૂરી ખર્ચ વધતો જાય છે એનાથી ચિંતિત છે. ■

### ચીનનો રદિયો

અમેરિકાના પ્રમુખે શુક્રવારે એવો આક્ષેપ કર્યો હતો કે ચીન અમેરિકાની ચૂંટણીમાં ચંચૂપાત કરે છે. ચીને શુક્રવારે આનો જડબાતોડ જવાબ આપતા કહ્યું હતું કે ટ્રમ્પનો દાવો ઉપજાવી કાઢેલો અને ખરાબ હેતુથી કરાયેલો છે. ચીને ટ્રમ્પને આવા પાયાવિહોણા દાવા ન કરવાનો અનુરોધ કર્યો હતો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા લિન જિઆને કહ્યું હતું કે ચીને બીજા દેશની આંતરિક બાબતમાં હસ્તક્ષેપ ન કરવાના સિદ્ધાંતનું પાલન કર્યું છે. તેને અમેરિકાની ચૂંટણીમાં ના કોઈ રસ છે અને ક્યારેય પણ એમાં દરમિયાનગીરી કરી નથી. આંતરરાષ્ટ્રીય આલમ જાણે છે કે કોણ બીજા દેશની આંતરિક બાબતમાં દરમિયાનગીરી કરે છે.

(એજન્સી) ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**નેપયન્સી રોડ**

780' કોમર્શિયલ જગ્યા પહેલા માળે 3 લાખ ભાડેથી. યોગા/ પિલાટે/ ક્લાસીસ/ ડિઝાઈનર યોગ્ય. 9819569698. (૧૨૩૩-ઈ)

**અંધેરી (ઈસ્ટ)**

સ્ટેશન નજીક, ૧૧૫૦ કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ વેચાણ માટે ઉપલબ્ધ છે. એજન્ટઃ 8850666935. (એસડીબી-૩૪૨૪)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

■ કાંદિવલી (વેસ્ટ) 154' ઓફિસ, ફર્નિચર સાથે ભાડેથી આપવાની છે - 9930267343. (જેપી/૪૫૬૮-એફ)

**કોમર્શિયલ ગાલા**

**પ્રેસ્ટીજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, બાવડીલેન, મલાડ (વેસ્ટ) રેડી અને BMC મંજૂર Amalgamated જોડી ગાલા, 560' કારપેટ +2 પાર્કિંગ, BMC મંજુર લોફ્ટ લગભગ 300' વેચાણથી. Contact- 9594533212. (૧૨૩૯-એ)**

**ગિરગામ**

બનામ હોલ લેનમાં, ફર્નિશ્ડ ઓફિસ, ૨૧૦' કાર્પેટ, લીવલાયસન્સથી આપવાની છે. (લીફ્ટ છે) 9820034317. (બી-૧૭૮૯૩)

**બોરીવલી (વેસ્ટ)**

**યોગી નગર અને એક્સર રોડના જંકશને જૂનાં ભાડાની 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 70,00,000/-) 7666644727. (૧૨૪૩-સી)**

**PRELEASED જોઈએ**

**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા BANK, BRANDS, CORPORATE OFFICE, RESTAURANT માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૨૪૩-એ)**

**મલાડ (વેસ્ટ)**

**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે 9820054730, 9920041841. (એસડીબી-૩૪૩૨)**

FOR COMMUNITY HALL WITH KITCHEN, WANT TO BUY 3000 TO 6000 Sq. Ft. on GROUND FLOOR AT PRIME LOCATION ONLY AT CHOWPATY, BABULNATH, GAMDEVI WITH CLEAR TITLE, CONTACT +91 9819882289

(355)

**મસ્જીદ બંદર (વેસ્ટ)**

**ભાત બજાર, ફૂવારાની પાસે દુકાન વેચાણથી 500 SQFTS, એરીયા, ગ્રાઉન્ડ ફ્લોર 1.50 CR. નેગોશીએબલ, નામ ટ્રાન્સફરના અલગ, Extra 1,150 SQFTS. વપરાશ માટે. OWNER: 9594054043. (૧૨૫૧-બી)**

**બોરીવલી (વેસ્ટ)**

શિંપોલી નવા કમર્શિયલ ટાવરમાં 435' કારપેટ ઓફિસ (2.10 Cr.) વેચાણથી. BROKER - 8369697475. (૧૨૪૧-ઈ)

**બોરીવલી (વેસ્ટ)**

સોડાવાલા લેનમાં 1000' ફૂટની જગ્યા (ભાડેથી 1,70,000/-) આપવાની. DANCE CLASS/ COACHING CLASS માટે શ્રેષ્ઠ. BROKER: 8369697475. (૧૨૪૧-ડી)

**GOREGAON (W)**

Jawahar Nagar, Sale - Shop 150 sqft with Loft & Attached Toilet, Ideal for Any Professional / Business. Shreeji Estates - Pappubhai - 9820093240. (B-17885)

**300' CARPET, 125' LOFT**

**Industrial Gala / Office, LBS Marg, Near Chirag Nagar, Ghatkopar West, Rent Kotharibhai 9920298333. (SDB-3429)**

**COMMERCIAL, SPECIALIST**

**Industrial Gala / Offices / Godowns. Buy / Sell / Rent, Ghatkopar Kotharibhai 9920298333. (SDB-3430)**

## ૨૧. હોટલ

THE KINARA VILLAGE LONAVALA



DELICIOUS FOOD I HERITAGE AMBIENCE

HERITAGE ROOMS AVAILABLE

Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401

Call : 9859639639

www.thekinaravillage.com

(B-17822)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના-4500/-**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા- 9820889938. (૧૨૧૬-સી)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત**

સંગીત સંધ્યા, સાંજી, ભજન Babyshower, Anniversary મનસુખભાઈ 9326801860. (૧૨૨૮-ડી)

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત**

સંગીત સંધ્યા, સાંજી, ભજન સંધ્યા, KARAOKE PROGRAMS, ANNIVERSARY. ‘‘હિતેશભાઈ’’ (સપ્તક બીટ્સ) - 9820056640/ 8369259116. (૧૨૨૮-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

**■ ‘‘વગર- ઓપરેશન’’ ‘‘પાઈલ્સ’’- ‘‘ફીશર’’- ‘‘ફિસ્ટુલા’’ ‘‘ભગન્દર’’ ‘‘જડમૂળથી સુકાઈને’’ ટોઈલેટમાં. 9137725086. (બી-૧૭૮૪૪)**

**અલસર - પથરી**

**શારીરિક દુઃખાવા - ગુપ્ત સમસ્યાઓનો ઉપચાર ગુપ્ત રીતે કરીશું. લલીતભાઈ 9082959165/ 9769115359. (૧૨૪૧-એ)**

## ૩૧. નાણાંકીય

**ભાનુલક્ષ્મી ઈન્વેસ્ટમેન્ટ, 9324654625**

શેરની તેજીમંદીના રોજના ટ્રેડિંગમાં નફાની સંપૂર્ણ ખાતરીથી રોજ કમાવો. (એસડીબી- ૩૪૧૦)

**SHAYONA FINANCE**

**ઓનલાઈન ડિજિટલ બિઝનેસમાં ઈન્વેસ્ટમેન્ટ કરી દરરોજ પ્રોફીટમેળવો. સંપર્ક. 6261051562. (૧૨૪૨-સી)**

## ૩૨. જમીન-મિલકત

**લોનાવાલા**

વર્સોલી - વકસાઈ, કારલા ૨ થી ૨૦ એકર જમીન વેંચાણમાં તથા નાના-મોટા પ્લોટ લેવા - વેંચાણમાં શ્રીજી - 9545741755. (બી- ૧૭૭૮૩)

**શાહપુર**

**૪ ઓપન એન.એ. બંગલોસ પ્લોટ બધી સગવડતા સાથે વેચાણથી આપવા છે. 8879772310/ 9820127295. (એસડીબી-૩૪૦૮)**

**રાજકોટમાં પ્લોટ જોઈએ છે**

**રાજકોટ આસપાસના ગામના સર્વે નંબરમાં કાલાવડ રોડ, વડવાજડી, વિરડાવાજડી, હરીપર, ઈશ્વરીયા, વાગુદળ, અમરેલી, મોટાવડા, દેવગામ, છાપરા તેમજ મોરબી રોડ, હડાળા, રતનપર, કાગદડી, ખોરાણા, જાળીયા, તેમજ કુવાડવા રોડ, નાગલપર, પિપડીયા ગામના સર્વેમાં વેચવા મળોઃ કિર્તીભાઈ કંસારા. મો. 98251 60974, 70467 10111. (બી-૧૭૮૩૮)**

**NAIGAON**

માં જમીન ઈન્વેસ્ટમેન્ટ લાયક પર ગુંઠા 3 થી 4 લાખ 100% વળતર, રાજેશભાઈ 7400181888. (જેપી/૪૫૭૦-બી)

## ૩૩. ધંધાદારી

**ડિમ્ડ કન્વેયંસ**

**પ્રોપર્ટી કાર્ડ નામ ટ્રાન્સફર, નવા અગ્રીમેન્ટ્સ, વિલ ગિફ્ટ ડીડ, રિલીસ ડીડ (મૃતક મેમ્બરના વારસ માટે ફરજિયાત) રજીસ્ટ્રેશન જેવા કામ માટે અનુભવી અને સમયના પાબંધ ‘‘કાપડિયા એન્ડ કંપની’’- 6, સિદ્ધિવિનાયક પ્લાઝા, ચીકુવાડી, શીંપોલી, બોરીવલી (વેસ્ટ). Contact: 9833115909, 28996187. (૧૨૧૨-સી)**

## ૩૩. ધંધાદારી

ગીફ્ટ ડીડ

રીલીઝ ડીડ

સેલ ડીડ

વસીયત

પોંઈટ એડવાઈઝરી

9029077715

(બી-૧૭૮૦૫)

■ ભારત સરકારની ઉદારતાનો લાભ લો. પેટ્રોલપંપ, એરપોર્ટ, બેંક, વિમા કંપની, રેલ્વેમાં સોનેરી તક TCA 9377992110, 9867510027. (બી-૧૭૮૬૮)

**પાણીની ટાંકીઓ**

મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ. 9820776583/ 9892298963. (૧૨૪૦-ડી)

**CONSULTANCY**

Thinks Big.. Positives Performance... Prosperity.. But Investments Must... Rajubhai Sangani, Lilyan House, Bhandar Lane, Mahim - 16. Call - 9821559743. (B-17884)

## ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**નવા/ જૂના**

સોફા ફર્નિચર રીપેર અને ઈન્ટિરિયર. સંપર્ક કરે 9146007240. (૧૨૪૪-ડી)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

સચોટ જ્યોતિષ

જન્મતારીખ અને સમય વોટસએપ કરો

લગ્ન યોગ ક્યારે, ભાગ્યોદય ક્યારે

વાતો ન કરો, રીઝલ્ટ માંગો

ફી લેવામાં આવતીજ નથી

7304586200

(બી-૧૭૮૭૨)

## ૫૦. વેચવાનું છે

ઔદ્યોગિક મોટર ઉત્પાદન એકમ વેચાણથી

મુંબઈમાં મોટર્સ બનાવતી પ્રોફિટેબલ કંપની

ઉત્તમ માળખાગત સુવિધા સાથે

વિશાળ અને નિયમિત ગ્રાહકો સાથે

પારિવારિક વ્યવસાય

સ્વચ્છ બેલેન્સ શીટ

રસ ધરાવનાર પક્ષો વધુ વિગતો માટે સંપર્ક કરો

તલક શાહ - 81043 93308

(૧૨૪૬-એ)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

CELEBRATING 56TH ANNIVERSARY

SALE FLAT 50% OFF

On Selected Products

Conditions apply

સોફા-કર્ટન ફેબ્રિક્સ, બેડશીટ્સ-બાથ લિનન

અને અન્ય હોમ ડેકોરેટીવ આઈટમ

TRUSTED SINCE 1971

OSAKA SPIRIT OF FURNISHINGS

OSAKA FURNISHINGS LIMITED

• બોરીવલી (વે) : પોઈસર બસ ડેપોની બાજુમાં, એસ.વી. રોડ. 9769255255 / 9372707524 / 25

• વિલેપાર્લે (વે) : દશરથલાલ જોશી માર્ગ (સ્ટેશન રોડ) 9167444172 www.osakafurnishings.in

(બી-૧૭૮૩૧)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

■ ‘‘એસ પેસ્ટ કંટ્રોલ’’ : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૨૨૧-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૮૫૯)

# આષાઢ માસના વ્રતો અને તહેવારો

(તા. ૧૫-૭-૨૦૨૬થી ૧૨-૮-૨૦૨૬)

### આષાઢ માસ સંક્ષિપ્તઃ

આષાઢ શુક્લ પક્ષમાં (તા. ૧૫-૭-૨૦૨૬ થી તા. ૨૯-૭-૨૦૨૬) ચોથનો ક્ષય, નવમીની વૃદ્ધિ થાય છે. આમ કુલ દિવસ ૧૫ છે. આષાઢ કૃષ્ણપક્ષ (તા. ૩૦-૭-૨૦૨૬ થી તા. ૧૨-૮-૨૦૨૬)માં તેરસનો ક્ષય છે. દિવસ કુલ-૧૪ છે. આમ આ માસમાં ૨૯ દિવસ છે. તા. ૨૯મી આષાઢ સુદ પૂનમ, ગુરુ પૂર્ણિમા, વ્રતની પૂનમ, મન્વાદિ તિથિ છે. પૂનમનું ચંદ્રગ્રહણ નથી. તા. ૧૨-૮-૨૦૨૬, આષાઢ વદ અમાસ દિવાસાનું જાગરણ, દીપપૂજા, દીપદાનનો મહિમા છે. આષાઢ અમાસનું સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય. વર્ષાઋતુના આ માસમાં તહેવારો અને ઉત્સવો, પર્વો, વ્રતો ભરપૂર છે. તા. ૨૫-૭-૨૦૨૬ના રોજ દેવશયની એકાદશી, ચાતુર્માસનો પ્રારંભ, પંઢરપુર યાત્રા. સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ થાય છે, સૌરાષ્ટ્રમાં મોળાકાતનું જાગરણ તા. ૨૯મીએ અને તા. ૩૦મીએ પારણાં છે. તા. ૨૭-૭-૨૦૨૬ના રોજ ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થાય છે અને તા. ૩૧મીએ વ્રતનું જાગરણ તથા હિંડોળા પ્રારંભાય છે તથા તા. ૧-૮-૨૦૨૬ના રોજ ગુજરાતમાં વ્રતના પારણા છે. તા. ૧૬-૭-૨૦૨૬ના રોજ સૂર્યનારાયણ કર્કમાં પ્રવેશે છે. સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી સૂર્યાસ્ત છે. તીર્થયાત્રા તીર્થસ્નાન, જપ, તપ, કાર્યો, તર્પણ માટે શ્રેષ્ઠ સમય છે. તા. ૪-૮-૨૦૨૬ના રોજ મંગળ-અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય) રાત્રે ક. ૨૧-૫૩ થી સૂર્યોદય સુધી છે.તા. ૮-૮-૨૦૨૬ના રોજ શનિ-રોહિણી અમૃતસિદ્ધિ યોગ (પ્રયાણે વર્જ્ય છે.) સૂર્યોદયથી સાંજે ક. ૧૬-૫૦ સુધી છે. આ માસમાં તા. ૨૬-૭-૨૦૨૬ અને તા. ૧૦-૮-૨૦૨૬ના રોજ પ્રદોષ વ્રત છે.

### આ માસનાં મુહૂર્તઃ

અગત્યની નોંધઃ તા. ૧૬-૭-૨૦૨૬ થી તા. ૧૦-૮-૨૦૨૬ ગુરુ અસ્તનો છે. આથી આષાઢ માસમાં લગ્ન, ઉપનયન, ખાત, ભૂમિપૂજન, કળશ, વાસ્તુમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા આદિ માંગલિક, સાંસારિક મુહૂર્ત નથી.

ચોમાસાની ઋતુમાં આ માસ આવતો હોઈ ચેપી રોગ જેવા તાવ, શરદી, ખાંસી, ગળામાં દુઃખાવો, એલર્જીના દર્દો વગેરેનો ફેલાવો જોવામાં આવે છે. વર્ષાઋતુમાં ભેજ, તાપમાનમાં ફેરફાર અને પાણીના પ્રદૂષણને કારણે ચેપી રોગ ઝડપથી ફેલાય છે. આયુર્વેદ મુજબ આ ઋતુમાં પાચનશક્તિ નબળી પડે છે. જઠરાગ્નિ નબળો પડે છે. વાત-કફ-દોષ વધે છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ જાળવવા માટે સક્રિય રહેવું જરૂરી બને છે. કેટલાક પ્રચલિત આયુર્વેદિક ઉપાય અત્રે પ્રસ્તુત છે. (૧) સવારે ઉકાળેલું અથવા હૂંફાળું પાણી પીવું. (૨) તુલસી, આદું, ગિલોય અને કાળી મરીનો ઉકાળો દિવસમાં ૧-૨ વખત પીવો. (૩) રાત્રે હળદરવાળું ગરમ દૂધ અનુકૂળ હોય તો રાત્રે સૂતા પહેલાં લઈ શકાય. (૪) તાજો ગરમ અને સુપાચ્ય ખોરાક લેવો. બહારના ઠંડા, તળેલા, વાસી, ખાદ્યપદાર્થો ખાવાના ટાળવા. (૫) રોજ ૭-૮ કલાક પૂરતી ઊંઘ લેવી અને નિયમિત હળવી કસરત અથવા યોગ કરવા. (૬) ઘરમાં સ્વચ્છતા રાખો. હાથ વારંવાર ધોવાની ટેવ રાખો. (૭) ગળામાં ખરાશ હોય તો હૂંફાળા ગરમ પાણીમાં મીઠું નાખીને કોગળા કરવા.

### શુક્લપક્ષ

જુલાઈ, ૧૫, બુધ, આષાઢ સુ. ૧ઃ કચ્છી હાલારી સંવત ૨૦૮૩ (આષાઢી વર્ષારંભ), ચંદ્રદર્શન ઉત્તર શૃંગોન્નતિ, ઈષ્ટિ

જુલાઈ, ૧૬, ગુરુ, આ સુ. ૨ઃ રથયાત્રા, મુસ્લિમ ૨જો સફર, મનોરથ દ્વિતિયા (બંગાળ), નિરયન સૂર્ય કર્ક રાશિમાં ક. ૨૩-૩૮, સંક્રાંતિ-પુણ્યકાળ સૂર્યોદયથી સૂર્યાસ્ત, ગુરુ પશ્ચિમમાં લોપ થાય છે.

જુલાઈ, ૧૭ શુક્ર, આ સુ. ૩ઃ વિનાયક ચતુર્થી, ચતુર્થી ક્ષય તિથિ છે. કરિદિન, માનસપૂજા પ્રારંભ, ભદ્રા સાંજે ક. ૧૭-૩૦ થી ક. ૨૮-૪૨ (તા. ૧૮)

જુલાઈ, ૧૮ શનિ, આ સુ.૫ઃ સ્કંદ પંચમી, દ્વારકાધીશ પાટોત્સવ, વલ્લભાચાર્ય વૈકુંઠગમન.

જુલાઈ, ૧૯ રવિ, આ સુ.૬ઃ કુમાર ષષ્ઠિ, કસુંબા ષષ્ઠિ, કદર્મ ષષ્ઠિ (બંગાળ),

જુલાઈ, ૨૦ સોમ, આ સુ.૭ઃ વિવસ્ત સપ્તમી, સૂર્ય પુષ્યમાં સવારે ક. ૧૧-૨૯, સૂર્ય વાહન ઉંદર (સંયોગિયું નથી.) ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૨થી (તા. ૨૧)

જુલાઈ, ૨૧ મંગળ, આ સુ.૮ઃ દુર્ગાષ્ટમી, ખરસી પૂજા (ત્રિપુરા), પરશુરામાષ્ટમી (ઓરિસ્સા), બુધ પૂર્વમાં દર્શન. ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬-૩૩.

જુલાઈ, ૨૨, બુધ, આ સુ.૯ઃ શ્રી હરિ નવમી, નવમી વૃદ્ધિ તિથિ છે. ભડલી નોમ, મેલા શરીફ ભગવતી (કાશ્મીર)

જુલાઈ, ૨૩, ગુરુ, આ સુ.૯ઃ મન્વાદિ, ભારતીય શ્રાવણ માસારંભ, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૧૯.૦૦, બુધ માર્ગી

જુલાઈ, ૨૪, શુક્ર, આ સુ.૧૦ઃ ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૨૧, વિંછુડો, પુનર્યાત્રા

જુલાઈ, ૨૫, શનિ, આ સુ.૧૧ઃ દેવશયની એકાદશી (દ્રાક્ષ), સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ, રવિનારાયણ એકાદશી (ઓરિસ્સા), ભદ્રા, સમાપ્તિ સવારે ક. ૧૧-૩૪, વિંછુડો, ચાતુર્માસારંભ

જુલાઈ, ૨૬, રવિ, આ સુ.૧૨ઃ પ્રદોષ, વામન પૂજા, વિષ્ણુ શયનોત્સવ, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૦૭-૩૪, શનિ વક્રી

જુલાઈ, ૨૭ સોમ, આ સુ.૧૩ઃ ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતારંભ

જુલાઈ, ૨૮ મંગળ, આ સુ.૧૪ઃ મેલા જ્વાલામુખી (કાશ્મીર), ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮-૧૮, શિવશયન ચતુર્દશી (ઓરિસ્સા)

જુલાઈ, ૨૯ બુધ, આ સુ.૧૫ઃ ગુરુપૂર્ણિમા, વ્યાસપૂજન, વાલ્મીકિ નગરયાત્રા, સૌરાષ્ટ્રમાં મોળાકતનું જાગરણ, સંન્યાસીના ચાતુર્માસ પ્રારંભ, ચાતુર્માસ પ્રારંભ (જૈન), મન્વાદિ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭-૧૩, અન્વાધાન

### કૃષ્ણપક્ષ

જુલાઈ, ૩૦ ગુરુ, આ. વ.૧ઃ ઈષ્ટિ, સૌરાષ્ટ્રમાં મોળાકતના પારણાં,

જુલાઈ, ૩૧ શુક્ર, આ. વ.૨ઃ ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, હિંડોળા પ્રારંભ, અશૂન્યશયન વ્રત.

ઓગસ્ટ, ૧ શનિ, આ વ. ૩ઃ ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં, લોકમાન્ય ટિળક પુણ્યતિથિ, ભદ્રા સવારે ક. ૧૦-૫૨થી રાત્રે ક. ૨૩-૦૭, પંચક, શુક્ર કન્યામાં.

ઓગસ્ટ, ૨ રવિ, આ. વ.૪ઃ સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૩૬, પંચક, મંગળ મિથુનમાં ક. ૨૨-૫૦.

ઓગસ્ટ, ૩ સોમ આ. વ.૫ઃ નાગપંચમી (બંગાળ), સૂર્ય આશ્લેષામાં સવારે ક. ૧૦.૨૫, વાહન હાથી (સંયોગિયું નથી).

ઓગસ્ટ, ૪ મંગળ, આ. વ.૬ઃ કેરપૂજા (ત્રિપુરા), ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮-૧૮, પંચક સમાપ્તિ રાત્રે ક. ૨૧-૫૩, મંગળ-અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય) ક. ૨૧-૫૩ થી સૂર્યોદય (તા. ૫મી)

ઓગસ્ટ, ૫ બુધ, આ. વ.૭ઃ શીતલા સપ્તમી (ઓરિસ્સા), કાલાષ્ટમી, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯-૨૫. બુધ કર્કમાં ક. ૧૯-૪૦.

ઓગસ્ટ, ૬, ગુરુ આ. વ.૮ઃ

ઓગસ્ટ, ૭ શુક્ર, આ. વ.૯ ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૦ થી (તા. ૮)

ઓગસ્ટ, ૮ શનિ, આ. વ.૧૦ઃ ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૫૯, શનિ-રોહિણી અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી સાંજે ક. ૧૬-૫૦ (પ્રયાણે વર્જ્ય)

ઓગસ્ટ, ૯ રવિ, આ. વ.૧૧ઃ કામિકા એકાદશી (ગૌદૂધ), અગસ્ત્ય દર્શન

ઓગસ્ટ, ૧૦ સોમ, આ. વ.૧૨ઃ સોમ પ્રદોષ, તેરસ ક્ષય તિથિ છે. પારસી ગાથા-૧ અહુનવદ, ગુરુ દર્શન પૂર્વમાં, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૪ થી (તા. ૧૧)

ઓગસ્ટ, ૧૧ મંગળ આ. વ.૧૪ : ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫-૨૨, શિવરાત્રિ પારસી ગાથા-૨, આસ્તુઅદ, કેરપૂજા (ત્રિપુરા).

ઓગસ્ટ, ૧૨ બુધ, આ. વ.૩૦ઃ દર્શ અમાવસ્યા, હરિયાલી અમાવસ્યા, દિવાસાનું જાગરણ, એવ્રત જીવ્રત, દીપપૂજા, આદિ અમાવસ્યા (દક્ષિણ ભારત), ચિતલાગી અમાવસ્યા (ઓરિસ્સા), કરકટ પૂજા (કેરાલા), પારસી ગાથા-૩ સ્પેન્તોર્મદ, ખગ્રાસ સૂર્યગ્રહણ મુંબઈમાં દેખાવાનું નથી, અન્વાધાન.

**-પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

# બ્લ્યુચીપ શૅરોમાં લેવાલીને ટેકે સેન્સેક્સ ૯૬૫ પૉઈન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં વધારો અને ક્રૂડતેલના ભાવ વધી આવ્યાના નકારાત્મક સંકેતો હોવા છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સહિતનાં બ્લ્યુચીપ શૅરો ઉપરાંત આઈટી અને બૅન્ક શૅરોમાં રોકાણકારોની આક્રમક લેવાલી રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૯૬૫ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૬૧ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાથી ઈક્વિટી માર્કેટની તેજીને વેગ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી જળવાઈ રહેતાં ૩૭૬.૪૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦૧૭.૮૯ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એકંદરે ગઈકાલે બજાર સાંકડી વધઘટે અથડાઈ ગયા બાદ આજે બાઉન્સબૅક સાથે ખૂલ્યું હતું. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૭,૧૮૬.૮૭ના બંધ સામે સુધારા સાથે ૭૭,૩૭૦.૭૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૩૦૮ અને ઉપરમાં ૭૮,૨૮૨.૫૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૯૬૪.૫૮ પૉઈન્ટની તેજી સાથે ૭૮,૧૫૧.૪૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૦૭૨.૭૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૪,૧૨૭.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૦૯૯.૦૫ અને ઉપરમાં ૨૬,૩૬૭.૩૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧.૦૯ ટકા અથવા તો ૨૬૧.૫૫ પૉઈન્ટ વધીને ૨૪,૩૩૪.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે તાજેતરમાં જાહેર થયેલા વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાના પરિણામોમાં કંપનીઓએ વેપાર વૃદ્ધિનો આશાવાદ વ્યક્ત કર્યો હોવાના નિર્દેશો સાથે આજે રોકાણકારો આઈટી અને બૅન્કિંગ ક્ષેત્રનાં લાર્જકેપ શૅરોની ખરીદી તરફ વળતા બજારમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટૅક કંપની એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ખાસ કરીને એઆઈનાં વૅલ્યુએશનમાં વધારો, મધ્ય પૂર્વમાં ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં વધારો અને વૈશ્વિક બજારોમાં ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવા છતાં સ્થાનિકમાં ખાસ કરીને હેવી વેઈટ બૅન્કિંગ, ફાઈનાન્સિયલ અને આઈટી ક્ષેત્રના શૅરોમાં વ્યાપક લેવાલી રહેતાં સપ્તાહના અંતે બજાર મજબૂત અન્ડરટોને બંધ રહ્યું છે. વધુમાં ઈન્ડેક્સ હેવી વેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ખાનગી બૅન્કોના પ્રોત્સાહક પરિણામોનો પણ બજારની તેજીને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૪ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા. જેમાં ખાસ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ગત જૂનના અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળામાં તેનાં પ્રમોટરોના હિસ્સામાં ૦.૫ પર્સન્ટેજ પૉઈન્ટનો હિસ્સો વધારીને ૫૦.૪૮ ટકા કર્યો હોવાનું એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવતાં આજે બીએસઈ ખાતે શૅરના ભાવમાં ૨.૫૯ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આ સિવાય સેન્સેક્સ હેઠળના અન્ય શૅરોમાં ટેક મહિન્દ્રામાં ૩.૯૧ ટકાનો, કોટક બૅન્કમાં ૩.૩૭ ટકાનો, ટીસીએસમાં ૩.૦૨ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૨.૧૭ ટકાનો અને મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૮૭ ટકાનો ઉછાળો આવ્યો હતો. આ સિવાય સેન્સેક્સ હેઠળના છ શૅરના ભાવમાં ઘટાડો આવ્યો હતો જેમાં સન ફાર્મામાં ૦.૮૭ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૬૮ ટકાનો, ટ્રેન્ટમાં ૦.૬૨ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૦.૪૬ ટકાનો, ઈન્ડિગોમાં ૦.૩૫ ટકાનો અને એનટીપીસીમાં ૦.૨૦ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે બીએસઈ ખાતે કુલ ૪૪૧૨ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૬૩૫ શૅરના ભાવ વધીને, ૨૫૮૮ શૅરના ભાવ ઘટીને અને ૧૮૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા અને ૯૦ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે બંધ રહ્યા હતા.

વધુમાં આજે બીએસઈ ખાતે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩૨ ટકાનો અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૦૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. ■

# ખાંડમાં મથકો પાછળ વધુ ₹ ૯૦થી ૧૦૦નો ઉછાળો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની આક્રમક લેવાલી રહેતાં મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫૦ની તેજી સાથે રૂ. ૪૪૦૦થી ૪૪૫૦માં થયાના પ્રોત્સાહક ઓવરનાઈટ અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ હાજરમાં ભાવ ક્વિન્ટલે રૂ. ૯૦થી ૧૦૦ વધી આવ્યા હતા, જ્યારે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૫થી ૬૫ની તેજી આવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, મથકો પાછળ ભાવમાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૯૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦૦ વધી આવ્યા હતા જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૭૨થી ૪૫૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૫૨થી ૪૬૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં હાલમાં ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની પ્રબળ માગ ઉપરાંત સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૫ અને ઉપલા મથાળેથી રૂ. ૪૫ વધીને રૂ. ૪૩૪૦થી ૪૩૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી રૂ. ૩૫ અને ઉપલા મથાળેથી રૂ. ૬૫ વધીને રૂ. ૪૪૨૦થી ૪૫૦૦માં થયાના અહેવાલ હતા. ■

# વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો છતાં સ્થાનિકમાં ૫૨૦ની અને ચાંદીમાં ₹ ૧૯૬૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહેવાથી ફુગાવામાં થનારા અપેક્ષિત ભાવવધારાને ધ્યાનમાં લેતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવ ગત પહેલી જુલાઈ પછીની સૌથી નીચી સપાટી સુધી પહોંચી ગયા બાદ આજે લંડન ખાતે ખાસ કરીને સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ધીમો ઘસારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૮થી ૫૨૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯૬૦નો ઘટાડો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તથા ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૬૦ના ઘટાડા સાથે રૂ. ૨,૧૫,૪૭૪ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે સોનામાં નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૮ ઘટીને રૂ. ૧,૪૦,૫૯૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૨૦ ઘટીને રૂ. ૧,૪૧,૧૫૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ઘટીને ગત પહેલી જુલાઈ પછીની સૌથી નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ઘટ્યા મથાળેથી ભાવ સાધારણ ૦.૭ ટકા વધીને ૩૯૯૬.૨૯ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, હાજરમાં ચાંદીના ભાવ ૦.૦૩ ટકા ઘટીને ઔંસદીઠ ૫૫.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે ગઈકાલે સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં આજે વેચાણો કપાતા ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું ફોરેક્સ ડૉટ કૉમના વિશ્લેષક રઝાકઝાદાએ જણાવતાં ઉમેર્યું હતું કે જો ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહેશે તો ફુગાવામાં વધારો થવાથી કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોનાના ભાવ દબાણ હેઠળ આવે તેવી શક્યતા પ્રબળ બને છે.

દરમિયાન ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ કરતાં અમેરિકાએ ઈરાનનાં લશ્કરી મથકો પર હુમલા કર્યા હતા અને તેના જવાબમાં ઈરાને પણ અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલા કરતાં ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં ગઈકાલે ડલાસ ફેડરલ રિઝર્વના પ્રમુખ લૉરી લોગાને ફેડર રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શને જાહેરમાં વ્યાજદર વધારવા માટે હાકલ કરી હતી. તેમ જ ફેડરલ રિઝર્વના ઉપાધ્યક્ષ ફિલિપ જેફર્સને જણાવ્યું હતું કે જો આગામી ટૂંકા સમયગાળામાં ફુગાવામાં વધારો થશે તો વ્યાજદરમાં વધારાની હું તરફેણ કરું છું. ■

# ડૉલર સામે રૂપિયાની ચાર સત્રની પીછેહઠને બ્રેક, ૧૨ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સતત ચાર સત્ર સુધી ડૉલર સામે રૂપિયામાં ધોવાણ થયા બાદ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ હાજર બજારમાં હસ્તક્ષેપ કર્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાની પીછેહઠને બ્રેક લાગી હતી અને સત્રના અંતે રૂપિયો ૧૨ પૈસાના સુધારા સાથે ૯૬.૩૦ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, પશ્ચિમ એશિયાના તણાવમાં વધારો અને ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી એકંદરે રૂપિયા પરનું દબાણ જળવાઈ રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૪૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૬.૩૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૪૧ અને ઉપરમાં ૯૬.૨૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસા વધીને રૂ. ૯૬.૩૦ના મથાળે બંધ રહ્યો હતો. ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા નબળો પડ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ કરવા બદલ ઈરાનના માળખાકીય ક્ષેત્ર પર હુમલા કરવાની ધમકી ઉચ્ચાર્યા બાદ આજે ઈરાનના પુલો પર આક્રમક હવાઈ હુમલાઓ કર્યા હતા અને તેના વળતા જવાબમાં ઈરાને અમેરિકાના પશ્ચિમ એશિયાના સહયોગી દેશો પર પણ હુમલા કર્યાના અહેવાલ હતા.

જોકે, આજે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપ બાદ ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સ એલએલપીનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે હાલના તબક્કે રૂપિયાના સુધારા માટેનાં નક્કર પરિબળોના અભાવ અને વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના વધતા ભાવને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહેતાં ૯૬થી ૯૬.૫૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૧ ટકા ઘટીને ૧૦૦.૭૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬૦ ટકા વધીને બેરલદીઠ ૮૫.૫૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૬૪.૫૮ પૉઈન્ટનો અને ૨૬૧.૫૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, પરંતુ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૨૦૫.૫૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ હતા. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**TENDER NOTICE FOR REDEVELOPMENT**

Sealed Bid documents are invited from reputed, experienced and resourceful Developers /Builders having successfully carried out similar redevelopment of Co-op society of area adm 4500 SQM or more for the proposed redevelopment of

**KAILASH TOWER CHS LTD, SHIV SRISHTI COMPLEX, GMLR, MULUND WEST, MUMBAI-80**

on the Plot bearing CTS no.792 B,792 B/1 of village Nahur and admeasuring 4769.34 SQM of area as mentioned in the Deem conveyance received. The Society is having 91 members and currently occupying the area of 4280.48 SQM plus excess balcony area as per BMC Occupation Plan.

Bid documents can be obtained from and submitted to the society office at the above-mentioned address on payment of Rs.20,000/- only by DD/Pay order (non – refundable) favouring KAILASH TOWER CHS LTD from date 21/07/2026 having timing 11.00 am to 3.00 pm on all days except last date of submission i.e 09/08/2026 for which the timing shall be 10.00 am to 12.00 noon. The opening of the bids will be at the society premises on same day i.e 09/08/2026 at 2.30 pm.The society reserves the right to accept or reject any/all bids without assigning any reason.

**Contact: PMC SHOBHANA CONSULTANCY SERVICES 7021583132.**


# ટેક મહિન્દ્રામાં ત્રણ ટકાથી વધુ ઉછાળો

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં આઈટી ક્ષેત્રની કંપની ટેક મહિન્દ્રાનો ચોખ્ખો નફો કોન્સોલિડેટેડ ધોરણે ૨૮.૪ ટકા વધીને રૂ. ૧૪૬૫ કરોડની સપાટીએ રહ્યો હોવાથી તેમ જ કંપનીએ તેનાં આઉટલૂકમાં માગ મજબૂત રહેવાની શક્યતા વ્યક્ત કરતાં આજે કંપનીના શૅરના ભાવમાં ત્રણ ટકા કરતાં વધુ માત્રામાં ઉછાળો આવ્યો હતો.

એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે ટેક મહિન્દ્રાના શૅરદીઠ ભાવ એક તબક્કે ૩.૪૧ ટકા વધીને રૂ. ૧૫૬૨.૯૦ સુધી પહોંચ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩.૯૧ ટકા વધીને રૂ. ૧૫૭૦.૫૦ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે એનએસઈ ખાતે ભાવ એક તબક્કે ૩.૪૮ વધીને રૂ. ૧૫૯૨.૯૦ સુધી પહોંચ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૪.૧૪ ટકા વધીને રૂ. ૧૫૭૨.૯૦ની સપાટીએ બંધ રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે દેશની આઈટી ક્ષેત્રની પાંચમાં ક્રમાંકની કંપની ટેક મહિન્દ્રાએ ગત જૂનના અંતે પૂરા થયેલા વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાના પરિણામો જાહેર કરતાં એક યાદીમાં જણાવ્યું હતું કે પહેલા ત્રિમાસિકગાળામાં જોવા મળેલી વૃદ્ધિ મુખ્યત્વે ઉત્પાદન અને ફાઈનાન્સિયલ ઉપરાંત હૅલ્થકૅર અને રિટેલ ક્ષેત્રની મજબૂત કામગીરીના ફળસ્વરૂપે છે. ■

# સીસીઆઈએ રિલાયન્સ જિઓ ઈન્ફોકોમ અને અન્ય સામેની ફરિયાદ ફગાવી

નવી દિલ્હી કોમ્પિટીશન કમિશન ઑફ ઇન્ડિયા (સીસીઆઈ વાજબી વેપાર નિયમનકાર)એ રિલાયન્સ જિઓ ઇન્ફોકોમ લિ.સામેની બિનવાજબી વેપાર અંગેની ફરિયાદ ફગાવી દેતા જણાવ્યું હતું કે કંપની સામે સ્પર્ધાત્મકતા વિરુદ્ધનાં કરવામાં આવેલા આક્ષેપો સામાન્ય અને સટ્ટાકીય હોવાની સાથે પુરાવાઓ સમર્થિત નથી.

કોમ્પિટીશન કમિશન ઑફ ઇન્ડિયાએ ગત ગુરુવારે આદેશમાં જણાવ્યું હતું કે તેણે અનેક ક્ષેત્રમાં ૪૫૦૦થી વધુ કંપનીઓ સામેનાં સમાન આરોપો અથવા તો આક્ષેપોને પણ ફગાવી દીધા છે. કરિયાદીએ ટેલિકોમ, લૉજિસ્ટિક્સ, સરકારી ઈ-માર્કેટપ્લેસ પ્રાપ્તિ, એનર્જી. એફએમસીજી અને હેલ્થકેર સહિતનાં ક્ષેત્રમાં સ્પર્ધાત્મક કાયદાની કલમ ત્રણ અને કલમ ચારના ભંગનો આક્ષેપ કર્યો હતો.

નોંધનીય બાબત એ છે કે કલમ ત્રણ અને કલમ ચાર અનુક્રમે સ્પર્ધાત્મક વિરોધી કરારો અને કંપનીની પ્રભુત્વપૂર્ણ સ્થિતિના દુરુપયોગની કલમો છે. ફરિયાદમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આ એન્ટરપ્રાઈઝીસ સંયુક્તપણે ભાવની ગોઠવણી કરવી, અમુક વર્ગને બાકાત રાખવાની પ્રથાઓ અને માલ પરિવહન, સપ્લાય ચેઈનનાં ક્ષેત્રોમાં મુક્ત અને ન્યાયી સ્પર્ધાને પ્રતિબંધિત કરવા સહિતનાં સંકલિત આચરણો સાથે સંકળાયેલા હોવાથી ડિરેક્ટોરેટ જનરલ મારફતે વિસ્તૃત તપાસની માગ કરી હતી.

જોકે, કમિશનના નિરીક્ષકે જણાવ્યું હતું કે ફરિયાદી વિરોધી પક્ષોની ચોક્કસ ભૂમિકા ઓળખવામાં નિષ્ફળ ગયા હતા અથવા તો આરોપ સાબિત કરી શકાય તે માટેના પુરાવો પૂરા પાડવામાં અસફળ રહ્યા હતા. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)નો વિભાગ

નં. E.E. મિકે/૧૨૧૬/REF/તા. ૧૭.૦૭.૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટીસ**

વિષય : ૧) ENT હોસ્પિટલ, એકવર્થ લેપ્રસી હોસ્પિટલ અને કસ્તુરબા હોસ્પિટલ ખાતે નવા સાથે જૂના સ્પ્લિટ AC યુનિટનું બદલવાનું કામ.
૨) F/નોર્થ, S-સાઉથ, વડાલા ફાયર સ્ટેશનમાં ઓફિસ ખાતે નવા સાથે જૂના સ્પ્લિટ AC યુનિટને બદલવાનું કામ.

| | |
|---|---|
| બીડ નં. | 1) 2026_MCGM_1318445_1<br>2) 2026_MCGM_1318792_1 |
| બીડ પ્રારંભ તારીખ & સમય | ૧૮.૦૭.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. |
| બીડ અંતિમ તારીખ & સમય | ૨૪.૦૭.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | http://portal.bmc.gov.in/tenders |
| સંપર્ક અધિકારી નામ | શ્રી. એ. કે. જોમ્ભારે |
| મોબાઈલ નં. | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈમેલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
E.E. મિકે. (રેફ્રિજરેશન)

PRO/852/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# સ્ટોકિસ્ટોની વેચવાલીએ ટીન અને નિકલની આગેવાનીમાં ધાતુમાં નરમાઈ

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં થયેલા વધારાની સાથે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં આવેલા વધારાની સાથે ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર આવતાં વૈશ્વિક અર્થતંત્રો પર માઠી અસર પડવાની ભીતિ હેઠળ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ચોક્કસ ધાતુઓમાં નરમાઈતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીન અને નિકલની આગેવાની હેઠળ તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૫ સુધીનો ઘટાડો આવ્યો હતો. આજે મુખ્યત્વે નિકલ, ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૬૪૩, રૂ. ૧૩ ઘટીને રૂ. ૫૨૫૬ અને રૂ. ૧૧ ઘટીને રૂ. ૧૩૭૧ના મથાળે રહ્યા હતા. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

એસેસમેન્ટ અને કલેકશન વિભાગ

ઓક્શન વેચાણ

(કર બાકી રકમની વસૂલાત માટે)

વિગતવાર સૂચના

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૨૦૬ (૨) હેઠળ અને સ્થાવર મિલકતના વેચાણ માટે મિલકતની વિગતો નીચે મુજબ છે:-

| ક્ર. નં. | વૉર્ડ નામ | SAC નં. | આકરણીઓનું નામ & મિલકતનું સરનામું | મિલકત/ સ્થાનનું વર્ણન | બિલ્ડિંગ નામ & સરનામું | જમીન/ બિલ્ડિંગ/ યુનિટનો વિસ્તાર (ચો.મી.) | ૩૧.૦૩.૨૦૨૬ સુધીનો મિલકત વેરો | દંડ | બાકીની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | RS | RS0305210480000 | હરિદાસ દામોદર આનંદજી (પ્રોપર્ટી કાર્ડ મુજબ) CTS નં. ૧૦૦, ગામ મલાડ નોર્થ, S.V. રોડ, ગૌરવ પેલેસ, કાંદિવલી (પ.), મુંબઈ ૪૦૦૦૬૭ | RCC બિલ્ડિંગ (૧૫મો માળ) | M/S. રાવી ફાઉન્ડેશન C.T.S. નં. ૧૦૦, ગામ મલાડ નોર્થ, S.V. રોડ, ગૌરવ પેલેસ, કાંદિવલી (પ.), મુંબઈ ૪૦૦૦૬૭ | 230.5 | 6339416 | 495784 | 6835200 |
| ૨. | HW | HW2900550010001 | શ્રી બલવંતરાય ગુલાબરાય ભટ્ટ અને શ્રી મુકુન્દરાય ગુલાબરાય ભટ્ટ HW-૩૦૭૩ (૨) ૩૦૭૪ ૩૦૭૪ (૨) ૨૭A, ૨૬૨૬A, મેઈન એવેન્યુ ઓફ દાદાભોય રોડ, CTS નં. ૫૬૫ ૫૬૪B રાજપીપલા કો. ઓપ. હા. લિ. સાંતાક્રુઝ (પ.) મુંબઈ ૪૦૦૦૫૪. | દુકાન/ કોમર્શિયલ RCC બિલ્ડિંગ | મેજિક પ્રોપર્ટીઝ પ્રા. લી. C-૧૦૧, રાજપીપળા કો-ઓપ.હા.લિ. ૩૫૨, મેઈન એવેન્યૂ રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૫૪. | 1077.9 | 16074124 | 28438388 | 44512512 |

આથી તમામ સંબંધિત માલિકો/કરદાતાઓને સૂચિત કરવામાં આવે છે કે તેઓ બાકી રહેલ મિલકત વેરાની વસૂલાત રકમ ૨૧ દિવસની અંદર ચાર્જ સાથે ચૂકવી દે. જો તે ચૂકવવામાં ન આવે તો ઓક્શન કરવામાં આવશે.

સહી/-
ઉપ. એસેસર અને કલેક્ટર (કોમ્પ્યુટર)

PRO/865/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

વૃક્ષ પ્રાધિકરણ

**- પબ્લિક નોટીસ -**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જાન્યુઆરી ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(C) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-IIIમાં **K/સાઉથ** વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવો, **K/નોર્થ** વૉર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ અને **H/પશ્ચિમ** વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવો, કુલ ૦૪ પ્રસ્તાવો વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન ટ્રી ઓથોરિટી કમીટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- www.mcgm.gov.in → About us → Wards/Departments → Department Manuals → Gardens & Tree Authority → Tree Authority → Public notice 7 days → **506- Zone-III** ઉપર ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ પ્રસ્તાવો માટે નાગરિકોના વાંધા/ સૂચનો જો કોઈ હોય તો, સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરેલ ફોર્મેટમાં મંગાવાય છે.

તમે તમારા સૂચનો/ વાંધાઓ આ ઈમેલ- **dysg.ta@mcgm.gov.in** પર નિયત કરેલ ફોર્મેટમાં સુપ્રત કરી શકો છો. નિયત કરેલ ફોર્મેટમાં તમારા સૂચનો / વાંધાઓ જણાવેલ સમયમાં પ્રાપ્ત થશે તેની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલ ઈમેલ અથવા લેખિત સૂચનો/ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મેળવવામાં આવેલ સૂચનો/ વાંધા માટેની સુનાવણી **૨૯/૦૭/૨૦૨૬ના સાંજે ૪.૩૦ ક. સાંજે ૫.૦૦ ક.** સુધી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને આ સુનાવણીમાં હાજર રહેવું જરૂરી જણાય છે તેઓ તેમના ઈ-મેલ, સૂચનો/ વાંધાઓની નકલ સાથે હાજર રહે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઑફ ધ ટ્રી ઑથોરિટી**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
૨જો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- **dysg.ta@mcgm.gov.in**

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ
ઓફ ટ્રી ઓફિસર

PRO/859/ADV./2026-27

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

મુંબઈમાં એફડીએ બાદ હવે બીએમસી પણ જાગી

# અસ્વચ્છ ખાદ્યગૃહો સામે લાલ આંખ

## નિયમોનું ઉલ્લંઘન કરનારાનાં લાઈસન્સ સસ્પેન્ડ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) હાલ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં જોરદાર કાર્યવાહી કરી રહી છે, તેને પગલે હવે મુંબઈ મહાનગરપાલિકાએ પણ મુંબઈમાં ભેળસેળ કરનારા તથા હોટલ અને રેસ્ટારાં સહિત ખાણી-પીણીની દુકાનોમાં ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરનારા અને અસ્વચ્છતા રાખનારાઓ સામે આકરાં પગલાં લેવાની તૈયારી કરી લીધી છે. જો કોઈ ઉલ્લંઘન કરતા જણાઈ આવ્યું તો તેમના લાઇસન્સ સીધા રદ કરવામાં આવવાના છે.

ખાદ્યપદાર્થો સામે મહારાષ્ટ્ર એફડીએની કાર્યવાહી બાદ હવે મુંબઈ મહાનગરપાલિકાએ પણ પોતાની નજર મુંબઈની રેસ્ટોરાં અને ડેરીઓ પર નાખી છે. મુંબઈના મેયર રિતુ તાવડેએ પાલિકાના આરોગ્ય વિભાગને ખાદ્ય સુરક્ષાનાં ધોરણો અને સ્વચ્છતાનાં ધોરણોનું પાલન થાય છે કે નહીં તે શોધવા માટે મુંબઈની તમામ ખાણીપીણીની દુકાનોની તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. મુંબઈમાં વોર્ડ સ્તરે હાથ ધરવામાં આવનારી આ ઝુંબેશ હેઠળ અગાઉ ખાદ્ય સુરક્ષા ધોરણોના ઉલ્લંઘન માટે જેમને નોટિસ આપવામાં આવી છે, તે તમામની રેસ્ટોરન્ટ અને અન્ય ખાણીપીણીની દુકાનોમાં તપાસ શરૂ કરવામાં આવશે. આ દરમ્યાન ખાદ્ય સુરક્ષાનાં ધોરણોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું જણાઈ આવશે તો તેમના ખાણીપીણીના લાઇસન્સ રદ કરવામાં આવશે.

એફડીએ દ્વારા હાલ ચાલી રહેલી કાર્યવાહી બાબતે (જુઓ પાનું ૪) ▶▶

# ક્વૉન્ટમ ટૅકનોલૉજીમાં દેશના અગ્રણી રાજ્ય બનાવવાનું લક્ષ્યઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્ય એક મજબૂત ઇકોસિસ્ટમ બનાવીને અને ૫,૦૦૦ થી વધુ પ્રશિક્ષિત વ્યાવસાયિકો બનાવીને ક્વૉન્ટમ ટૅકનોલૉજીમાં દેશના અગ્રણી રાજ્ય તરીકે ઊભરી આવવાનું લક્ષ્ય રાખે છે.

આઈ-હબ ક્વોન્ટમ ટૅકનોલૉજી ફાઉન્ડેશન દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આયોજિત ક્વૉન્ટમ ટૅકનોલૉજી ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામના સમાપન સત્રને સંબોધતા, ફડણવીસે કહ્યું હતું કે કૃત્રિમ બુદ્ધિ (AI), સેમિકન્ડક્ટર અને ક્વૉન્ટમ ટૅકનોલૉજી ભવિષ્યના વિકાસના ત્રણ મુખ્ય સ્તંભો હશે, જેના કારણે મહારાષ્ટ્ર માટે ઉચ્ચ કુશળ કાર્યબળ વિકસાવવું અનિવાર્ય બને છે.

તેમણે કહ્યું કે રાજ્ય સરકાર મજબૂત ક્વૉન્ટમ ઇકોસિસ્ટમ બનાવવા માટે કેન્દ્રના રાષ્ટ્રીય ક્વૉન્ટમ મિશન સાથે મળીને મહારાષ્ટ્ર ક્વૉન્ટમ ટૅકનોલૉજી મિશનનો અમલ કરશે.

વિશ્વ ડેટા-સંચાલિત અર્થતંત્રથી હાઇ-સ્પીડ ડેટા પ્રોસેસિંગના યુગ તરફ ઝડપથી આગળ વધી રહ્યું (જુઓ પાનું ૪) ▶▶

# ખાલી ગૅસ ટૅન્કરના વેલ્ડિંગ વખતે બ્લાસ્ટઃ ડ્રાઈવરનું મોત, બે જખમી

## ચેમ્બુરના ગૅરેજમાં બનેલી ઘટનામાં ધડાકાનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસની ઈમારત અને વાહનોના કાચ તૂટી પડ્યાઃ ડરી ગયેલા રહેવાસીઓ ઘરબહાર દોડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેમ્બુરના ગૅરેજમાં ગૅસના ખાલી ટૅન્કરનું વેલ્ડિંગ કરતી વખતે અચાનક થયેલા ધડાકાથી રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે નજીકમાં પાર્ક કરાયેલાં વાહનો અને આસપાસની ઈમારતના કાચ તૂટી પડ્યા હતા. આ ઘટનામાં ટૅન્કરના ડ્રાઈવરનું મોત નીપજ્યું હતું, જ્યારે વેલ્ડિંગ કામ કરનારા બે કર્મચારી ગંભીર રીતે ઘવાયા હતા.

ઈસ્ટ ઝોન-૧ના ડીસીપી સમીર શેખે જણાવ્યું હતું કે ઘટના શુક્રવારની સાંજે પાંચ વાગ્યાની આસપાસ ચેમ્બુરના મુકુંદ નગરમાં મ્હાડા વસાહત નજીકના ગૅરેજમાં બની હતી. ગૅરેજમાં ખાલી ગૅસ ટૅન્કર રિપેરિંગ માટે લાવવામાં આવ્યું હતું. ટૅન્કરનું વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે એકાએક બ્લાસ્ટ થયો હતો.

પોલીસનું માનવું છે કે વેલ્ડિંગ કરતી વખતે તણખલા ટૅન્કરમાં ગયા હશે, જેને કારણે જોરદાર વિસ્ફોટ થયો હતો. બ્લાસ્ટ એટલી તીવ્રતાવાળો હતો કે દૂર દૂર સુધી તેનો અવાજ સંભળાયો હતો.

મળતી માહિતી અનુસાર ધડાકાને કારણે (જુઓ પાનું ૪) ▶▶

# પ્રાણીબાગમાં શિવસેનાના પેંગ્વિન સામે ભાજપનો સિંહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલાના વીરમાતા જિજાભાઈ ભોસલે બોટનિકલ ઉદ્યાન અને ઝૂ (પ્રાણીબાગ) હાલ ચર્ચાનો વિષય બન્યો છે. પ્રાણીબાગમાં ગુજરાતથી સિંહ લાવવાના ભાજપ જોરદાર પ્રયાસ કરી રહ્યું છે. આ દરમ્યાન મુંબઈના મેયરે ઉદ્ધવની શિવસેના પર રાજકીય કટાક્ષ કરતા કહ્યું હતું કે તેઓ પેંગ્વિન લાવ્યા હતા તો અમે સિંહ લાવશું.

વરલીના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ મુંબઈ પ્રાણીસંગ્રહાલયમાં પેંગ્વિન લાવવાના પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું, જે દેશનું એકમાત્ર પ્રાણી સંગ્રહાલય છે જ્યાં પેંગ્વિન છે. શુક્રવારે મેયરે જણાવ્યું હતું કે ગુજરાતના સક્કરબાગ પ્રાણીસંગ્રહાલયથી સિંહ લાવવામાં આવવાના છે, જે એક્સચેન્જ પ્રક્રિયા હેઠળ રહેશે. વીરમાતા જીજાબાઈ ભોસલે બોટનિકલ ગાર્ડન અને પ્રાણીસંગ્રહાલયમાં સિંહની જગ્યા તૈયાર હોવા છતાં ચાર વર્ષથી ખાલી છે તે જાણ્યા પછી તેઓએ આ પ્રસ્તાવને પુનર્જીવિત કરવાનો નિર્ણય કર્યો હતો. એક્સચેન્જ પ્રક્રિયા હેઠળ જરૂરી મંજૂરીઓ મેળવવા માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

પ્રાણી સંગ્રહાલયના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેઓએ સક્કરબાગ પ્રાણીસંગ્રહાલયને જાણ કરી છે કે તેઓ સિંહોની જોડી માટે ત્રણ જોડી કેપ્યુચિન વાંદરાઓ આપવા ઇચ્છુક છે અને ગુજરાત પ્રાણી સંગ્રહાલયના પ્રતિસાદની રાહ જોઈ રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ યુવાન સિંહોને હસ્તગત કરવા આતુર છે, જેથી ભાયખલા (જુઓ પાનું ૪) ▶▶



### પેંગ્વિનનો પરિવાર વધ્યો

પેંગ્વિનના પરિવારમાં ચાર નવા સભ્યોનો ઉમેરો થયો છે. એ સાથે રાણીબાગમાં પેંગ્વિનનો પરિવાર હવે પચ્ચીસનો થઈ ગયો છે. છેલ્લા ૧૦ મહિનામાં ચાર બચ્ચાનો જન્મ થયો છે, જેમાં બે માદા અને બે નર પેંગ્વિનનો સમાવેશ થાય છે. બચ્ચાના નામ મિલી, બેલા, પીકાચો અને લો રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જુલાઈ ૨૦૧૬ની સાલમાં દક્ષિણ કોરિયાથી લાવવામાં આવેલા આઠ હમબૉલ્ટને માર્ચ ૨૦૧૭માં મુંબઈગરાને જોવા માટે મૂકવામાં આવ્યા હતા, ત્યારથી તેની સંખ્યામાં સતત વધારો થતો ગયો છે.

# જયંત પાટીલને મળશે નાણાં મંત્રાલય?

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ એનડીએ ગઠબંધનમાં સામેલ થશે અને જયંત પાટીલને રાજ્યના નાણા પ્રધાનનું પદ મળશે, તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. તે સંદર્ભમાં જયંત પાટીલે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે મુલાકાત કરતાં આ ચર્ચાને વધુ બળ મળ્યું છે. આ પૃષ્ઠભૂમિ પર રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (અજિત પવાર જૂથ) ના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેએ મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે, એકનાથ શિંદે અને જયંત પાટીલની મુલાકાત પાછળ કોઈ અલગ રાજકીય સમીકરણ હોય તેવું લાગતું નથી. જયંતરાવ મહારાષ્ટ્રના રાજકારણના એક અનુભવી નેતા છે. તેઓ સાત વખત વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે અને લાંબા સમય સુધી રાજ્યનું નેતૃત્વ કર્યું છે. તેઓ મુખ્ય પ્રધાનને કોઈ અન્ય કે અંગત કારણોસર પણ મળી શકે છે. મને આ મુલાકાતમાં કંઈ અયોગ્ય લાગતું નથી. વધુમાં તેમણે ઉમેર્યું કે, શરદ (જુઓ પાનું ૪) ▶▶

# ૨૧૦૦-૧૫૦૦ તો ઠીક, બહેનો માટે સાડી પણ નથી પોસાતી?

## મહાયુતિ સરકારને રોહિણી ખડસેનો સવાલ

જલગાંવઃ મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજનાના ભારે પ્રચાર બાદ હવે રાજ્યના કાપડ વિભાગે આર્થિક તંગીનું કારણ આગળ ધરીને રાજ્યની ગરીબ મહિલાઓને મળતી મફત સાડી યોજના બંધ કરવાનો મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણયને કારણે હવે રાજકીય વાતાવરણ ગરમાયું છે અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી પક્ષનાં મહિલા પ્રદેશ અધ્યક્ષ રોહિણી ખડસેએ મહાયુતિ સરકાર પર અત્યંત આકરા પ્રહારો કર્યા હતાં.રોહિણી ખડસેએ કહ્યું કે, ૨૧૦૦ કે ૧૫૦૦ રૂ. ની વાત તો છોડો, હવે લાડકી બહેનો માટે દેવેન્દ્ર (જુઓ પાનું ૪) ▶▶

# કેન્દ્રમાં પ્રધાનપદ અને પક્ષમાં કાર્યકારી અધ્યક્ષનું પદ ન મળતાં પટેલ નારાજ?

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાં આંતરિક નારાજગીની ચર્ચાઓએ ફરી એકવાર જોર પકડ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પક્ષના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલ કેન્દ્રમાં પ્રધાનપદ અને પક્ષમાં કાર્યાધ્યક્ષ પદ ન મળવાને કારણે નારાજ હોવાનું સામે આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રફુલ પટેલને કેન્દ્રમાં પ્રધાનપદ તેમજ પક્ષમાં કાર્યાધ્યક્ષ પદ આપવા અંગે પક્ષના જ કેટલાક વરિષ્ઠ નેતાઓએ વિરોધ દર્શાવ્યો હોવાની ચર્ચા હતી. જેને કારણે પક્ષમાં આંતરિક નારાજગી વધી હોવાનું કહેવાય રહ્યું છે. દરમિયાન, ચૂંટણી પંચ સાથે પ્રફુલ પટેલે પક્ષના સ્તરે ચર્ચા કર્યા વિના સીધો પત્રવ્યવહાર કર્યો હોવાને કારણે (જુઓ પાનું ૪) ▶▶

## પુણેમાં કોન્ટ્રેક્ટરે કરી આત્મહત્યા

# ભૂતપૂર્વ વિધાનસભ્ય, તેની પત્ની સહિત ૧૪ સામે ગુનો

પુણેઃ પુણેમાં ૬૫ વર્ષના કોન્ટ્રેક્ટરે આત્મહત્યા કર્યા બાદ ભૂતપૂર્વ વિધાનસભ્ય અને શિવસેનાના નેતા રવીન્દ્ર ધાંગેકર, તેની પત્ની તથા અન્ય ૧૨ જણ સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પુણેના ગુલટેકડી વિસ્તારમાં કોન્ટ્રેક્ટર ખલીલ શેખે પોતાના નિવાસસ્થાને આત્મહત્યા કરી હતી. અંતિમ પગલું ભરતાં પહેલા શેખે વીડિયો ઉતાર્યો હતો અને સુસાઇડ નોટ લખી (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**